View metadata, citation and similar papers at core.ac.uk
brought to you by CORE
provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Solanki, Bharat H., 2010, "રાજકોટ શહેરમાં ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/934

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "PROBLEM'S OF THE HANDICAPPED - STUDYING IN THE HIGHER SECONDARY IN RAJKOT CITY-A STUDY"

## ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ''

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની

પદવી માટે રજૂ કરેલ

**મહાશોધ નિબંધ**


**સંશોધક**

**ભરત સોલંકી**

સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કાલાવડ રોડ,

રાજકોટ

**માર્ગદર્શક**

**ડૉ. કાંતાબેન એચ. સાપોવાડિયા**

પ્રોફેસર- સમાજશાસ્ત્ર ભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કાલાવડ રોડ,

રાજકોટ



**સમાજશાસ્ત્ર ભવન**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

કાલાવડ રોડ,

રાજકોટ

**જૂન-૨૦૧૦**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, **ભરત એચ. સોલંકીએ** આ શોધનિબંધ ***''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ''*** મારા માર્ગદર્શન નીચે (પીએચ.ડી. સમાજશાસ્ત્ર) માટે તૈયાર કર્યો છે. આ તેમનું મૌલિક સંશોધન છે. જે અન્યત્ર કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી. આ સંશોધનનો કોઈ અંશ કયાંય પ્રકાશિત કરેલ નથી.

આ શોધનિબંધ પીએચ.ડી.ની ઉપાધિ માટે ક્ષેત્રીય માહિતી તેમજ અનુભવ-જન્ય માહિતી ઉપર આધારિત આ મૌલિક શોધનિબંધ પહેલી વાર જ સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટનાં નિયમોનુસાર રજૂ કરવામાં આવે છે.

સ્થળ : રાજકોટ

તારીખ : / /૨૦૧૦

**માર્ગદર્શક**
**ડૉ. કાંતાબેન એચ. સાપોવાડિયા**
પ્રોફેસર- સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
કાલાવડ રોડ,
રાજકોટ

# ઋણ-સ્વીકાર


સમગ્ર સંશોધનની પ્રક્રિયા ખૂબ જટિલ હોય છે. સંશોધનને પૂર્ણ કરવા માટે અનેક સોપાનોમાંથી પસાર થવું પડે છે. સંશોધન એ માત્ર એક સંશોધનકર્તા વડે પૂર્ણ થતું નથી, પરંતુ તેમા વ્યક્તિરૂપી કડીઓ અને માધ્યમો દ્વારા જોડાઈને તે પૂર્ણ બને છે.આમ, સંશોધન એ સહિયારુ સર્જન છે.આથી અહીં અનેક વ્યક્તિઓનો સહકાર અત્યંત જરૂરી બને છે અને સંશોધનના દરેક સોપાનમાં કોઈને કોઈ વ્યક્તિનો પ્રત્યક્ષ કે પરોક્ષ ફાળો રહેલો હોય છે.

પ્રસ્તુત સંશોધનની લક્ષ્યપ્રાપ્તિ માટે ખૂબ જ મહેનત, ખંત, ધીરજ અને સારો એવો સમય જોઈએ. આવી અઘરી અને કપરી કસોટીમાં પણ મને સતત માર્ગદર્શનની મીઠી છાયા મળતી રહી છે. આ કસોટી કાળમાં પ્રોત્સાહક અને સહાયતાથી માર્ગદર્શન આપનાર, મારો ઉત્સાહ વધારનાર મારા માર્ગદર્શક પ્રોફેસર કાંતાબહેન સાપોવાડિયાનો આ અવિસ્મરણીય ઉપકાર માટે હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને મને જે અમૂલ્ય માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડી છે તે બદલ હું તેમનો ઋણી છું અને હંમેશા રહીશ.

વિકાસની કેડીમાં આગળ વધવામાં મારા માટે અત્યંત આનંદની વાત એ છે કે આ અભ્યાસને અંતિમ તબક્કા સુધી લાવવા માટે ડૉ. મંજુલાબેન, ડૉ. અનસુયાબેન, ડૉ. સુરેશકુમાર, શ્રી દિલીપકુમાર સતત સક્રિય રહ્યા અને મને સક્રિય રાખનાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ડે. ડાયરેકટર નરેન્દ્રકુમારનું યોગદાન અવર્ણનીય છે.

સાથે જ મહાશોધ નિબંધ તૈયાર કરવા માટે જે જે પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે તે સર્વે લેખક, સંશોધકો, સંસ્થાઓ અને તે માહિતી મેળવવા માટે મિત્રોનો પણ હું આ તકે ઋણ સ્વીકાર કરું છું,મારા કાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મદદ કરનાર નામી-અનામી સૌ કોઈનો હું ઋણી છું.

આ ઉપરાંત અધ્યયનનું સુંદર, સુઘડ અને સમયસર ખૂબ જ વ્યવસ્થિત કોમ્પ્યુટર ટાઈપીગ કરી આપનાર રાજેશભાઈ સોલંકીનો આભાર માનું છું. અંતમાં સૌથી વધુ ઋણી તો હું ઈશ્વરનો માનું છું કે જેમના આશીર્વાદથી મેં આ કાર્ય સારી રીતે પૂરું કર્યું છે.

**ભરત સોલંકી**

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | સંશોધન યોજના | ૧ થી ૨૩ |
| ૨ | વિષય પરિચય અને ક્ષેત્ર પરિચય | ૨૪ થી ૬૩ |
| ૩ | પુરોગામી અભ્યાસો | ૬૪ થી ૭૩ |
| ૪ | સામાન્ય માહિતીનું વિશ્લેષણ | ૭૪ થી ૮૭ |
| ૫ | સમસ્યાત્મક માહિતીનું વિશ્લેષણ | ૮૮ થી ૧૭૭ |
| ૬ | તારણો | ૧૭૮ થી ૨૧૫ |
| ● | સંદર્ભસૂચિ | |
| ● | પ્રશ્નાવલી | |

# પ્રસ્તાવના

જીવનમાં માનવીને ડગલેને પગલે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અને આ એક સાર્વત્રિક બાબત છે. વિશ્વનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં કોઈ સમસ્યા ન હોય. આ સમસ્યા વિવિધ સ્વરૂપે જોવા મળે છે જેમ કે, શારીરિક, આર્થિક, રાજકિય, ધાર્મિક, સાંસ્કૃતિક, માનસિક વિગેરે પ્રકારની આવી સમસ્યાઓ ખૂબ દુઃખદાયક હોય છે એ સક્ષમ વ્યક્તિને પણ સતાવતી હોય છે. ત્યાં શારીરિક વિકલાંગોની શી વિસાત ? આથી જ વિકલાંગોના ઉદ્દગારો સાંભળવા મળે છે કે,

''કુદરતે ભલે અમને શારીરિક ખોડ આપી હોય પણ અમારે કોઈને ઓશિયાળા બનીને જીવવું નથી. અમારે તો જોઈએ છે ફકત તમારી સ્નેહભરી હૂંફ તમારો પ્રેમ અને અમે ભલે વિકલાંગ રહ્યાં પણ તમારી મમતાભરી આંગળીઓનો સથવારો મળશે તો અમે દોડી શકીશું.''

આજના યુગમાં આર્થિક, શારીરિક, માનસિક, રાજકિય, ધાર્મિક વિગેરે બાબતોથી સુખી-સંપન્ન માણસ પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો હોય છે અને આવી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે તે જાત-જાતના પ્રયત્નો પણ કરે છે. આમ છતાં પણ આ ફિનિક્સ પક્ષી જેવી સમસ્યાઓ જ્યાં એકનો અંત આવે તે પહેલા તો બીજી સામે આવીને ઊભી જ હોય છે અને આવી સ્થિતિમાં સામાન્ય વ્યક્તિ પણ થાકી જતી હોય છે ત્યારે શારીરિક વિકલાંગ વ્યક્તિ વિવિધ સમસ્યાઓથી વ્યથિત થાય એ ખૂબ જ સ્વાભાવિક છે અને તેમાં પણ ખાસ કરીને તેના જીવનની ચોક્કસ દિશા નક્કી કરી શકે તેવા તબક્કાનાં શૈક્ષણિક સ્તરમાં હોય ત્યારે તેની સમસ્યાઓ વધારે કષ્ટદાયી બનતી હોય છે.

''અંધને અંધ કહીએ તો કડવા લાગે વેણ પણ હળવે રહીને પૂછીએ કે શાને ખોયા નેણ'' તો તે વ્યકિતને અપમાનને બદલે સ્વમાનનો અહેસાસ થાય છે.  પરંતુ પ્રશ્ન એ છે કે આજે આવા શારીરિક વિકલાંગોને ખંભે હાથ મૂકીને કોણ પૂછે છે ?

ઈશ્વરે તો તેમની સાથે ક્રુરતા કરી જ છે ત્યારે માનવી પણ જો તેમની સાથે હડધૂત કરવાનો વ્યવહાર રાખશે તો શારીરિક વિકલાંગોનું કોણ ? તેઓને પડતી મુશ્કેલીઓને સમજનારું કોણ ?

આધુનિક સમાજમાં દરજ્જાના ઉત્થાનનું મહત્ત્વ વધી રહ્યું છે. આવા સમયમાં શારીરિક વિકલાંગ વ્યકિતના દરજ્જાના ઉત્થાનનું પણ મહત્ત્વ વધી રહ્યું છે. આજે વિકલાંગોની ભૂમિકા ઉપરાંત વધારાની આર્થિક, રાજકિય, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક વિગેરે પ્રવૃત્તિઓમાં પણ પોતાની અગત્યની ભૂમિકા ભજવે છે, છતાં પણ તેના કાર્યની જોઈએ તેટલી નોંધ લેવામાં આવતી નથી. આથી વિકલાંગો વધારે વ્યથિત થાય છે. આથી શારીરિક વિકલાંગોની સમસ્યાઓ પર ચર્ચા કરવી એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. આમ, શારીરિક વિકલાંગોની વિવિધ સમસ્યાઓને કંઈ રીતે હલ કરી શકાય. તે બાબત ખૂબ જ અગત્યની બની રહે છે. આથી આ બાબતે ઉદાસીનતા સેવવાને બદલે વધારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

સામાન્ય વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિકના અભ્યાસ દરમ્યાન અનેક સમસ્યાઓ સતાવે છે. તેવી જ રીતે અથવા તો તેનાથી પણ વધારે સમસ્યાઓ શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિકના અભ્યાસ દરમ્યાન સતાવે છે. કારણ કે આ શિક્ષણના તબક્કામાં તેમના જીવનની રાહ નિશ્ચિત થતી હોય છે. આથી જ આવી સમસ્યાઓ કઈ-કઈ છે ? અને તેના કારણો કયા-કયા છે તે જાણવા માટે સંશોધનકર્તાનો આ એક નમ્ર પ્રયાસ છે.

# પ્રકરણ - ૧

# સંશોધન યોજના

૧.૧ પ્રસ્તાવના

૧.૨ વિષયની વિચારણા

૧.૩ વિષયની પસંદગી

૧.૪ અભ્યાસના હેતુઓ

૧.૫ અભ્યાસની પૂર્વ ધારણાઓ

૧.૬ અભ્યાસનું ક્ષેત્ર

૧.૭ અભ્યાસના પરિવર્ત્યો

૧.૮ અભ્યાસનું નિદર્શન

૧.૯ માહિતી એકત્રીકરણનું સાધન

૧.૧૦ માહિતીનું એકત્રીકરણ

૧.૧૧ માહિતીનું વિશ્લેષણ

૧.૧૨ અભ્યાસનું મહત્ત્વ

૧.૧૩ અભ્યાસની મર્યાદા

૧.૧૪ આગળના પ્રકરણોની ઝલક

વિકળ  પરાધિન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો.
આરતબંધુ સહિષ્ણુ અભયકર, અવગુણ  ઉરનવ આણો.
હરિ જેવો તેવો હું દાસ તમારો, કરૂણાસિંધુ ગ્રહો કર મારો ! [૧]
- દયારામ

## ૧.૧ પ્રસ્તાવના :

જીવનમાં માનવીને ડગલેને પગલે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે અને આ સમસ્યા એક સાર્વત્રિક બાબત છે. વિશ્વનું કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં સમસ્યાઓનું અસ્તિત્વ ન હોય અને આ સમસ્યા શારીરિક, આર્થિક, માનસિક તેમજ સામાજિક પણ હોઈ શકે, સમસ્યા સૌને પીડે છે. એટલે સામાજિક વ્યકિતને તે સતાવતી હોય ત્યાં વિકલાંગોની શી વિસાત ? માટે એક વિકલાંગ કહે છે કે,

''કુદરતે ભલે અમને શારીરિક ખોડ આપી હોય, પણ અમારે કોઈના ઓશિયાળા બનીને જીવવું નથી, અમારે તો જોઈએ છે, માત્ર તમારી સ્નેહભરી હૂંફ, તમારો પ્રેમ અને લાગણી, અમે ભલે વિકલાંગ રહ્યા પણ તમારી મમતાભરી આંગળીઓનો સથવારો મળશે તો અમે દોડી શકીશું.''

''અંધને અંધ કહીએ તો કડવા લાગે વેણ પણ હળવે રહીને પૂછીએ કે શાને ખોયા નેણ'', તો તે વ્યકિતને અપમાનને બલે સ્વમાનનો અહેસાસ થશે. પરંતુ પ્રશ્ન એ છે કે, આજે આવા વિકલાંગોને ખંભે સ્નેહસભર હાથ મૂકીને કોણ પૂછે છે ? ઈશ્વરે તો એમની સાથે ક્રુરતાપૂર્ણ વ્યવહાર કર્યો છે !  ત્યારે માનવી પણ જો તેમની સાથે હડધૂતનો વ્યવહાર રાખશે તો વિકલાંગોનું કોણ ? તેઓને પડતી મુશ્કેલીઓને સમજનારુ કોણ ? આ પ્રશ્નનો ઉતર મેળવવા માટેનો આ એક નાનો સરખો સંશોધક દ્વારા પ્રયાસ માત્ર છે.

આજના યુગમાં શારીરિક, માનસિક તેમજ આર્થિક રીતે સુખી સંપન્ન માણસ પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે અને આવી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે તે જાત જાતના અખતરાઓ કરે છે. આમ છતાં પણ કહેવાય છે કે,  ''સમસ્યા એ તો

ફિનિક્સ પક્ષી જેવી છે.'' જ્યાં એક સમસ્યાનો ઉકેલ નથી આવતો ત્યાં બીજી સમસ્યા સામે આવીને ઊભી જ હોય છે અને આવી પરિસ્થિતિમાં સામાન્ય વ્યકિત પણ ત્રાસી જતી હોય છે. ત્યારે શારીરિક રીતે વિકલાંગ વ્યકિત સમસ્યાઓથી અત્યંત વ્યથિત થાય એ સ્વાભાવિક છે અને તેમાં પણ ખાસ કરીને તેના જીવનની ચોક્કસ દિશા નક્કી કરી શકે તેવા તબક્કાના શૈક્ષણિક સ્તરમાં હોય ત્યારે તેની સમસ્યાઓ વધારે કષ્ટદાયી બનતી હોય છે. સામાન્ય વિદ્યાર્થીને ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ દરમ્યાન અનેક સમસ્યાઓ સતાવે છે. તેવી જ રીતે અથવા તો તેથી વિશેષ સમસ્યાઓ વિકલાંગ વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓને સતાવે છે અને આવી સમસ્યાઓ કઈ કઈ છે ? અને તેના કારણો કયા છે ? તે જાણવાનો સંશોધનકર્તાનો આ એક નમ્ર પ્રયાસ છે.

## ૧.૨ વિષયની વિચારણા :

વિશ્વ ખૂબ જ વિશાળ છે અને તેમાં ઘણા ક્ષેત્રો અગોચર છે અને આજે પણ આપણે સંપૂર્ણ વિશ્વને જાણીએ છીએ કે કેમ ? તે એક પ્રશ્ન છે. આમ છતાં પણ ઘણા ઉદ્યમી જીવો કંઈક નવું કરવાની જિજ્ઞાસાવૃત્તિને કારણે નવાં-નવાં સંશોધનો કરતાં જ હોય છે અને આવા સંશોધનો કરવા પાછળનો તેમનો ઉદ્દેશ્ય વિશ્વને - સમાજને સમજવાનો અને સમાજને કંઈક આપવાનો હોય છે.

પ્રસ્તુત સંશોધક સમાજશાસ્ત્રના વિદ્યાર્થી છે. તેથી તેને વિષય પસંદગીની બાબતમાં એવો વિચાર સ્ફૂરેલો કે, એણે પોતાના શાસ્ત્રને અનુરૂપ કોઈક અગત્યના ક્ષેત્રની પસંદગી કરી હોય તો તે વધારે સુયોગ્ય ગણાશે.

બાકી આમ જોઈએ તો સંશોધન કરવા માટે સંશોધક પાસે થોકબંધ વિષયો હતા. પણ તેને વિકલાંગોની સમસ્યા જાણવા - સમજવામાં ઋચિ હોવાથી આ ક્ષેત્રમાં સંશોધનકાર્ય હાથ ધરવાનું યોગ્ય માન્યું, ખાસ કરીને સંશોધક સમાજશાસ્ત્રમાં સવિશેષ ઋચિ ધરાવતા હોવાથી વૈજ્ઞાનિક ઢબે વિકલાંગોને સમજવા અને તેનો ઉકેલ લાવવા માટેનો પ્રયત્ન કરવો વ્યાજબી માને છે અને આમ જોઈએ તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંશોધકો તરફથી આ ક્ષેત્રમાં ખાસ પ્રકાશ ફેંકવામાં આવ્યો નથી. અને

આમ આ ક્ષેત્ર વણખેડાયેલાં ક્ષેત્રમાં હોવાથી સંશોધનકને આ ક્ષેત્રમાં સંશોધન કરવાની જિજ્ઞાસા થઈ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ કરવાનું ઉચિત લાગ્યું.

## ૧.૩ વિષયની પસંદગી :

દયારામનું આગળનું કાવ્ય એક રીતે સ્પષ્ટ નિર્દેશ કરે છે કે, પ્રત્યેક સમાજમાં વિકલાંગોની ઠીક-ઠીક સમસ્યાઓ હોય છે. સમાજની જીવંત સમસ્યાઓને હલ કરવા માટે બૌદ્ધિક તેમજ વાસ્તવિક મથામણ કરવી એ સમાજ- શાસ્ત્રની આગવી જવાબદારી છે. તેથી એ કાવ્યમાંથી પ્રેરણા મેળવી સંશોધકે આ વિષય પસંદ કર્યો છે. કાવ્ય દર્શાવે છે તેમ વિકલાંગ ઘણી બધી સમસ્યાઓ વેઠે છે. સમાજશાસ્ત્ર એ સમસ્યાઓને જાણવા પ્રયાસ કરે છે. તેના રસ્તા જરૂર શોધવાનાં જ છે. એટલા માટે પણ સંશોધકે આ વિષય પર પસંદગી ઉતારી છે. સમાજશાસ્ત્ર માટે વિકલાંગોનું ક્ષેત્ર પણ એક બહુ મોટું ક્ષેત્ર છે. અને એની શાસ્ત્રીય તપાસ અગત્યની બની રહે છે. તેથી પણ સંશોધકે આ વિષયની પસંદગી કરેલ છે.

આમ છતાં પણ ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિકલાંગોને કૌટુંબિક, સામાજિક, આર્થિક, માનસિક તેમજ ખાસ કરીને શૈક્ષણિક સમસ્યાઓ ખૂબ સતાવે છે. તેવું સંશોધકનું માનવું હોવાથી તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરવો અને યોગ્ય ઉપાયોનું સંશોધન કરવા આ વિષયની સ્ફુરણા થઈ.

દયારામે પહેલાં જ ચરણમાં મુકયું છે કે, ‘‘વિકળ પરાધિન’’ કેમ કે વિકલાંગોને પુષ્કળ સમસ્યાઓ બાધારૂપ બને છે. અને તેમાં પણ ખાસ કરીને જ્યારે તેઓ બીજા પર આધારિત રહીને જીવન જીવતા હોય છે, ત્યારે તેઓને ડગલેને પગલે હડધૂત થવું પડે છે. અને તેઓ આ પરિસ્થિતિને કારણે સતત માનસિક તનાવમાં રહેતા હોય છે. માટે જ દયારામે કાવ્યની શરૂઆતમાં એ બાબત નોંધીને કહ્યું છે કે, ‘‘વિકળ પરાધિન’’ અને આ પરાધિનતા તેને રાંક બનાવે છે અથવા તો ચિડિયા સ્વભાવના કરી મૂકે છે. કયારેક તો તેઓને પોતાનું જીવન બોજારૂપ લાગે છે. અને

કોઈક તો આત્મઘાતી પગલું ભરતા પણ અચકાતા નથી.

આ સંશોધન વિકલાંગોને કઈ-કઈ સમસ્યાઓ નડતરરૂપ થાય છે. અને ખાસ કરીને ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિકલાંગોને પોતાના વિકાસ પંથમાં કંઈ કંઈ પરિસ્થિતિ વિધ્નરૂપ બને છે.તે જાણવા માટે''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્ય-મિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ''વિષય પસંદ કરેલ છે.

વ્યકિતને સુસજ્જ કરી સમાજમાં પોતાની રીતે જીવન જીવતો કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અને તે સ્વમાનભેર જીવન જીવી શકે, અને સમાજમાં રહી શકે. સમાજના વિકલાંગોની સમસ્યાઓને ધ્યાન પર લેવાનું એટલા માટે જરૂરી છે કે, વિકલાંગી પણ સમાજનું અનિવાર્ય તેમજ મહત્ત્વનું અંગ છે. માટે તેની ઉપેક્ષા એ અપરાધ છે કારણ કે વિકલાંગતા માટે વ્યકિત પોતે જવાબદાર નથી માટે વિકલાંગી એ ગુન્હેગાર નથી. આથી જ તે બીજા જેટલી જ સહાનુભૂતિ અને પ્રેમનો હકદાર છે. જો આવા વિકલાંગોને અજાણતા કે અણધાર્યો અન્યાય થાય તો તેની માનસિક સ્થિતિ દુઃખદાયક બને છે. જેથી સંશોધકે આ વિષય પસંદ કરેલ છે.

## ૧.૪ અભ્યાસના હેતુઓ :

સામાજિક સંશોધનો સામાજિક હકિકતને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે. જુદાં-જુદાં સંશોધનો હેતુની દૃષ્ટિએ એકબીજાથી જુદા પડતાં હોય છે. કોઈપણ સામાજિક સંશોધન હેતુ વગરનું હોય શકે જ નહિ. કોઈપણ સામાજિક ઘટનાઓનો અભ્યાસો કરવામાં આવે ત્યારે તેની પાછળ કોઈને કોઈ હેતુઓ હોય છે. હેતુઓ સ્પષ્ટ હોય તો સમગ્ર સંશોધનની કાર્યપદ્ધતિની મદદથી સંશોધનના તારણો સુધી પહોંચવાની શકયતાઓ વધે છે અને અવરોધો કેટલેક અંશે ઓછા થાય છે. સંશોધન અભ્યાસનું શીર્ષક સમસ્યાઓનો નિર્દેશ કરે છે. જ્યારે હેતુઓ દ્વારા કઈ કઈ બાબતોનો અભ્યાસ થશે તે દર્શાવાય છે. પસંદ કરેલ ક્ષેત્રમાંથી શું શું સંશોધન થઈ શકે તેમ છે તે તપાસીને તેના સંદર્ભમાં સંશોધન અભ્યાસનાં હેતુઓ નક્કી કરવા જોઈએ.

**પોલિન યંગ** સામાજિક સંશોધનનાં મુખ્યત્વે ત્રણ હેતુઓ દર્શાવે છે :

(૧) હકીકતોની શોધ અને ચકાસણી (૨) હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો

(૩) વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો[૨]

નવી હકીકતો શોધવી અને જૂની હકીકતોની ચકાસણી કરવી તેનું પરીક્ષણ કરવું તે સામાજિક સંશોધનોનો મુખ્ય હેતુ છે. સામાજિક સંશોધનમાં હકીકતોને એકબીજાથી અલગ સ્વરૂપે લક્ષમાં લેવામાં આવતી નથી. પરંતુ હકીકતો એકબીજા સાથે સંબંધિત છે તેમ માનીને તેનું નિરીક્ષણ કરવામાં આવે છે. કારણ કે કોઈપણ સામાજિક હકીકત અન્ય સામાજિક હકીકત સાથે સંબંધિત હોય તો જ તે અર્થપૂર્ણ બને છે. એટલે કે સામાજિક હકીકતને વિશાળ સમાજ વ્યવસ્થાના ભાગ તરીકે જોવામાં આવે છે. સંશોધનમાં માત્ર હકીકતોને એકત્ર કરવા ખાતર એકત્ર કરવામાં આવતી નથી. પરંતુ એ હકીકતો પાછળ છુપાયેલું રહસ્ય શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે.

હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો એ સંશોધનનો બીજો મહત્ત્વનો હેતુ છે. સંશોધનમાં હકીકતો એકત્ર કરવામાં આવે છે. એકત્ર કરેલી હકીકતોને તાર્કિક પાયા ઉપર ક્રમબદ્ધ ગોઠવીને તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. હકીકતો વચ્ચેના સંબંધ પાછળનો ગુઢાર્થ શોધવાનો હેતુ પણ તેમાં રહેલો છે. આ ઉપરાંત હકીકતો વચ્ચે કેવા પ્રકારનો સહસંબંધ રહેલો છે તે તપાસવાનો હેતુ પણ રહેલો છે.

સામાજિક સંશોધનનો અંતિમ હેતુ સામાજિક જીવનને લગતા સિદ્ધાંતો સ્થાપવાનો છે. માનવ વર્તનના યથાર્થ અભ્યાસ માટે વૈજ્ઞાનિક ઉપકરણો વિકસાવવા એ સંશોધનનો મહત્ત્વનો હેતુ છે. સંશોધનમાં જે માહિતી એકત્ર કરવામાં આવે તે સાચી છે કે ખોટી તે અંગે પ્રશ્ન ઊઠાવવામાં આવે છે.

સામાજિક સંશોધન કયારેય હેતુ રહિત નથી હોતું. સંશોધન પાછળ શ્રમ અને ધન બંનેનો ઉપયોગ થાય છે. સામાજિક સંશોધનનું ધ્યેય સામાજિક જીવનને સમજવાનો છે. આ સંશોધનનાં કેટલાક હેતુઓ નીચે પ્રમાણે છે :

સંશોધનની વાસ્તવિક કસરત કરવી. સંશોધન કેવી રીતે થાય છે ? તેમાં કેવા તબક્કે કેવા કેવા નિર્ણયો કરવામાં આવે છે ? અને તેનું વર્ગીકરણ, પૃથક્કરણ અને અર્થઘટન કેવી રીતે કરવામાં  આવે છે ? તેમજ તેના નિષ્કર્ષ કેવી રીતે તારવવામાં આવે છે ? તે બધાનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનો નમ્ર પ્રયાસ છે.

(૧) ઉચ્ચત્તર  માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગો એકંદરે કેવી કેવી સમસ્યાઓથી પીડાય છે તે જાણવાનો હેતુ.

(૨) વિકલાંગતા કેટલે અંશે સમસ્યારૂપ બને છે તે જાણવાનો હેતુ રહેલો છે.

(૩) વિકલાંગતાની જ્ઞાતિ સાથેના સંબંધને જાણવાનો હેતુ રહેલો છે.

(૪) વિકલાંગતાની કડવાશ શૈક્ષણિક સિદ્ધિને ખરડે છે કે કેમ તે જાણવાનો હેતુ રહેલો છે.

(૫) વિકલાંગતાનું પ્રમાણ વિકલાંગતાની સમસ્યા સાથે સંલગ્ન છે કે કેમ ? તે શોધવાનો હેતુ રહેલો છે.

(૬) માતા અથવા પિતા કે બંનેની હયાતિનો અભાવ વિકલાંગીની સમસ્યા ઉપર કોઈ અસર પડે છે કે કેમ તેની જાણકારી મેળવવાનો હેતુ રહેલો છે.

(૭) વિકલાંગીતાનું પ્રમાણ કેટલું છે ? અને તે પ્રમાણ  તેની સમસ્યાઓને કેટલે અંશે સ્પર્શે છે તેની જાણકારી મેળવવાનો હેતુ રહેલો છે.

## ૧.૫ અભ્યાસની પૂર્વધારણાઓ :

પી. વી. યંગના મતે ‘‘પૂર્વ ધારણા એ એવો કામચલાઉ કેન્દ્રીય વિચાર છે જે ફળદાયી સંશોધનનો આધાર બને છે.’’[૩]

માનવીને ઈશ્વરે બુદ્ધિની એક વિશિષ્ટ ભેટ આપી છે. જેની મદદથી માનવી એક પછી એક પ્રકૃતિનાં પરિબળોને નાથવા અને તેને માનવ કલ્યાણમાં રોકવા શકિતમાન બન્યો છે. વિવિધ વૈજ્ઞાનિક શોધખોળ અને તેના પરિણામે સુલભ બનતી જીવનની સુખ સગવડતાઓ અંતે તો માનવ બુદ્ધિનું જ પ્રદાન છે. અત્યારે માનવી

પ્રકૃતિના વિવિધ પરિબળોને સમજવા તેની આગાહી કરવા અને તેનું નિયમન કરવા શકિતમાન બન્યો છે. તેનું કારણ તેની વિચારશકિત છે. તેથી જ વર્ષો પૂર્વે એરિસ્ટોટલે માનવીને વિચારશીલ પ્રાણી તરીકે બિરદાવેલ છે. વિચાર કરવો, તર્ક કરવા, દલીલો કરવી વગેરે માનવીને માટે સહજ અને સુલભ પ્રક્રિયાઓ છે.

તેમ છતાં માણસ જે કંઈ વિચાર, તર્ક કે દલીલ કરે તે હંમેશા સત્ય જ હોય તેમ માનવાને કારણ નથી. તેથી આપણને સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન થાય કે, વિચાર યથાર્થ કયારે કહી શકાય ? એવો કોઈ નિયમો કે ધોરણો છે ખરાં ? કે જેનાથી આપણે વિચારેલ કે કલ્પના કરેલ ઘટના યથાર્થ સ્વરૂપ ધારણ કરે તે માટે સામાજિક સંશોધન જરૂરી છે અને સંશોધનમાં જે ઉપકલ્પના, વિચારો હોય છે તે સાબિત કરવામાં આવે છે.

ઉપકલ્પના એટલે અસ્થાયી સામાન્યીકરણ, જેની સચ્ચાઈની પ્રતીતિ કરવાની બાકી હોય છે. વિજ્ઞાનનો સ્વભાવ જ શંકાશીલ છે. કોઈપણ વાતની પ્રતીતિ કર્યા વગર કે તેને સિદ્ધ કર્યા વગર વિજ્ઞાન એનો સ્વીકાર કરે નહિ. વિજ્ઞાનની આ શંકાવૃત્તિનું ઉદાહરણ એ જ ઉપકલ્પના. ઉપકલ્પના એટલે જેની શોધ કરી રહ્યાં હોઈએ એનું નિરૂપણ.

દરેક વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપકલ્પનાનું ઘણું મહત્ત્વ છે. ઉપકલ્પના વિના આગળ વધવું શકય જ નથી. ખ્યાલોની જેમ ઉપકલ્પનાનું કાર્ય અમુક નિશ્ચિત હકીકતોનો ખુલાસો સૂચવવાનું છે અને બીજા સંશોધનને માર્ગદર્શન આપવાનું છે. ''ઉપકલ્પનાઓ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે.''[૪]

સામાન્ય રીતે વૈજ્ઞાનિક સંશોધનમાં જુદા જુદા પરિવર્ત્યો વચ્ચેના કામચલાઉ ધોરણે સંબંધોને સૂચવતી ઉપકલ્પનાઓની સંરચના અને તેનો જે તે સંશોધન માટે સ્વીકાર કરવામાં આવે છે. ઉપકલ્પના સમગ્ર સંશોધન પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સુનિશ્ચિત બનાવે છે. એટલું જ નહીં પરંતુ સંશોધનના પ્રત્યેક તબક્કે ઉપયોગી ભૂમિકા ભજવે છે. એટલે જ ઉપકલ્પનાને સંશોધનની માર્ગદર્શક દીપિકા તરીકે

ઓળખવામાં આવે છે.

સામાજિક સંશોધનમાં ઉપકલ્પનાની સંરચનાનું એક વિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. પરંતુ જેમ જેમ સંશોધન કાર્ય આગળ વધતું જાય તેમ તેમ તેમાં પરિવર્તન થતું જાય છે. ગમે તેવી ઉપકલ્પના કે સ્વૈરવિહારને ઉપકલ્પના ન ગણી શકાય. કોઈપણ ઘટનાને સમજાવવા માટે હકીકતોના પાયા ઉપર રચાયેલી ઉપકલ્પનાને જ ઉપકલ્પના ગણી શકાય.

''ઉપકલ્પના એક વિચાર છે. જેમાં સત્યને જાણવા માટે તેની પરીક્ષા અને તેની કસોટીનો હેતુ રાખવામાં આવે છે.''[૫]

''ઉપકલ્પના એક એવો પ્રમેય, એવી દિશા અથવા એવો સિદ્ધાંત છે કે જેની ધારણા એના તાર્કિક પરિણામો તારવવા માટે કદાચ વિશ્વાસ વિના કરવામાં આવે છે અને જેની આ પદ્ધતિથી વિદિત કે નિશ્ચિત કરવામાં આવેલી વિગતો સાથે સુસંગતતાની પરીક્ષા કરવામાં આવે છે.''[૬]

વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત કરવા માટે સંશોધકે કોઈક પ્રશ્નરૂપે વિધાન રચવું પડે છે. અને તેના આધારે તેની ચકાસણી કરવા માટે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ કરવામાં આવે છે.

સામાન્ય લોકોમાં પ્રચલિત માન્યતાઓ સાચી છે કે ખોટી તેને વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવા કેટલીક ઉપકલ્પનાઓનું નિર્માણ કરવું બહુ જ જરૂરી છે. જેથી સંશોધકે પોતાના સંશોધન માટે નીચે પ્રમાણેની ઉપકલ્પના રચી છે. કોઈપણ પ્રકારના સામાજિક સંશોધન માટે ઉપકલ્પના મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉપકલ્પના સંશોધનને ચોક્કસ દિશા આપે છે, અને સંશોધન કાર્યને નિશ્ચિત ઢબે ગોઠવી શકાય છે. આ ઉપરાંત સામાજિક સંશોધનમાં એવું કહેવામાં આવ્યું છે કે ઉપકલ્પના વિનાનું સંશોધન વૈજ્ઞાનિક દષ્ટિકોણ વાળું સંશોધન બની શકતું નથી. એટલે સંશોધનમાં વધુ વૈજ્ઞાનિકતા લઈ આવવા ઉપકલ્પના સ્વીકારવામાં આવે છે. અભ્યાસના હેતુઓને

ધ્યાનમાં રાખીને ઉપકલ્પના રચવામાં આવે છે. ઉપકલ્પના એક કરતા વધારે હોઈ શકે છે.

ઉપકલ્પના અભ્યાસ તળેની ઘટનાનો સંભવિત અને કાચલાઉ ખુલાસો છે. જેની યથાર્થતા સંશોધન પ્રક્રિયા દરમ્યાન ચકાસવાની હોઈ છે. આમ ઉપકલ્પના સંશોધકને કાર્ય કરવાની દિશા સૂચવે છે તેમજ પૂર્વગ્રહ રહિત બનાવે છે. ઉપકલ્પનાની રચના કરવાથી સંશોધકે કલ્પેલા પરિણામો પ્રાપત કરવા તરફ ઢળે છે.

પ્રત્યેક સંશોધનમાં ઉપકલ્પનાઓ હોવી જોઈએ તેવું નથી. પરંતુ ઉપકલ્પનાઓ રજૂ કરવાથી સંશોધન અહેવાલની શાસ્ત્રીયતા વધે છે. અહીં,

''ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિકલાંગોની સમસ્યાનો અભ્યાસ'' આ સંશોધનમાં નીચે પ્રમાણે પૂર્વ ધારણા રચવામાં આવી છે.

(૧) વિકલાંગ વિદ્યાર્થીઓ વિશિષ્ટ સમસ્યાઓથી ઘેરાયેલ છે.

(૨) વિકલાંગ વિદ્યાર્થીઓને કેવી અને કેટલી સમસ્યાઓ છે તેની સાથે જ્ઞાતિ સંલગ્ન છે.

(૩) વિકલાંગતાનું પ્રમાણ વિકલાંગીઓની સમસ્યાઓને નિર્ધારિત કરે છે.

(૪) વિકલાંગીની આર્થિક પરિસ્થિતિ તેની સમસ્યાઓ પર અસર કરે છે.

(૫) વિકલાંગીની માતા-પિતાની હયાતીની ખામીથી સમસ્યાંક ઊંચો છે.

(૬) સવર્ણ અને પછાત જ્ઞાતિના વિકલાંગ વિદ્યાર્થીઓના સરેરાશ સમસ્યાંકો વચ્ચે નક્કર ભેદ છે.

(૭) નબળી આર્થિક પરિસ્થિતિ વિકલાંગીની સમસ્યાઓમાં વધારો કરે છે.

(૮) સંયુકત કુટુંબ કરતાં વિભકત કુટુંબમાં ઉછરતા વિકલાંગીને સમસ્યાઓ વધુ છે.

(૯) માતાની હયાતી વિકલાંગીના સરેરાશ સમસ્યાંકને નીચો રાખે છે.

## ૧.૬ અભ્યાસનું ક્ષેત્ર :

સંશોધકે પોતાના સંશોધન નિબંધના માર્ગદર્શકશ્રીને મળીને વિષય પસંદગી કરી હેતુઓ અને પૂર્વધારણાઓ નક્કી કર્યા પછી પોતાના અભ્યાસનું ક્ષેત્ર-ફલક નક્કી કરવું પડે છે. કોઈપણ સંશોધક પોતાના વિષયના સમગ્ર ક્ષેત્રને પોતાના સંશોધનકાર્યમાં સમાવી શકતો નથી. તેથી તેણે અભ્યાસની હદ નક્કી કરવી પડે છે. એટલે કે બાંધવી પડે છે. આ રીતે સંશોધકે પોતાના અભ્યાસના ફલકને સીમિત કર્યું છે. એક તો એણે બધા લોકોની સમસ્યાઓની તપાસ કરવાની આકાંક્ષા સેવી નથી પણ માત્ર વિકલાંગોની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો છે.

બીજું એણે દુનિયા આખીના કે સમગ્ર દેશના વિકલાંગોની સમસ્યાઓ જાણવાનો મોહ કર્યો નથી. અરે નાનકડા સંશોધનમાં તો ખૂદ સમસ્ત ગુજરાત કે સમગ્ર સૌરાષ્ટ્રના વિકલાંગીઓની સમસ્યાની પરખ કે તેના કારણો જાણવાની જિજ્ઞાસા પણ વ્યકત કરી નથી. અહીં તો માત્ર ગુજરાત રાજ્યના રાજકોટ જિલ્લાના રાજકોટ શહેરના જ ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિકલાંગોની સમસ્યાઓને જાણવાનો પ્રયત્ન કર્યો છે.

ત્રીજું રાજકોટના પણ બધાં જ વિકલાંગોને પોતાના અભ્યાસની સમષ્ટિ બનાવી નથી. અહીં તો માત્ર ધોરણ-૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતાં વિકલાંગીઓને જ લીધા છે. સંશોધક સારી પેઠે સભાન છે કે રાજકોટ શહેરમાં આ ધોરણ સિવાયના ઈત્તર ધોરણમાં અભ્યાસ કરતા અને સાવ ન ભણતા વિકલાંગીઓ પણ છે જ. છતાં પણ સંશોધક પાસેની સમય, શક્તિ અને નાણાંની મર્યાદાને ધ્યાનમાં રાખીને એણે કેવળ રાજકોટમાં જ ધોરણ-૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતાં વિકલાંગોને જ લીધા છે અને અન્યને છોડી દીધા છે.

ચોથું એને એ પણ ખ્યાલ છે જ કે વિકલાંગીની સમસ્યા માટે પ્રસ્તુત કારણો સિવાયના અન્ય કારણો પણ જવાબદાર છે જ. પરંતુ પોતાની હેસિયત મુજબ એણે એના થોડાંક કારણોની જ છણાવટ કરવાનો પુરુષાર્થ છે અને એવો અભિગમ

અપનાવ્યો છે. આવી રીતે એણે એના ફલકને સીમિત કર્યું છે અને એ મુજબ એણે નીચે પ્રમાણે પોતાના અભ્યાસનું શીર્ષક બાંધ્યું છે. ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ.''

## ૧.૭ અભ્યાસના અગત્યના પરિવર્ત્યો :

કોઈપણ અભ્યાસ છેવટે તો પરિવર્ત્યો વચ્ચેના સંબંધને લગતો હોય છે તેવી જ રીતે આ અભ્યાસમાં પણ પરિવર્ત્યો વચ્ચેના સંબંધો શોધવાનો પ્રયાસ કરવા વિચાર્યું છે તેમજ આ અભ્યાસનું અવલંબી પરિવર્ત્ય વિકલાંગોની સમસ્યાઓ છે અને એને માપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ આ અભ્યાસમાં આ અવલંબી પરિવર્ત્યો ને નીચેના સ્વતંત્ર પરિવર્ત્યો સાથે સંલગ્ન કરવાનો પ્રયાસ આદર્યો છે.

૧. વિકલાંગીની જાતિ (સ્ત્રી-પુરુષ)
૨. વિદ્યાર્થીની જાતિ
૩. વિકલાંગ વિદ્યાર્થીની વિકલાંગતાની ટકાવારી
૪. કુટુંબની વાર્ષિક આવક
૫. કુટુંબનો પ્રકાર (સંયુકત-વિભકત)
૬. માતા-પિતાની હયાતિ
૭. વિદ્યાર્થીની વિકલાંગતાના કારણો

એકંદરે સ્વતંત્ર અને અવલંબી પરિવર્ત્યોને સાંકળીને પૂર્વધારણા રજૂ કરી છે અને તપાસવાનો પ્રયાસ કર્યો છે.

## ૧.૮ અભ્યાસનું નિદર્શન :

સામાજિક સંશોધન ભાગ્યે જ સમગ્ર સમષ્ટિનું કરાતું હોય છે. મોટેભાગે સંશોધક કોઈ નિદર્શને પસંદ કરી એનો અભ્યાસ કરે છે અને અભ્યાસના નિદર્શ પરથી મળેલા તારણોને સમષ્ટિને લાગુ પાડવા માટે અમુક આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરે છે. કોઈ કરતા કોઈ સંશોધક સમગ્ર સમષ્ટિના એક એક સભ્યનું

અવલોકન કરી શકે નહીં કે એકે એકની મુલાકાત લઈ શકે નહીં . ખૂદ પ્રશ્નાવલિ પણ સમગ્ર સમષ્ટિના એકે એક સભ્ય પાસે ભરાવી શકાય નહીં અને દુનિયાના બધા દેશોમાં થયેલા અભ્યાસો પુરવાર કરે છે કે એક એક સભ્યની તપાસ જરૂરી પણ નથી. નિદર્શ તપાસ પરથી સચોટપણે સમષ્ટિ વિશે સાચો અંદાજ બાંધી શકાય છે.

જો કે, નિદર્શ પદ્ધતિએ પણ સંશોધનમાં અગત્યની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. ઘણાં અભ્યાસના ભળતા અને ખોટા તારણો પ્રાપ્ત થવા પાછળ નિદર્શની ખોટી પસંદગી જ જવાબદાર હોય છે. ઘણીવાર નિદર્શ જ પૂર્વગ્રહયુક્ત હોય, અપર્યાપ્ત હોય કે એક તરફ ઝૂકેલો હોય. નિદર્શ જ સમટિષ્નું યથાયોગ્ય પ્રતિનિધિત્વ કરતો ન હોય તો તેવા કિસ્સામા નિદર્શ અંગે પ્રાપ્ત થયેલા તારણોને સમગ્ર સમષ્ટિ માટે વ્યાપક સામાન્યીકરણ રૂપે વિસ્તારવું એ બહુ જોખમી પુરવાર થાય.

રાજકોટ શહેરમાં ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ઉચ્ચત્તર  માધ્યમિકમાં ભણતા વિકલાંગો એ આ સંશોધનની સમષ્ટિ છે. અલબત્ત રાજકોટ શહેર ખૂબ પથરાયેલું છે અને સમગ્ર સમષ્ટિની ગણના એ ટૂંકા સમયમાં શકય નથી પણ રાજકોટની વસતી ૧૮ થી ૨૦ લાખ જેટલી છે અને તેમાં અંદાજે ૧ % જેટલા વિકલાંગો ગણીએ તો પણ અંદાજે વીસેક હજાર જેટલા વિકલાંગો હશે. એવો અંદાજ બાંધી શકાય. જો કે તા. ૨૪/૧૦/૧૯૯૯ના ગુજરાત સમાચાર દૈનિકના અદ્યતન અંદાજ મુજબ રાજકોટમાં લગભગ ૧૫૦૦૦ થી પણ વધુ વિકલાંગ છે એટલે એ વસતીને નગણ્ય ગણવાની ધૃષ્ટતા કરવી એ કદાચ અમાનવીય અપરાધ સાબિત થાય. બેશક સંશોધકે નિદર્શને આધારે જ સમષ્ટિ અંગે તથ્યો તારવવાના હોય છે. છતાં નિદર્શ અને નિદર્શન એટલે શું તે સમજી લઈએ.

## A. નિદર્શ એટલે શું ?

આખે આખી સમષ્ટિનો અભ્યાસ એના એક એક એકમનો અભ્યાસ ઘણો જ મુશ્કેલ, ખર્ચાળ અને અગવડભર્યો હોય છે. સમષ્ટિને અત્યંત મર્યાદિત બનાવીએ તો જ કદાચ પૂર્ણ અભ્યાસ,સમષ્ટિનો અભ્યાસ થઈ શકે.એટલે જે વૈજ્ઞાનિક,પૂર્ણગણતરી

ને બદલે (સમષ્ટિને બદલે) નિદર્શનો અભ્યાસ કરે છે.

સામાન્ય ખ્યાલ મુજબ અને ભાષાના વપરાશની દષ્ટિએ નમૂનો એટલે એકાદ નમૂનો ગણીએ છીએ. પણ વિજ્ઞાનમાં નમૂનાનો અર્થ માત્ર એકાદ જ પ્રતિનિધિરૂપ દાખલો એવો કરાતો નથી.

ગુડે અને હટ્ટના મત મુજબ ''વિશાળ સમુદાય કે વ્યાપક સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતો નાનો પેટા સમૂહ કે લઘુ સમુદાય એ નિદર્શ છે.''[૭] પી. વી. યંગના મત મુજબ '' સમગ્ર સમૂહની પસંદ કરાયેલી નાની આવૃત્તિ એ નિદર્શ છે.''[૮] સમૂહનું લઘુચિત્ર રજૂ કરનાર સમૂહ એ નમૂનો છે.''

''મુલર અને સુલરના મતે સમષ્ટિનો ગમે તે ભાગ એ નિદર્શ નથી પરંતુ સમષ્ટિના જે ભાગને સમષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે તે ભાગને નિદર્શ કહેવાય એટલે કે  આંકડા વિષય પદ્ધતિએ કાઢેલો નિદર્શ સમગ્ર સમષ્ટિનું પ્રતિનિધિત્ત્વ ધરાવે છે.''[૯]

આ બધા પરથી તારવી શકાય કે, સમગ્ર સમષ્ટિ અંગે માહિતી મેળવવાના આશયથી અમુક વ્યાજબી રીતે સમષ્ટિમાંથી પસંદ કરાતા એકમોના પેટા સમૂહને નિદર્શ કહેવામાં આવે છે. અલબત્ત ઉત્તમ નિદર્શ કેવો હોય તેના લક્ષણોની પણ તપાસ થયેલી છે અને તારણો પણ મળ્યા છે જે નીચે મુજબ છે.

## B. ઉત્તમ નિદર્શના લક્ષણો :

### ૧. નિદર્શ સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતો હોવો જોઈએ :

ખરેખર સાદું નિદર્શ સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતું હોવું જરૂરી છે. જે નિદર્શમાં સમષ્ટિની બધી જ લાક્ષણિકતાઓ આવરી લેવામાં આવી હોય તેવા નિદર્શને પ્રતિનિધિત્વ ધરાવતું નિદર્શ કહેવાય. બીજાં શબ્દોમાં કહીએ તો નિદર્શમાં સમષ્ટિની બધી જ વિશેષતાઓ આવરી લેવાવી જોઈએ.[૧૦]

**૨. નિદર્શ પર્યાપ્ત કદનો હોવો જોઈએ :**

નિદર્શમાં વિશ્વસનીય પરિણામો મેળવી શકાય તેટલા પૂરતા પ્રમાણમાં એકમોને આવરી લેવાયા હોય તે નિદર્શને પર્યાપ્ત કદનું નિદર્શ કહેવાય. પર્યાપ્ત કદનો આધાર સમષ્ટિના કદ, સ્વરૂપ, પ્રકાર, ઉપરાંત અન્ય ઘણાં પરિબળો ઉપર રહેલ હોય છે.[૧૧]

**૩. નિદર્શના સભ્યોની પસંદગી એકબીજાની પસંદગીથી સાવ નિરપેક્ષ હોવી જોઈએ :**

નિદર્શ સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતો હોય તેટલું જ પર્યાપ્ત નથી પણ તેની પસંદગી કરવામાં આવે ત્યારે તેમા પક્ષપાતને કોઈ સ્થાન ન હોવું જોઈએ તે ખૂબ જ જરૂરી છે. કારણ કે નિદર્શ એ સમગ્રનું પ્રતિક છે.

**૪. નિદર્શના બધાં જ સભ્યો કે ઘટકો એક જ સ્થળકાળના પ્રભાવતળે પસંદગી પામ્યા હોવા જોઈએ :**

નિદર્શ પસંદ કરતી વખતે સ્થળ બદલાય તો નિદર્શનો પ્રભાવ અને પ્રમાણ પણ બદલાઈ જવાની શકયતા રહે છે. આથી તે એક જ સ્થળ અને સમયે પસંદ કર્યા હોય તે જરૂરી બને છે.

**C. નિદર્શ નિર્ધારણ :**

નિદર્શની પસંદગી ઘણી રીતે થાય છે. નિદર્શની પસંદગીની રીતને નિદર્શન પદ્ધતિ કહેવામાં આવે છે.

દા.ત. ગુજરાત રાજ્યના યુવક-યુવતીઓના ચલચિત્રો અંગેના વલણો જાણવા હોય તો બધા જ યુવક-યુવતીઓને પ્રશ્નવલિ આપી શકાય નહીં. આવી આપત્તિમાંથી બચવા નિદર્શ પસંદગી થાય છે. સમષ્ટિમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા પાત્રોનો નમૂનો લઈ તેના પર સંશોધન પ્રક્રિયા થાય અને એ પરિણામો સમષ્ટિને લાગુ પાડવામાં આવતા હોય છે. નિદર્શ પસંદગીને કારણે સંશોધકનું કામ ઘણું સરળ બને છે. ઘઉંના

બધાં જ દાણા આપણે તપાસતા નથી પરંતુ મુઠ્ઠીભર ઘઉંના નમૂના પરથી કોથળામાં ઘઉં કેવા હશે ? તેનો અંદાજ આપણે લગાવીએ છીએ. જો કે નિદર્શ પસંદ કરવાની ઘણી તરકીબો-પ્રયુક્તિઓ છે. જેનો આછેરો ખ્યાલ નીચે મુજબ છે. યદચ્છ નિદર્શન અને બિનયદચ્છ નિદર્શન તેમજ બંનેના પેટા પ્રકારો પણ છે જે નીચે પ્રમાણે છે.

**૧. યદચ્છ નિદર્શન :**

યદચ્છ નિદર્શન એટલે જે નિદર્શમાં સમષ્ટિના દરેક એકમને પસંદ કરવાની સમાન સંભાવના મળી હોય તેવું નિદર્શન અને તેવા નિદર્શને સાદું યદચ્છ નિદર્શ કહેવામાં આવે છે. કોઈપણ એકમની પસંદગીની વિધાયક કે નિષેધક અસર બીજા એકમની પસંદગી પર થતી ન હોય તથા એકમોની પસંદગી આકસ્મિક રીતે થતી હોય તેને યદચ્છ નિદર્શ કહેવામાં આવે છે.સાદું યદચ્છ નિદર્શન કઈ રીતે મેળવી શકાય છે.

**એ. સાદું યદચ્છ નિદર્શન** : યદચ્છ નિદર્શન પસંદ કરવા માટે કાગળના ટૂકડા પર નામ અથવા નંબર લખવામાં આવે છે અને તેની ચિઠ્ઠીઓ બનાવવામાં આવે છે અને બધી ચિઠ્ઠીઓ એક પાત્રમાં નાખવામાં આવે અને બધી ભેગી કરેલી ચિઠ્ઠીઓમાંથી નક્કી કરેલી સંખ્યાની ચિઠ્ઠીઓ ઉપાડવામાં આવે છે. આ રીતને લોટરીના ડ્રો સાથે સરખાવી શકાય.

**બી. નિયમિત આંકની પદ્ધતિ** : આ નિયમિત આંકની પદ્ધતિમાં કોઈ એક નક્કી કરેલી સંખ્યાને નિદર્શ તરીકે પસંદ કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે જેમ કે, ૧૫૦ વસ્તુઓની એક સમષ્ટિમાંથી ૧૫ વસ્તુઓનો એક નિદર્શ પસંદ કરવાનો હોય તો તેમાંથી એક ચિઠ્ઠી નવ નંબરની નીકળે તો બાકીના સભ્યોનો નિદર્શ નવ સભ્યો માટે દસ દસ ઉમેરીને એટલે કે, ૧૯, ૨૯, ૩૯, એમ ૧૪૯ સુધીના નંબરવાળાને નિદર્શમાં પસંદ કરવામાં આવે છે. આને નિયમિત આંકની પદ્ધતિ કહેવામાં આવે છે.

**સી. અનિયમિત આંકની પદ્ધતિ (ટિપેટની પદ્ધતિ)** : આ પદ્ધતિમાં યદચ્છ નંબરની પુસ્તિકાનો ઉપયોગ કરવામાં આવે છે. ટિપેટ નામના આંકડાશાસ્ત્રીના

કોષ્ટકનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો હોવાને લીધે આ પદ્ધતિને  ટિપેટ પદ્ધતિ કહેવામાં આવે છે. ટિપેટના કોષ્ટકમાં ૧૦,૦૦૦ જેટલા ચાર આંકડાવાળા નંબરો છે. ધારો કે ૭,૦૦૦ની વસ્તુઓની એક સમષ્ટિમાંથી ૧૦૦ વસ્તુઓને એક નિદર્શ પસંદ કરવાનો છે. તો સૌ પ્રથમ સમષ્ટિના બધા એકમોને ૧ થી ૭,૦૦૦ સુધીના નંબરો આપી દેવામાં આવે છે. ત્યાર પછી ટિપેટના યદચ્છ નંબરના પુસ્તકમાંથી કોઈપણ એક  પાનું ખોલીને ૭,૦૦૦થી ઓછી કિંમતવાળા ૧૦૦ નંબરો પસંદ કરવામાં આવે છે. આને અનિયમિત આંકની પદ્ધતિ કહે છે. હવે તો કમ્પ્યૂટર દ્વારા નિદર્શન મેળવાય છે. પણ સમષ્ટિમાં સ્તરભેદ જણાયતો અને સમષ્ટિ વિશાળ હોય ત્યારે સ્તરીકૃત નિદર્શન મેળ વધુ હિતાવહ હોય છે.

**૨. સ્તરીકૃત યદચ્છ નિદર્શન :**

જ્યારે સમષ્ટિના એકમો સમયરૂપ ન હોય અને તેમાં વિવિધતા હોય ત્યારે સ્તરીકૃત યદચ્છ નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

સ્તરીકૃત નિદર્શનમાં પરીણિત સ્ત્રીઓનું નિદર્શન કરવાનું હોય ત્યારે જ્ઞાતિ, ધર્મ, આર્થિક સ્તર વગેરે જુદી જુદી દૃષ્ટિએ સમગ્ર સમષ્ટિને સ્તરમાં વહેંચીને સ્તરવાર સાદા યદચ્છ રીતે તેમાંથી પસંદ કરવામાં આવે છે. આ બધા યદચ્છ નિદર્શનના ઉદાહરણ છે. જ્યારે નીચેના બિનયદચ્છ નિદર્શનના નમૂના છે.

**૧. ઝૂમખાં નિદર્શન** : ઝૂમખાં નિદર્શનનો ઉપયોગ ખૂબ જ મોટી સમષ્ટિ માટે વાપરવામાં આવે છે. જો  સમષ્ટિ  ખૂબ વિશાળ હોય  તો સાદો અને સ્તરીકૃત નિદર્શ ખૂબ જ ખર્ચાળ પડે છે. તેથી ઝૂમખાં નિદર્શ લેવો પડે છે.

દા.ત. જામનગરમાં દસમાં ધોરણમાં અભ્યાસ કરતા બાળકોની એક સંપૂર્ણ યાદી બનાવી તેમાંથી ૨૫ % નિદર્શ લેવાને બદલે સંશોધક જામનગરની તમામ માધ્યમિક શાળાની યાદી બનાવી તેમાંથી સાદા યદચ્છ નિદર્શ મુજબ ૨૫% શાળા પસંદ કરે તે  શાળાઓના  દસમાં ધોરણના તમામ બાળકને નિદર્શરૂપે લેવામાં આવે તો તેને

ઝૂમખા નિદર્શ તરીકે ઓળખાય.

**૨. ક્રમશઃ નમૂનો** : ક્રમશઃ નમૂનાની પદ્ધતિથી સંશોધન ક્ષેત્રે એક નવી પદ્ધતિનો ઉમેરો થયો છે. નમૂનાના એક સાથે પાંચસો પાત્ર લેવાને બદલે સો-સોના પાંચ નમૂના લઈ પાંચ તબક્કે અભ્યાસ કરવાનું બને છે.

**૩. આનુષંગિક નમૂનો** : જ્યારે સમષ્ટિના હાથવગા એકમોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવે ત્યારે તેને આનુષંગિક કે આકસ્મિક નિદર્શન કહેવામાં આવે છે. તેને''સગવડિયા નિદર્શ'' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનમાં નિદર્શનું કદ અગાઉથી નક્કી હોતું નથી.

દા.ત. ૧૫૦ કોલેજીયનોનો અભ્યાસ કરવો હોય તો ૧૫૦ કોલેજીયનો સૌ પ્રથમ મળી આવે તેવો અભ્યાસ કરાય.

**૪. સહેતુક નમૂનો** : સહેતુક નિદર્શનને હેતુલક્ષી નિદર્શન પદ્ધતિ પણ કહેવામાં આવે છે. સહેતુક નિદર્શમાં કોઈક ચોક્કસ હેતુને ધ્યાનમાં રાખી નિદર્શ પસંદ કરવામાં આવે છે. આમાં હેતુના આધારે પસંદગીની તકો હોવાથી સમીષ્ટના તમામ ઘટકોને નિદર્શમાં સમાવેશ થવાની સમાન તક મળતી નથી.

**૫. બહુસોપાની નમૂનો** : મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના સંશોધનની એક કરતા વધુ પ્રકારના નમૂના એક પછી એક પસંદ કરવા પડે છે. તેને બહુ તબક્કાના કે બહુસોપાની નમૂના કહેવામાં આવે છે. બધી જ નિદર્શ પદ્ધતિને ધ્યાનમાં રાખીને સંશોધકે નિદર્શ પસંદ કર્યો છે.

## D. અભ્યાસના નિદર્શનું વર્ણન :

રાજકોટ શહેરમાં એકંદરે ૩૫ જેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે માટે ૩૫ જેટલી શાળાઓની ચિઠ્ઠી બનાવી અને અભ્યાસ માટે યદચ્છ રીતે એમાંથી ૧૮ શાળાઓ પસંદ કરવામાં આવી તેમજ પસંદ કરેલ દરેક શાળામાંથી યદચ્છ નિદર્શ દ્વારા ૨૦૦ વિકલાંગ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## ૧.૯ માહિતી એકત્રીકરણનું સાધન :

અગાઉના પ્રકરણ બીજામાં જણાવ્યા પ્રમાણે સંશોધકને જે જાત માહિતી હતી તે માટે કોઈ સચોટ સાધન ઉપલબ્ધ ન હતા. ઉપલબ્ધ સાધનોમાંના મોટા ભાગના સાધનો વિદ્યાર્થીની સમસ્યાઓને લગતા હતા. પણ ઉચ્ચત્તર માધ્યમિકમાં ભણતા વિકલાંગોની સમસ્યાને કેન્દ્રમાં રાખીને બનાવેલ સાધન ન હતું. એટલે સંશોધન સમસ્યાના ખુલાસા માટે સંશોધકે સાધન રચવાની જવાબદારી ઉપાડવી પડે તેમ હતી અને માર્ગદર્શકશ્રીના સલાહસૂચન મુજબ સંશોધકે પ્રશ્નાવલિ કેમ રચવી તેનો ખ્યાલ નક્કી કર્યો અને અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ પાસેથી વિકલાંગોની સમસ્યાઓ જાણી જેને ધ્યાનમાં રાખીને તેમજ જાતે થોડી સંશોધનિકાઓ વાંચી અને ખૂબ વિચાર કરીને વિગતવાર સમસ્યાઓ એકઠી કરી થોડા દિવસો આ વિચાર વલોણું ચલાવ્યું અને સમસ્યાઓ ભેગી કરી અને માર્ગદર્શકશ્રી સાથે વિચાર-વિમર્શ કરીને પ્રથમ તબક્કે અંદાજે ૧૫૦ જેટલી સમસ્યાઓની યાદી તૈયાર કરી. આ યાદી માટે વિગતવાર વિશ્લેષણની વિસ્તૃત સાંખ્યિક પ્રક્રિયામાં જવા જેટલો સમય સંશોધક પાસે ન હતો. તેથી તેણે કંઈ વિગતો રાખવી અને કઈ કાઢી નાખવી તે માર્ગદર્શકશ્રી સાથે જ ચર્ચા-વિચારણા કરીને સંશોધક તજ્જ્ઞશ્રીના માર્ગદર્શન મુજબ ૭૪ સમસ્યાઓવાળી સમસ્યા માપક તુલાની રચના કરી સમસ્યાઓનો ક્રમ નક્કી કરવા યદચ્છીકરણની રીતે વિભાગવાર બધા વિદ્વાનોને ક્રમ આપી તેમની ચિઠ્ઠી બનાવી એક ખોખામાં બંધ આંખે લોટરીની રીતે તેમનું ક્રમાંકન કર્યુ અને એ રીતે પ્રત્યેક વિધાનના ક્રમ નક્કી કર્યા અને આ રીતે વિકલાંગ સમસ્યા માપક તુલાની રચના કરી સબંધિત જાણકારોને બતાવીને છેવટે સુધારા-વધારા કરી એનું આખરી સ્વરૂપ નક્કી કર્યું. તે પરિશિષ્ટમાં રજૂ કરવામાં આવેલ છે.

## ૧.૧૦ માહિતીનું એકત્રીકરણ :

માહિતી એકત્ર કરવા માટે નીચે મુજબની વ્યવસ્થિત યોજના વિચારેલી. નિદર્શમાં નિયત કરેલ શાળાઓના આચાર્યશ્રીઓની સૌ પ્રથમ તો રુબરુ મુલાકાત

લેવી અને આ સંશોધન માટે તેમનો સહકાર અનિવાર્ય છે તે જણાવવું અને સહકાર આપવા વિનંતી કરવી અને તેમની શાળામાં ભણતા વિકલાંગોની ધોરણ-૧૧ અને ૧૨ ની યાદી મેળવવી અને સમસ્યા માપક તુલા ભરાવવાં માટેની પરવાનગી મેળવવી અને વિકલાંગીઓને કયા સમયે તુલા ભરવાનું અનુકૂળ રહેશે તે જાણી લેવું અને તે મુજબ દરેક શાળાના આચાર્યશ્રીઓને રુબરુ મળીને આ કાર્ય પૂર્ણ કરવું તેવું વિચારેલું.

ઉપરોકત યોજના નક્કી કર્યા મુજબ નિદર્શમાં નિયત કરેલ શાળાના આચાર્ય શ્રીને રુબરુ મળી તેમને પ્રસ્તુત સંશોધન અંગે જાણ કરી તેમનાં સહકાર માટે વિનંતી કરી તેમણે રાજીખુશીથી સહકાર આપવાની તૈયારી બતાવી. આમ તેઓની સાથે સાયુજ્ય સાધી લીધું અને તેમનાં વિકલાંગી વિદ્યાર્થીઓ પાસે સમસ્યા માપક તુલા ભરાવવાની પરવાનગી લઈ લીધી અને ત્યાં કેટલા વિકલાંગ વિદ્યાર્થીઓ - વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. તે જાણી લીધું તેમજ દિવસમાં કયા સમયે આ કાર્ય કરવું અનુકૂળ પડશે તે પણ પૂછી લીધું. તેમણે બધાએ રિસેષનો સમય અનુકૂળ પડશે તેમ જણાવ્યું તેથી આ વિકલાંગીઓની સગવડતા માટે તે સમય જ પસંદ કર્યો.

શાળાઓની યાદી પરથી યદચ્છ નિદર્શ દ્વારા જે શાળા પસંદ કરી હતી તે શાળાઓમાં જઈને બાજુના કોઠામાં બતાવ્યા મુજબ તુલાઓ ભરાવી શાળામાં રિસેષના સમયે જઈને વિકલાંગ વિદ્યાર્થીઓને સંશોધનના આશયની ઝાંખી કરાવી. તેમને સ્પષ્ટ સૂચના દ્વારા સમજાવીને તેઓએ શું કરવાનું છે તે માહિતી આપી અને સહકારની વિનંતી કરી અને સમસ્યામાપક તુલામાં ખોટી છેક-છાક ન થાય, આડેધડ જવાબો ન આપે અને વિચારપૂર્વક સાચા જ જવાબ આપે તે માટે વ્યકિતગત સમજ આપી. તેઓને આ બાબતમાં સમજ પડી ગઈ છે. તેની ખાત્રી કરી લીધી અને પછી જ પ્રશ્નાવલી ભરાવી.

## ૧.૧૧ માહિતીનું વિશ્લેષણ :

માહિતીના અર્થઘટન માટે નીચેનો શિરસ્તો અજમાવેલો બાકી માહિતીનું પૃથક્કરણ સ્વયં કંઈ સમસ્યાનો ખુલાસો આપતું નથી કે અટકળનું પરીક્ષણ કે સાબિતી પૂરી પાડતું નથી. પૃથક્કરણ અર્થઘટન માટેનો વાસ્તવિક આધાર જરૂર પૂરો પાડે છે. પણ અર્થઘટન તો સમસ્યાને અનુલક્ષીને તેમજ બાંધેલી અટકળોને અનુલક્ષીને પૃથક્કરણનું દોહન માંગે છે. માહિતીનું હાર્દ પૃથક્કરણના આધારે શોધવાનું રહે છે અને ઉદ્દેશ્યોના અનુસંધાને માહિતીના પૃથક્કરણને વલોવીને માહિતીનો મર્મ તારવવાનો પ્રયાસ કરવાનો હોય છે. એટલે સંશોધકે સંશોધનનો આરંભ કરતા પહેલાં નિદાન, સંશોધન માટેનું સાધન રચતા પહેલા અને માહિતી એકત્ર કરતા પહેલા અર્થઘટન કેવી રીતે કરીશું. તેનો સુયોગ્ય વિચાર કરવો પડતો હોય તે અપેક્ષિત છે. આમ અર્થઘટનના રીત અને પરિપાટીની ગોઠવણ પણ સંશોધન ભાતનું અગત્યનું અને અનિવાર્ય અંગ છે.

આ સંશોધનમાં માહિતીના પૃથક્કરણ માટે જે તે સ્વતંત્ર પરિવર્ત્યના સંદર્ભમાં મળેલી માહિતીનું વર્ગીકરણ કરવાનું અને તે મુજબ આવૃત્તિ વિતરણના કોઠા બનાવવાનું નક્કી કરેલું છે. અને પરિવર્ત્યના વિભાજન મુજબનાં જૂથના મધ્યક અને પ્રમાણ વિચલન શોધી જૂથના એકંદર વલણ અને તેના પ્રસારમાનને દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ત્યારબાદ જે તે જૂથના મધ્યકોની પ્રમાણ ચૂક શોધી, મધ્યકોના તફાવતની પ્રમાણ ચૂક શોધી મધ્યકોના તફાવતની સંગીનતા શોધી t પરીક્ષણ મારફત મોટા ભાગની શૂન્ય અટકળોની ચકાસણી કરી છે અને જ્યાં સ્વતંત્ર પરિવર્ત્યનું બે કરતા વધુ વિભાગમાં વિભાજન કર્યું છે. ત્યાં F કસોટી દ્વારા શૂન્ય અટકળોની પરીક્ષા કરી છે. આ આંકડાકિય તરકીબ કદાચ ૦.૦૫ કક્ષાએ અટકળોની પરીક્ષા કરી નિચોડ તારવ્યા છે. આંકશાસ્ત્રની t અને F કસોટીઓ પરીક્ષણના અદ્વિતીય ઢાંચારૂપે જગપ્રસિદ્ધ છે અને તેમનો જ આ સંશોધનમાં સહારો લીધો છે.

## ૧.૧૨ અભ્યાસનું મહત્ત્વ :

(૧) વિકલાંગોની સમસ્યાઓ સમજવામાં આ સંશોધન ઉપયોગી બની રહેશે.

(૨) પોતાના વિકલાંગ સંતાનના વિકાસ માટે પૂર્વ આયોજન માટે માતા-પિતાને આ સંશોધન ઉપયોગી બની રહેશે.

(૩) વિકલાંગોના ઉત્કર્ષ માટે કામ કરતી સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ માટે આ સંશોધન ઉપયોગી બની રહેશે.

(૪) વિકલાંગતાને અટકાવવામાં આ સંશોધન અમુક અંશે ઉપયોગી બની શકે છે

(૫) વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે આ સંશોધન ઉપયોગી બનશે.

(૬) વિકલાંગોની સમસ્યા નિવારવામાં આ સંશોધન ઉપયોગી બનશે.

## ૧.૧૩ અભ્યાસની મર્યાદા :

કોઈપણ સંશોધન મર્યાદા રહિત હોતું નથી. વ્યકિતગત, વિષયગત, સંજોગો-વશાત્ પ્રત્યેક સંશોધનમાં કોઈને કોઈ મર્યાદા અચુક રહી જાય છે.આ સંશોધન અભ્યાસની કેટલીક મર્યાદાઓ મારા સંશોધન કાર્ય દરમ્યાન મેં અનુભવી છે જે નીચે પ્રમાણે છે.

(૧) વિકલાંગતાની સમસ્યા સમગ્ર સમાજમાં જોવા મળે છે. સંશોધકે સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને માત્ર રાજકોટ શહેરનાં ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણતા વિકલાંગોનો જ અભ્યાસ કર્યો છે જે એક મર્યાદા છે.

(૨) આ સંશોધનમાં મોજણી કે વર્ણન તરફ ઝૂકવાને બદલે સમસ્યાના સચોટ કારણો શોધવા તરફ વધુ અભિમુખતા રાખી છે. અહીં પણ સહસંબંધાત્મક અભ્યાસોનો ઢાંચો અજમાવ્યો હોય તો જરૂર અજમાવી શકાય પણ એણે એ દિશા તરફ ઝોખ દેખાડયો નથી. જે એક મર્યાદા ગણી શકાય.

(૩) આ સંશોધનમાં સચોટ કાર્યક્રમના પ્રભાવની તપાસ કરી નથી. બાકી વિકલાંગીને અમુક રીતના કાર્યક્રમ નીચે લાવી શું ફેરફાર થાય છે તે પણ

જરૂર પકડી શકાય, પણ આ સંશોધકે એવા કાર્યક્રમ લક્ષી સંશોધનની વ્યાવહારિક તપાસ તરફ ધ્યાન આપ્યું નથી. જે આ સંશોધનની મર્યાદા ગણી શકાય.

### ૧.૧૪ અન્ય પ્રકરણોની આછેરી ઝલક :

અન્ય ચાર પ્રકરણોમાં સંશોધન રજૂ કરી તેના સમગ્ર અહેવાલ આપવાની અભિપ્સા રાખેલી.

બીજા પ્રકરણમાં વિષય અંગેની રજૂઆત કરવામાં આવેલ તેમજ ક્ષેત્રનો પરિચય આપવાનો પ્રયાસ કર્યો છે.

પ્રકરણ ત્રીજામાં સબંધિત સાહિત્યની તપાસ અને સમીક્ષા રજૂ કરવાનો ખ્યાલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા એકંદરે ગુજરાતમાં વિકલાંગીના અભ્યાસ અંગે શા પ્રયત્નો થયા છે તથા વિકલાંગી માટે કઈ કઈ સવલતો અને કયા કયા કાર્યક્રમો એકંદરે અમલમાં મૂકાયા છે અને છેલ્લા પાંચ વર્ષમાં મહાદેવભાઈ દેસાઈ વિદ્યાપીઠે કયા કયા સંબંધિત સંશોધનો હાથ ધર્યા છે. તે દર્શાવવાનો પ્રયત્ન કરાશે.

ચોથા પ્રકરણમાં પૃથક્કરણના મહત્ત્વની સ્પષ્ટતા સાથે પૃથક્કરણના કોઠા કેવી રીતે તૈયાર કર્યા, પૃથક્કરણ પરથી મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણચૂક વગેરે કેવી રીતે તારવી તથા વિવિધ જૂથના મધ્યકો વચ્ચેના તફાવતનું પરીક્ષણ મારફત શૂન્ય અટકળોની પરીક્ષા દ્વારા મળેલા પરિણામોની ચર્ચા-વિચારણા કરી એકંદર અને વિશિષ્ટ નિચોડ તારવવાનો પ્રયાસ કર્યો છે.

જ્યારે પ્રકરણ પાંચમાં ઉદ્દેશ્યોના અનુસંધાને મળેલા પરિણામ અને તારણો પરથી સાર નિચોવી તારણો શોધી, સમાજશાસ્ત્રની દષ્ટિએ નિષ્પન્ન તારણોની ચર્ચા કરી સંશોધનની વિશિષ્ટ મર્યાદાઓ આલેખી. વિશિષ્ટ સૂચનો તથા સંકેતો દર્શાવી વિકલાંગીના અંતરનું દુઃખ જાણી તેનાં આરત બંધુ બની દુઃખ નિવારવાના સંકેત રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

# સંદર્ભસૂચિ


૧. દયારામની ગરબીઓનો સંગ્રહ. પૃ.૭.

૨. ''સંશોધન પદ્ધતિઓ'' અરવિંદ શાહ, સનત જોષી, રમણિક ચુડાસમા, પ્રકાશન બી. એસ. શાહ. પૃ.૭૫.

૩. रिसर्च मेथोडोलोजि – विरेन्द्र प्रकाश शर्मा, पंचशिल प्रकाशन, जयपुर, तृतीय संस्करण – २००४, पृ. १६७.

૪. ''સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ'' એચ. જી દેસાઈ, કે.જી. દેસાઈ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ત્રીજી આવૃત્તિ-૧૯૮૫, પૃ.૯૪.

૫. ''સામાજિક સંશોધનની પદ્ધતિઓ'' મહેન્દ્ર રાવ, અશ્વિન વ્યાસ, અખિલ હિન્દુ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૬૯, પૃ.૩૯.

૬. ''સામાજિક સંશોધનની પદ્ધતિઓ'' ડૉ. ધીરેન્દ્ર ડી. મહેતા, આર. એન. દેસાઈ, ભારત પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૭૦, પૃ.૫૧.

૭. ''સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ'' દેસાઈ હરિભાઈ, દેસાઈ કૃષ્ણકાંત, આવૃત્તિ-૧૯૯૨, પૃ.૧૨૦.

૮. ''સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓ'' પ્રા. અરવિંદ આર. શાહ, પ્રા. સનતકુમાર ટી. જોષી, પ્રા. રમણિક ચુડાસમા, એમ.બી.એસ. પ્રકાશન અમદાવાદ, પૃ.૨૨૨.

૯. 'સામાજિક સંશોધનની પદ્ધતિઓ'ભટ્ટી આર.એમ.,પંડયા એમ.બી.આવૃત્તિ-૧૯૬૭, પૃ.૩૫.

૧૦. રાજકોટનો ભાતીગળ ઇતિહાસ.પ્રકાશકઃ રાજકોટ મ્યુનિ.કોર્પોરેશન.પૃ.૧.

૧૧. રાજકોટ ડિરેકટરી.લેખક : સુજાતિચંદ્ર પી. શાહ, રમેશચંદ્ર એમ. પારેખ.
પ્રકાશક : જ્યોતિ પબ્લિસીટી, રાજકોટ.આવૃત્તિ : ૧૯૬૧. પૃ.૧૯.

## પ્રકરણ - ૨

# વિષય પ્રવેશ અને ક્ષેત્રપરિચય


૨.૧ પ્રસ્તાવના

૨.૨ અગત્યના પદોની કામચલાઉ (વ્યાવહારિક) વ્યાખ્યાઓ

૨.૩ વિકલાંગોની સમસ્યાનું મહત્ત્વ

૨.૪ વિકલાંગતાના કારણો

૨.૫ સમગ્ર ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓની સંખ્યા

૨.૬ વિકલાંગ ધારો-૧૯૯૫

૨.૭ વિકલાંગોની રોજગારલક્ષી બાબતો

૨.૮ વિકલાંગોની રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓ

૨.૯ વિકલાંગોને મળતી વિશિષ્ટ સવલતો

૨.૧૦ પારિતોષિક યોજનાઓ

૨.૧૧ વિકલાંગોને જીવન સાથીની પસંદગી માટે મદદરૂપ થતી સંસ્થાઓ

૨.૧૨ ક્ષેત્ર પરિચય

૧. ભારતનો પરિચય

૨. ગુજરાતનો પરિચય

૩. સૌરાષ્ટ્રનો પરિચય

૪. રાજકોટ શહેરનો પરિચય

૨.૧૩ ઉપસંહાર

## ૨.૧ પ્રસ્તાવના :

કોઈ પણ સંશોધન આકાશમાંથી સીધે સીધું ઉતરતું નથી. અથવા તો તેનું આપમેળે શૂન્યમાંથી સર્જન થતું નથી. તેમજ કોઈપણ સંશોધક પહેલી જ વખતે કોઈ અભૂતપૂર્વ અથવા તો ધમાકેદાર સંશોધન કરી નાખે એવું ભાગ્યે જ બને છે. માટે જ દરેક સંશોધન એ સંશોધનરૂપી પ્રવાહનું એકાદુ ઝરણું હોય છે. તેમજ કોઈપણ સંશોધક સંશોધનરૂપી સમગ્ર ઈમારતમાં પોતાની નાનકડી ઈંટ મૂકે તો પણ ધન્યતા પ્રાપ્ત થાય છે. પરંતુ તેને કયાં અને કેવી રીતે ઈંટ મૂકવી તે ચોક્કસપણે નક્કી કરવું પડે છે. અને એ સાવ સરળ બાબત નથી જ.

સામાન્ય રીતે જોઈએ તો મોટાભાગના સંશોધનો વિદ્યાની ઈમારતની ખાલી જગ્યા પૂરવાની કામગીરી કરતા હોય છે. અગાઉના સંશોધનમાં ખૂટતી કડીઓ શોધી તેને પૂર્ણ કરવી તેમજ પૂર્વાભ્યાસોની ઉણપો દૂર કરી તેની મર્યાદાઓ નિવારવી એ નવા સંશોધકની મહત્ત્વની ફરજ બને છે. સંશોધન અંગે અગાઉ થયેલાં સંશોધનો જોવા-જાણવા, તપાસવા અને પછી એમાં રહેલી ઉણપો પકડવી અને ખૂટતી કડીઓ શોધવી એ રમત વાત નથી. પૂર્વ સંશોધનોને ઉલેચવાનું કામ એ એક અથાગ પુરુષાર્થ માંગે છે. સંશોધનની અધૂરપ શોધી એને યથાર્થ સંશોધન દ્વારા પુરવાનું કામ કરવું એ છોકરાનાં ખેલ નથી જ. કેમ કે, માણસો ઘણીવાર તો સંશોધનની અપૂર્વતાથી એવા તો અંજાય જાય છે કે સંશોધનનાં તેજમાં એમને એનાં અંધારિયા ખૂણાં કે અધૂરપોનો કશો ખ્યાલ જ આવતો નથી. એટલે પૂર્વ સંશોધનોના ખાડાને તારવવો એ પણ પ્રબુદ્ધ પ્રયાસ માંગે છે. તેથી કહેવાય છે કે, સંશોધન અંતર પૂરવણી છે. કોઈક સંશોધકે સબંધિત બાબતોની તપાસ અધૂરી રાખી હોય કે એનાથી અજાણે રહી ગઈ હોય, કોઈક આછી ડૂબકી લગાવી હોય, કોઈકે કેટલીક બાબતોમાં ઊંડા ઉતરવાનું મુનાસિબ માન્યું જ ન માન્યું હોય, કોઈકને ઊંડા ઉતરતા ફાવ્યું ન હોય, કોઈકનો નિદર્શ સારી પેઠે મર્યાદિત હોય, અથવા તો કોઈકનો નિદર્શ સાવ પ્રાદેશિક રહ્યો હોય, કોઈ પાસે સમય શક્તિ અને નાણાંની પૂરતી જોગવાઈ ન હોય, કોઈકે પૂરતા પરિવર્ત્યોની કે

પરિવર્ત્યોના પૂરતા સ્તરોની તપાસમાં ઊંડા ઉતરવાની હિંમત દાખવી ન હોય આ બધું જ શકય છે. એટલે સંશોધનમાં જાત-જાતની કડીઓ છૂટી જાય એ સાવ સહજ છે. તેથી એક રીતે સંશોધન એ ખૂટતી કડીની પૂરવણી ગણાય છે.

આ માટે કહેવાય છે કે, પૂર્વાભ્યાસોની ખૂટતી કડીઓ શોધ્યા વગર નવો સંશોધક ગમે તે સંશોધનમાં ઝુકાવે તો શકય છે કે, તે આડા રસ્તે ચડી જાય અથવા તો પૂર્વાભ્યાસોનું બીબાઢાળ પુનરાવર્તન કરી બેસે. શકય છે કે, વિજ્ઞાનની દૃષ્ટિએ તેનો સંશોધન પુરુષાર્થ નકામો જાય અને તેનું સંશોધન નિરર્થક બની જાય કે પછી નિરર્થક બેવડાય, આવી બધી અણધારી ફલશ્રુતિ ટાળવા ખાતર પણ સંશોધકે તેમના પહેલા થયેલા અભ્યાસોની તપાસ કરવી અતિ જરૂરી છે.

વળી સંશોધન એ કેવળ માહિતી એકત્રીકરણ નથી. સંશોધનની પૂર્વ તપાસ પ્રતીતિ કરાવે છે કે, નકરો માહિતીનો જથ્થો સંશોધનમાં ખપાવી શકાય તેમ નથી. મળેલી માહિતીને ઉપલબ્ધ પૂર્વ માહિતી સાથે સાંકળ્યા વગર કે પૂર્વ માહિતી સાથે જોડી છણાવટ કર્યા વગર માહિતીનું અર્થઘટન થઈ શકતું નથી અને અર્થઘટન વિના કોઈ સંશોધન સંશોધનનું બિરૂદ મેળવી શકતું નથી. આ અર્થઘટન પૂર્વે પ્રાપ્ત થયેલી માહિતીનો પરામર્શ-છણાવટ ચર્ચા-વિચારણા માંગે જ છે.

સંશોધન એ સ્વયં ઈતિહાસ નથી કે ન તો એ ઐતિહાસિક દફતર છે, કયાં કોને કેવી સવલતો મળે છે. અને કોણ કેવી રીતે પૂરી પાડે છે એવી માહિતીનો ઢગલો કરવાથી એ માત્ર આપો-આપ સંશોધન બની જતી નથી. કેમ કે, સંશોધક એ માત્ર ઈતિહાસના લેખક નથી. એટલું જ નહીં એ કેવળ વ્યવસ્થિત નોંધનો માત્ર હિસાબ નથી. એ કરતા એ ઘણું વધારે છે. અને માટે જ આ અભ્યાસમાં પણ વિકલાંગ કોણ છે ? એને કેવી કેવી સવલતો મળે છે ? અને એને કેવી અગવડો પડે છે એને વ્યવસ્થિત ચિતારમાં સમાવવાના પ્રયત્નોના બદલે એના કારણો તરફ અંગૂલીનિર્દેશ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ અગાઉ થયેલાં સંશોધનકાર્યના ઉદ્દેશ્યો,તારણો અને સૂચનો અને પદ્ધતિઓ શીખાઉં સંશોધક માટે જરૂરી માર્ગદર્શન બને છે. સંબંધિત સાહિત્યનું પુનઃ અવલોકન કરવાથી સંશોધકને અગાઉ થયેલ કાર્યની સમજણ મળે છે. તેમજ નવી દિશા સૂઝે છે.અને સંશોધનમાં ખૂટતી કડીઓની કમી પૂર્ણ કરવાની ખ્વાહિશ જાગે છે.

એક દષ્ટિએ જોઈએ તો હકિકતમાં આ સંશોધક તદ્દન અજાણ્યા છે. એને સંશોધનનો કોઈપણ પ્રત્યક્ષ અનુભવ નથી માટે એણે પૂર્વાભ્યાસોની જાણકારી મેળવ્યા વગર સીધા જ સંશોધનના સાગરમાં ડુબકી મારવાની હામ ભીડવી એ એને માટે જોખમી પુરવાર થાય તેમ છે. માટે સંશોધકે સતેજપણે પૂર્વાભ્યાસોની જાણકારી મેળવવાનો પણ નમ્ર પ્રયાસ કર્યો છે.

સમાજિક સમસ્યા તરીકે તેમજ સંશોધનરૂપે પણ વિકલાંગની સમસ્યાઓ એક અતિ મહત્ત્વનું ક્ષેત્ર છે. સમાજશાસ્ત્રની સુધારણાત્મક શાખાની વિકલાંગતા એ એક તગડી શાખા છે. વ્યકિત આખો જન્મ એમની સમસ્યાઓના ઉકેલ માટે ગાળે તો પણ એક જન્મ અત્યંત ઓછો પડે. વિકલાંગતાનાં વિવિધ પાસાંઓ છે.અને વિકલાંગતાના કારણો અને ઉપાયો એ એટલું બધું વૈવિધ્ય ધરાવે છે કે, કેટલાંય જન્મો ઓછા પડે. આમ આ ક્ષેત્ર સારું એવું વિશાળ છે અને ઘણા સંશોધકોને પડકાર ફેંકી રહ્યું છે. આ સંશોધકે નમ્રતાથી એ પડકારની એકાદ પત્તી, એકાદ પટલને સ્પર્શવાની હામ ભીડી છે પણ એ શરૂ કરતા પહેલાં ગુજરાતમાં શી સ્થિતિ છે. તેનો આછો ચિતાર આપવાની ચેષ્ટા કરી છે.

## ૨.૨ અગત્યના પદોની કામચલાઉ (વ્યવહારિક) વ્યાખ્યાઓ :

આ અભ્યાસ માટે સંશોધકે જે જે શબ્દોનો ઉપયોગ કર્યો છે. તેમાં ઘણાં શબ્દો શાસ્ત્રીય નથી પરંતુ વ્યવહારમાં તે ખૂબ જ ઉપયોગી હોય છે. અને આથી આવા શબ્દોનો અર્થ અભ્યાસના સંદર્ભમાં શું કરવામાં આવ્યો છે તે જાણવું જરૂરી છે.

## ૧. વિકલાંગી :

આમ તો કાણાં, લૂલા, લંગડા, બહેરાં, મૂંગા, અંધ બધાં જ સામાન્ય પરિભાષામાં  વિકલાંગી જ ગણાય છે. પરંતુ અહીં વિકલાંગીના અર્થને મર્યાદિત બનાવી હાથ-પગની કોઈક ખોડ-ખાંપણ ધરાવનારને જ વિકલાંગી ગણ્યા છે.

## ૨. વિદ્યાર્થી :

વિદ્યાર્થી એટલે કોઈપણ શાળામાં જઈને અભ્યાસ કરતી વ્યકિત, કેટલાંક વિદ્યાર્થી શાળામાં ન જતા હોય અને ઘેર બેસી અભ્યાસ કરતાં હોય, કેટલાંક શાળા સિવાય જાતે ભણી લેતાં હોય કેટલાંક શાળા ઉપરાંત અન્ય વિષય અન્યત્ર ભણતાં હોય તે શકય છે. છતાં અહીં શાળામાં ભણનારાને જ વિદ્યાર્થી ગણ્યા છે.

## ૩. હિતાર્થી :

સાધારણ રીતે અંગ્રેજીના Beneficiary (બેનીફીશ્યરી) શબ્દનો ગુજરાતી પર્યાય લાભાર્થી કરવામાં આવે છે. પણ લાભાર્થી પર્યાય શબ્દ સંશોધકને ઉચિત લાગતો નથી. લાભાર્થી શબ્દ મૂળ નાણાકિય વ્યવહારનો સૂચક છે. તેથી એમાં આર્થિક પાસાંની ગંધ આવ્યા વગર રહેતી નથી. વેદમાં કહેવાયું છે કે, તમે પ્રેમથી કે તિરસ્કારથી, તમે ઈચ્છાથી આપો કે અનિચ્છાએ દાન કરો, તમે સમજીને દાન કરો કે અસમજણપૂર્વક પણ દાન કરો ને કરો જ. બેશક એનાથી દાનનો મહિમા જરૂર વધે છે. પણ દાન લેનારનું હિત થશે જ એની ખાતરી નથી. દયાથી પૈસા આપો તો મેળવનારને લાભ તો થાય છે જ અને તેથી તે લાભાર્થી જરૂર બને છે. પણ વ્યકિતને દયા નહીં સહાનુભૂતિ અને સમભાવની અપેક્ષા છે. મદદ એ ઘણી વાર નાણાંકિય સહાય હોય છે - નાણાંકિય લાભ હોય છે. પણ વિકલાંગની મૂળ આકાંક્ષા વિકાસના તકની હોય છે અને સમાજસેવક પણ નાણાંકિય મદદ આપીને છૂટી જવા માંગતો નથી. એ માંગે છે કે એને અન્ય જેવી વિકાસની તક આપો. લાભાર્થી રક્ષણ મળશે. એનાથી ધરાઈ જશે. પણ સાચો હિતાર્થી રક્ષણ ન માંગતા તાલીમની આકાંક્ષા રાખશે કેમ કે, તાલીમ એને ગમે તેવા સંજોગોમાં પણ રોટીની બાંહેધરી આપશે. ભિખારીને

કોઈ પૈસા દાનમાં આપે તો ભિખારી લાભાર્થી જરૂર ગણાશે, એને કોઈ બે ચાર દિવસ અન્નદાન કરશે તો જરૂર ગમશે. પણ એને એ ઓશિયાળો અને ભિખ માંગતો ચાલુ રાખશે. અન્નદાન લાભ જરૂર છે. પણ અન્નદાન સશકત ભિખારી માટે હાનિકર્તા છે. અન્નદાનને બદલે એને રોજગાર મળે તો જ એ એનું સાચું હિત બતાવશે. વિકલાંગને ભિખારી થવું નથી અને સમાજશાસ્ત્રીએ એને ભિખારી રાખવો નથી. એને રોજગાર પર ચઢાવવાની ચિંતા એની છે. અને સાચો સક્રિય રોજગાર વિકલાંગી માટે સાચું હિત છે. તેથી આ સંશોધકે ખૂબ જ વ્યાપક અર્થમાં લાભાર્થીને બદલે હિતાર્થી શબ્દનો ઉપયોગ કર્યો છે. હિત શબ્દ વ્યકિતના ઉત્તમ ગુણોનો સૂચક છે. એમાં એના સર્વ ઉચ્ચ ગુણોનો ઉલ્લેખ છે. હિતાર્થી કોઈની દયા પર કે કોઈની હંગામી મદદ પર જીવવા માંગતો નથી. હિતાર્થી રોટી નહી રોજગારી માંગે છે. હિતાર્થી દામ નહીં કામ માંગે છે. હિતાર્થી રક્ષણ નહીં સર્વને સુલભ છે. એવી સ્વતંત્રતાની વાંચના કરે છે. હિતાર્થી દનિયું નહીં હૈયું માંગે છે. હિતાર્થી ભાવુકતાનો ભૂખ્યો નથી. હિતાર્થી તો એની પરિસ્થિતિનો રચનાત્મક દૃષ્ટિકોણ માંગે છે એને તૈયાર ઉકેલ નથી જોઈતો, એ ઉકેલની સાચી રીત પકડવા માંગે છે. આ બધી સર્વાંગી દૃષ્ટિને ધ્યાનમાં રાખી અહીં લાભાર્થી નહી પણ હિતાર્થી શબ્દનો ઉપયોગ કર્યો છે.

**૪. અટકળ :**

સંશોધન શરૂ કરતા પહેલાં સંશોધકે હકિકત સમજાવવા માટે કોઈક ધારણા ધારવી પડે છે. એને અંગ્રેજીમાં -Hypothesis (હાયપોથિસિસ) કહે છે. કેટલાંકે એનું ગુજરાતી પરિકલ્પના કર્યું છે. જો કે ગાંધીજીના ગુજરાતી જોડણીકોશમાં એનો અર્થ ઠરાવ કે નિર્ણય કરવો એવો કર્યો છે. સંશોધનમાં ડગલે ને પગલે ઠરાવ કરવા પડે છે. એ અર્થમાં એ શબ્દ ચાલે પણ સાથે સાથે કેટલાંક સાવ તરંગી કલ્પનાના અર્થમાં પણ ખપાવે છે. માટે સંશોધકે પરિકલ્પના શબ્દને બનતાં સુધી ટાળ્યો છે. અટકળ શબ્દ સ્વયં જ સૂચવે છે કે, એ માત્ર હવાઈ કલ્પના કે તરંગ નથી. હકિકતને આધારે લગાવેલો એ એક તર્કયુક્ત અંદાજ છે.કપોળ-કલ્પિત વાત નથી જ. તે સાધાર-ધારણા

છે. એ કોઈ નિરાધાર શેખી નથી. કેટલાક વળી ઉત્કલ્પના શબ્દ પણ પ્રયોજે છે. પણ હાયપોથિસિસ એ કલ્પનાની ઊંચાઈ કે કલ્પનાની ઉત્કૃષ્ટતા સાથે અનિવાર્યપણે સંલગ્ન નથી. તેથી પ્રસ્તુત સંશોધકે ઉત્કલ્પના શબ્દને શકયતઃ નિવાર્યો છે અને બને ત્યાં સુધી અટકળ શબ્દને જ આ અર્થમાં વાપર્યો છે. હકિકત સમજાવવા માટેની ધારણાના અર્થમાં વાપર્યો છે. પણ હકિકતના આધારે જ અને હકિકત સમજાવવા માટે જ તર્કયુક્ત અંદાજ છે. સત્યની શોધ બાકી છે. પરીક્ષા બાકી છે. પરીક્ષા પૂર્વે જેની પરીક્ષા કરવાની છે. તે કાલ્પનિક ધારણાનો તેમાં સચોટ નિર્દેશ થાય છે. તેથી આ શબ્દ વાપરવાનું ઈષ્ટ ગણ્યું છે.

**૫. સમસ્યા :**

વ્યકિતને મૂંઝવતી, હેરાન કરતી, નડતરરૂપ થતી, દુઃખ દેતી, હતાશ કરતી, ત્રાસ આપતી પરિસ્થિતિ કે દશા, તેને સમસ્યા ગણી છે.

**૬. સમસ્યાંક :**

વિકલાંગીને પ્રસ્તુત સંશોધનની સમસ્યા માપક તુલામાંની કેટલીક સમસ્યાઓ નડે છે તેની ગણતરી કરીને કુલ સમસ્યાંક નિર્ધારિત કર્યો છે. મૂળ ૧૦૦ સમસ્યાને પ્રતિનિધિરૂપ તારવવામાં આવી છે. અને વિકલાંગીનો સમસ્યાંક ૧૦૦ માંથી એને કેટલી સમસ્યા નડે છે તે દર્શાવે છે.

**૭. શહેર :**

અહીં શહેર એટલે ગુજરાત રાજ્યનાં રાજકોટ તાલુકાનું રાજકોટ શહેર તેને મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હદની દૃષ્ટિએ નક્કી કરવામાં આવ્યું છે. આમ મ્યુ.કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં આવેલી હદની અંદરનો વિસ્તાર એટલે શહેર.

**૮. સિદ્ધિ :**

સિદ્ધિ એટલે વિકલાંગીએ તેમના અભ્યાસ ક્ષેત્રની કસોટીમાં મેળવેલી સફળતા જેને આપણે અહીં ટકાવારીના સ્વરૂપમાં લીધી છે. અને તે એણે આગલા ધોરણમાં

મેળવેલા વાર્ષિક માર્કને સિદ્ધિના આધાર તરીકે લીધેલા છે.

**૯. જાતિ :**

વિકલાંગી વિદ્યાર્થી છે કે, વિદ્યાર્થિની છે. એ અર્થમાં આ પદનો ઉપયોગ કર્યો છે. માટે સાધારણ રીતે લેવાતો અર્થ જ અહીં પણ લેવામાં આવ્યો છે. એમાં કોઈ ભેદ કયાંય નથી. આ પરિવર્ત્ય સ્વયં ખંડિત છે. અસતત છે.

**૧૦. જ્ઞાતિ :**

જ્ઞાતિ એટલે એવો સમૂહ કે જેઓ ગોત્રની દૃષ્ટિએ સમાન રીત-રિવાજ અને સંસ્કૃતિથી જોડાયેલો છે. આમ તો આ દેશમાં અસંખ્ય જ્ઞાતિઓ છે ને પેટાની પણ પેટા જ્ઞાતિઓ છે. પણ અહીં જ્ઞાતિના અર્થને બે જ વિભાગમાં સાંકળી બધી જ્ઞાતિનો સમાવેશ કરી લીધો છે. સવર્ણમાં બધા ઉચ્ચવર્ગનાને સમાવ્યા છે. જ્યારે પછાતમાં એ સિવાયની સર્વ જ્ઞાતિને સમાવી છે.

**૧૧. ધોરણ :**

વિદ્યાર્થી જે વર્ગમાં ભણતો હોય તે વર્ગની શૈક્ષણિક સ્થિતિને ધોરણ કહેવામાં આવે છે. ધોરણ-૧ થી ૧૨ સુધીના ગણાય છે. અને તેના ભેદ પડાય છે. તેમજ કોલેજ કક્ષાએ પ્રથમ વર્ષ સ્નાતક, દ્વિતિય વર્ષ સ્નાતક, તૃતીય વર્ષ સ્નાતકના ધોરણો ગણાય છે. અહીં ધોરણ-૧૧ અને ૧૨ માં ભણનારાના અર્થમાં જ ધોરણ શબ્દનો ઉપયોગ કર્યો છે. શિક્ષણની દૃષ્ટિએ આ ધોરણોને માટે વિવિધ કક્ષાઓ નક્કી થયેલી છે. ૧ થી ૭ ધોરણ સુધીમાં ભણનારા પ્રાથમિક ધોરણના કહેવાય છે. ૮ થી ૧૦ ધોરણ સુધીમાં ભણનારા માધ્યમિક ધોરણના કહેવાય છે. જ્યારે ધોરણ-૧૧ અને ૧૨માં ભણનારને ઉચ્ચત્તર માધ્યમિકમાં ભણનારા કહેવાય છે. એમ અહીં ઉચ્ચત્તર માધ્યમિક તરીકે ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ માં ભણનારને લીધા છે અને તે પણ ૨૦૦૭-૨૦૦૮નાં શૈક્ષણિક વર્ષને ધ્યાનમાં રાખીને લીધા છે.

**૧૨. શાળા :**

આ એક એવું સ્થાન છે કે જ્યાં શૈક્ષણિક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. જ્યાં વિદ્યાર્થી જઈને અભ્યાસ કરી શકે છે અને જેને સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થાય છે. જ્યાં આચાર્ય હોય,શિક્ષક હોય અન્ય કર્મચારીઓ હોય અને જ્યાં વિદ્યાર્થીઓ આ લોકોની નજરતળે સરકાર દ્વારા નિર્ધારિત કરેલી હોય તેવી સંસ્થા એને શાળા ગણી છે

**૧૩. સરકારી શાળા :**

સરકારી શાળા એટલે જે શાળાની માલિકી સરકારની છે. અને તેનું સંચાલન પણ સરકાર દ્વારા જ સરકારી ધારાધોરણ મુજબ થાય છે તેવી શાળા.

**૧૪. ખાનગી શાળા :**

ખાનગી શાળા એટલે એવી શાળા જે ખાનગી ધોરણે માલિક દ્વારા નક્કી કરેલા ધારાધોરણો પ્રમાણે ચાલે છે. છતાં જે એકંદરે સરકારશ્રીના નિયમો પાળે છે. તેવી શૈક્ષણિક સંસ્થા તેનું સંચાલન ખાનગી માલિકો એટલે કે કોઈ શૈક્ષણિક હેતુ ધરાવતા ટ્રસ્ટ-સંસ્થા કરે છે.

**૧૫. વિકલાંગતાની ટકાવારી :**

સામાન્ય માણસો વિકલાંગતાના પ્રમાણને યથાર્થપણે નિર્ધારિત કરી શકેલ નથી. તેથી અહી વિકલાંગતાનું પ્રમાણ જાણવા માટેનો આ વૈજ્ઞાનિક અભિગમ લીધો છે. અને તેમાં ડોકટર દ્વારા તપાસીને વ્યકિતને કેટલા ટકા વિકલાંગતા છે. તેનું પ્રમાણ પણ આપવામાં આવે છે. એ ટકાવારીને અહી પ્રમાણભૂત ટકાવારી ગણી છે.

દા.ત. અંગૂઠો ન હોય તે કરતા હથેળી ન હોય એ વિકલાંગતાનું વધુ પ્રમાણ સૂચવે છે. તેવી જ રીતે કોણીથી જ હાથ ન હોય તો તે તેથી પણ વધુ વિકલાંગતા દર્શાવે છે.

**૧૬. વાર્ષિક આવક :**

કુટુંબના બધાં જ સભ્યો વર્ષ દરમ્યાન એકંદરે જે કંઈ આવક પ્રાપ્ત કરે છે તેને

વાર્ષિક આવક ગણી છે. એમાં મા-બાપ બંનેની કે કુટુંબના અન્ય સભ્યની આવક અલાયદી ગણી નથી. એ આવક હંગામી છે કે, કાયમી છે તેની ઉપર પણ ભાર મૂકયો નથી તેમજ તે આવક ધંધાની છે કે નોકરીની છે તેવો ભેદ પણ પાડયો નથી.

**૧૭. વિભકત કુટુંબ :**

આ ખ્યલ સમાજશાસ્ત્રીય છે તેમાં ખાસ કરીને જોઈએ તો જે કુટુંબમાં માતા-પિતા અને તેના સંતાનો જ સમાતા હોય છે. તેઓ એકલા જ રહેતા હોય છે. જેમાં કુટુંબનું કદ નાનું જોવા મળે છે.

**૧૮. સંયુકત કુટુંબ :**

સંયુક્ત કુટુંબ એટલે જેમાં માતા-પિતા, ભાઈ-બહેન સિવાયના અન્ય કુટુંબી-જન પણ સાથે જ રહેતા હોય છે. એક જ રસોડે જમતાં હોય છે. અને એક જ સાથે સામાજિકવ્યવહારો જાળવતાં હોય છે.જેમાં ખાસ કરીને‘‘એક માટે બધા અને બધા માટે એક’’ એવી ભાવના જોવા મળે છે. અને એકંદરે કુટુંબનું કદ મોટું જોવા મળે છે.

**૧૯. માતા-પિતા :**

વિકલાંગીને જન્મ આપનાર તથા તેનું પાલન-પોષણ કરનાર વ્યકિત.

**૨૦. હયાતિ :**

હયાતિ એટલે જે વ્યકિત સજીવ રીતે આ પૃથ્વી પર અસ્તિત્વ ધરાવે છે અને તે જીવંત છે, તેવું લીધું છે. બેશક જીવંત હોય પણ સક્રિય ન હોય, જીવંત હોય પણ અસરકારક કામ કરવા અશકત હોય તો પણ હયાતિનો અર્થ માત્ર હયાતના સંદર્ભમાં જ લીધો છે.

**૨૧. માતા-પિતાના ભણતરની કક્ષા :**

માતા અને પિતાએ પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેને ભણતરની કક્ષા ગણવામાં આવી છે.

## ૨.૩ વિકલાંગોની સમસ્યાઓનું મહત્ત્વ :

સમાજ સેવા એ લોકો સાથે રહીને કરવાનું કાર્ય છે. તેમાં હિતાર્થી વ્યકિતને સુસજ્જ કરી સમાજમાં પોતાની રીતે જીવન જીવતો કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અને તે સ્વમાનભેર જીવન જીવી શકે અને સમાજમાં રહી શકે અને પોતાનું પ્રદાન સમાજના વિકાસમાં આપી શકે તે માટે તેને સમસ્યાગ્રસ્ત પરિસ્થિતિમાંથી બહાર કાઢીને તંદુરસ્ત વાતાવરણ પૂરં પાડવાનું કાર્ય કરવામાં આવે છે. સમાજશાસ્ત્રીય રીતે મૂળે તે સુધારાણાત્મક અભિગમ ધરાવે છે. તે સજામાં અથવા તો દંડમાં માનતો નથી એ જ રીતે તે ઉપચારાત્મક અભિગમ પણ ધરાવે છે. જેમાં વ્યકિત ખરાબ નથી હોતી પણ પરિસ્થિતિનો ભોગ બનેલી હોય છે. આથી જો તેનો ઉપચાર કરવામાં આવે તો તેમાં સુધારો થઈ શકે છે.

સમાજ સેવા એ એક એવું ક્ષેત્ર છે કે, જેમાં એક તંદુરસ્ત સમાજનો ખ્યાલ કરવામાં આવે છે અને સમાજના તમામ લોકો સ્વમાનભેર જીવી શકે, અને સમાજના વિકાસમાં હિસ્સેદાર બની શકે તેવું સ્પષ્ટપણે માનવામાં આવે છે. અને આવા લોકો દ્વારા જ સમાજમાં સમાનતા જળવાય છે અને વિસંવાદિતતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.

વિકલાંગોની સમસ્યાઓને ધ્યાન પર લેવાનું એટલા માટે જરૂરી છે કે, વિકલાંગી પણ સમાજનું અનિવાર્ય તેમજ મહત્ત્વનું અંગ છે. માટે તેની ઉપેક્ષા એ અક્ષમ્ય અપરાધ છે. કારણ કે, વિકલાંગતા માટે વ્યકિત પોતે જવાબદાર નથી માટે વિકલાંગી એ ગુન્હેગાર નથી. આથી જ તે બીજા જેટલી જ સહાનુભૂતિ અને પ્રેમનો હક્કદાર છે. જો આવા વિકલાંગોને અજાણાતા કે અણધાર્યો અન્યાય થાય તો તેની માનસિક સ્થિતિ દુઃખદાયક બને છે. અને આવા વિકલાંગો પોતે જ પોતાની જાતને એક બોઝ માને છે અને માનસિક સંતાપ અનુભવે છે. અને તે સમાજનો એક નકામો હિસ્સો બની જાય છે. આથી સમાજના વિકાસમાં સમાનતા જળવાતી નથી. અને ખાસ કરીને આવા વિકલાંગો જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવતા હોય ત્યારે

જો તે સમસ્યાગ્રસ્ત હોય તો અભ્યાસમાં પૂરું ધ્યાન આપી શકતા નથી. અને માનસિક યાતના ભોગવે છે. આથી શિક્ષણનું સ્તર નીચું ઉતરે છે. તેથી તેઓની આર્થિક, શારીરિક અને માનસિક શક્તિનો નિરર્થક વ્યય થાય છે. બધાં જ વિકલાંગો કંઈ નકામા નથી હોતા. તેમાના ઘણાં તો સારા ચિત્રકાર, સાહિત્યકાર, સંગીતકાર કે સારા સમાજકાર્યકર પણ થઈ શકે છે. વિકલાંગો સાથેનો આત્મીય અને સુહૃદયી વ્યવહાર સામાજિક સ્વીકૃતિનું દર્શન કરાવે છે. અને આ બાબત સમાજશાસ્ત્રીઓ માટે ખૂબ જ મહત્ત્વની છે.

આમ જો વિકલાંગોની રચનાત્મક પ્રવૃત્તિઓને પોષવામાં આવે તો તેમનો વિકાસનો માર્ગ ખૂબ જ મોકળો બને છે. અને વિકલાંગો પોતાને બોજારૂપ માનવાને બદલે સ્વમાનભેર જીવે છે અને સમાજના સ્વિકાસમાં ભાગીદારી નોંધાવે છે. આથી આવા વિકલાંગો સમાજ માટે કષ્ટદાયી ન બને અને વિકાસ યાત્રામાં જોડાઈ શકે તે માટે તેઓને જે જે સમસ્યાઓ નડતરરૂપ છે. તેનો ઉકેલ લાવવો અને આવા પ્રશ્નોના ઉકેલ દ્વારા તેઓને પગભર બનાવવા, અને તેઓને માનસિક રીતે તૈયાર કરીને સ્વમાનભેર જીવન જીવતા કરવાનો છે.

એકંદરે જોઈએ તો વિકલાંગોની સમસ્યાઓને મહત્ત્વ એટલા માટે આપવું જોઈએ કે જો તેઓને શારીરિક, માનસિક અને આર્થિક રીતે સદ્ધર લોકો સધિયારો ન આપે તો તે પોતાની વ્યથા કોની પાસે ઠાલવશે ? અને વિકલાંગો એવી જ પરિસ્થિતિમાં રહેશે તો માનસિક યાતનાઓના કારણે તેઓનું જીવન નર્કાગાર બની જશે. તેઓને એકલવાયું લાગશે. અને દુનિયામાં તેને કોઈ પ્રેમ, લાગણી કે હુંફ નથી આપતું તેવો અહેસાસ સતત થયા કરશે. અને જેના કારણે તેઓ નિરાશા-હતાશામાં ગરકાવ થઈ જશે. અને શકય છે કે, તેઓ આ મુશ્કેલીથી કંટાળીને આત્મઘાતી પગલું પણ ભરી બેસે ! આ બધી જ બાબતો નાદુરસ્ત સમાજના પ્રતીક સમાન છે. અને સમાજશાસ્ત્રી હંમેશા તંદુરસ્ત સમાજને જ ઝંખતો હોય છે. આથી એક મહત્ત્વના ભાગરૂપે વિકલાંગોની સમસ્યાઓને સમજવી અને તેનું નિરાકરણ લાવવાનું છે.

## ૨.૪ વિકલાંગતાના કારણો :

વિકલાંગીની સમસ્યાનું સાંગોપાંગ યથાર્થ દર્શન કર્યા વગર એનું મહત્ત્વ પકડવું સારી પેઠે કઠિન છે. અને એની યથાર્થતા સમજવા માટે વિકલાંગતાનાં કારણોની આછી ઝલક જરૂર ફાયદાકારક નિવડશે. કારણદર્શન જ નિદાન અને ઉપચાર માટે અતિ આવશ્યક હોય છે.




વિકલાંગતાના કારણોમાં બધા કારણોને સૌ પ્રથમ તો બે ભાગમાં વહેંચવામાં આવે છે. જન્મગત અને જન્મોત્તર જન્મગતમાં ક્ષતિયુકત જનીનતત્ત્વોને લીધે આવતી ખોડને વારસાગત ગણવામાં આવે છે. જ્યારે એ સિવાયના ગર્ભાશયનાં વિપરિત વાતાવરણને પરિણામે જન્મતી જન્મગત જન્માનુપૂર્વી જન્મગત ખોડ તરીકે ઓળખાય છે. જન્મગત સિવાય પેદા થતી ક્ષતિઓ જન્મોતર કારણોસર થતી ક્ષતિ લેખાય છે. એના મુખ્ય કારણોમાં પ્રસુતિજન્ય ખોડ, અકસ્માતજન્ય ખોડ અને દવાદારૂજન્ય વિકલાંગતાને મુકવામાં આવે છે.

વિકલાંગ એટલે એવી વ્યકિત કે, જેનું અંગ વિકલ-નબળું છે, કઢંગુ છે અથવા તો બરાબર કાર્ય કરી શકતું નથી. જેમ કે હાથમાં આંગળા ખેંચાઈ જવા, હાથનો પંજો ન હોવો, કોણીએથી હાથ વળેલો હોવો અથવા તો સાવ ન હોવો, ખભામાંથી હાથ ન હોવો,લાંબો કે ટૂંકો પગ હોવો, ગોઠણ પાસેથી પગનું હલનચલન ન થવું, થાપામાંથી પગ લટકતી સ્થિતિમાં હોવો, કમરમાંથી હાડકું વળેલું હોવું, બંને હાથ-પગમાં લકવાની અસર હોવી. આવા કારણોને લીધે વિકલાંગીને હાલવા- ચાલવામાં તથા

દૈનિક ક્રિયામાં અડચણ ઊભી થાય છે અને જે તે સામાન્ય વ્યકિતની જેમ પોતાનું જીવન જીવી શકતો નથી. અને ઝડપી પ્રગતિના ક્ષેત્રમાં પાછળ રહી જાય છે. આમ આવી વ્યકિતને આવી વિકલાંગતા શાથી ઉદ્દભવે છે ? એ પ્રશ્ન છે. એનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં જાણવા મળ્યું કે, કેટલાંકમાં એવી ખોડ ક્ષતિયુક્ત જનીન તત્ત્વને આભારી હોય છે. અને તેથી તે વારસાગત ઉતરી આવે છે. તો કેટલાંક કિસ્સામાં એ ખોડ જન્મનું પૂર્વિય વિચિત્ર અનુભવનું પરિણામ હોય છે. કેટલાક ગર્ભાવસ્થામાં વિકસી રહ્યા હોય ત્યારે જનનીના ગર્ભાશયના કઢંગા વતાવરણની અસર તળે આવે છે અને તેથી તેમનામાં વિકલાંગતા વિકસે છે. બીજી તરફ કેટલાંકનો અકુદરતી ઢંગનો પ્રસવ એમની વિકલાંગતા માટે કારણભૂત હોય છે. પ્રસુતિ સમયની પ્રસવની અકુદરતી સ્થિતિને લીધે ચિપિયો કે ઈત્તર વાઢકાપના સાધનના કઢંગા વપરાશને કારણે જન્મનાર બાળક વિકલાંગી જન્મે છે.

આ ઉપરાંત અન્ય કારણ એ પણ છે કે, ઘણાં બાળકો બાળપણમાં ખેલકૂદ કરતાં હોય અને અકસ્માતે કંઈક આડુઅવળું વાગી જવાથી વિકલાંગતાને જન્મ આપે છે. હાથે કે પગે ઠુંઠા થઈ જાય કે,કોઈ આંગળા-આંગળી ખોઈ બેસે. કંઈક અળવિતરું વાગી જાય ને ખોડ-ખાંપણ રહી જાય, એવું જ ઔદ્યોગિક અકસ્માતમાં માણસ અંગ ગુમાવે એ પણ શકય છે. કેટલાંક એ વિપરિત આકસ્મિક ઔદ્યોગિક આપત્તિનો ભોગ બનતા પોતાના હાથ-પગને કાયમી અસાધારણ ખોડ કરી બેસે છે. કેટલાક અકુદરતી આકસ્મિક કિસ્સાઓમાં સામ-સામી મારા-મારી, હુલ્લડબાજી પણ જવાબદાર હોય છે.

કેટલીક વિકલાંગતા માટે દવાદારૂની સીધી કે આડકતરી અસર જવાબદાર હોય છે. કેટલાકને દવાને કારણે અંતઃસ્ત્રાવી ઝરણોના પ્રમાણને હાની પહોંચે છે. અને પરિણામે ખોડ ઊભી થાય છે. કેટલાકના મનોવિદ્યુત કંપનોમાં અજાણતા અણધાર્યો ફેરફાર થવાથી હાથ-પગની અનિયંત્રિત ધ્રુજારી પેદા થાય છે. કેટલાકને L.S.D.ની વિપરિત અસરનો ભોગ બનવું પડે છે. કેટલાક નશીલા પદાર્થના સેવનથી અકસ્માતનો ભોગ બની વિકલાંગ બને છે. કેટલીકવાર મગજની ગાંઠ કે અન્ય ભયંકર

ઈજાને કારણે મજ્જાકોષને ઈજા પહોંચે છે. અને શરીરના કોઈક અંગ-ઉપાંગને પક્ષઘાત લાગુ પડે છે. જે વિકલાંગતામાં ઢળે છે.

બેશક વિકલાંગતાના કારણ મુજબ એના ઉપચારના કાર્યક્રમો ગોઠવવા પડતા હોય છે. પણ વિકલાંગોને જે અન્ય તકલીફો વેઠવી પડે છે. એ તકલીફોની સામાન્ય જાંચ એ આ અભ્યાસનો પ્રાણ છે. બાકી તો એ વિશાળ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને સંશોધનના નીચે પ્રમાણે ઉદ્દેશ્ય બાંધેલા છે.

## ૨.૫ સમગ્ર ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓની સંખ્યા :

| ક્રમ | પ્રકાર | સરકારી સંસ્થાઓ | બિનસરકારી સંસ્થાઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અંધજનો માટે | ૦૩ | ૩૫ | ૩૮ |
| ૨ | મૂક-બધિરો માટે | ૦૩ | ૩૧ | ૩૪ |
| ૩ | મંદબુદ્ધિવાળા માટે | ૦૩ | ૪૪ | ૪૭ |
| ૪ | વિકલાંગો માટે | ૦૨ | ૨૮ | ૩૦ |
| **કુલ** | | **૧૧** | **૧૩૮** | **૧૪૯** |

આમ સમગ્ર ગુજરાતમાં ૧૪૯ જેટલી સરકારી અને બિનસરકારી સંસ્થાઓ કાર્ય કરી રહી છે. અને છતાં જોવાની ખૂબી એ છે કે ખાસ કોઈ સંસ્થાએ વૈજ્ઞાનિક સાહસ કે ઉત્તેજન પૂરું પાડયું નથી. બેશક ભારતમાં ૧૯૯૫માં વિકલાંગ ધારો પસાર કર્યો છે. તેની વિગત નીચે મુજબ છે. બાકી  વિકલાંગોને મળતી વિવિધ સવલતોનો આછો ખ્યાલ જરૂર આપ્યો છે, જેથી સંશોધક સામગ્રીથી સમૃદ્ધ થાય.

## ૨.૬ ભારતનો વિકલાંગ ધારો - ૧૯૯૫ :

કુદરતી રીતે કે અન્ય આકસ્મિક કારણોસર કેટલીય વ્યકિતઓ વિકલાંગ બની છે. આવી વિકલાંગતા કયાંક શરીરના કોઈ એક કે એકથી વધુ ભાગમાં હોય છે. આવા વ્યકિતઓ સરેરાશ સ્વાસ્થ્યપૂર્ણ વ્યકિતની સરખામણીમાં કેટલાક વિશેષ કામ કે

જેમાં શારીરિક શ્રમની જરૂર પડે તે કરવામાં મુશ્કેલી અનુભવતા હોય છે. તેમ છતાં પણ જો તેને સમાન તક, વિકાસ માટે યોગ્ય વાતાવરણ સમાજ તરફથી હૂંફ, સુહ્દયતાનો સાથ મળે તો, તેઓ જરૂર સ્વમાનભેર જીવી શકે છે.

સમાન તક અને સુહ્દયતાપૂર્ણ અભિગમ દ્વારા વિકલાંગો સ્વમાનભેર જીવનનો વિકાસ સાધી શકે છે. કુદરતી નાની-મોટી વિટંબણાઓનો ભોગ બનીને તો કયારેક આકસ્મિક કારણોસર શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત બનેલો માણસ પણ આખરે તો માણસ છે. આવી વ્યકિતઓને વિશાળ માનવ સમુદાય વચ્ચે જીવતી વખતે પોતાની શારીરિક અસમર્થતાને કારણે જો દિનતા જેવી લાગણી અનુભવવી પડતી હોય તો તે સમગ્ર મનુષ્ય સમાજ માટે શરમજનક છે. માણસ તરીકેનું સન્માન અને હૂંફ પામવાનો તેનો અધિકાર જળવાઈ રહે અને એ વખતે પણ લાચારી કે ક્ષોભ તેણે અનુભવવા ન પડે તે વાત મહત્ત્વની છે. સમાન તક, સહ્દયતાપૂર્ણ અભિગમ આપણે કેળવીએ તો જ કલ્યાણ રાજ્યની આદર્શને વરેલી આપણી લોકશાહી શાસનપ્રણાલીનું ગૌરવ જળવાય શકે.

- **વિકલાંગ વ્યકિતઓ (સમાન તક અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાયદો ૧૯૯૫ની કેટલીક અગત્યની જોગવાઈઓ નીચે પ્રમાણે છે :**

''ધી પર્સન વીથ ડીસેબીલીટીઝ (ઈકવલ, ઓપોર્ચ્યુનીટીઝ, પ્રોટેકશન ઓફ રાઈટસ એન્ડ ફૂલ પાર્ટીશીપેશન) એકટ ૧૯૯૫.''

આ કાયદો ૧૯૯૫ના કાયદા નં.૧ તરીકે ઘડવામાં આવ્યો છે. આ કાયદો એક સિમાચિન્હ્ છે. જે વિકલાંગ વ્યકિતઓને સમાન તક પૂરી પાડે છે. જેથી તેઓ રાષ્ટ્રના ઘડતરમાં સંપૂર્ણ ભાગીદારી કરી શકે. કાયદો પુનર્વાસ માટેના રક્ષણાત્મક અને પ્રોત્સાહક એમ બંને પ્રકારની સહાય પૂરી પાડે છે. જેવા કે, શિક્ષણ, રોજગાર અને વ્યાવસાયિક તાલીમ, સંશોધન અને માનવશક્તિ, વિકાસ એક એવું વાતાવરણ કે જ્યાં હજૂ મુક્તિ હોય, શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતને પુનર્વાસ, વિકલાંગ વ્યકિતને બેરોજગારીનું ભથ્થુ, વિકલાંગ કર્મચારીઓ માટે ખાસ વિમા યોજના અને

વધુ ગંભીર ખોડખાંપણવાળી વ્યકિતઓ માટે ગૃહની સ્થાપના. આ કાયદાનો અમલ ૭ ફેબ્રુઆરી ૧૯૯૬થી કરવામાં આવ્યો છે.

- **કાયદાની કેટલીક વિશેષતાઓ :**

૧. કેન્દ્રિયસ્તરે ને રાષ્ટ્રીયસ્તરે અનુક્રમે કેન્દ્રિય કલ્યાણમંત્રી અને રાજ્યકલ્યાણમંત્રી ના અધ્યક્ષપદે કોઓર્ડીનેશન કમિટીની રચના થઈ.જે આ મુજબના કાર્યો કરે છે.

(એ) શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતઓ માટે રાષ્ટ્રીય નીતિનો વિકાસ કરવો.

(બી) સરકારને શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતઓ માટે નીતિઓ, કાયદાઓ અને કાર્યક્રમો ઘડવા માટે સલાહ આપવી.

(સી) વિકલાંગો માટેના કાર્યક્રમોનું સંચાલન અને તેનું પુનઃઅવલોકન.

૨. વિકલાંગતાની પૂર્વ જાણકારી અને તેની રોકવાના પ્રયાસો.

(એ) નિઃશુલ્ક શિક્ષણ (૧૮ વર્ષ સુધીના દરેક વિકલાંગને ઈન્ટીગ્રેટેડ અને પાર્ટ ટાઈમ)

૩. વિકલાંગો માટે વ્યાવસાયિક તાલીમની જગ્યાઓમાં અનામત વિશેષ રોજગાર કચેરીઓની સ્થાપના અને જગ્યાઓની સૂચના. ખાનગી માલિકો દ્વારા વિકલાંગ વ્યકિતઓ માટે તેમને રોજગાર મળી શકે અને તેમને સહાય કરવા માટેની એવી યોજનાઓ કે જેમાં સ્વરોજગાર એકમોની સ્થાપના થઈ શકે તેવી જોગવાઈ.

(એ) વિકલાંગ વ્યકિતઓને સહાય અને સાધનો ઉપલબ્ધ કરાવવાં.

(બી) વિકલાંગ વ્યકિતઓ માટે રાહત દરે જમીન-મકાન ફાળવવા.

(સી) એક એવા મુકત વાતાવરણની રચના કરવી કે જ્યાં વિકલાંગો માટે કોઈ પ્રતિબંધ ન હોય.

(ડી) વિકલાંગોના પુનર્વાસ ક્ષેત્રે સારવાર, સંશોધન અને માનવશક્તિનો વિકાસ.

(ઈ) સામાજિક સલામતીના પગલાંઓ અને ખાસ વિમા પોલિસીઓ.

(એફ) ગંભીર પ્રકારની ખોડખાંપણવાળી વ્યકિતઓ માટે ગૃહની સ્થાપના.

(જી) તેમના અધિકારોના રક્ષણ માટે કાયાદકીય સહાયનું વિસ્તૃતીકરણ.

૪. કાયદામાં એવી જોગવાઈ છે કે, વિકલાંગો માટે મુખ્ય કમિશ્નરની નિમણૂંક થઈ શકે. જેની કચેરી તે બાબતનું ખાસ ધ્યાન રાખશે કે, વિકલાંગો માટેના કાર્યક્રમો અને યોજનાઓનું યોગ્ય રીતે અમલીકરણ થઈ શકે. અને તે દર વર્ષે આવી પ્રવૃત્તિઓના સંદર્ભમાં વાર્ષિક અહેવાલ આપશે.

(એ) આ કાયદાને સમાજનાં તમામ વર્ગોમાંથી વ્યાપક સમર્થન મળ્યું છે. આપણે આશાના યુગમાં પગરણ કરી રહ્યા છીએ. અને આ રાષ્ટ્રના ચાર કરોડથી પણ વધારે વિકલાંગ વ્યકિતઓના જીવનને આનંદભર્યુ બનાવીશું. અને સરકારને એ વાતનો સંતોષ આપીશું કે,તેમની લાંબાગાળાની આશા ઓ,અપેક્ષાઓ,સંતોષીશું અને રાષ્ટ્ર પ્રત્યે કરેલ સંકલ્પને પૂરો કરીશું. વિકલાંગ વ્યકિતઓ(સમાન તક અને અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાયદો ૧૯૯૫ની જોગવાઈઓ અન્વયે અપંગોના હક્કોનું રક્ષણ કરવા રાજ્યમાં કમિશ્નરશ્રીની વિકલાંગ વ્યકિતઓ માટે નિમણૂંક થઈ છે. તેઓનું સરનામું નીચે મુજબ છે :

કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યકિતઓ માટે, ગુજરાત રાજ્ય સરદાર પટેલ ભવન, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.[૧]

સમીક્ષા કરતાં કહી શકાય કે, આ ક્ષેત્રે બહુ ઓછું સંશોધન, બહુ ઓછું કામ, બહુ ઓછો વૈજ્ઞાનિક પ્રયાસ થયેલો છે. અને તેથી આવો વૈજ્ઞાનિક પ્રયાસ એક વધુ કડી ઉમેરશે. તે આશાએ આ વૈજ્ઞાનિક સાહસ ખેડવાની હામ ભીડી છે.

## ૨.૭ વિકલાંગોની રોજગારલક્ષી બાબતો :

વિકલાંગોને નોકરી-રોજગાર-ધંધા મેળવવામાં ખાસ સહાયરૂપ થવા માટે ખાસ

રોજગાર વિનિમય કચેરીઓ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે ચલાવવામાં આવી રહી છે. તેમજ મહેસાણા ખાતેની રોજગાર કચેરીમાં અપંગો માટે ખાસ સેલની રચના કરવામાં આવી છે.

આમ સમાજમાં અપંગો સ્વમાનભેર જીવી શકે તેમજ સમાજનાં લોકોને અપંગોના પ્રશ્નોની જાણ થાય તથા અપંગોની વિવિધ બાબતમાં લોકજાગૃતિ કેળવાય તે માટે વિશ્વભરમાં ચોક્કસ દિવસને એક વિશિષ્ટ નામ આપીને ઉજવવામાં આવે છે. જેમ કે, વિશ્વ વિકલાંગ દિન-૩ ડિસેમ્બર.

## ૨.૮ વિકલાંગોને રોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થાઓ :

**૧. અપંગ માનવ મંડળ :**

ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, અટીરા પાછળ, અમદાવાદ

તાલીમ : પ્રિન્ટીગ પ્રેસ, મશીનમેન, કંપોઝ, બુક બાઈન્ડીગ, સિલાઈકામ, રેકઝીન વર્ક, એમ્બ્રોઈડરી તેમજ કમ્પ્યૂટર વિગેરે.

**૨. ગાંધીધર કછોલી સંચાલિત દેવબાળ છાપશાળા :**

મુ. કછોલી, સ્ટેશન : અમલસાડ, તાલુકો : ગણદેવ, જિલ્લો : વલસાડ.

તાલીમ : છાપકામ, બાઈન્ડીગકામ,સ્ક્રિન પ્રિન્ટીગ, રૂલિંગ, પ્લાસ્ટીક વેલ્ડીગ, સ્ટેશ્નરી આર્ટિકલ્સ, કોરૂગેટેડકાર્ડ બોક્સ, ફિલ્મ, લેમીનેશન, ડોક્યુમેન્ટ, લેમીનેશન વગેરે તેમજ અહીયા જરૂરિયાત વાળાઓને તાલીમ બાદ કામે પણ રાખવામાં આવે છે.

**૩. ધી સોસાયટી ફોર ફિઝિકલ હેન્ડીકેપ્ડ :**

૬-મારૂતિનંદન કોમ્પલેક્ષ,પ્રિતમનગરનો ઢાળ,એલિસબ્રિજ, અમદાવાદ.

તાલીમ : પ્રિન્ટીગ મશીન, ટ્રેડલ, અંગ્રેજી-ગુજરાતી કંપોઝ, બાઈન્ડીગ તથા કલેરીકલ જોબની તાલીમ વિના મૂલ્યે આપવામાં આવે છે.

**૪. વિકલાંગ વ્યવસાયિક કેન્દ્ર (ભારત સરકાર સંચાલિત ):**

આઈ.ટી.આઈ. કેમ્પસ સામે, કુબેરનગર, અમદાવાદ.

તાલીમ : હેન્ડ કમ્પોઝીંગ અને બાઈન્ડીંગ, ઓટો રિપેર, આર્મેચર અને કોઈલ વાઈન્ડીંગ, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, ઈલકેટ્રોનિક ઈકવીપમેન્ટ અને સર્વિસીઝ, સ્ક્રિન પ્રિન્ટીંગ અને કોમર્શિયલ પ્રિન્ટીંગ, રેફ્રીજરેશન અને એરકંડીશનીંગ, કોમર્શિયલ અને સેક્રેટરિયલ પ્રેકટિસ, કટીંગ અને ટેલરીંગ,રેડિયો અને ટી.વી.મિકેનિક,મેટલ(ટર્નર-ફિટર વગેરે) સ્ટેનોગ્રાફી અને કોમર્શિયલ પ્રેકિટસ,કારપેન્ટરી અને ચેરકેનીંગ વિ.

ઉપરોકત બાબતોની તાલીમ ભારત સરકાર દ્વારા વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ તાલીમ દરમ્યાન શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. છાત્રાલયની સગવડતા પણ મળે છે. ખાસ કરીને આ સંસ્થા દ્વારા ભારત સરકારની કચેરીઓમાં / જાહેર સાહસની કચેરીઓમાં તેમજ ખાનગી ક્ષેત્રોમાં રોજગારી અપાવવામાં મદદ કરે છે. તેમજ સ્વતંત્ર રોજગાર વિકસાવવા માટે આયોજન અને નાણાંકિય સહાયતા આપવામાં આવે છે. તેમજ વિકલાંગોને પ્રોત્સાહિત કરવા તેમજ તેનામાં રહેતી વ્યવસાયિક અભિરૂચિનું મૂલ્યાંકન નિષ્ણાતો દ્વારા કરી તેને યોગ્ય તાલીમ આપવામાં આવે છે.

**૫. મહિલા વિકલાંગ વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્ર (ભારત સરકાર સંચાલિત):**

તાલીમ : કોમર્શિયલ પ્રેક્ટિસ, કટીંગ-ટેલરિંગ, રેડિયો, ટી.વી. રિપેરીંગ માટે એક વર્ષની તાલીમ વિના મૂલ્યે ૧૬ થી ૪૫ વર્ષની બહેનોને આપવામાં આવે છે તેમજ છાત્રાલયની સુવિધા અને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.

## ૨.૯ વિકલાંગોને મળતી વિશિષ્ટ સવલતો :

વિકલાંગો સમાજની સામાન્ય વ્યકિતના વિકાસ કરતાં પછાતપણું ભોગવે છે. માટે તેનો સમાન વિકાસ થાય. તે માટે તેને સરકારશ્રી દ્વારા વિશિષ્ટ સવલતો

આપવામાં આવે છે જેમ કે,

(૧) સમાજ સુરક્ષા અધિકારીશ્રી તરફથી વિકલાંગ વ્યકિતને સિવીલ સર્જનના પ્રમાણપત્રના આધારે ઓળખકાર્ડ આપવામાં આવે છે જે ૧૦ વર્ષ સુધી માન્ય ગણવામાં આવે છે. જેના આધારે વિકલાંગ વ્યકિતને ગુજરાત રાજ્યની હદમાં વિના મૂલ્યે બસનો પાસ પણ દેવામાં આવે છે. તેમજ ૭૫% થી વધુ વિકલાંગતા ધરાવતી વ્યકિતને તથા તેના સાથીને પણ ૫૦%ના દરે મુસાફરીનો લાભ અપાય છે. આ ઉપરાંત રેલવેમાં બીજા વર્ગ અને પ્રથમ વર્ગમાં ૭૫% સુધીની ભાડામાં રાહત મળે છે તેમજ ૧/૪/૨૦૦૦થી એ.સી. થ્રી ટાયર અને એ.સી. ચેર કલાસીસમાં પણ આ લાભ આપવાનો શરૂ કરાયો છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા વિકલાંગીને વિના મૂલ્યે બે પૈડાં, ત્રણ પૈડાની સાયકલ, બગલઘોડી,કેલીપર્સ તેમજ ભારત સરકાર દ્વારા ટ્રાયસીકલ,વ્હીલચેર, કેલીપર કૃત્રિમ અવયવો તેમજ હલન-ચલનના અન્ય સાધનો આપવામાં આવે છે.

(૩) વિકલાંગ સરકારી કર્મચારીને વ્હીલચેર અને વાહન ભથ્થુ આપવામાં આવે છે.

(૪) સુદામાં ગૌરવ નિધિ યોજના હેઠળ વિકલાંગી નિરાધારને દર મહિને રૂા.૨૦૦/- આર્થિક સહાય આપવામાં આવે છે.

(૫) વિકલાંગ વિદ્યાર્થીને ધોરણ-૧થી ૮ સુધી વાર્ષિક રૂા.૫૦૦/- અને ધોરણ-૯થી ઉપરનાં શિક્ષણ માટે વાષિક રૂા.૮૫૦/-થી ૩,૪૦૦/- સુધીની શિષ્યવૃત્તિ ગુજરાત સરકાર આપે છે.

(૬) વિકલાંગીના વાલીને આવક વેરાની કલમ ૮૦ ડી ડી હેઠળ તબીબી સારવાર અર્થે પુનઃ વસવાટ ખર્ચ કરે તો આવક વેરામાં કપાત મળે છે. તેમજ વિકલાંગીને પણ ૮૦-યુ હેઠળ કપાત મળે છે.

(૭) વિકલાંગી જો કૃત્રિમ અવયવ, કેલીપર્સ, ટ્રાઈસીકલ તેમજ શૈક્ષણિક સાધનોની ખરીદી કરે તો સેલ્સટેક્ષમાંથી મુકિત મળે છે. એ જ રીતે વ્યવસાય વેરામાંથી પણ મુકિત મળે છે.

(૮) ફાર્મસી, ઈજનેરી, ડીગ્રી અથવા ડિપ્લોમાં તેમજ આઈ.ટી.ના અભ્યાસક્રમોમાં વિકલાંગો માટે ૩% અનામત હોય છે.

(૯) પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં વર્ગ દીઠ ૧ જગ્યા વિકલાંગી માટે અનામત રાખવામાં આવે છે.

(૧૦) વિકલાંગીને અગ્રતાના ધોરણે ટેલિફોન બુથ ૫૦%ના માસિક ભાડાની રાહતથી ચલાવવા માટે આપવામાં આવે છે.

(૧૧) પેટ્રોલ, ડિઝલ અને ગેસ એજન્સી મેળવવા માટે વિકલાંગીને ૧૫ % અનામતનો લાભ આપવામાં આવે છે.

(૧૨) સરકારી કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યામાં વિકલાંગીને ૪% અનામત લાભ તેમજ ઉંમરમાં ૧૦ વર્ષની છૂટ આપવામાં આવે છે.

(૧૩) વિકલાંગીને ફરજના સ્થળેથી શકય હોય ત્યાં નજીકમાં જ ભોયતળિયાનું સરકારી મકાન ફાળવવામાં આવે છે. તેમજ ગુજરાત હાઉસીગ બોર્ડ દ્વારા બનાવાતા મકાનમાં પણ ૩ % મકાનો વિકલાંગો માટે અનામત હોય છે.

(૧૪) ૨૫૦થી વધુ કારીગર ધરાવતા કારખાનાઅમાં વિકલાંગ કામદારો માટે અનામત જગ્યા રાખવામાં આવે છે.

(૧૫) બેંક તરફથી ૪ % ના દરે વિકલાંગોને ધંધા-રોજગાર માટે સાધન ખરીદીની લોન આપવામાં આવે છે.

(૧૬) વિકલાંગીને યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે યોજવામાં આવતા પર્વતારોહણના કેમ્પમાં રાહત આપવામાં આવે છે.

(૧૭) વિકલાંગીને રાજ્ય સરકારની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા માટે અરજીપત્રક ફી તથા પરીક્ષા ફીમાંથી મુકિત આપવામાં આવે છે.

(૧૮) વિકલાંગ સરકારી કર્મચારીને વાહન પેશગી તેમજ મકાન બાંધકામ પેશગી અગ્રતાના ધોરણે આપવામાં આવે છે.

(૧૯) વિકલાંગીને ઘર વપરાશ માટે તત્કાળ યોજના હેઠળ ગેસ કનેકશન આપવામાં આવે છે.

(૨૦) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા તથા એલ.આઈ.સી. દ્વારા વિકલાંગીઓ માટે ખાસ રાહત યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

## ૨.૧૦ પારિતોષિક યોજનાઓ :

(૧) રાજ્ય પારિતોષિક :

(એ) વિકલાંગો માટે કામ કરતી એક વ્યકિત અથવા બે વ્યકિતને રાજ્ય સરકાર તરફથી પારિતોષિક આપવામાં આવે છે. પ્રથમ નંબરને રૂા. ૨૦,૦૦૦ અને પ્રશસ્તિ પત્ર. દ્વિતીય રૂા. ૧૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર.

(બી) વિકલાંગો માટે કામ કરતી એક સંસ્થા અથવા બે સંસ્થાને રાજ્ય સરકાર તરફથી પારિતોષિક આપવામાં આવે છે. પ્રથમ સંસ્થાને રૂા.૨૫,૦૦૦ અને પ્રશસ્તિ પત્ર. દ્વિતીય સંસ્થાને રૂા. ૨૫,૦૦૦ અને પ્રશસ્તિ પત્ર.

(૨) રાષ્ટ્રીય પારિતોષિક :

(એ) વિકલાંગ વ્યકિતઓ માટે કામ કરતી વ્યકિતને રૂા. ૨૫,૦૦૦ અને પ્રશસ્તિ પત્ર તથા સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦ અને પ્રશસ્તિ પત્ર.

(૩) ભારત સરકાર તરફથી નીચે મુજબના અન્ય રાષ્ટ્રીય પારિતોષિકો પણ આપવામાં આવે છે.

(૧) અપંગ વ્યકિતઓને નોકરીમાં રાખનાર દાતાઓ માટે.

(૨) ક્ષતિવાળા શ્રેષ્ઠ કર્મચારીઓ માટે.

(૩) સ્વરોજગાર કરતી ક્ષતિવાળી વ્યકિતઓ માટે.

(૪) ક્ષતિવાળી વ્યકિતઓને નોકરી આપવાની કામગીરી કરતા શ્રેષ્ઠ અધિકારીઓ માટે.

(૫) વિકલાંગો માટે ટેક્નોલજિકલ સંશોધન કરેલું હોય તેવી વ્યકિતઓને ભારતસરકાર તરફથી રાષ્ટ્રીય ટેક્નોલજિ એવોર્ડ અપાય છે.

(૪) શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક :

વિકલાંગીઓના શાળાના શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રી તરફથી એવોર્ડ આપવામાં આવે છે.

(૫) શારીરિક ક્ષતિ ધરાવતી શ્રેષ્ઠ કાર્યક્ષમ વ્યકિતઓ અને તેમને કામે રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓને રાજ્ય સરકાર પારિતોષિક આપે છે.

## ૨.૧૧ અપંગોને જીવનસાથીની પસંદગી માટે મદદરૂપ થતી સંસ્થાઓ :

(૧) માનવસેવા ટ્રસ્ટ, વલસાડ એ ૧૯૯૪માં અખિલ ભારતીય મૂક-બધિર પરિચય મેળાનું આયોજન કર્યું હતું.

(૨) જુનિયર જેસી વિંગ સુરત તથા મેટ્રો જુનિયર ચેમ્બર, સુરત તરફથી જૂન ૧૯૯૩માં મૂક બધિર ભાઈઓ-બહેનો માટે લગ્ન પરિચય મેળો યોજ્યો હતો.

(૩) એસ.જી. બ્રહ્મભટ્ટ, બધિર વિદ્યામંદિર, નડિયાદ તરફથી જૂન ૧૯૯૪માં બધિરો માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરાયુ હતું.

(૪) ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ,અમદાવાદ તરફથી અવારનવાર વિકલાંગ લગ્ન પસંદગી મેળાઓ યોજે છે.

(૫) રોટરી કલબ, નડિયાદ દર વર્ષે અખિલ ગુજરાત વિકલાંગ જીવનસાથી સંમેલનો યોજે છે.

(૬) ખી.લ. બહેરા-મૂંગા શાળા, ભાવનગર -અપંગો માટે અવારનવાર લગ્ન મેળાઓનું આયોજન કરે છે.

(૭) હકસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દર વર્ષે મુસ્લિમ સમાજના વિકલાંગીઓ માટે લગ્ન પરિચય મેળાનું આયોજન કરે છે.[૨]

ઉપરોકત તમામ માહિતી વિકલાંગી માટેની ઉપલબ્ધ સવલતોનો ખ્યાલ આપે છે. પરંતુ એ માહિતી કેવળ માહિતી જ છે, સ્વયં સંશોધન નથી. સંશોધન માટે

સંશોધકે જાતે માહિતી ભેગી કરવી પડે. અને અગાઉ જેમણે માહિતી મેળવી હોય એની તપાસ અને સમીક્ષા કરવી પડે, એવી જ રીતે વિકલાંગોને કઈ સગવડો આપવી જોઈએ કે કઈ સગવડો અપાય છે અને સવલત આપવા માટેના શા કાર્યક્રમો યોજવા જોઈએ એ એકંદરે માત્ર વૈચારિક ભાથું છે. સંશોધન તો માત્ર માહિતીનું પ્રસારણ છે ન તો માત્ર વૈચારિક લઢણની પરિપુષ્ટિ છે. સંશોધન એ થોડીક અન્ય સ્વરૂપની પ્રવૃત્તિ છે. એ મુખ્યત્વે વૈજ્ઞાનિક પુરુષાર્થ છે. એ માત્ર દફતર કે રજીસ્ટર નથી.

## ૨.૧૨ ક્ષેત્ર પરિચય :

### (૧) ભારતનો પરિચય :

પ્રસ્તુત અભ્યાસમાં ભારતનું સ્થાન, સીમા, વિસ્તાર કેટલા પ્રમાણમાં વિસ્તરેલ છે ? તેમજ ગુજરાતનો પરિચય એટલે કે ભારતમાં ગુજરાતનું સ્થાન, સીમા, વિસ્તાર વગેરે તેમજ ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રદેશ તેના જુદા જુદા વિભાગો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

દુનિયાના દેશોમાં ભારત વિશિષ્ટતાઓ અને વિવિધતાઓ ધરાવતો દેશ છે. અરબ મહાસાગર, હિન્દમહાસાગર, બંગાળની ખાડી તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાથી સુરક્ષિત દેશનું કુલ ક્ષેત્રફળ ૩૨.૮૭, ૭૮૦ ચો.કી.મી. છે. જે જુદા જુદા ૨૮ રાજ્યોમાં વહેંચાયેલો છે. ભારતની સંસ્કૃતિ વિશ્વભરમાં જાણીતી છે. ભારતની ભૌગોલિક પરિસ્થિતિએ તેની સંસ્કૃતિના ઘડતરમાં વિશિષ્ટ ફાળો આપ્યો છે. આવી દુનિયાભરની વિવિધ જાતીઓની સંસ્કૃતિનું સંગમતિર્થ ભારત છે.

વિશ્વના સૌથી જૂના રાષ્ટ્રોમાંનું એક રાષ્ટ્ર ભારત છે. વિશેષતઃ તો ભારતીય સંસ્કૃતિની એ એક આગવી વિશિષ્ટતા છે કે,તે કોઈ એકાદ જાતિ કે પ્રજાના પ્રયત્નોનું પરિણામ નથી. દુનિયાભરની વિવિધ જાતિઓના જુદા જુદા થયેલા સમૂહશ્રમનો એક પરિપાક છે. ભારતીય સંસ્કૃતિની સમન્વયકારી ભાવનાએ કદી કોઈ જાતિને તરછોડી નથી. બલ્કે દરેકને માટે તેણે દ્વાર ખુલ્લા રાખ્યાં છે. આમ વિદ્વાનોની પરિભાષામાં કહીએ તો તે સંસ્કૃતિનું સંગમ તીર્થ બની રહ્યું છે.

''ભારત દેશ ઉત્તર ગોળાર્ધમાં એશિયાખંડના દક્ષિણ ભાગમાં ૮° ઉ અને ૩૭° ઉત્તર અક્ષાંશવૃત્તો વચ્ચે આવેલો છે. કર્કવૃત્ત આપણા દેશના લગભગ મધ્ય ભાગ પરથી પસાર થાય છે. ભારતનો પશ્ચિમ છેડો ગુજરાતની સરહદે આશરે ૬૮° પૂર્વ રેખાંશવૃત્ત પર પૂર્વ છેડો અરુણાચલ પ્રદેશની સરહદે ૯૭° પૂ. રેખાંશવૃત્ત પર આવેલો છે. ભારતનો પ્રમાણસમય જેના પરથી નક્કી કરવામાં આવ્યો છે તે ૮૨.૫° પૂર્વ રેખાંશવૃત્ત ભારતના લગભગ મધ્યભાગ પરથી અલ્હાબાદ અને વારાણસીની વચ્ચે થઈને પસાર થાય છે.

ભારત એક વિશાળ દ્વિપકલ્પ છે તની પશ્ચિમે આરબ, દક્ષિણે હિન્દ મહાસાગર અને પૂર્વે બંગાળની ખાડી છે. આ બધા દરિયાઈ વિસ્તારોને લીધે પૂર્વના અને પશ્ચિમના દેશોને જોડતા મહત્ત્વના દરિયાઈ માર્ગો ભારત પાસેથી પસાર થાય છે. ભારતની પૂર્વે અગ્નિ એશિયાના ગીચ વસ્તી ધરાવતા દેશો છે. જ્યારે પશ્ચિમે ખનીજ તેલથી સમૃદ્ધ એશિયાના દેશો છે. આ રીતે ભૌગોલિક દૃષ્ટિએ ભારતનું સ્થાન મોકાનું છે. આ ઉપરાંત પૂર્વે અને પશ્ચિમના દેશોને જોડતા મહત્ત્વના હવાઈ માર્ગો પણ ભારત પરથી પસાર થાય છે. પૂર્વે ભારતમાં ગાઢ જંગલો અને બર્મા, બાંગ્લાદેશ છે. તો પશ્ચિમેં અરબી સમુદ્ર અને પાકિસ્તાન જેવા દેશો આવેલા છે.

ભારતનો કુલ વિસ્તાર આશરે ૩૨,૮૬,૨૬૩ ચોરસ કી.મી. છે. ભારતમાં આશરે ૩૨૧૪ કી.મી. ની ઉત્તર -દક્ષિણ લંબાઈમાં અને આશરે ૨૯૩૩ કી.મી. ની પૂર્વ પશ્ચિમ પહોળાઈમાં વિસ્તરેલો છે. વિસ્તારની દૃષ્ટિએ દુનિયાના દેશોમાં ભારત સાતમાં ક્રમે આવે છે. ભારતને વહીવટી અનુકૂળતા માટે રાજકીય વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. ભારતમાં કુલ ૨૬ રાજ્યો અને ૬ કેન્દ્રશાસ્તિ પ્રદેશો છે. ભારતના આ રાજ્યોની રચના ભાષાના ધોરણે થઈ છે.

**(૨) ગુજરાતનો પરિચય :**

૧લી મે, ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઈ રાજ્યનું સત્તાવાર રીતે વિભાજન થતાં તેમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યો અસ્તિત્વમાં આવ્યા છે. ગુજરાત નામ

''ગુર્જર રાષ્ટ્ર'' શબ્દ ઉપરથી પડયું હોય તેમ લાગે છે. તેનો અર્થ ગુર્જર લોકોનું રાજ્ય એવો થાય છે અને ૭૪.૪ં પૂર્વ રેખાંશ વચ્ચે ગુજરાત રાજ્ય આવેલું છે. કર્કવૃત્ત ગુજરાત રાજ્યની મધ્યમાંથી પસાર થાય છે. ગુજરાતની ઉત્તરે રાજસ્થાન અને અરવલ્લી ગિરિમાળાઓ તેમજ દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્યનો થાણે જિલ્લો આવેલો છે. પૂર્વમાં મધ્યપ્રદેશ રાજ્ય અને સહપાદ્રીની ગિરિમાળાઓ આવેલ છે. તેમજ પશ્ચિમેં અરબી સમુદ્ર, પાકિસ્તાન અને ખાડીઓ આવેલ છે. ગુજરાતનો દરિયા કિનારો અંદાજે ૧૬૦૦ કી.મી. જેટલી લંબાઈ ધરાવે છે.

''ગુજરાતનું કુલ ક્ષેત્રફળ ૧,૯૬,૦૨૪ ચો.કી.મી. છે. જે ભારતના કુલ ક્ષેત્રફળના ૫.૯૮ % થાય છે. ગુજરાતના કુલ ૨૩ જિલ્લાઓના કુલ ૨૨૩ તાલુકાઓ છે. જેમાં કુલ ૧૮૫૬૯ ગામડાઓ અને ૧૮૧ શહેરો આવેલા છે. ગુજરાતની કુલ વસ્તી ૫.૦૬ કરોડ છે. જે દેશની કુલ વસ્તીના ૪.૯૩ % થાય છે. રાજ્યની વસ્તીની ગીચતા દર ચો.કી.મીટરે ૨૫૮ની છે. પ્રાકૃતિક રચનાની દૃષ્ટિએ ગુજરાત (૧) તળ ગુજરાત, (૨) સૌરાષ્ટ્ર, (૩) કચ્છ એમ ત્રણ વિભાગ ધરાવે છે.[૩]

- **લોકો :**

''ગુજરાતના મૂળ વતનીઓ અત્યારે આદિવાસી તરીકે ઓળખાય છે. ગુજરાતમાં તેઓની વસ્તી ૧૪.૨૯ % જેટલી છે. આ જાતિઓમાં ઘણું જાતિ મિશ્રણ છે. ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં વસ્તી સુંખ્યાની દૃષ્ટિએ ગુજરાત દશમાં ક્રમે આવે છે. ગુજરાતની કુલ વસ્તી ૫.૦૬ કરોડ છે. વસ્તી ગીચતા દર એક ચોરસ કી.મી. દીઠ ૨૫૮ જેટલી છે. ગુજરાતમાં વસ્તી વધારાનો દર ૨૨.૪૮ % થયો છે. ગુજરાતના ૩૪.૪૯ % લોકો શહેરમાં વસે છે અને ૬૫.૫૧ % લોકો ગામડાંઓમાં વસે છે. કુલ વસ્તીનો ૮૯ % ભાગ ગુજરાતી ભાષા બોલે છે. જ્યારે ૧.૫૭ % કચ્છી, ૨.૧૭% ઉર્દૂ, ૧.૨૬ % હિન્દી અને ૦.૯૭ % મરાઠી અને ૩.૯૬ % મલયાલમ, કન્નડ, બંગાળી વગેરે અન્ય ભાષાઓ બોલે છે.''[૪]

- **નદીઓ :**

''ગુજરાતની નદીઓ વિપુલ જલભંડાર ધરાવતી નથી. કેટલીક નદીઓ બાદ કરતા બધી જ નદીઓ સુકી છે. ગુજરાતની મોટી ગણાતી નદીઓ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી નીકળીને ગુજરાત થઈને પશ્ચિમે અરબી સાગરમાં મળે છે. અહીંની મુખ્ય નદીઓમાં, તાપી, મહિ, બનાસ, સાબર, સરસ્વતી, ભાદર અને શેત્રુંજીનો સમાવેશ થાય છે.''[૫]

- **ભૂસ્તર :**

''ગુજરાત રાજ્યનો મોટો ભૂમિભાગ કાંપના મેદાની આવરણથી છવાયેલો છે. મધ્ય કચ્છ, મધ્ય સૌરાષ્ટ્ર, બનાંસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગના વિસ્તારો પહાડી પ્રદેશને આવરી લે છે. કચ્છનું નાનું મોટું રણ શુષ્ક, અર્ધશુષ્ક, વેરાન ભૂમિ ભાગ છે. નર્મદા, તાપી મહિ અને સાબરમતી તેમની શાખા નદીઓ સહિત રાજ્યની પૂર્વીય જળ પરિવહન રચનાનું માળખું બનાવે છે. રાજ્યોની મુખ્ય તળભૂમિનો ઉત્તર, ઈશાન અને પૂર્વ વિભાગ ઉચાણવાળો પહાડી પ્રદેશ હોવાથી તેનો ઢોળાવ સમુદ્ર તરફી બનેલો છે. આખાયે રાજ્યની પશ્ચિમ સરહદ અરબી સમુદ્ર અને તેના ફાંટારૂપી ખંભાતના અખાત તેમજ કચ્છના અખાતથી ઘેરાયેલો છે.''[૬]

ગુજરાત રાજ્યનું સમગ્ર ભૂમિ દશ્ય પ્રદેશની ભૂપૃષ્ઠ રચના પર અને ભૂપૃષ્ઠ રચના ત્યાંના તળ ખડકોના વિતરણ પર આધારિત છે. અતિ પ્રાચીન કાળના પ્રીકેબ્રીયન યુગના ખડકો ગુજરાત રાજ્યના આશરે ૨૯૦૦ ચો.કી.મી.નો વિસ્તાર આવરી લે છે. અને પાયાના ખડકો સમૂહો રચે છે. આ પૈકી એક પ્રકાર 'બેન્ડેડ નાસિક' કોમ્પલેક્ષ તરીકે જાણીતો છે. મોસામઈક યુગના જુરાસિક કાળના ગાળા દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં મોટા પાયા પર દરિયાઈ અતિક્રમણ થયેલું જેને પરિણામે ઘણી જાડાઈના સ્તરોની કણ જમાવટ થઈ ગુજરાતની જુરાસિક રચનાના ખડકોમાં કોંગ્લોમરેટ, રેતીના ખડકો, ચૂનાના ખડકો, ટોલ અને માલેનો

સમાવેશ થાય છે.

''જ્યા વરસાદ સારો પડે છે, અને જે પ્રદેશો નદીની નજીક આવેલા છે ત્યાં સમૃદ્ધ ઉષ્ણકટિબંધના ઋતુ પ્રભાવિત જંગલો પથરાયેલાં છે. જે સુરત અને વલસાડ જિલ્લામાં, ડાંગ અને ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારા પર અને પંચમહાલ જિલ્લાના કેટલાક ભાગોમાં અરવલ્લીની ટેકરીઓની હારમાળા પર અને ગિરનારની ખીણોમાં જોવા મળે છે. ગુજરાતનાં ૮૦% જંગલો સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ પંચમહાલ અને વડોદરા જિલ્લામાં આવેલા છે. બાકીના ૨૦ % ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલા છે.''[૭]

## (૩) સૌરાષ્ટ્રનો પરિચય ( Introduction of Saurashtra ):

આ પ્રદેશનું નામ સૌરાષ્ટ્ર કેમ પડયું તે માટે અનેક મંતવ્યો પ્રચલિત છે. ''કોઈએ સૂર્ય રાષ્ટ્ર, કોઈએ સૌરાષ્ટ્ર, કોઈએ સુરાષ્ટ્ર કહ્યો છે. પરંતુ જૂના ગ્રંથો જોતા તેનું શુદ્ધ અને સ્પષ્ટ નામ સૌરાષ્ટ્ર છે.''[૮]

રામાયણ આપણો જૂનો અને પવિત્ર ગ્રંથ છે. બાલકાંડમાં અશ્વમેઘ યજ્ઞને સમયે વિભિન્ન પ્રદેશોના રાજવીઓને નિમંત્રણ આપવા સુમંત્ર સારથિએ મોકલતી વેળા સિંધુ-સૌવીર અને ''સુરાષ્ટ્ર''ના રાજવીઓને સાયેલગા ગણાવે છે. આ ઉપરથી સુરાષ્ટ્રનું સ્થાન સ્પષ્ટ થઈ રહે છે.[૯]

મહાભારતમાં સુરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રના વારંવાર ઉલ્લેખો કરવામાં આવ્યાં છે. કારણ કે શ્રીકૃષ્ણની યાદવોની અને પાંડવોની આ પ્રિય ભૂમિ હતી. ઈ.સ. પૂર્વે છઠ્ઠી કે સાતમી સદીમાં થઈ ગયેલાં વ્યાકરણાચાર્ય પાણિનીએ **'सौराष्ट्र की नारी'** (સૌરાષ્ટ્રની સ્ત્રી) તથા **'कुन्ती सुराष्ट्री'** (સૌરાષ્ટ્રની સ્ત્રી) શબ્દ વાપર્યા છે. તેમજ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઈ ગયેલાં સૂત્રકાર બૌદ્ધાને દક્ષિણાપથની વિગતો આપતાં તેમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ કર્યો છે.[૧૦] ઈ.સ. પૂર્વે ચોથી સદીનાં કૌટિલ્ય વિષ્ણુગુપ્ત ચાણકયનાં અર્થશાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે. જેમાં સુરાષ્ટ્રના ક્ષત્રિયોની શ્રેણીઓ

સમૂહોની ખેતી તથા લડાઈથી આજીવિકા ચલાવનારા કહ્યાં છે. “રૂદ્રદામન” તથા “સ્કંદગુપ્ત”ના જૂનાગઢનાં શિલાલેખમાં સૌરાષ્ટ્ર શબ્દનો ઉલ્લેખ છે. તેમાંથી અપભ્રંશ થઈ “સોરઠ” નામ થયું.”[૧૧]

- **સોરઠ :**

“સૌરાષ્ટ્રનું અપભ્રંશ નામ સોરઠ થયું કેટલાક વિદ્વાનોનાં મતે મુસ્લીમો “સૌરાષ્ટ્ર” બોલી શકતા ન હતાં. તેથી સોરઠ બોલતાં હતાં. મુસ્લીમકાળ દરમ્યાન લખાયેલ “આઈના એ અકબરી” “અકબરનામાં” તેમજ રણછોડજી દિવાને લખેલ “તારીખે સોરઠ”માં સોરઠ શબ્દનો ઉપયોગ થયો છે.”[૧૨] પરદેશી મુસ્લીમ ઈતિહાસકાર સિકંદરે સોરઠનું કરેલું વર્ણન ઉલ્લેખનીય છે. અને સોરઠ એ એવો દેશ છે જાણે કે કુદરતે માળવા ખાતદેશ અને ગુજરાતનાં સર્વોત્તમ તત્ત્વોનું મિશ્રણ કરીને અહીની પ્રજાનું સર્જન કર્યુ ન હોય તેથી તે પ્રદેશ જગતનાં દેશો માટે જાણે કે કસોટીનો પથ્થર બની ગયો હતો.

“કવિ નાનાલાલ તેને “પુરાણ પ્રસિદ્ધ ઈતિહાસોજ્જવલ ભૂમિ” તરીકે ઓળખાવે છે. કવિ બોટાદકર તેને “સ્વર્ગ કુંજ” સરખી અમ માતૃભૂમિ કહે છે. જ્યારે કવિ ત્રિભૂવન વ્યાસ તેને “હિંદ દેવી તણી કમર પર ચમકતી દઢ કસી તીક્ષ્ણ જાણે કટારી” કહે છે.”[૧૩] આ સૌરાષ્ટ્ર તેનાં પાંચ રત્નો માટે પ્રસિદ્ધ છે. જેમ કે સૌરાષ્ટ્ર પ્રદેશ નદી, નારી, ઘોડા, સોમનાથ મહાદેવ તથા દ્વારકાધીશનાં દર્શન માટે પ્રખ્યાત છે.

- **અપભ્રંશ નામો :**

“સૌરાષ્ટ્રનું સોરઠ થયું અને પ્રચલિત થઈ ગયું, પરંતુ વિદેશી પ્રવાસીઓએ તેને સીરાષ્ટ્ર, સાયરાષ્ટ્રની, સુરથ, સુરહ, સુરઠા, સુલૈચા, એવા નામો પણ આપ્યાં છે.”[૧૪] પાણિનિના કાળમાં શુદ્ધ સંસ્કૃત લખાતું. નગરો અને ગામડાંઓના નામો પણ શુદ્ધ સંસ્કૃત હતાં. પરંતુ ગ્રીકો, આરબો અને અન્ય પરદેશી પ્રવાસીઓ અને લેખકોએ

સૌરાષ્ટ્ર નામ વિકૃત સ્વરૂપે ઉચ્ચાર્યુ અને તેને સોરઠ કહ્યું. તે સાથે સંસ્કૃતનું સ્થાન પ્રાકૃતે લીધું ત્યારે પણ સૌરાષ્ટ્રનું નામ સુરહ, સુરહા કે સોરઠ થઈ ગયું.

- **સૌરાષ્ટ્રપ્રદેશ - સંસ્કૃતિ અને પ્રજા :**

સૌરાષ્ટ્રમાં જુદા જુદા સમયે અને જુદા જુદા પ્રદેશમાંથી આવેલી પ્રજાઓ પોત-પોતાની સંસ્કૃતિ પણ સાથે લાવેલી. આદર-સત્કાર, ઔદાર્ય અને સખાવતના ઉમદા સંસ્કારો આવ્યાં. સૌરાષ્ટ્રમાં લોકજીવનમાં તેમના પહેરવેશો, રહેઠાણો, ઘરખોરડાં, વ્રતો, ઉત્સવો, શણગારો, લીપણ, પ્રતીકો, ચિત્રો, ભીતચિત્રો, લગ્ન પ્રસંગ જેવા રિવાજોમાં લોકગીતોમાં દષ્ટિગોચર થાય છે.

"ઈ.સ. ૭૯૬માં શત્રુંજ્ય મહાતીર્થ નામના ગ્રંથમાં શ્રીધનેશ્વર સુરિએ તે સમયના સૌરાષ્ટ્રનું વર્ણન કર્યું છે. તેઓ લખે છે કે ભારત ખંડના સર્વ દેશોમાં આ રાષ્ટ્ર મુખ્ય છે. આ દેશમાં નીતિપ્રિય લોકો વસે છે. અહીં અલ્પવૃષ્ટિ થાય છે. છતાં ધાન્ય પાકે છે. ભૂમિ રસકસથી ભરપૂર છે. ખનિજો પણ અહીં વિપુલ પ્રમાણમાં છે. નદીઓ નિરંતર પ્રવાહવાળી છે. સરોવરો ઠેકઠેકાણે છે. તે પાણીથી પુષ્કળ ભરેલા છે. ઉષ્ણ અને શીતળ જળના કુંડો છે. સૌરાષ્ટ્રના વનો અને પર્વતોમાં કિંમતી ઔષધિઓ થાય છે. વૃક્ષોમાં સુંદર ફળો થાય છે. અહીની માટી પણ પ્રભાવશાળી છે. સૌરાષ્ટ્રનાં કિનારે ફરતો રત્નાકર છે."[૧૫]

પ્રાચીનકાળથી સૌરાષ્ટ્રની ધરતી પર અસંખ્ય સાગર ખેડૂતોએ દરિયો ખૂંદી પરદેશો સાથે સંપર્ક સ્થાપિત કર્યો હતો. સૌરાષ્ટ્રની સોહામણી ધરતી પર કાળાંતરે ગૌજીવન કૃષિજીવન અને વેપાર વાણિજ્ય ધમધમતા થયા હતાં. પ્રજા સુખી અને સમૃદ્ધ હતી. સૌરાષ્ટ્રમાં ભાષા નહીં પણ બોલીની ભિન્નતા સ્પષ્ટ જોવા મળે છે. સૌરાષ્ટ્ર એક મોટો વિસ્તાર ગણવામાં આવતો હતો. તેમાં જુદા જુદા પંથક જોવા મળે છે.જેવા કે ડાંગો, બરડો, ગીર, નાઘેર, પંચાળ, ભાલ વગેરે આ દરેક પંથક એક સ્વતંત્ર નાનકડું સાંસ્કૃતિક એકમ છે. આવા પંથક પ્રમાણેની ભિન્નતા પણ સ્પષ્ટ જોવા

મળે છે. એવી જ રીતે જમીનના ભોગવટાની ભિન્નતા, ખેતીની રીતમાં તફાવત, પાક લેવાની બાબતમાં જુદાપણું, રીત-રિવાજોમાં વૈવિધ્ય, જ્ઞાતિગત ભેદભાવ અને ધાર્મિક સાંપ્રદાયિક વિરોધાભાસ સહજ રીતે જોવા મળે છે. એટલે કે જે રીતે ભારત માટે કહીએ કે વિવિધતામાં એકતા દશ્યમાન થાય છે. આ વિધાન સૌરાષ્ટ્ર માટે પણ એટલું જ સાચું છે.

- **સૌરાષ્ટ્રની ખેતી લાયક જમીન અને પાકો :**

"સૌરાષ્ટ્રમાં કુલ ૬૪,૩૩૮ ચોરસ કિલોમીટર જમીન આવેલી છે. તેમાં ખેતી લાયક જમીન અંદાજે ૫,૫૮,૩૨૦ હેકટર જમીન છે અને ૩૮,૫૯૦ હેકટર જમીન જંગલો હેઠળ છે. અંદાજે ૧૪,૮૦,૧૦૦ હેકટર જમીનમાં ખાદ્યપાકો લેવાય છે. જ્યાર અંદાજે ૨૮,૩૫,૯૦૦ હેકટર જમીનમાં બિનખાદ્ય પાકો લેવાય છે. તેમાં સૌથી વધારે મગફળીનું ઉત્પાદન જૂનાગઢ જિલ્લામાં વધારે થાય છે. અંદાજે ૪,૭૮,૮૦૦ હેકટર જમીનમાં મગફળી થાય છે અને અંદાજે ૪૩,૯૦૦ હેકટર જમીનમાં શેરડી વવાય છે. તેમજ અંદાજે ૬૧,૨૦૩ હેકટર જમીન હેઠળ કપાસનો પાક લેવાય છે. ૧૬% જમીનને સિંચાઈની સગવડ મળે છે. સૌરાષ્ટ્રમાં કુલ ૭૧ નદીઓ છે. જે ગુજરાતની નદીઓની સરખામણીમાં ઘણી છે. છતાં ગુજરાત કરતાં સૌરાષ્ટ્રમાં સિંચાઈની સગવડ ઓછી છે. કારણ કે સૌરાષ્ટ્રમાં બારમાસી નદીઓ નથી."[૧૬]

- **સૌરાષ્ટ્રમાં ખેતી સાથે સંકળાયેલી કોમો :**

''સૌરાષ્ટ્રમાં ખેતી સાથે કુલ ૧૬ જ્ઞાતિ સંકળાયેલી છે, જેમાં પટેલ, ખાંટ, આહિર, રાજપૂત, બાવાજી, કોળી, ઠાકુર, દરબાર, કુંભાર, તરગાળા, વાણંદ, રબારી, બ્રાહ્મણ, ભરવાડ, હરિજન, સંધી વગેરે જ્ઞાતિઓમાં પ્રથમ ક્રમે પટેલો ત્યારબાદ બીજા ક્રમે દરબારો અને ત્રીજા ક્રમે આહિરો આવે છે.''[૧૭]

## ● સૌરાષ્ટ્રનું વિવિધ દ્દષ્ટિએ મહત્ત્વ :

ભારત વર્ષના રાજકીય, સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક ઈતિહાસમાં સૌરાષ્ટ્રનું સ્થાન વિશિષ્ટ છે. જેમ કે, ગુજરાતના રાજકારણમાં સૌરાષ્ટ્રનો મોટો અને અમૂલ્ય ફાળો છે. અને સૌરાષ્ટ્રે અનેક રાજકીય મહાનુભાવો આપ્યાં છે. જેવા કે ગાંધીજી,ફુલચંદભાઈ,ઉ.ન.ઢેબર,રતુભાઈ અદાણી, બળવંત મહેતા વગેરે સૌરાષ્ટ્રના હતા. અને સ્વાતંત્ર્યની લડતમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. આમ રાજકીય ક્ષેત્રે સૌરાષ્ટ્રે અનેક મહાનુભાવો પૂરા પાડી રાજ્ય તથા કેન્દ્ર સુધી સૌરાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.

## ● આર્થિક દ્દષ્ટિએ મહત્ત્વ :

‘‘સૌરાષ્ટ્ર પ્રાચીન સમયથી જ અતિ સમૃદ્ધ દેશ ગણાતો હતો. અહીં નવલખી બંદર જેવા ધીકતા બંદરો હતા. તો સાથે સાથે ખેતી સમૃદ્ધ હોવાથી અનાજનું ઉત્પાદન પણ સારા પ્રમાણમાં થતું હતું. ખેતીના વિકાસ પ્રત્યે રાજ્ય તરફથી પૂરતું ધ્યાન અપાતું હતું. વ્યાપારી દ્દષ્ટિએ સૌરાષ્ટ્ર સમૃદ્ધ હતું. સોમનાથ ધીકતું બંદર હતું. જાડું કાપડ, આમળા, સૂંઠ વગેરે વિદેશમાં મોકલવામાં આવતા અને ત્યાંથી ધાતુની બનાવટો વગેરે સૌરાષ્ટ્રમાં લવાતા હતા. આ ઉપરાંત સોપારી, કાપડ, અકીક અને રૂપું વગેરેના ઉદ્યોગો પણ વિકાસ પામ્યા હતા.’’[૧૮] આમ મધ્યયુગ દરમ્યાન સૌરાષ્ટ્રમાં અર્થતંત્રનાં ત્રણેય પાસાંઓનો વિકાસ થયો હતો.

## ● સામાજિક દ્દષ્ટિએ મહત્ત્વ :

પ્રાચીન સમયથી સૌરાષ્ટ્રમાં સામાજિક દ્દષ્ટિએ અનેક પરિવર્તનો આવ્યાં છે. આ સમય દરમ્યાન વર્ણવ્યવસ્થા વિદ્યમાન હતી. સમાજમાં અનુલોમ લગ્નની છુટ હતી. પુરુષ અને સ્ત્રીઓ મોટેભાગે સિવ્યા વિનાના સુતરના, ઉનના કે રેશમના વસ્ત્રો પહેરતાં. ઉચ્ચવર્ગના પુરુષો મોટેભાગે બે વસ્ત્રો, એક ધોતિયું અને બીજું માથે

ઓઢવાનું પહેરતાં અને માથે બાંધવા માટે કપડું લેતા, જ્યારે સ્ત્રીઓ શરીરના નીચલા ભાગ ફરતું એક વસ્ત્ર વીંટતા અને ઉપરના ભાગને વસ્ત્રથી ઢાંકતી. સ્ત્રીઓ અને પુરુષો લાંબા વાળના શોખીન હતા. ખાન-પાનની બાબતમાં આ સમયની પ્રજા ખૂબ જ શોખીન હોવી જોઈએ. કેમ કે, તેના ઘણા ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં છે. સમય જતાં સમાજજીવનમાં પરિવર્તન આવ્યાં. મુસ્લીમ શાસકોનાં સમયમાં સમાજજીવન જડ બની ગયું અનેક દૂષણો પ્રવેશ્યા. પરિણામે સ્ત્રીઓની સ્થિતિ અત્યંત દયનીય બની. રૂઢિચુસ્તતા, ધર્મ વિષયક અંધશ્રદ્ધા તથા અન્ય કુરુઢિઓ જેવા સામાજિક ક્ષેત્રે દૂષણો પ્રવેશ્યા. પરિણામે ૧૯મી સદીમાં ભારતના અન્ય પ્રાંતના સમાજસુધારકોની જેમ ગુજરાતના સમાજ સુધારકોએ પણ સમાજ સુધારણા માટેના પ્રયત્નો કર્યા તેમાંથી સૌરાષ્ટ્ર પણ બાકાત રહ્યું નથી. સૌરાષ્ટ્રના દેશી રજવાડાંના રાજવીઓ જેવા કે ગોંડલ સ્ટેટના ભગવતસિંહજી,ભાવનગર સ્ટેટના કૃષ્ણસિંહજી, જશવંતસિંહજી, જૂનાગઢના બાબીવંશના શાસકો, દિવાનો, બ્રિટિશ પોલીટીકલ એજન્ટો વગેરે તેમજ સૌરાષ્ટ્રમાં સામાજિક ક્ષેત્રે સમાજસુધારકોમાં મણિશંકર કિકાણી તથા કરસનદાસ મુળજી જેવા સમાજસુધારકોએ સમાજસુધારણા માટેના નોંધપાત્ર પ્રયત્નો કર્યા. સમાજના કેટલાક અમાનુષી રિવાજો જેવા કે કન્યાને દૂધપીતી કરવાના રિવાજ ઉપર પ્રતિબંધ મુકાયો. અને જો કોઈ આમ કરે તો તેની પાસેથી બાળહત્યા નિષેધ ફંડ રૂપે રકમ લેવામાં આવતી હતી. પરિણામે બાળહત્યા નાબૂદીમાં સૌરાષ્ટ્રને સફળતા મળી હતી.[૧૯]

સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સંતો અને શૂરાઓની ભૂમિ અહીં પ્રાચીન સમયથી અનેક મંદિરોનું નિર્માણ થયું હતું. જેમ કે, સોમનાથનું મંદિર. સમય જતાં મુસ્લીમ આક્રમણખોરોએ ધર્મ પરિવર્તન માટેના પ્રયત્નો કર્યા હતા. છતાં હિન્દુસમાજે પોતાના ધર્મને ટકાવી રાખવા માટે પોતાના પ્રાણની આહુતિ આપીને મંદિરનું રક્ષણ કર્યુ હતું. તેની સાક્ષીરૂપે આજે અનેક પાળીયાઓ ઊભા છે. દા.ત. સોમનાથ

મંદિરના પટાંગણોમાં ઊભેલા પાળીયાઓ સોમનાથ મંદિરની રક્ષા માટે મુસ્લીમ સૈનિકોની સામે લડતાં લડતાં વીરગતિને પામેલા હમીરસિંહજી ગોહિલનો છે.

આ સમય દરમ્યાન ભકત કવિઓએ પોતાની કૃતિઓ દ્વારા ભકિતનો મહિમા ફેલાવવા માટેના પ્રયત્નો કર્યા હતા. જેમકે નરસિંહ મહેતા, ભોજા ભગત, ગંગાસતી વગેરે અનેક સંતોએ ''રોટીમાં રામ અને ભોજનમાં ભગવાન'' સૂત્રને સાર્થક કર્યુ અને એ રીતે પ્રજાને ધર્મનો સાચો રસ્તો બતાવ્યો.

## (૪) રાજકોટ શહેરનો પરિચય :

''સૌરાષ્ટ્રનું ઔદ્યોગિક કેન્દ્ર એટલે રાજકોટ, રાષ્ટ્રની સૌ પ્રથમ ઔદ્યોગિક વસાહત ભક્તિનગર, ઉદ્યોગનગર રાજકોટમાં જ સ્થપાયેલ ડિઝલ એન્જિન ઉત્પાદન ક્ષેત્રે રાજકોટનું પ્રદાન દેશભરમાં બહુ મોટું છે. એવું જ રાજકોટની સોના ચાંદીની બજારનું છે. રાજકોટની સોના ચાંદીની કારીગરી દેશ-પરદેશમાં મશહુર છે. લઘુ ઉદ્યોગ ક્ષેત્રે રાજકીય શહેરનું નામ રાષ્ટ્રભરમાં જાણીતું છે. રળીયામણું રાજકોટ ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી ધમધમતું રાજકોટ. સાંસ્કૃતિક કલા અને રમતગમતની પ્રવૃત્તિઓથી સતત કાર્યરત રહેતું, રાજકોટ સૌરાષ્ટ્રમાં કેન્દ્ર સમું છે. લાખાજીરાજ રોડ પરનો કબાગાંધીનો ડેલો આજે ગાંધીસ્મૃતિ તરીકે ઓળખાય છે. શહેરનો જ્યુબેલી બાગ અને એમાં આવેલી ભવ્ય ઈમારતમાં એકબાજુ સો વર્ષ જૂની લેંગ લાયબ્રેરી છે. તો બીજી બાજુ એટલું જ જૂનું વોટસન મ્યુઝિયમ છે. આ મ્યુઝિયમમાં આઝાદી પહેલાના કાઠીયાવાડના જૂના રજવાડાઓની યાદી તાજી કરાવતી કૃતિઓ અને વસ્તુઓ જોવા મળે છે.

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિભાગ અને તેના છ જિલ્લાઓમાં રાજકોટ જિલ્લો તથા શહેર સૌરાષ્ટ્રમાં લગભગ મધ્યમમાં આવેલ છે. રાજકોટ સૌ પ્રથમ આજી નદીના કિનારે વસ્યું અને આજે શહેરનો વિસ્તાર એટલો થયો છે કે તે નદી શહેરની મધ્યમાં વહેવા લાગી છે. મળતી માહિતીના આધારે એમ કહી શકાય કે આ આશરે ૧૭મી સદીના પ્રથમ દશકામાં એક નાનો નેશ (માલધારીઓનો વસવાટ) હતો.

ઈ.સ.૧૬૧૦ માં રાજકોટની સ્થાપના થઈ તે પહેલા રાજકોટથી ૪૦ કિ.મી. દૂર સરધાર નામનું નાનું રજવાડું હતું. રાજકોટની આબોહવા એકંદરે ખુશનુમાં છે. રાજકોટની આબોહવા વિશિષ્ટ છે. રાજકોટમાં દિવસે તાપમાન ઊંચું હોય છે. પરંતુ રાત્રી ઠંડકભરી અને આહલાદક હોય છે. વરસાદ સરેરાશ ૬૨૦ મી.મી. હોય છે. આથી પાણીની અછત રાજકોટ વાસીઓને અવારનવાર અનુભવી પડે છે. છતાં રાજકોટવાસીઓ જીવનને સંપૂર્ણ રીતે જાણે છે. એમ કહી શકાય રાજકોટ આ આબોહવા વચ્ચે રાતદીન વિકાસ પામી રહ્યું છે. વર્તમાન સમયમાં ગુજરાત ભારતના નકશા પર વિકાસશીલ રાજ્ય તરીકે જે રીતે ઉપસી રહ્યું છે. તેમાં રાજકોટનો ફાળો નોંધપાત્ર છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણની  પ્રક્રિયા રાજકોટમાં બહુ જ ઝડપી જોવા મળે છે. ભૌગોલિક સ્થાનને કારણે રાજકોટ સૌરાષ્ટ્રનું કેન્દ્ર બની ગયું છે. વ્યાપાર-વાણિજ્ય અને ઉત્પાદનના ક્ષેત્રે રાજકોટ હરણફાળ ભરી રહ્યું છે.

ઓઈલ એન્જિનના ઉત્પાદનમાં રાજકોટ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત ઘરઘંટી અને ઓટોમોબાઈલ પાર્ટસનું પણ બહોળા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. રાજકોટની આજુબાજુના વિસ્તારોમાં બામણબોર, શાપર, મેટોડા, કુવાડવા વગેરે જેવી અનેક ઔદ્યોગિક વસાહતો વિકસી છે. રાજકોટમાં મહિલાગૃહ ઉદ્યોગો પણ વિશાળ પાયા પર વિકસેલો છે. સીંગતેલ ઉત્પાદનક્ષેત્રે પણ રાજકોટ પાછળ રહ્યું નથી. સાડી ઉદ્યોગ પણ રાજકોટમાં વિકસેલ છે. પેડક વિસ્તાર તેમજ રાષ્ટ્રીયશાળામાં બનતા હાથવણાટનાં પટોળા પણ ભારતમાં તેમજ વિશ્વમાં ખ્યાતિ પામેલા છે. સોના ચાંદીના અલંકારોના ક્ષેત્રે રાજકોટે દેશ વિદેશમાં નામના મેળવી છે.સંચાર માધ્યમોમાં પ્રાઈવેટ ટેલિફોન એક્ષચેઈન્જ બહુ જ ઝડપથી શરૂ થઈ રહ્યું છે. રાજકોટ રંગીલા શહેર તરીકે અને રાજકોટની પ્રજા રંગીલી પ્રજા તરીકે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.'[૨૦]

૧૯૯૦થી સૌરાષ્ટ્રનું એક માત્ર ફનવર્લ્ડ રાજકોટમાં શરૂ થયેલ છે. રાજકોટની મુખ્ય નદી આજી પર બાંધવામાં આવેલો બંધ રાજકોટની પ્રજાને તરસ છીપાવવા માટે ઉપયોગી તો છે જ. પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી તેનો એક પર્યટનના સ્થળ તરીકે પણ

સારો એવો વિકાસ થયો છે. આ માટે ત્યાં ‘દિનદયાળ પાર્ક’ નામે ઓળખાતો બગીચો પ્રાણીઘર, પક્ષીઘર, મગર ઉછેર કેન્દ્ર, અરિસાઘર વગેરે વિકસાવવામાં આવ્યાં છે.

‘‘૧૯૪૭માં દેશ સ્વતંત્રતા પ્રાપ્ત કરી સૌરાષ્ટ્ર સરકારે ૧૯૪૯માં સુધરાઈ રચવાનો વટહુકમ પ્રસિદ્ધ કર્યો અને પરિણામરૂપે ૨૦-૦૯-૪૯ના રોજ પ્રથમ લોક નિયુક્તિની સુધરાઈની રચના થઈ. આ સુધરાઈ બે વખત સુપર સીડ થયા બાદ ૧૯૫૭ માં ફરી ચુંટણી બાદ સુધરાઈ કાર્યરત થઈ.’’[૨૧]

૧૯-૧૧-૧૯૭૩થી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના થઈ. કોર્પોરેશનના પ્રથમ મેયર શ્રી રમેશભાઈ એમ. છાયા બન્યાં ૧૯૯૫માં શ્રીમતી ભાવનાબેન જોષીપુરા પ્રથમ મહિલા મેયરનું સન્માન પામ્યાં. રાજકોટમાં વિવિધ પ્રાંતના લોકો આવીને વસ્યા છે. આંતરરાષ્ટ્રીય નકશા પર પોતાનું સ્થાન બનાવવા અને વિકાસ પથપર આગળ વધવા માટેની શિક્ષણની અનિવાર્યતાને રાજકોટની પ્રજા સ્વીકારે છે. રાજકોટ અત્યંત વિકાસશીલ શહેર છે. રાજકોટમાં કાર્યરત લોકોમાં સ્ત્રીનું પ્રમાણ નોંધપાત્ર જણાયું છે.

‘‘ઈ.સ. ૧૬૧૦માં રાજકોટની સ્થાપના થઈ ત્યાર પહેલા રાજકોટથી ૪૦ કિલોમીટર દૂર સરધાર નામનું રજવાડું હતું. એકવાર સરધાર પર એક સુબાએ હુમલો કરી ગાદી પચાવી પાડી એટલે સરધારના રાજવી વિભાજી ગાદી પાછી મેળવવા માટે પોતાના બે મિત્રો મૂળુ લાંગા અને રાજુ સંધી સાથે દિલ્હી ગયા. તે વખતે દિલ્હીમાં જહાંગીરનું રાજ હતું. એમ કહેવાય છે કે વિભાજીને કેટલોક સમય જહાંગીરના મહેલમાં નોકરી કરવી પડેલી તેઓએ પોતાની ફરજ, નીતિમત્તા, પ્રમાણિકતા અને સચ્ચાઈથી બજાવી તેથી જહાંગીર પ્રસન્ન થયો અને વિભાજીને જે માંગવું હોય તે માંગવા કહ્યું. વિભાજીને આટલું જ જોઈતું હતું. તેણે દિલ્હીની સફર એક જ મકસદથી ખેડી હતી, તેથી વિભાજીએ સરધારની ગાદી પાછી મેળવવા માટે સનદ આપવાની વિનંતી કરી. બાદશાહે ખુશ થઈને સરધાર કબજે કરનાર સુબાને કાગળ લખીને રાજ પાછું સોંપી દેવાનું જણાવ્યું. સરધાર પાછા આવીને વિભાજી ગાદી પર બેઠાં ત્યારે

દિલ્હીથી સાથે આવેલા તેમના મિત્ર રાજુસંધી પર ખુશ થઈને સરધારથી થોડે દૂર જમીન આપી હતી. એ જમીનના ટૂકડા પર રાજુ અને તેના કબીલાએ વસવાટ કરવા માંડયો. એટલે તેને 'રાજુનો નેશ' ગણવામાં આવતો. થોડાં વર્ષો બાદ રાજધાની વસાવવાનો નિર્ણય આવતા હાલનું રાજકોટ શહેર અસ્તિત્વમાં આવેલું છે. તે જમીન ઉદ્યોગ-ધંધા માટે અનુકૂળ લાગતા તેની રાજધાની તરીકે પસંદગી થઈ હતી. આ જગ્યામાં રાજુ સંધીનો નેશ વસતો હોવાથી તેની યાદગીરી હંમેશા જળવાઈ રહે તે હેતુથી નવી ઊભી કરાયેલી રાજધાનીને રાજકોટનું નામાભિધાન મળેલું.

રાજકોટ બહુ થોડા સમય માટે 'માસુમાબાદ' તરીકે પણ ગણાવાયું છે તે અંગેની ઐતિહાસિક બાબત આ રીતે છે.''ઈ.સ. ૧૭૨૦માં માસુમખાન નામના સરદારે રાજકોટ પર આક્રમણ કર્યું. માસુમખાનનાં આક્રમણ સામે રક્ષણ કરતાં મેરામણજીએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. માસુમખાને રાજકોટને માસુમાબાદ નામ આપ્યું. મેરામણજીનાં કુંવરોએ માસુમખાન સામે બહારવટું પોકાર્યું. છેવટે ૧૨ વર્ષ પછી ૧૭૩૨ની સાલમાં પાટવી કુંવર રણમલજીએ માસુમખાનને મારીને રાજકોટ પાછું જીતી લીધું અને રાજકોટનું માસુમાબાદ નામ ભૂંસાઈ ગયું.'' ત્યારથી આજપર્યન્ત આ શહેર રાજકોટના નામે ઓળખાય છે.

- **રાજકોટની યાદગાર ઐતિહાસિક તવારિખ :**

ઈતિહાસ અને સંસ્કૃતિ આ બંને બાબતો પ્રત્યેક રાષ્ટ્ર માટે મહામૂલી ગણવામાં આવે છે. અત્યારે વિકાસના પંથે હરણફાળ ભરી રહેલા રાજકોટની જ વાત કરીએ તો તેનો પ્રાચીન તેમજ મધ્યકાલીન ઈતિહાસ આપણી પાસે છે જ નહી. છતાંયે ઈતિહાસની વિવિધ બાબતોને પૂર્વાપર સંબંધ બાંધી ભવ્ય ભૂતકાળના થોડા તાંતણે બાંધવાનો પ્રયત્ન કરીએ.

- ''૧૯૬૦માં ઠાકોર વિભાજીએ રાજકોટની સ્થાપના કરી સૌરાષ્ટ્રના હૃદય સ્થાને રહેલ આ નગરીને પોતાનાં કાલ પ્રવાહનાં અજોડ આરોહણો, અવરોહણો નિહાળ્યાં છે.

- ૧૭૨૦માં માસુખાને રાજકોટને જીતીને તેને માસુમમાબાદ નામ આપ્યું હતું.
- ૧૭૩૨માં રણમલજીએ માસુમખાનને મારી ફરી રાજકોટને જૂનું નામ આપ્યું.
- ૧૮૨૦ અંગ્રેજ શાસને રાજકોટમાં કોઠી તથા લશ્કરી છાવણી નાંખી હતી.
- ૧૮૮૯-માં વાંકાનેર સાથે રાજકોટનું રેલવે જોડાણ થયું હતું.
- ૧૯૨૧માં કાઠીયાવાડમાં રાજકીય પરિષદનું અધિવેશન રાજકોટમાં ભરાયું.
- ૧૯૨૪માં રવીન્દ્રનાથ ટાગોરે રાજકોટની મુલાકાત લીધી હતી.
- ૧૯૨૫ માં રાષ્ટ્રીય શાળાના ઉદ્‌ઘાટન સમારંભમાં મહાત્મા ગાંધીજી ઉપસ્થિત રહ્યા હતાં.
- ૧૯૪૯માં ૧લી ઓકટોબરે રાજકોટની પ્રજાએ ચૂંટણી દ્વારા સુધરાઈની સ્થાપના કરી હતી.
- ૧૯૫૫માં રાજકોટને રેડિયો સ્ટેશનની સ્થાપનાનો લાભ મળ્યો.
- ૧૯૮૪માં રાજકોટમાં ટી.વી. કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- ૧૯૯૬માં પ્રથમ વખત ક્રિકેટ વનડે ઈન્ટરનેશનલ યોજાઈ.''[૨૨]

## ૨.૧૩ ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં અગત્યનાં પદોની વ્યાખ્યા આપવામાં આવી છે. આ ઉપરાંત વિકલાંગોની સમસ્યાનું મહત્ત્વ વિકલાંગતાના કારણો તેમજ વિકલાંગો માટે કાર્ય કરતી સંસ્થાઓની સંખ્યા વગેરે માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત વિકલાંગધારો-૧૯૯૫. વિકલાંગોની રોજગારલક્ષી બાબતો, વિકલાંગોને રોજગારી લક્ષી તાલીમ આપતી સંસ્થાઓ તેમજ વિકલાંગોને જીવનસાથીની પસંદગી માટે મદદરૂપ થતી સંસ્થાઓ વગેરેનો આ પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# સંદર્ભસૂચિ


૧. વિકલાંગ વ્યક્તિઓનો ધારો - ૧૯૯૫.સંપાદક : જ. ઈ. ગઠીઆવાળા
પ્રકાશક : અંધજન મંડળ (બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન),અમ.આવૃત્તિ : ૨૦૦૫.

૨. વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ.સંકલનઃસૈયદ ઈનાયતઅલી.
પ્રકાશક : માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય.આવૃત્તિ : ૧૯૯૯.

૩. ગુજરાત વિશ્વકોશ ખંડ-૬.લેખક : ઈન્દુમતી શાહ. પ્રકાશક : ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ.આવૃત્તિ : ૧૯૯૮. પૃ.૩૦૭.

૪. ગુજરાત વિશ્વકોશ. લેખક : રાજગોર શિવપ્રસાદ.પ્રકાશક : ગુજરાતી વિશ્વકોશ, ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ. આવૃત્તિ : ૧૯૯૮. પૃ.૩૦૩.

૫. ગુજરાત વિશ્વકોશ. લેખક : રાજગોર શિવપ્રસાદ.પ્રકાશક : ગુજરાતી વિશ્વકોશ, ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ. આવૃત્તિ : ૧૯૯૮. પૃ.૩૦૭.

૬. ગુજરાતી વિશ્વકોષ.પંડયા જી. બી., ગુજરાતી વિશ્વકોષ મંડળ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૧૯૯૮. પૃ.નં.૩૧૩.

૭. ગુજરાત વિશ્વકોશ ખંડ-૬.લેખક : ઈન્દુમતી શાહ. પ્રકાશક : ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ.આવૃત્તિ : ૧૯૯૮. પૃ.૩૧૦.

૮. 'પથિક' દવે આઈ.યુ. સૌરાષ્ટ્ર ખાસ અંક, અમદાવાદ, એપ્રિલ-મે.૧૯૬૯. પૃ.૩૩.

૯. પરીખ અને શાસ્ત્રી, સૌરાષ્ટ્ર ખાસ અંક, અમદાવાદ, એપ્રિલ-મે.૧૯૬૯. પૃ.૨૫૮.

૧૦. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', દેસાઈ શંભુપ્રસાદ. પૃ.૭.

૧૧. 'સૌરાષ્ટ્ર દર્પણ' નીતિ પ્રકાશ પ્રેસ. જાન્યુઆરી,૧૮૮૦. જૂનાગઢ. પૃ.૧૭.

૧૨. 'સૌરાષ્ટ્રની અસ્મિતા' યોગેશકુમાર, એડવર્ટાઈઝીંગ સર્વિસ, ભાવનગર- ૧૯૬૮.

૧૩. 'સૌરાષ્ટ્રની ગઈકાલ આજ અને આવતીકાલ'.ડૉ.જાની એસ.વી. સંપાદક રોહડિયા અંબાદાન. પ્રકાશનઃ ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, -૧૯૯૮. પૃ.૧૬.

૧૪. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' શંભુપ્રસાદ દેસાઈ. પૃ. ૩૬-૩૭.

૧૫. 'ગુજરાતનું સંસ્કૃત દર્શન'(પ્રાગઐતિહાસિક કાળથી આજ સુધી) મહેતા કુંજવિહારી યુ., સુરત.

૧૬. 'સૌરાષ્ટ્ર લેઉવા પટેલ જ્ઞાતિમાં આવેલ સામાજિક-આર્થિક અને શૈક્ષણિક પરિવર્તન'. તરપદા મંજુલાબેન, મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૨૦૧૧. પૃ.૧૧.

૧૭. Impact of Green Revolution, New Delhi-1999. Joshi M.V., A.P.H. Publishing. 1999. P. 75-76.

૧૮. 'ક્ષેત્રીયકાલીન ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ'. રસેસ જમીનદાર. પૃ.૬૯-૭૦.

૧૯. ‘કાઠિયાવાડ સર્વસંગ્રહ’. નર્મદાશંકર લાભશંકર, મુંબઈ-૧૮૮૬. પૃ.૬૬.

૨૦. ઈતિહાસની અટારીએથી. અશ્વિન જે. શીંગાળા, માહિતી ખાતુ, રાજકોટ- ૧૯૯૮.પૃ.૬.

૨૧. રાજકોટ ડિરેકટરી. અશ્વિન જે. શીંગાળા, જ્યેશ પબ્લિસીટી, રાજકોટ- ૧૯૬૧. પૃ.૭૭.

૨૨. ગુજરાત સમાચાર,અશ્વિન જે.શીંગાળા,વર્ષગાંઠ વિશેષાંક,રાજકોટ. જુલાઈ-૯૫.પૃ.૧ થી ૪.

## પ્રકરણ -૩

# પુરોગામી અભ્યાસો


૩.૧ પ્રસ્તાવના

૩.૨ પુરોગામી અભ્યાસો

૧. ડૉ. હરિભાઈ દેસાઈના અભ્યાસો

૨. ગુજરાત વિદ્યાપીઠમાં થયેલા અભ્યાસો

૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં થયેલા અભ્યાસો

૩.૩ ઉપસંહાર

## ૩.૧ પ્રસ્તાવના :

પ્રાચીન સમયથી જ માનવી સમાજના પ્રશ્નોમાં રસ લેતો આવ્યો છે. તથા સમાજની પ્રગતિ માટે પ્રયત્નશીલ રહ્યો છે. સમાજના સામાજિક પ્રશ્નોની સાચી માહિતી મેળવતા પહેલા જુદી જુદી પ્રયુક્તિઓ અજમાવતા ત્યારે મોજણી દ્વારા માહિતી મેળવતા. પ્રાચીન સમાજ સરળ હતો તેથી તે દ્વારા સાચી માહિતી મળતી, પરંતુ વર્તમાન સમાજ વિશાળ હોવાથી મોજણી દ્વારા સાચી માહિતી મેળવવી શક્ય નથી. સામાજિક સંશોધનનો વિકાસ ૧૯મી સદીના અંતમાં થયો ત્યાર બાદ સામાજિક ક્ષેત્રે સંશોધનની પ્રવૃત્તિઓનો ઝડપી વિકાસ થવા લાગ્યો. સામાન્ય રીતે કોઈપણ સંશોધન કરતા પહેલા તેના સંબંધિત સંશોધનનું જ્ઞાન મેળવવું જરૂરી છે. કેમ કે, અગાઉ થયેલા સંશોધનના અનુસંધાને તે પછીના સંશોધનકાર્ય હાથ ધરાય છે. અથવા તેમાં કોઈ પાસું વણખેડાયેલું હોય તેનો અભ્યાસ થાય છે. અને તે રીતે સંશોધન કાર્યની પ્રવૃત્તિ એક હંમેશા વહેતા ઝરણાની જેમ વહે છે. આથી સંશોધન ક્ષેત્ર વિસ્તરે છે. સાથે જ તે વિજ્ઞાનનો વિકાસ થાય છે. આ ઉપરથી એમ કહીએ તો પણ ચાલે કે કોઈપણ સંશોધન કરનારે પોતાના સંશોધન વિષય અંગે ભૂતકાળમાં શું શું થયું છે, તે તપાસી લેવું જોઈએ જે ખૂબ જરૂરી છે.

સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજશાસ્ત્રનાં જુદા જુદા વિષયોમાં સંશોધનો પર વધુ ધ્યાન કેન્દ્રિત થયું છે. સંશોધન એ ઊંચા પર્વત ઉપર ચઢવાના પ્રયાસ સમાન છે. એક શિખર, બીજું અને બીજા સાથે ત્રીજુ જોડાયેલું છે. સંશોધનો એકબીજા સાથે સાંકળીને તપાસવાનું જરૂરી છે. એ દૃષ્ટિએ પણ પુરોગામી સંશોધનનું અવલોકન જરૂરી છે. પૂર્વ અભ્યાસોના અવલોકનથી નીચે પ્રમાણે ફાયદા થાય છે.

(૧) પૂર્વ અભ્યાસોનું અવલોકન કરવાથી તે વિષયનો પૂરેપૂરો તાગ મેળવી શકાય છે. આ તાગથી કેટલું ખર્ચ થયું છે તેની જાણકારી થાય છે.

(૨) કઈ કઈ બાબતો વિશે હજુ સંશોધનો કરવાના બાકી છે તે જાણી શકાય છે. આ ઉપરાંત બાકી રહેલા ક્ષેત્ર તરફ ધ્યાન દોરી શકાય છે.

(૩) કોઈપણ સંશોધન છુટુંછવાયું હોઈ શકે નહિ. એ રીતે સંશોધન કરી શકાય નહિ. એકલા-અટુલા સંશોધનને વૈજ્ઞાનિકો સ્વીકારતા નથી. સંશોધનમાં એક બીજાને સાંકળીને ચોક્કસ પ્રકારે વિકાસ કરી શકાય. અહીં મારા સંશોધનનો વિષય ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ'' આ સંશોધન માટે અગાઉ થયેલા અભ્યાસો નીચે પ્રમાણે છે.

## ૩.૨ પુરોગામી અભ્યાસો :

આ સંદર્ભમાં સંશોધકે સર્વે ઓફ રિસર્ચ ઈન એજ્યુકેશનના શ્રી એમ.બી. બુચે સંપાદિત કરેલા ચાર-ચાર ગ્રંથ તપાસ્યા તેમાં પ્રથમ ગ્રંથ તપાસતા જ જાણવા મળ્યું કે જે સંશોધનો થયા છે તેમાં ખાસ કરીને શિક્ષણને લગતાં જ છે. અભ્યાસોમાં આ કે તે વિષયમાં, ગણિતમાં, વિજ્ઞાનમાં કે ગુજરાતીમાં નબળા વિદ્યાર્થીઓ અંગે વિષયની વિવિધ કસોટીઓ અંગે શિખવનારની મૂંઝવણો અંગે ઠીક ઠીક અભ્યાસો દર્શાવ્યા છે. પણ તેમાં લુલા-લગડાં, ઠુંઠા કે ઈત્તર વિકલાંગતાને લગતા અભ્યાસો ખાસ કંઈ દેખાતા નથી. તેમજ ઉચ્ચત્તર માધ્યમિકમાં ભણતાં વિકલાંગોની સમસ્યાઓ પર વધુ પ્રકાશ ફેંકાયો હોય તેમ જણાતું નથી. તેમ છતાં પણ ચારેય ગ્રંથોમાં જે જે સંશોધનોને દર્શાવવામાં આવ્યા છે તે આ સંશોધકને માર્ગદર્શક રૂપ સાબિત થયા છે.

### (૧) ડૉ. હરિભાઈ દેસાઈના અભ્યાસો :

ગુજરાતની યુનિવર્સિટીઓમાં છેલ્લા દાયકામાં શિક્ષણશાસ્ત્રમાં થયેલા (ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૦)ની એક ઝલક આપી છે. શ્રી દેસાઈએ સમગ્ર ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં શિક્ષણશાસ્ત્રમાં જે જે અભ્યાસો થયા છે તેની રસપ્રદ છણાવટ કરી છે. જેમાં, (૧) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (૨) એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.(૩) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.(૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (૫) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

આ પ્રસ્તુત સંશોધનના સંદર્ભે સંશોધકે એ જોવાનું છે કે તે જે ક્ષેત્રમાં સંશોધન કરે છે તે અન્ય સંશોધકે કર્યું તો નથી ને, અને જો થયું હોય તો કયારે ? કયાં ? અને કોણે ? કઈ પદવી માટે કર્યું છે. આ પુસ્તકનો વિગતવાર અભ્યાસ કરતા તેમાં અલગ અલગ વિભાગવાર માહિતી મળે છે. જેમાં ''વિદ્યાર્થીઓની સમસ્યા'' એ વિભાગ સંશોધકને સ્પર્શતો હોવાથી તેનો અભ્યાસ કર્યો છે. અને જે વિગતો જોવા મળી છે તે નીચે મુજબ છે.

૧. શ્રી કારભારી પી. કે.એ ઈ.સ. ૧૯૬૮ (ગુજરાત યુનિવર્સિટી)માં પૂર્વ પ્રાથમિક શાળાઓના બાળકોના અવલોકિત વર્તનનું પૃથક્કરણ રજૂ કર્યું છે.
૨. શ્રી તારામતી શાહે ઈ.સ.૧૯૬૬ (ગુજરાત યુનિવર્સિટી)માં રાજકોટના બાલમંદિરોમાં જતાં પાંચવર્ષથી નીચેની ઉંમરના બાળકોની વર્તનતરાહનો અભ્યાસ કર્યો છે. જો કે એમણે બાલમંદિરમાં ભણતાં વિકલાંગો ની કોઈ અલાયદી તરાહ પકડી નથી.
૩. એ જ રીતે શ્રી પંચાલ કે. સી.એ ઈ.સ. ૧૯૬૯ (સરદાર પટેલ યુનિવર્સિટી) માં મિશ્ર માધ્યમિક શાળાઓમાં ભણતાં તરૂણોના પ્રશ્નોની તપાસ કરી છે. પરંતુ એમાં વિકલાંગીની સમસ્યાને નજરમાં રાખી કોઈ અનોખી તપાસ ઉપાડી નથી.
૪. બીજી તરફ શ્રી માલિની મોદીએ ઈ.સ.૧૯૬૭ (ગુજરાત યુનિવર્સિટી)માં માધ્યમિક કન્યા શાળાઓમાં શ્રેણી ૧૦અને ૧૧માં અભ્યાસ કરતી બાળાઓ ને મુંજવતા પ્રશ્નોનું સર્વેક્ષણ કરી કેટલાક કિસ્સાઓમાં માર્ગદર્શન આપ્યું છે. તેમ છતાં અહીં પણ વિકલાંગીને મુંજવતા પ્રશ્નોની કોઈ વિશિષ્ટ છણાવટ કરી નથી કે ન તો કોઈ વિશિષ્ટ માર્ગદર્શન સૂચવ્યું છે.
૫. પંડયા જે.પી.એ ઈ.સ.૧૯૬૯ (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)માં છાત્રાલયમાં રહીને ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રશ્નો નું સર્વેક્ષણ કર્યું છે.છાત્રાલય અંગે ઠીક ઠીક છે,પણ વિકલાંગીના છાત્રાલય

-ની મુસિબતોને વ્યાખ્યાગત કરી નથી.

૬. એ જ રીતે ઓઝા યુ. એમ.એ ઈ.સ. ૧૯૬૬ (ગુજરાત યુનિવર્સિટી) માં જૂનાગઢ જિલ્લાની કેટલીક માધ્યમિક શાળાઓના ૧૧માં ધોરણમાં ભણતા તરૂણ-તરૂણીઓને સતાવતી તકલીફોનો અભ્યાસ કરી તેમના કેટલાક પ્રશ્નોને સલાહ-સૂચન વિધિ દ્વારા હલ કરવાનો પ્રયત્ન કર્યો છે. પણ વિકલાંગીની સમસ્યાના કોઈ સ્પષ્ટ હલ સૂચવ્યા નથી.

**(૨) ગુજરાત વિદ્યાપીઠ :**

ગુજરાત વિદ્યાપીઠમાં ઘણા વર્ષોથી સમાજકાર્ય -પારંગતનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. આથી સંશોધકને થયું કે, ગુજરાત વિદ્યાપીઠની અને ખાસ કરીને સમાજકાર્ય વિભાગની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ અને ત્યાં સમાજકાર્ય પારંગતના વિદ્યાર્થીઓ અભ્યાસના એક ભાગરૂપે જે સંશોધન કાર્ય કરી રહ્યા છે તેમાં કેવા કેવા ક્ષેત્રો પસંદ કરે છે ? તથા તેની આવા સંશોધન કરવાની શૈલી કેવી હોય છે ? તેના તારણોની રજૂઆત કેવી હોય છે ? તથા સમાજકાર્ય વિભાગના વિદ્વાન અધ્યાપકો તરફથી તેમને કેવી રીતે માર્ગદર્શન પૂરું પડાય છે વગેરે જાણવું જોઈએ.

વિદ્યાર્થી તરીકે જવા કરતા એક સંશોધક તરીકે જવું વધારે યોગ્ય લાગ્યું અને સમાજકાર્ય વિભાગની રૂબરૂ મુલાકાત લીધી.તેમજ પુસ્તકાલયની પણ રૂબરૂ મુલાકાત લીધી તેમાં સંશોધકે સૌ પ્રથમ તો પોતે જે વિષય પર કામ કરી રહ્યા છે. તેના અનુસંધાને કંઈક મળે તેવી અપેક્ષા રાખી રહ્યા હતા.અને આ માટે તેઓએ સમાજકાર્ય પારંગતના જે વિદ્યાર્થીઓએ જે જે ક્ષેત્રમાં સંશોધનો કર્યા હતા.તેને હાલમાં ૨૦૦૬ના વર્ષની યાદી મુજબથી જોવાનું શરૂ કર્યું, જેમાં છેક ૨૦૦૦સુધીના સમાજકાર્ય ભવનના વિદ્યાર્થીઓ તરફથી કરવામાં આવેલા સંશોધનો જોઈ નાખ્યાં. પરંતુ એક આશ્ચર્ય થયું કે તેમાં વિકલાંગીઓ માટે સીધે સીધો એક પણ લઘુશોધ નિબંધ જોવા મળ્યો ન હતો.

જેમાં ખાસ કરીને જોઈએ તો વિવિધ ક્ષેત્રોની સમસ્યાઓને ક્ષેત્ર તરીકે પસંદ કરી હતી જેમાં, ૧૯૯૫માં હસમુખભાઈ વ્યાસે ખંભાત તાલુકામાં સામાજિક ન્યાય

સમિતિના અમલનાં અવરોધક પરિબળો, ઈશ્વરભાઈ રબારીએ બાંધકામ ઉદ્યોગના અસંગઠિત ક્ષેત્રનાં કામદારોનો, હુરસિંગભાઈ રાઠવાએ છોટા ઉદેપુર તાલુકામાં કામ કરતાં આદિવાસી બાળમજૂરોનો તેમજ ૧૯૯૬માં દામિનિબેન ઝાલાએ દૃષ્ટિહિન દામ્પત્યજીવનની મથામણ, ગોવિંદભાઈ ઓઝાએ અમદાવાદ શહેરમાં બંધવા બાળમજૂરોનો, ભરતભાઈ પટેલે હિંમતનગરના બાળમજૂરોનો તેમજ ૧૯૯૭માં રોશન અગ્રવાલે સ્વાધ્યાય પ્રવૃત્તિ સંબંધી, ચંદ્રકલાબેન પટેલે કુપોષણવાળા બાળકોના સ્વાસ્થ્યની સમસ્યાઓનો તેમજ ૧૯૯૮માં જ્યોત્સનાબેન પટેલે દતક બાળકોના માતા-પિતાના વલણો અને વર્તનનો, નિલમબેન સોનીએ શહેરીકરણનો ભોગ બનેલા બાળકોની સમસ્યાઓનો,વર્ષાબેન જોષીએ સંકલિત બાળવિકાસ યોજનાના આંગણ વાડી કાર્યકર બહેનોની સમસ્યાઓનો, હેતલબેન પંચાલે મંદબુદ્ધિના બાળકોની કુટુંબમાં સમાયોજનની સમસ્યાઓનો અને હેમુભાઈ જાંબુડિયાએ HRD વિભાગ દ્વારા કામદારોના વિકાસ અંગેની કામગીરીનો અભ્યાસ કર્યો છે.

આ બધાં અભ્યાસોમાં વિકલાંગોને સ્પર્શતું એક પણ અધ્યયન નથી. એ જાણીને સંશોધકને અચંબો થયેલો પણ સાથોસાથ પોતાની વિષય પસંદગીના નાવિન્ય માટે હર્ષ પણ થયો.

### (૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઘણા બધા વિષયો પર સંશોધનો કરવામાં આવ્યા છે, જેમાં વિદ્યાર્થી સમસ્યાઓને પણ સારુ એવું મહત્ત્વ અપાયું છે. તેમ છતાં પણ સમાજકાર્ય ભવન તાજેતરમાં જ શરૂ થયું હોવાથી એ વિભાગમાં સંશોધનો ન થયા હોય તે જાણી-સમજી શકાય તેમ છે. સંશોધક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનનો જ વિદ્યાર્થી છે અને એને ખબર છે કે અન્ય કોઈ વિદ્યાર્થીએ આ વિષય પસંદ કર્યો નથી.

આમ છતાં પણ એ નોંધનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનની વિદ્યાર્થિની કુ. કિરણ તલસાણિયાએ એમ.ફીલ.ની પદવી માટે છેક

૧૯૮૯માં રાજકોટ અને ભાવનગર શહેરમાં અપંગોનો અભ્યાસ તેમની સામાજિક -આર્થિક પૃષ્ઠ ભૂમિકાના સંદર્ભમાં કર્યો હતો. અભ્યાસના હેતુઓમાં રાજકોટ અને ભાવનગર શહેરમાં આવેલી સંસ્થાઓમાં અભ્યાસ કરતા અપંગોની સામાજિક, આર્થિક પૃષ્ઠભૂમિકા તથા સમાજના અપંગો તરફના પ્રતિભાવો જાણવા અંગેનો હતો. અભ્યાસના ક્ષેત્ર તરીકે પાંચ સંસ્થાઓના સો નમૂનાના પાત્રોને સમાવવામાં આવ્યા હતા. દરેક સંસ્થામાંથી ૨૦ વિદ્યાર્થીઓને પસંદ કરેલા હતા. આ રીતે કુલ ૫૫ કુમારો અને ૪૫ કન્યાઓને નમૂનાના પાત્રોમાં સમાવવામાં આવ્યા હતા. ઉપકરણ તરીકે સ્વનિર્મિત પ્રશ્નાવલિ તથા સંસ્થાની રૂબરૂ મુલાકાતનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણો એવા હતા કે, અપંગ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ હતો કે તેમને નોકરી મળશે. ૯૦ % અપંગોના કુટુંબ પ્રત્યેના વલણો સંતોષજનક જણાઈ આવ્યા હતા. સમાજ પ્રત્યેના વલણોમાં અપંગ વિદ્યાર્થીઓ વધુ આત્મવિશ્વાસુ હતા.

૧૯૯૯માં રજૂ થયેલ આશાબેન ડી. ઝીબ્બાનો મહાશોધ નિબંધ અપંગ પર થોડો પ્રકાશ ફેંકે છે. એમણે ડૉ. પ્રવિણાબેન બુદ્ધદેવના માર્ગદર્શન નીચે આ મહાનિબંધ રજૂ કરેલો. તેમના મહાનિબંધનું શીર્ષક હતું '' અનુકૂલન, હતાશા, સિદ્ધિ અને સિદ્ધિ પ્રેરણાની સામાન્ય અને અપંગ વિદ્યાર્થીઓ પરની અસરોનો અભ્યાસ.''

એમણે ગુજરાતની વિવિધ સંસ્થાના ૧૯૯૬-૯૭ના વર્ષના ૪૩૬ અપંગ અને ૪૩૬ સામાન્ય વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે લઈને ઉપરોકત બાબતોનું અધ્યયન કરેલું. એમના તારણ નીચે પ્રમાણે હતા,

(૧) અપંગ કરતા સામાન્ય બાળકોની માનસિક અનુકૂલનની સરાસરી સંગીન રીતે વિશેષ હતી.

(૨) તેમાં પણ સંયુકત કુટુંબના બાળકોની માનસિકતા સરાસરી ઊંચી હતી.

(૩) આઠમાં ધોરણમાં ભણતા અપંગને મુકાબલે સામાન્ય બાળકોનું સરાસરી શાળાકીય અનુકૂલન સૂચક રીતે વિશેષ હતું.

(૪) જ્યારે શ્રેણી-૧૧ ના બાળકોનો તુલનાત્મક અભ્યાસ દેખાડે છે કે, અપંગ કરતા સામાન્ય વિદ્યાર્થીઓના સામાજિક અનુકૂલનની સરાસરી સકારણ ઊંચી હતી.

(૫) બેશક સામાન્ય કરતા અપંગોની હતાશાની સરાસરીની માત્રા વધુ હતી.

(૬) એ જ રીતે અપંગ કુમારો તથા ખાસ સંયુકત કુટુંબમાં ઉછરતા અપંગ કુમારોની સરેરાશ સિદ્ધિ પ્રેરણા સામાન્ય બાળકો કરતા સકારણ નીચી હતી. એકંદરે સંશોધકનો અભ્યાસ દેખાડે છે કે, એના બધા ચલની બાબતમાં અપંગો અને સામાન્ય બાળકો જુદા પડે છે.

અલબત્ત, આ અભ્યાસ સ્વયં તુલનાત્મક છે પણ એ અભ્યાસમાં વિકલાંગતા -ના કારણો શોધવાનો કોઈ ઉદ્દેશ્ય ન હતો. એ અભ્યાસ સૂચક જરૂર છે પણ પ્રસ્તુત સંશોધનના ઉદ્દેશ્ય તેનાથી સાવ અલગ છે.

છેલ્લે છેલ્લે મોડિયા મિલન એ ૨૦૦૮માં સમાજશાસ્ત્ર ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.ફિલ.ની ઉપાધિ માટે અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગોનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. જેમાં તેણીએ ફકત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા ભવનોમાં અભ્યાસ કરતાં વિવિધ વિષયના શારીરિક વિકલાંગીઓને ધ્યાનમાં રાખ્યા છે. અને તેમનાં મંતવ્યોમાં જાણવા મળે છે કે અનુસ્નાતક કક્ષાએ પહોંચેલા વિદ્યાર્થીઓ કે જેમાં બંને સ્ત્રી અને પુરૂષનો સમાવેશ થયો છે. તેઓ ૨૦ થી ૨૫ વર્ષની વયજૂથનાં જોવા મળ્યા છે. જે સામાન્ય વિદ્યાર્થીઓની આસપાસ છે. તેમજ તેમાં ૬૨ % પુરુષો છે એટલે કે ઉચ્ચ શિક્ષણ મેળવવામાં સ્ત્રીઓને તકલીફ પડતી હોય તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેમજ ૫૮ % વિદ્યાર્થીઓ ઉચ્ચ જ્ઞાતિના છે. તેનાં પરથી સ્પષ્ટ કરી શકાય કે તેઓની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સારી હોવાથી તેઓ અનુસ્નાતક કક્ષા સુધી પહોંચી શકયા છે. એટલે કે નિમ્ન જ્ઞાતિના વિદ્યાર્થીઓને તકલીફ પડે છે.

જ્યારે એક તારણ આશ્ચર્ય પમાડે તેવું પણ છે કે ૯૪ % વિદ્યાર્થીઓ અપરણિત છે. એટલે કે તેઓને યોગ્ય પાત્ર મેળવવામાં તકલીફ પડી રહી છે. તેમજ ધર્મના આધારે જાણવા મળ્યું છે કે અંદાજે ૯૦% વિદ્યાર્થીઓ હિન્દુ ધર્મના છે તે બાબત પણ સ્પષ્ટ થાય છે કે માનવતાની ભાવના તેમજ મદદરૂપ થવાની ભાવનાનું અને સંયુકત કુટુંબની ભાવના તેઓને અહીં સુધી પહોંચાડે છે. તેમજ ૬૦% વિકલાંગીઓ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. આથી સમજી શકાય કે તેઓ અનુસ્નાતક કક્ષાએ પહોંચવા માટેની પ્રાથમિક જરૂરિયાત એટલે કે સ્થાનિક નિવાસ ધરાવે છે. અને તેમાંના ૫૨ % વિકલાંગીઓ પોતાના ઘેર રહીને જ અભ્યાસ કરે છે. તે ઉપરથી કહી શકાય કે આવા વિકલાંગીઓને ઉચ્ચ અભ્યાસ માટેની ચોક્કસ સુવિધા મળી રહે છે માટે જ તેઓ આગળ વધી શકે છે.

અહીં નોંધનીય બાબત તેની સામાજિક તારણોની છે. જેમાં ૯૨ % વિદ્યાર્થીઓ ને તેમના માતા-પિતા તરફથી પ્રોત્સાહન મળે છે તેમજ બીજા તારણમાં ઉચ્ચ અભ્યાસ માટેનું ચોક્કસ માર્ગદર્શન તેઓને તેમના અધ્યાપકો અને મિત્રો મારફત મળે છે. તેમજ ૩૦ % ઉત્તરદાતાઓ ૯ કિ.મી. જેટલું અંતર કાપીને અભ્યાસ અર્થે આવે છે. જ્યારે ૨૨ % ઉત્તરદાતાઓ ૩ થી ૫ કિ.મી. જેટલું અંતર કાપીને અભ્યાસના સ્થળે પહોંચે છે અને આ માટે તેઓ બસ,રીક્ષા અથવા તો થ્રી વ્હીલર સ્કુટરનો ઉપયોગ કરે છે. આથી તેઓને આર્થિક રીતે પોસાય છે. તેથી તેઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે છે, જે સ્પષ્ટ થાય છે.

ખાસ કરીને વિકલાંગીઓમાંના ૩૮ % વિકલાંગીઓ પોતાનો નવરાશનો સમય મિત્રો સાથે પસાર કરે છે. જેથી કહી શકાય કે તેઓ મિલનસાર સ્વભાવ ધરાવે છે અને સામાજિક વલણ પણ વધારે ધરાવે છે અને ખાસ કરીને ૭૦% વિકલાંગીઓ અભ્યાસ સિવાય અન્ય કોઈ ઈત્તર પ્રવૃત્તિ સાથે જોડાયેલા નથી તે અહીં સ્પષ્ટ જોવા મળ્યું છે તેમજ ૯૮ % વિકલાંગીઓ સંદેશા વ્યવહાર માટે સેલ ફોનનો ઉપયોગ કરે છે. જે તેની આર્થિક સદ્ધરતા બતાવે છે તેમજ વિકલાંગીઓમાંના સૌથી વધારે

વિકલાંગીઓ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાનું વલણ જોવા મળ્યું છે. જે સ્વાભાવિક છે કારણ કે તેઓ શારીરિક વિકલાંગ છે. તેથી રમત-ગમતમાં ઓછો રસ દાખવતાં હોય. આમાંથી ૯૨ % વિકલાંગીઓ કૌટુંબિક જવાબદારી સંભાળવા માટે સક્ષમ છે તેમ જાણવા મળ્યું છે અને તેમાં પણ મુશ્કેલીના સમયે તેને કુટુંબીજનો જ વધારે ઉપયોગી થવાનું જાણવા મળે છે. અને ખાસ કરીને ૬૬% વિકલાંગીઓના લગ્ન અંગે તેમના માતા-પિતા ગંભીરતાથી વિચારે છે. આમ લગ્નની સમસ્યા અહીં જોવા મળે છે.

અહીં ૮૪ % વિકલાંગીઓ પોતાના કૌટુંબિક-સામાજિક પ્રસંગોમાં ભાગ લઈ શકે છે. જે તેમનો સમાજ-કુટુંબ પ્રત્યેનો હકારાત્મક અભિગમ બતાવે છે અને ૯૦% વિકલાંગીઓ છૂટથી હરવા-ફરવા જઈ શકે છે. તેમજ નોંધનીય બાબત એ છે કે ૭૪ % વિકલાંગીઓ વર્તમાન સમયને અનુરૂપ ફેશન અપનાવી શકતાં નથી. તેનાં માટે તેઓ તેમની વિકલાંગતાને જવાબદાર ગણે છે. અહીં આંતરજ્ઞાતિય લગ્નમાં માનવા વાળા ૫૦ - ૫૦ ટકા જોવા મળે છે જે બાબત બતાવે છે કે યોગ્ય પાત્ર મળે તો જ્ઞાતિબાધ રાખવો જોઈએ નહીં. તેમજ ઉચ્ચ શિક્ષિત હોવાનાં કારણે જ્ઞાતિને પ્રાધાન્ય આપતા ન હોય તેમ પણ બની શકે છે.

એ જ રીતે તેઓની આર્થિક બાબતોના તારણો પણ જોવા મળ્યા છે, જેમાં ૩૪% આર્થિક ઉપાર્જન કરે છે. તેમાં પણ શિક્ષણનાં વ્યવસાયને પ્રાધાન્ય આપે છે. જેમાં ૬૦%થી વધારેમાં વિકલાંગીઓની કૌટુંબિક આવક દસ હજારથી પણ વધારે છે. તેમાં પણ ૪૦% એવા છે જેમનાં ઘરમાં ફકત એક જ વ્યકિત કમાનાર છે. એટલે કે અહીં સંયુકત કુટુંબની ભાવના જોવા મળે છે. તેમજ ૮૨ % વિકલાંગીઓને કુટુંબમાંથી આવક પ્રાપ્ત થાય છે તેમજ ૪૮ % એવા છે કે જેને સરકારશ્રી તરફથી વિવિધ સહાય મળી રહે છે અને નોંધનીય બાબત એ છે કે ૬૮ % વિકલાંગીઓને રોજગારી મેળવવામાં ખૂબ જ તકલીફ પડે છે. તેમજ ૭૦ % વિકલાંગીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી મળશે કે નહીં તેનો ભય સતાવે છે.

આ અભ્યાસ માટે આ સંશોધનમાંથી થોડી ઘણી માહિતી મળી રહી છે જે નોંધપાત્ર છે.

આમ આ પુસ્તકોમાં એક પણ અભ્યાસ ઉચ્ચત્તર માધ્યમિકમાં ભણતા વિકલાંગોની સમસ્યાઓને લગતો નથી. એ જોઈને આશ્ચર્ય થયું તેમજ વણખેડાયેલા ક્ષેત્રોની યાદીમાં પણ આ વિષયનો અછડતો એવો ઉલ્લેખ કર્યો નથી. એ જોઈને વધુ આશ્ચર્ય થયું.

ખાસ કરીને જોઈએ તો સંશોધક સમાજશાસ્ત્રના સંદર્ભમાં સંશોધન કરવા ઈચ્છતા હોવાથી તેઓને આવા અભ્યાસોનો વધુ અનુભવ નથી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ આવા દષ્ટિકોણથી સંશોધનો બિલકુલ થયા નથી એ પણ એટલું જ વ્યાજબી છે. તેમજ આ અભિગમ સાવ જુદો હોવાથી શારીરિક વિકલાંગીઓની સમસ્યાઓને જાણવાનો મુખ્ય ઉદ્દેશ્ય સાબિત કરવા માટે જ સંશોધકે આ સંશોધન કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

બાકી વિકલાંગની અગત્યતા, વ્યાપકતા અને સમાજ કલ્યાણની ભાવનાએ વિકલાંગો માટે કેટલાંક રાજ્યોમાં વિકલાંગ ધારો પસાર કરાવ્યો છે. જેની ઝલક આગલા મુદ્દામા જોઈ ગયા. જો કે એના અમલની બાબતમાં ન તો પર્યાપ્ત જાગૃતિ છે, ન તો પર્યાપ્ત નિષ્ઠા છે, એટલે વાસ્તવમાં હજી અમલની રીતે ઘણું કરવાનું બાકી છે. તેની નોંધ લેવી આવશ્યક ખરી.

## ૩.૩ ઉપસંહાર :

આ પ્રકરણમાં વિકલાંગોને લગતાં જુદા જુદા અભ્યાસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂર્વે થયેલા અભ્યાસોના અભ્યાસ દ્વારા આ ક્ષેત્રોમાં કેટલું સંશોધન-ખેડાણ થયેલ છે તે જાણવા પ્રયાસ કર્યો છે. તેમજ કયા ક્ષેત્ર વણખેડાયેલ છે તે જાણવાનો પ્રયત્ન પણ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

| ક્રમ | સામાન્ય માહિતીના આધારે રજૂ કરેલા કોઠાઓની વિગતો |
|---|---|
| ૧ | વિકલાંગીની જ્ઞાતિ : (૧) સવર્ણ=૩૪ (૨)ઓ.બી.સી.=૭૬ (૩) એસ.સી.= ૬૨, (૪) એસ.ટી =૧૭ (૫) લઘુમતી કોમ = ૧૧. |
| ૨ | કુટુંબની વાર્ષિક આવક કેટલી છે ? : (૧)૩૦,૦૦૦ = ૨૦ (૨)૪૦,૦૦૦ = ૪૦ (૩)૫૦,૦૦૦=૩૦(૪)૬૦,૦૦૦=૪૫(૫)૨૦,૦૦૦=૨૦ (૬)૮૦,૦૦૦= ૨૫(૭) ૮૦,૦૦૦થી વધુ = ૨૦ |
| ૩ | માતા-પિતાનો અભ્યાસ : (૧) અભણ=૭૦(૨)પ્રાથમિક=૩૦(૩)માધ્યમિક = ૪૦ (૪) ઉચ્ચત્તર માધ્યમિક=૨૦(૫) સ્નાતક=૨૦ (૬) અનુસ્નાતક = ૨૦ |
| ૪ | માતા/પિતા હયાત : (૧)માતા હયાત = ૫૦ (૨) પિતા હયાત = ૪૦ (૩) માતા-પિતા હયાત છે = ૬૦ (૪) માતા-પિતા બંને હયાત નથી = ૫૦ |
| ૫ | કુટુંબનો પ્રકાર : (૧) સંયુકત = ૫૦ (૨) વિભકત = ૧૫૦ |
| ૬ | શાળાનો પ્રકાર : (૧) સરકારી = ૧૬૦ (૨) ખાનગી = ૪૦ |
| ૭ | ઘરથી શાળાનું અંતર કેટલું છે ? : (૧) ૧ થી ૫ કી.મી.થી ઓછું = ૧૩૦ (૨)૬ થી ૧૦ કી.મી.કે તેથી વધુ = ૭૦ |
| ૮ | કયાં ધોરણ સુધી અભ્યાસ કરવા ઈચ્છો છો ? :(૧) ધોરણ ૧૨ સુધી = ૧૫૦ (૨)સ્નાતક સુધી =૨૫ (૩) અનુસ્નાતક સુધી = ૨૦ (૪) પીએચ.ડી. સુધી = ૦૫ |
| ૯ | વિકલાંગતાનું પ્રમાણ કેટલું છે ? :(૧) ૪૦ % થી નીચે = ૬૦ (૨)૪૦ થી૭૦ % ની વચ્ચે=૬૦ (૩)૭૦ % થી વધારે =૮૦ |
| ૧૦ | સહાયક તરીકે કયા સાધનનો ઉપયોગ કરો છો ? : (૧) એક ઘોડી=૮૦ (૨) બે ઘોડી=૪૦ (૩) કેલીપર્સ= ૧૦ (૪) ટ્રાઈસીકલ= ૬૦ (૫) અન્ય = ૧૦. |
| ૧૧ | વિકલાંગતા શરીરના કયા ભાગમાં છે ? :(૧) જમણા હાથમાં તકલીફ છે = ૩૦ (૨)ડાબા હાથમાં તકલીફ છે = ૪૦ (૩) જમણા પગમાં તકલીફ છે = ૬૦ (૪) ડાબા પગમાં તકલીફ છે = ૪૦ (૫) હાથમાં ધ્રુજારી છે=૧૦ (૬) પગમાં ધ્રુજારી છે = ૨૦. |
| ૧૨ | વિકલાંગતા કયા કારણે આવેલી છે ? : (૧) જન્મગત=૧૫૦ (૨) અકસ્માતથી=૪૦ (૩)દવાની આડ અસરથી= ૧૦ |
| ૧૩ | કુટુંબમાં અન્ય સભ્યોની વિકલાંગતાની વિગત : (૧) હા =૪૦ (૨) ના =૧૬૦. |
| ૧૪ | વિકલાંગીની સ્વ-આર્થિક ઉપાર્જનની વિગત : (૧) હા =૩૦ (૨) ના =૧૭૦. |

# પ્રકરણ - ૪

# સામાન્ય માહિતીનું વિશ્લેષણ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ સામાન્ય માહિતીનું વિશ્લેષણ

૪.૨.૧ વિકલાંગીની જ્ઞાતિ અંગેની માહિતી

૪.૨.૨ વિકલાંગીના કુટુંબની વાર્ષિક આવકની વિગત

૪.૨.૩ વિકલાંગીના માતા-પિતાના અભ્યાસ અંગેની માહિતી

૪.૨.૪ વિકલાંગીની માતા/પિતાની હયાતી અંગેની માહિતી

૪.૨.૫ વિકલાંગીના કુટુંબનો પ્રકાર

૪.૨.૬ વિકલાંગીની શાળા અંગેની માહિતી

૪.૨.૭ વિકલાંગીની શાળા ઘરથી કેટલી દૂર છે તેની માહિતી

૪.૨.૮ વિકલાંગી કયાં સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેની માહિતી

૪.૨.૯ વિકલાંગતાનું પ્રમાણ કેટલું છે તેની માહિતી

૪.૨.૧૦ વિકલાંગી કયા સાધનનો સહાયક તરીકે ઉપયોગ કરે છે તેની માહિતી

૪.૨.૧૧ શારીરિક વિકલાંગતા શરીરના કયા ભાગમાં છે તેની માહિતી

૪.૨.૧૨ વિકલાંગતા કઈ રીતે આવેલી છે તેની માહિતી

૪.૨.૧૩ વિકલાંગીના કુટુંબમાં અન્ય કોઈને વિકલાંગતા છે કે નહી તેની માહિતી

૪.૨.૧૪ વિકલાંગીની સ્વ-આર્થિક ઉપાર્જન અંગેની માહિતી.

## ૪.૧ પ્રસ્તાવના :

દરેક સંશોધક માટે નક્કી કરેલા સંશોધન વિષય અંગે એકત્રિત કરેલી માહિતી -નું યોગ્ય વર્ગીકરણ કરવું એ આવશ્યક બાબત છે.ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યા જાણવા માટે ઉત્તરદાતાઓ અંગેની સામાન્ય માહિતી જાણવી એ જરૂરી બને છે.એટલે કે વિકલાંગ કઈ જ્ઞાતિનો છે.તેનું કુટુંબ કયા પ્રકારનું છે, તેની કેવી મુશ્કેલી છે. વિકલાંગતાનું પ્રમાણ કેટલું છે. શાળાનું અંતર રહેઠાણથી કેટલું દૂર છે. તેમજ તે કેટલો અભ્યાસ કરવા માંગે છે. વગેરે જાણવું જરૂરી બને છે.

આ પ્રકરણમાં વિકલાંગની સામાન્ય માહિતી જાણવા માટે સ્વનિર્મિત પ્રશ્નાવલી અને રૂબરૂ મુલાકાત દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે. અને પ્રાપ્ત થયેલી માહિતીનું વિસ્તૃત વર્ગીકરણ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. સમગ્ર સામાન્ય માહિતીના વર્ગીકરણમાં શકય તેટલા કોષ્ટકો અને જરૂરી જણાય ત્યાં આલેખો દ્વારા આંકડાકીય માહિતીને શાબ્દિક રીતે વિસ્તૃત સમજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમજ માહિતીનું વર્ગીકરણ કરીને તેનું અર્થઘટન પણ કરવામાં આવ્યું છે. આમ આ પ્રકરણમાં વિકલાંગીની સામાન્ય માહિતીને કોષ્ટક દ્વારા રજૂ કરીને સમાજશાસ્ત્રીય રીતે અર્થઘટન કરવાનો પ્રયાસ કર્યો છે.

## ૪.૨ સામાન્ય માહિતીનું વિશ્લેષણ :

**૪.૨.૧ – વિકલાંગીની જ્ઞાતિ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જ્ઞાતિ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | સવર્ણ | ૩૪ | ૧૭.૦૦% |
| ૨ | ઓ.બી.સી. | ૭૬ | ૩૮.૦૦ % |
| ૩ | એસ.સી. | ૬૨ | ૩૧.૦૦ % |
| ૪ | એસ.ટી. | ૧૭ | ૮.૫૦ % |
| ૫ | લઘુમતિ કોમ | ૧૧ | ૫.૫૦ % |
| | કુલ | **૨૦૦** | **૧૦૦.૦૦** |

ઉપરોકત વિગતના આધારે કહી શકાય કે સવર્ણ જ્ઞાતિમાં વિકલાંગતાનું પ્રમાણ ૧૭% છે. ઓ.બી.સી. જ્ઞાતિમાં વિકલાંગતાનું પ્રમાણ ૩૮ % છે. એસ.સી.

જ્ઞાતિમાં વિકલાંગતાનું પ્રમાણ ૩૧ % છે. એસ.ટી. જ્ઞાતિમાં વિકલાંગતાનું પ્રમાણ ૮.૫ % છે અને અન્ય લઘુમતિ જ્ઞાતિમાં વિકલાંગતાનું પ્રમાણ ૫.૫ % છે.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે વિકલાંગતાને જ્ઞાતિ સાથે કોઈ ચોક્કસ સંબંધ જોવા મળતો નથી. પરંતુ સૌથી વધુ પ્રમાણ ઓ.બી.સી. જ્ઞાતિમાં છે. એટલે કે શાળામાં આ જ્ઞાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ છે. અને અનામત પ્રથાના આધારે પણ કહી શકાય કે ઓ.બી.સી. કેટેગરીમાં વધુ જ્ઞાતિઓ હોવાથી તેમનું સંખ્યા બળ વધુ હોવાથી વિકલાંગોની સંખ્યા વધુ છે. લઘુમતિ કોમમાં મુસ્લિમ જ્ઞાતિનાં જ વિદ્યાર્થીઓ છે. જેનું પ્રમાણ ૫.૫ % છે. આ કેટેગરીમાં આ એક જ જ્ઞાતિ છે. જેથી જ્ઞાતિ આધારે કહેવું હોય તો મુસ્લિમ જ્ઞાતિના વિકલાંગોનું પ્રમાણ વધુ છે.

### ૪.૨.૨ – વિકલાંગીના કુટુંબની વાર્ષિક આવકની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | આવક | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૩૦,૦૦૦ | ૨૦ | ૧૦.૦૦ % |
| ૨ | ૪૦,૦૦૦ | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | ૫૦,૦૦૦ | ૩૦ | ૧૫.૦૦ % |
| ૪ | ૬૦,૦૦૦ | ૪૫ | ૨૨.૫૦ % |
| ૫ | ૭૦,૦૦૦ | ૨૦ | ૧૦.૦૦ % |
| ૬ | ૮૦,૦૦૦ | ૨૫ | ૧૨.૫૦ % |
| ૭ | ૮૦,૦૦૦થી વધુ | ૨૦ | ૧૦.૦૦ % |
| | કુલ | **૨૦૦** | **૧૦૦.૦૦** |

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે વિકલાંગોના કુટુંબની વાર્ષિક આવકના સંદર્ભમાં જે માહિતી પ્રાપ્ત થઈ છે તેમાં સૌથી વધુ પ્રમાણ ૬૦,૦૦૦ હજારની વાર્ષિક આવક વાળા કુટુંબનું પ્રમાણ છે. જે ૨૨.૫ % થાય છે અને ૩૦,૦૦૦ આવક વાળાનું પ્રમાણ ૧૦ % છે. જે સૌથી ઓછી આવક વાળા છે. અને સૌથી વધુ આવક વાળા ૮૦,૦૦૦થી વધુ આવક વાળા કુટુંબોની સંખ્યા પણ ૧૦ % છે. આમ સૌથી ઓછી આવક અને સૌથી વધુ આવક વાળા કુટુંબોનું પ્રમાણ ૧૦ % બંનેમાં સરખું છે.

ઉપરોકત વિગતના આધારે કહી શકાય કે આર્થિક બાબતોને વિકલાંગતા સાથે સંબંધ છે. આવક ઓછી હોવાને કારણે વિકલાંગોની સારવાર પર તેમજ તેમની સુવિધા પર પણ અસર થાય છે.

### ૪.૨.૩ માતા-પિતાના અભ્યાસ અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | આવક | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૭૦ | ૩૫.૦૦ % |
| ૨ | પ્રાથમિક | ૩૦ | ૧૫.૦૦ % |
| ૩ | માધ્યમિક | ૪૦ | ૨૦.૦૦ % |
| ૪ | ઉચ્ચ માધ્યમિક | ૨૦ | ૧૦.૦૦ % |
| ૫ | સ્નાતક | ૨૦ | ૧૦.૦૦ % |
| ૬ | અનુસ્નાતક | ૨૦ | ૧૦.૦૦ % |
| | કુલ | **૨૦૦** | **૧૦૦.૦૦** |

પ્રસ્તુત અભ્યાસ લેખમાં માતા-પિતાના અભ્યાસ અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતા પસંદ કરેલ છે.

પ્રસ્તુત સંશોધનની માહિતીમાં અભણ છે તેવું જણાવતા ઉત્તરદાતાની સંખ્યા ૭૦ છે. એટલે કે ૩૫ % થાય છે. અને પ્રાથમિક સુધી અભ્યાસ કરેલ હોય તેવા ઉત્તરદાતાની સંખ્યા ૩૦ છે. એટલે કે ૧૫ % અને માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે. તેવું કહેનારા ઉત્તરદાતાની સંખ્યા ૪૦ છે એટલે કે ૨૦ % છે. અને ઉચ્ચત્તર માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે તેવું જણાવતા ઉત્તરદાતાની સંખ્યા ૨૦ છે એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૦% થાય છે. અને સ્નાતક સુધી અભ્યાસ કરેલ છે તેવું જણાવતા વિકલાંગીઓની સંખ્યા ૨૦ છે. એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૦ % છે. જ્યારે સ્નાતકથી વધુ અભ્યાસ કરેલ તેવા ઉત્તરદાતાની સંખ્યા ૨૦ છે. એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૦ % થાય છે.

ઉપરોકત અભ્યાસના આધારે ફલિત થાય છે કે અભ્યાસ અંગેની માહિતીમાં ઉત્તરદાતાના માતા-પિતા અભણ છે તેવા ઉત્તરદાતાની સંખ્યા સૌથી વધારે છે. જે

પ્રથમ ક્રમાંકે આવે છે. જ્યારે ઉત્તરદાતાના માતા-પિતા કે જેઓ માધ્યમિક સુધી અભ્યાસ કરેલા છે. તેવા ઉત્તરદાતાની સંખ્યા ૪૦ છે, જે નીમ્ન સ્તરે છે.

**૪.૨.૪ - માતા-પિતાની હયાતી અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | માતા હયાત | ૫૦ | ૨૫.૦૦ % |
| ૨ | પિતા હયાત | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | માતા-પિતા બંને છે | ૬૦ | ૩૦.૦૦ % |
| ૪ | માતા-પિતા બંને નથી | ૫૦ | ૨૫.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦.૦૦** |

પ્રસ્તુત અભ્યાસ લેખમાં માહિતી એકત્રીકરણ માટે ૨૦૦ ઉત્તરદાતાની પસંદગી કરી મુલાકાત અનુસૂચિ દ્વારા માતા-પિતા હયાત છે, તેવા પ્રશ્ન પૂછતા ૫૦ ઉત્તરદાતાઓએ જણાવેલ કે માત્ર માતા જ હયાત છે. જે ટકાવારીની દ્દષ્ટિએ ૨૫ % થાય છે, જ્યારે ૪૦ ઉત્તરદાતાએ જણાવેલ કે અમારે માત્ર પિતા જ હયાત છે. જે ટકાવરીની દ્દષ્ટિએ ૨૦ % થવા જાય છે. જ્યારે ૬૦ ઉત્તરદાતાઓને માતા અને પિતા બંને હયતા છે.જે ટકાવારીની દ્દષ્ટિએ ૩૦% થાય છે અને ૫૦% ઉત્તરદાતાઓને માતા અને પિતા બંનેમાંથી કોઈ જ હયાત નથી. જે ટકાવારીની દ્દષ્ટિએ ૨૫% થાય છે.

ઉપરોકત કોષ્ટક દ્વારા ફલિત થાય છે કે, માતા-પિતા બંને હયાત હોય તેવા ઉત્તરદાતાની સંખ્યા ૬૦ છે, જે ૩૦% થાય છે અને પ્રથમ ક્રમાંકે આવે છે. જ્યારે માતા-પિતા બંનેમાંથી કોઈ જ હયાત નથી તેવા ઉત્તરદાતા ૫૦ છે અને જે ૨૫% થાય છે. જે બીજા ક્રમાંકે આવે છે, જે વિકલાંગોને માતા-પિતા બંને હયાત નથી તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જીવન જરૂરિયાતથી લઈને સામાજિક દરજ્જો તેમજ શિક્ષણના પાસામાં પણ તે બંનેની ખામી મહેસૂસ કરે છે. જે વિદ્યાર્થીઓ -ની રૂબરૂ મુલાકાત દ્વારા તેમને પ્રશ્ન પૂછીને માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ.

### ૪.૨.૫ - વિકલાંગીના કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સંયુકત | ૫૦ | ૨૫.૦૦ % |
| ૨ | વિભકત | ૧૫૦ | ૭૫.૦૦ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

પ્રસ્તુત સંશોધનના આધારે કહી શકાય કે આ અભ્યાસમાં ૨૦૦ ઉતરદાતા પસંદ કરવામાં આવેલ છે.

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે ઉતરદાતા કેવા કુટુંબમાં રહે છે. તેવો પ્રશ્ન પૂછતા સંયુક્ત કુટુંબમાં રહે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૫૦ છે. એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૫% થાય છે. જ્યારે વિભકત કુટુંબમાં રહે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૭૫ % થાય છે.

પરિણામના આધારે એવું ફલિત થાય છે કે વિભકત કુટુંબમાં રહે છે તેવા ઉતરદાતાની સંખ્યા સૌથી વધારે છે. જે પ્રથમ ક્રમે આવે છે. જ્યારે સંયુકત કુટુંબમાં રહે છે તેવા ઉતરદાતાની સંખ્યા સૌથી ઓછી છે. જે નીમ્ન સ્તરે છે. એટલે સમાજની અવળી અસરો થઈ છે તેમાં કુટુંબના સ્વરૂપ પર એટલી અસરો નથી થઈ. આજે રાજકોટ શહેરમાં પણ સંયુકત કુટુંબ પ્રથા જોવા મળે છે. ભૌતિક બાબતમાં પશ્ચિમી સમાજની અસર થઈ છે. રહેણીકરણીમાં પશ્ચિમી સમાજની અસર થઈ છે પરંતુ કુટુંબ વ્યવસ્થા પર પશ્ચિમી સમાજની અસર થઈ નથી અને જે વિકલાંગી સભ્યો માટે ખૂબ જ આનંદની વાત કહી શકાય. જો વિભકત કુટુંબ હોય તો વિકલાંગીને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પણ કુટુંબના માતા-પિતા સિવાયના અન્ય સભ્યોના સહકારથી અને તેમની લાગણીથી તેમનું જીવન સુખદાયક રીતે પસાર કરી શકે છે.

### ૪.૨.૬ - વિકલાંગીની શાળા અંગેની માહિતીનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સરકારી | ૧૬૦ | ૮૦.૦૦ % |
| ૨ | ખાનગી | ૪૦ | ૨૦.૦૦ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલ ઉતરદાતામાં શાળામાં અભ્યાસ અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓ પસંદ કરવામાં આવેલા છે.

પ્રસ્તુત અભ્યાસના આધારે શાળામાં અભ્યાસ અંગેની માહિતીમાં સરકારી શાળામાં અભ્યાસ કરે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૬૦ છે. એટલે કે ટકાવારીની દષ્ટિએ ૮૦ % થાય છે. જ્યારે ખાનગી શાળામાં અભ્યાસ કરે છે તેવું જણાવતા ઉતરદાતાઓની સંખ્યા ૪૦ છે એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૦ % થાય છે.

પરિણામના આધારે નોંધી શકાય છે કે સૌથી વધુ ઉતરદાતાઓ સરકારી સ્કૂલમાં પ્રથમ ક્રમાંકમા આવે છે. જ્યારે ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરે છે તેવા ઉતરદાતા સૌથી ઓછા છે. જે બીજા ક્રમાંકે આવે છે. વિકલાંગોના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ છે.

### ૪.૨.૭ - શાળા ઘરથી કેટલી દૂર છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ કી.મી.થી ઓછી | ૧૩૦ | ૬૫.૦૦ % |
| ૨ | ૬થી ૧૦ કી.મી.કે તેથી વધુ | ૭૦ | ૩૫.૦૦ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવતા ૧૩૦ ઉતરદાતાઓએ જણાવેલ છે કે શાળા ઘરથી ૧ કી.મી.થી ૫ કી.મી. દૂર છે. જે ટકાવારની દષ્ટિએ જોઈએ તો ૬૫% થાય છે. જ્યારે ૬ કી.મી.થી જ્યારે ૬ કી.મી. થી ૧૦ કી.મી. કે તેથી વધુ શાળા દૂર છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૭૦ છે. જે ટકાવારીની દષ્ટિએ ૩૫% થવા

જાય છે.

બહુમતીની દષ્ટિએ જોઈએ તો શાળા ઘરથી ૧ થી ૫ કિ.મી.ના અંતરે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૩૦ છે જે પ્રથમ ક્રમાંકે આવે છે, જ્યારે શાળા ઘરથી ૫ કિ.મી. થી ૧૦ કિ.મી.ના અંતરે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૭૦ છે, જે બીજા ક્રમાંકે આવે છે.

આમ વિકલાંગતાને કારણે વિદ્યાર્થીઓને શાળાએ જવા-આવવાની બહુ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને માતા-પિતા નજીકની શાળાને પસંદ કરે છે. ૧ થી ૫ કિ.મી.ના અંતરે શાળા હોય તેવા વિકલાંગોનું પ્રમાણ વધુ છે. આમ તેમની શારીરિક મુશ્કેલીને ધ્યાનમાં રાખીને વડીલો પણ શાળા નજીક હોય તેને પસંદ કરે છે.

**૪.૨.૮ - વિકલાંગી કયાં સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ધોરણ ૧૨ સુધી | ૧૫૦ | ૭૫.૦૦ % |
| ૨ | સ્નાતક સુધી | ૨૫ | ૧૨.૫૦ % |
| ૩ | અનુસ્નાતક સુધી | ૨૦ | ૧૦.૦૦ % |
| ૪ | પીએચ.ડી. સુધી | ૦૫ | ૨૫.૦૦ % |
| ૫ | અન્ય | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦ %** |

પ્રસ્તુત સંશોધનમાં વિકલાંગી સભ્યો કયાં સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓ પસંદ કરેલા છે.

ઉપરોકત સંશોધનના આધારે વિકલાંગી સભ્યો કયાં સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેમાં ધરણ-૧૨ સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવું જણાવતા ઉતરદાતાઓની સંખ્યા ૧૫૦ છે એટલે કે ૭૫ % થાય છે. અને સ્નાતક સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૨૫ છે. એટલે કે ૧૨.૫ % થાય છે. અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૨૦ છે. એટલે કે ૧૦% છે.  જ્યારે પીએચ.ડી. સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૫ છે એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨.૫ % થાય છે.

પરિણામના આધારે ફલિત થાય છે કે વિકલાંગ સભ્યો કયાં સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેમાં ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા સૌથી વધારે છે કે જે પ્રથમ ક્રમાંકે આવે છે. જ્યારે પીએચ.ડી. સુધી અભ્યાસ કરવા ઈચ્છે છે તેવા ઉતરદાતાઓની સંખ્યા સૌથી ઓછી છે. વિકલાંગીઓ પોતાની શારીરિક મુશ્કેલીને કારણે વધુ આગળ અભ્યાસ કરવાની ઈચ્છા ઓછી ધરાવે છે. તેમજ તેમના માતા-પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે પણ વધુ અભ્યાસ કરવાની ઈચ્છા ઓછી ધરાવે છે. ઉચ્ચ શિક્ષણની ઈચ્છા ધરાવનારા ૧૦ % જ છે. આમ પોતાની મર્યાદા તેમજ કુટુંબની મર્યાદાને ધ્યાનમાં રાખીને અભ્યાસને આગળ વધારવા માંગતા નથી.

**૪.૨.૯ - વિકલાંગતાનું પ્રમાણ કેટલા ટકા છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૪૦% થી નીચે | ૬૦ | ૩૦.૦૦ % |
| ૨ | ૪૦ થી ૭૦%ની વચ્ચે | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | ૭૦% થી વધારે | ૮૦ | ૪૦.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦ %** |

ઉપરોકત કોષ્ટકના આધારે વિકલાંગતા કેટલા ટકા છે તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓ પસંદ કરવામાં આવેલા છે.

પ્રસ્તુત સંશોધન ક્ષેત્રના આધારે વિકલાંગતા કેટલા ટકા છે તેની માહિતીમાં ૪૦%થી નીચે છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૬૦ છે એટલે કે ૩૦% છે. અને ૪૦%થી ૭૦%ની વચ્ચે છે. તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૬૦ છે.એટલે કે ૩૦%છે. જ્યારે ૭૦% થી વધુ છે. તેવુ કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૮૦ છે. એટલે કે ૪૦% છે.

પરિણામના આધારે નોંધી શકાય છે કે સૌથી વધુ ઉતરદાતાઓ ૭૦% થી વધુમાં જણાય આવે છે જે પ્રથમ ક્રમાંક આવે છે. જ્યારે ૪૦% થી નીચે અને ૪૦ % થી વધુ ૭૦% ની વચ્ચે આ બંને સમકક્ષ જણાય આવે છે.

જ્યારે વિકલાંગતાનું પ્રમાણ વધુ છે. જે ૪૦ ટકા છે. આમ વિકલાંગતાના પ્રમાણ અંગે પણ કહી શકાય કે વધુ વિકલાગંતાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. જેમ જેમ શિક્ષણ અંગેની જાગૃતિ આવતી જાય છે તેમ તેમ વિકલાંગતા ધરાવતા સંતાનોને પણ માતા -પિતા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. જે ખૂબજ સકારાત્મક પાસું કહેવાય. શિક્ષણને કારણે વ્યકિત પોતાને કોઈને કોઈ કૌશલ્ય વિકસાવીને પોતાનું જીવન જીવી શકે તેમજ અન્ય સાથે હળીમળીને પણ પોતાની ખામી અંગેના જે ખોટા ખ્યાલો હોય તેને દૂર કરી શકે છે, અને સમાજમાં તે ખૂબ જ સહજ રીતે હળીમળી શકે છે.

**૪.૨.૧૦ વિકલાંગી કયા સાધનનો સહાયક તરીકે ઉપયોગ કરે છે તે અંગેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઘોડી એક | ૮૦ | ૪૦.૦૦ % |
| ૨ | ઘોડી બે | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | કેલીપર્સ | ૧૦ | ૦૫.૦૦ % |
| ૪ | ટ્રાયસીકલ | ૬૦ | ૩૦.૦૦ % |
| ૫ | અન્ય | ૧૦ | ૦૫.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦%** |

અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા ૨૦૦ ઉતરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને માહિતી મેળવતાં વિકલાંગતાના કારણે એક ઘોડીનો ઉપયોગ કરે છે તેવા ઉતરદાતાઓની સંખ્યા ૮૦ છે જે ટકાવારીની દૃષ્ટિએ ૪૦% થાય છે, જ્યારે બે ઘોડીનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓનીની સંખ્યા ૪૦ છે જે ટકાવારીની દૃષ્ટિએ ૨૦ % થાય છે. કેલીપર્સનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓની સંખ્યા ૧૦ છે જે ૫ % થાય છે તેમજ વિકલાંગતાના કારણે ટ્રાયસિકલનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓની સંખ્યા ૬૦ છે જે ટકાવારીની દૃષ્ટિએ ૩૦% થાય છે અને વિકલાંગતાના કારણે અન્ય પ્રકારના સાધનનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓની સંખ્યા ૧૦ છે જેની ટકાવારી ૫ % થાય છે.

આ ઉપરથી એવું ફલિત થાય છે કે, વિકલાંગતાઓના કારણે એક ઘોડીનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓના ૮૦ છે. જે પ્રથમ ક્રમાંકે આવે છે. જ્યારે ટ્રાયસિકલનો ઉપયોગ કરતા હોય તેવા ઉતરદાતાઓ ૬૦ છે. જે બીજા ક્રમાંકે આવે છે જ્યારે સૌથી છેલ્લા ક્રમાંકે કેલીપર્સ અને અન્ય વસ્તુનો ઉપયોગ કરે છે. તેવા ઉતરદાતાઓ આવે છે.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે સૌથી વધુ ઉતરદાતાઓ એક ઘોડીનો ઉપયોગ કરે છે. એટલે કે પગની તકલીફવાળા છે અને બે ઘોડીનો ઉપયોગ કરનારા ૨૦ % છે. પગની તકલીફ જે શૈક્ષણિક વિકાસ માટે અવરોધક નથી તેમ કહી શકાય તેમજ વ્યકિત પોતે માનસિક રીતે મક્કમ હોય તો શારીરિક મુશ્કેલી હોવા છતાં પણ પોતાનો વિકાસ કરી શકે છે. સંસ્કૃતમાં શ્લોક છે ‘‘પંગૂમ લંગયતે ગિરિમ્’’ લંગડો પણ પર્વત ઓળંગી શકે છે. જે આ અભ્યાસમાં સ્પષ્ટપણે જોવા મળે છે. પગની તકલીફ હોવા છતાં પણ વિકલાંગીઓ અભ્યાસને આગળ ધપાવે છે. અને નોંધનીય પ્રગતિઓ હાંસલ કરે છે.

**૪.૨.૧૧-શારીરિક વિકલાંગતા શરીરના કયા ભાગમાં છે તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | જમણા હાથમાં તકલીફ છે ? | ૩૦ | ૧૫.૦૦ % |
| ૨ | ડાબા હાથમાં તકલીફ છે ? | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | જમણા પગમાં તકલીફ છે ? | ૬૦ | ૩૦.૦૦ % |
| ૪ | ડાબા પગમાં તકલીફ છે ? | ૪૦ | ૨૦.૦૦ % |
| ૫ | હાથમાં ધ્રુજારી છે ? | ૧૦ | ૦૫.૦૦ % |
| ૬ | પગમાં ધ્રુજારી છે ? | ૨૦ | ૧૦.૦૦ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ % |

પ્રસ્તુત સંશોધન અભ્યાસ લેખમાં ૨૦૦ ઉતરદાતાઓને પસંદ કરી રૂબરૂ મુલાકાત લઈ મુલાકાત અનુસૂચિ દ્વારા તમારા શરીરના કયા ભાગમાં વિકલાગતા છે? તેવો પ્રશ્ન પૂછવામાં આવતા જાણવા મળેલ કે જમણા હાથમાં તકલીફ છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૩૦ છે. એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૫ % થાય

છે. અને ડાબા હાથમાં તકલીફ છે તેવું કહેનારાઓની સંખ્યા ૪૦ છે. એટલે કે ૨૦ % થાય છે અને જમણા પગમાં તકલીફ છે, તેવું કહેનારાઓની સંખ્યા ૬૦ છે. એટલે કે ૩૦% થાય છે અને ડાબા પગમાં તકલીફ છે. જેવું જણાવનારાઓની સંખ્યા ૪૦ છે. એટલે કે ૨૦ % થાય છે. જ્યારે હાથમાં ધ્રુજારી છે. તેવું જણાવનારા ઉતરદાતાઓની સંખ્યા ૨૦ છે. એટલે કે ૧૦ % થાય છે. જ્યારે પગમાં ધ્રુજારી છે. તેવું કહેનારાની ઉતરદાતાઓની સંખ્યા ૧૦ છે એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૫ % થાય છે.

પરિણામના આધારે ફલિત થાય છે કે શરીરના કયા ભાગમાં વિકલાગંતા છે તેમાં જમણા હાથમાં તકલીફ છે તેવા ઉતરદાતાઓની સંખ્યા સૌથી ઓછી છે. અને જમણા પગમાં તકલીફ છે તેની સંખ્યા વધુ છે. જે ૩૦ % થાય છે. આમ હાથ કરતાં પગની તકલીફ વાળા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે.

**૪.૨.૧૨ – વિકલાંગતા કઈ રીતે આવેલી છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| ૧ | જન્મગત | ૧૫૦ | ૭૫.૦૦ % |
| ૨ | અકસ્માતથી | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | દવાની આડ અસરથી | ૧૦ | ૦૫.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦.૦૦ %** |

પ્રસ્તુ સંશોધન અભ્યાસ લેખમાં ૨૦૦ ઉતરદાતાઓ પસંદ કરી મુલાકાત અનુસૂચિ દ્વારા રૂબરૂ મુલાકાત અનુસૂચિમાં વિકલાંગતાઓ કઈ રીતે ઉદ્દભવેલ છે ? તે અંગેનો પ્રશ્ન પૂછવામાં આવતા વિકલાંગતા જન્મગત છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૫૦ છે જે ટકાવારીની દ્રષ્ટિએ ૭૫% થાય છે. જ્યારે વિકલાંગતા અકસ્માતથી આવેલ છે તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૪૦ છે જે ટકાવારીની દ્રષ્ટિએ ૨૦ % થાય છે. જ્યારે દવાની આડ અસરથી વિકલાંગતા આવી છે.તેવું કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૦ છે. જે ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો ૫ % થાય છે.

પરિણામના આધારે નોંધી શકાય કે જન્મગત વિકલાંગતા હોય તેવા ઉતર-દાતાઓ સૌથી વધુ છે, જ્યારે દવાની આડ અસરથી વિકલાંગતા આવી છે તેવું

કહેનારા ઉતરદાતાઓ સૌથી ઓછા કે નિમ્ન સ્તરે આવે છે.

આર્થિક ગરીબીને કારણે ગર્ભાવસ્થામાં બાળકને જોઈતું પોષણ ન મળવાથી તેમજ માતાના શરીરમાં પણ શારીરિક કુપોષણના કારણે બાળકને સીધી અસર થાય છે. જેના કારણે જન્મગત વિકલાંગતાનું પ્રમાણ વધુ છે. એટલે કે ગરીબી એ જન્મગત વિકલાંગતા માટેનું કારણ કહી શકાય તેમજ ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના સ્વાસ્થ્ય અંગે જે જાગૃતિ ન હોવાને કારણે બાળકને તેની અસર થાય છે. જે જન્મગત વિકલાંગતામાં જોવા મળે છે.

### ૪.૨.૧૩- તમારા કુટુંબમાં કોઈને વિકલાંગતા છે તેની માહિતી દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૦ | ૨૦.૦૦ % |
| ૨ | ના | ૧૬૦ | ૮૦.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦ %** |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા ઉતરદાતાઓના કુટુંબમાં અન્ય કોઈ વ્યકિત વિકલાંગતા ધરાવે છે કે નહી તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓને પસંદ કરવામાં આવેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે ઉતરદાતાઓના કુટુંબમાં અન્ય કોઈ વ્યકિત વિકલાંગતા ધરાવે છે. તેમાં 'હા' કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારની દષ્ટિએ ૨૦ % થાય છે, 'ના' કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૬૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૮૦% થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી વધુ ઉતરદાતાઓ 'ના' કહેનારા છે અને સૌથી નિમ્ન સ્તરે 'હા' કહેનારા ઉતરદાતાઓ જોવા મળેલ છે.

માહિતીના આધારે કહી શકાય કે ઉતરદાતાઓમાંના ૨૦ ટકા ઉતરદાતાઓના કુટુંબમાં અન્ય સભ્યો પણ વિકલાંગ છે. જે વારસાગત-જનીન તત્ત્વોની ખામીના આધારે પણ હોઈ શકે અને ગરીબીના કારણે પણ હોઈ શકે છે.

### ૪.૨.૧૪ - વિકલાંગીની સ્વ-આર્થિક ઉપાર્જન અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૩૦ | ૧૫.૦૦ % |
| ૨ | ના | ૧૭૦ | ૮૫.૦૦ % |
| | **કુલ** | **૨૦૦** | **૧૦૦.૦૦ %** |

ઉપરોકત સંશોધન ક્ષેત્રના આધારે પસંદ કરવામાં આવેલા ઉતરદાતાઓ એટલે કે વિકલાંગો પોતાની જાતે આર્થિક ઉપાર્જન કરે છે તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓને પસંદ કરવામાં આવેલા છે.

ઉપરોકત કોષ્ટકના આધારે ઉતરદાતાઓ એટલે કે વિકલાંગી પોતાની જાતે સ્વ-આર્થિક ઉપાર્જન કરે છે. તેમાં 'ના' કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૧૭૦ છે. એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૮૫% થાય છે. જ્યારે હા કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ૩૦ છે. એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૫ % થાય છે.

આ પરિણામના આધારે નોંધી શકાય કે વિકલાંગીઓ પોતાની જાતે આર્થિક ઉપાર્જન કરે છે. તેમાં 'હા' કહેનારા ઉતરદાતાઓની સંખ્યા ઓછી છે. જ્યારે 'ના' કહેનારા ઉતરદાતાઓનીની સંખ્યા વધુ છે. આમ શિક્ષણની સાથે સાથે અર્થ ઉપાર્જન કરતાં ઉતરદાતાઓનું પ્રમાણ ઓછું છે. છતાં પણ નોંધનીય છે.

**ઉપસંહાર :**

ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગીઓની સમસ્યાઓને સમજવા માટે આ પ્રકરણમાં ઉતરદાતાઓની સામાન્ય માહિતી દર્શાવતું વર્ગીકરણ કરવામાં આવેલ છે.

સામાન્ય વર્ગીકરણમાં ઉતરદાતાઓની જ્ઞાતિ, કુટુંબ, કુટુંબની વાર્ષિક આવક, વિકલાંગતાનું પ્રમાણ,શિક્ષણ અંગેની અભિરૂચિ. વિકલાંગતાનું કારણ જેવી વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને પ્રશ્નો પૂછેલા. જેમાં વિકલાંગીઓની સામાન્ય માહિતી સમજવાનો - જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## માહિતીના આધારે રજૂ કરેલ કોઠાઓ

| ક્રમ | સમસ્યાત્મક પ્રશ્નો | હા | ના | અંશતઃ |
|---|---|---|---|---|
| ૧ | મુક્ત હેરફેરમાં તકલીફ પડે છે ? | ૩૦ | ૭૫ | ૯૫ |
| ૨ | તમારા ઉપયોગી સાધનોની સાફસૂફી જાતે કરી શકો છો ? | ૩૦ | ૭૫ | ૯૫ |
| ૩ | કોઈ મને મારી રીતે જીવવા દેતુ નથી. | ૫૨ | ૩૨ | ૧૧૬ |
| ૪ | તમને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની પૂરી તક મળે છે ? | ૬૧ | ૪૧ | ૯૮ |
| ૫ | પ્રવાસમાં જતી વખતે  ચઢ-ઉતરતી વખતે તકલીફ પડે છે ? | ૭૮ | ૨૨ | ૧૦૦ |
| ૬ | વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને તમારી હાજરી ખૂંચે છે ? | ૧૩ | ૮૪ | ૧૦૩ |
| ૭ | દવા-દારૂ લેવા જવા માટે મોટાભાગે એકલા જવું પડે છે ? | ૧૩ | ૮૪ | ૧૦૩ |
| ૮ | લખતી વખતે મુશ્કેલી થાય છે ? | ૨૪ | ૬૬ | ૧૧૦ |
| ૯ | કપડાં પહેરવા/કાઢવામાં તકલીફ પડે છે ? | ૧૯ | ૧૩૦ | ૫૧ |
| ૧૦ | મારી ખોડ મને બહુ સાલે છે. | ૧૨૬ | ૩૪ | ૪૦ |
| ૧૧ | કુટુંબના સભ્યો જોઈએ તેટલી દરકાર કરતા નથી. | ૫૨ | ૭૦ | ૭૮ |
| ૧૨ | સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ શકતો/શકતી નથી. | ૧૨૧ | ૩૪ | ૪૫ |
| ૧૩ | ઘરમાંથી વિશિષ્ટ સુવિધા મળતી નથી. | ૭૦ | ૨૮ | ૧૦૨ |
| ૧૪ | લોકોની બિનજરૂરી દયા મારા વિકાસમાં અંતરાય રૂપ બને છે | ૭૦ | ૬૦ | ૬૫ |
| ૧૫ | મારી જાત પર મને વિશ્વાસ નથી. | ૬૨ | ૯૦ | ૪૮ |
| ૧૬ | વિકલાંગતાને કારણે જાહેરમાં સંકોચ થાય છે. | ૬૪ | ૯૦ | ૪૬ |
| ૧૭ | હું કરી શકું તેવું કામ પણ મારી પાસેથી ખૂંચવી લેવાય છે. | ૪૫ | ૮૦ | ૭૫ |
| ૧૮ | અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી કરતાં પાછળ નથી. | ૪૫ | ૮૦ | ૭૫ |
| ૧૯ | અન્ય વિદ્યાર્થીઓ સાથે નિઃસંકોચ રીતે હળીમળી શકું છું. | ૪૫ | ૬૦ | ૯૫ |
| ૨૦ | તમારા વિકાસમાં ખાસ કોઈ મદદરૂપ થાય છે ? | ૮૫ | ૮૦ | ૩૫ |
| ૨૧ | હું કોઈ કૌટુંબિક જવાબદારી અદા કરી શકતો/શકતી નથી. | ૭૪ | ૬૦ | ૬૬ |
| ૨૨ | લોકોની બિનજરૂરી હમદર્દી મારા વિકાસને આડે આવે છે. | ૪૨ | ૯૦ | ૬૮ |
| ૨૩ | પંગુતા મને ડગલેને પગલે નડે છે. | ૯૫ | ૪૩ | ૬૨ |
| ૨૪ | ઘરકામમાં જરૂરી મદદ કરી શકતો/શકતી નથી. | ૪૨ | ૭૦ | ૮૮ |
| ૨૫ | ધારેલું કામ સમયસર પૂર્ણ કરી શકતો/શકતી નથી. | ૧૧૦ | ૩૨ | ૫૮ |
| ૨૬ | લોકો મારા પર દયા ખાય છે તે મારાથી સહન થતું નથી. | ૭૫ | ૬૦ | ૬૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | સમાજ હોંશથી અમને સ્વીકારતો નથી. | ૭૨ | ૬૦ | ૬૮ |
| ૨૮ | મારું જીવન મારા કુટુંબ માટે બોજારૂપ છે. | ૫૬ | ૬૦ | ૮૪ |
| ૨૯ | અન્ય વિદ્યાર્થીઓ અમારાથી અલગ રહે છે, જે ખૂંચે છે. | ૨૫ | ૧૧૦ | ૬૫ |
| ૩૦ | સુવા / બેસવામાં તકલીફ થાય છે. | ૪૦ | ૧૧૨ | ૪૮ |
| ૩૧ | સુવાચ્ય લખાણ થઈ શકતું નથી. | ૩૪ | ૯૮ | ૬૮ |
| ૩૨ | ગમે ત્યારે પડી જવાની બીક લાગે છે. | ૪૫ | ૯૫ | ૬૦ |
| ૩૩ | કેટલાક વિદ્યાર્થીઓની કડવી નજર મને ડંખે છે. | ૨૬ | ૧૩૦ | ૪૪ |
| ૩૪ | સરળતાથી મિત્રો બનાવી શકતો/શકતી નથી. | ૨૪ | ૧૩૦ | ૪૬ |
| ૩૫ | વિકલાંગતાને કારણે થાક લાગે છે. | ૩૫ | ૮૦ | ૮૫ |
| ૩૬ | એકંદરે નાદુરસ્ત રહુ છું. | ૨૮ | ૧૪૦ | ૩૨ |
| ૩૭ | વિકલાંગતાને કારણે દફતર ઉપાડવામાં તકલીફ પડે છે. | ૩૬ | ૧૧૦ | ૫૪ |
| ૩૮ | સરકાર તરફથી મળતી મદદ ખૂબ જ ઓછી છે. | ૯૮ | ૭૦ | ૩૨ |
| ૩૯ | સગાઈનો પ્રશ્ન આકરી કસોટીરૂપ બની રહેશે. | ૧૩૧ | ૩૦ | ૩૯ |
| ૪૦ | વિકલાંગતાના સાધન અંગે શાળા સહાય કરતી નથી. | ૬૫ | ૯૦ | ૪૫ |
| ૪૧ | વિકલાંગતાને લીધે સાહસ કરવાનું ટાળુ છું. | ૩૮ | ૧૦૦ | ૬૨ |
| ૪૨ | શાળા તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાથી સંતોષ છે. | ૯૨ | ૭૪ | ૩૪ |
| ૪૩ | અન્ય સહાધ્યાયીઓ મારી મશ્કરી કરે છે. | ૩૮ | ૯૦ | ૭૨ |
| ૪૪ | ઘણીવાર તો લોકોની મદદ જ આફતરૂપ બને છે. | ૯૬ | ૬૦ | ૪૪ |
| ૪૫ | ઘરમાં સન્માનથી રાખતા નથી. | ૨૮ | ૧૦૦ | ૭૨ |
| ૪૬ | ચીજ-વસ્તુ લેવા / મૂકવામાં તકલીફમાં પડે છે. | ૪૬ | ૭૦ | ૮૪ |
| ૪૭ | કપડાંના બટન ખોલ/બંધ કરવાનું ફાવતું નથી. | ૩૨ | ૧૧૦ | ૫૮ |
| ૪૮ | વાહન ચલાવતી વખતે અકસ્માતની બીક રહે છે. | ૧૮ | ૧૨૦ | ૬૨ |
| ૪૯ | પંગુતાએ મને લાચાર કરી મૂકેલ છે. | ૭૫ | ૬૦ | ૬૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૦ | વિકલાંગી મિત્રો સાથે નિખાલસતાથી સમસ્યાની આપ-લે કરી શકો છો ? | ૩૨ | ૯૦ | ૭૮ |
| ૫૧ | પંગુતાને કારણે રમતગમતમાં ભાગ લઈ શકતો/શકતી નથી | ૯૮ | ૬૭ | ૩૫ |
| ૫૨ | શાળામાં મારી હાજરીની સહજ સ્વીકૃતિ વર્તાતી નથી. | ૨૨ | ૯૦ | ૮૮ |
| ૫૩ | વાંક-ગુન્હા વગર સમાજ અમને તરછોડે છે. | ૫૪ | ૭૦ | ૭૬ |
| ૫૪ | દૈનિક કાર્ય કરવામાં મને મુશ્કેલી પડે છે. | ૯૪ | ૮૦ | ૨૬ |
| ૫૫ | જાત પર સંયમ રાખવો મુશ્કેલ બની રહે છે. | ૬૨ | ૯૦ | ૪૮ |
| ૫૬ | લઘુતાગ્રંથિથી પીડાઉ છું. | ૩૭ | ૮૦ | ૮૩ |
| ૫૭ | કોઈ મારી મૈત્રી ઝંખતું નથી. | ૨૮ | ૧૧૦ | ૬૨ |
| ૫૮ | કુટુંબમાં ભારરૂપ લાગુ છું . | ૬૫ | ૮૦ | ૫૫ |
| ૫૯ | કોઈ કાર્ય કરતા પહેલા સભાન થઈ જાવ છું. | ૩૫ | ૭૭ | ૯૮ |
| ૬૦ | ઉંમર પ્રમાણે મારી જવાબદારી ઉપાડી શકતો/શકતી નથી. | ૬૮ | ૪૦ | ૯૨ |
| ૬૧ | મારાથી થાય તેવા કામ અંગે પણ મને શંકા રહે છે. | ૭૨ | ૬૦ | ૬૮ |
| ૬૨ | મારુ ભાવિ અંધકારમય લાગે છે. | ૯૮ | ૪૦ | ૬૨ |
| ૬૩ | મારું પોતાનું કામ કુશળતાથી કરી શકતો/શકતી નથી. | ૬૨ | ૮૦ | ૫૮ |
| ૬૪ | કોઈ અર્થ ઉપાર્જન કરી શકીશ કે નહીં તેની ચિંતા છે. | ૮૬ | ૨૦ | ૯૪ |
| ૬૫ | સામાન્ય વિદ્યાર્થીઓ મારી સાથે વાત કરવાનું ટાળે છે. | ૨૮ | ૧૦૦ | ૭૨ |
| ૬૬ | કુટુંબના સભ્યો તરફથી પૂરતો સ્નેહ મળતો નથી. | ૪૬ | ૭૦ | ૮૪ |
| ૬૭ | શિક્ષકો મારા પ્રત્યે ભેદભાવ રાખે છે. | ૨૬ | ૧૦ | ૭૪ |
| ૬૮ | અપંગો પ્રત્યેનો સમાજનો અભિગમ પ્રોત્સાહક નથી. | ૪૬ | ૮૦ | ૭૪ |
| ૬૯ | વિકલાંગતાને કારણે વહેમી સ્વભાવ ધરાવું છું. | ૩૪ | ૧૧૦ | ૫૬ |
| ૭૦ | લોકોની દયા ત્રાસદાયક લાગે છે. | ૪૬ | ૧૩૦ | ૨૪ |
| ૭૧ | સહાધ્યાયીઓ મારી સાથે સાહજિકતાથી વર્તતા નથી. | ૨૫ | ૯૦ | ૮૫ |
| ૭૨ | શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી નથી. | ૬૮ | ૯૦ | ૪૨ |
| ૭૩ | વિકલાંગીઓ માટે અલગ શાળાની જરૂર જણાય છે. | ૧૦૫ | ૬૦ | ૩૫ |
| ૭૪ | ઈશ્વરે અપંગ બનાવીને અન્યાય કર્યો છે. | ૧૩૫ | ૨૫ | ૪૦ |

# પ્રકરણ - ૫

# સમસ્યાત્મક માહિતીનું વિશ્લેષણ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ મુક્ત હેરફેરમાં તકલીફ પડે છે કે નહી ?

૫.૩ તમારા ઉપયોગી સાધનોની સાફસૂફી જાતે કરી શકો છો કે નહીં ?

૫.૪ કોઈ મને મારી રીતે જીવવા દેતુ નથી.

૫. ૫ તમને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની પૂરી તક મળે છે ?

૫.૬ પ્રવાસે જતી વખતે સાધનમાં ચઢતી-ઉતરતી વખતે તકલીફ પડે છે ?

૫. ૭ વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને તમારી હાજરી ખૂંચે છે ?

૫. ૮ દવા-દારૂ લેવા જવા માટે મોટાભાગે એકલા જવું પડે છે ?

૫.૯ લખતી વખતે મુશ્કેલી થાય છે ?

૫.૧૦ કપડાં પહેરવા/કાઢવામાં તકલીફ પડે છે ?

૫.૧૧ મારી ખોડ મને બહુ સાલે છે.

૫.૧૨ કુટુંબના સભ્યો જોઈએ તેટલી દરકાર કરતા નથી.

૫.૧૩ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ શકતો/શકતી નથી.

૫. ૧૪ ઘરમાંથી વિશિષ્ટ સુવિધા મળતી નથી.

૫.૧૫ લોકોની બિનજરૂરી દયા મારા વિકાસમાં અંતરાય રૂપ બને છે

૫.૧૬ મારી જાત પર મને વિશ્વાસ નથી.

૫.૧૭ વિકલાંગતાને કારણે જાહેરમાં સંકોચ થાય છે.

૫.૧૮ હું કરી શકું તેવું કામ પણ મારી પાસેથી ખૂંચવી લેવાય છે.

૫.૧૯ અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી કરતાં પાછળ નથી.

૫.૨૦ અન્ય વિદ્યાર્થીઓ સાથે નિ:સંકોચ રીતે હળીમળી શકું છું.

૫.૨૧ તમારા વિકાસમાં ખાસ કોઈ મદદરૂપ થાય છે ?

૫.૨૨ હું કોઈ કૌટુંબિક જવાબદારી અદા કરી શકતો/શકતી નથી.

૫.૨૩ લોકોની બિનજરૂરી હમદર્દી મારા વિકાસને આડે આવે છે.

૫.૨૪ પંગુતા મને ડગલેને પગલે નડે છે.

૫.૨૫ ઘરકામમાં જરૂરી મદદ કરી શકતો/શકતી નથી.

૫.૨૬ ધારેલું કામ સમયસર પૂર્ણ કરી શકતો/શકતી નથી.
૫.૨૭ લોકો મારા પર દયા ખાય છે તે મારાથી સહન થતું નથી.
૫.૨૮ સમાજ હોંશથી અમને સ્વીકારતો નથી.
૫.૨૯ મારું જીવન મારા કુટુંબ માટે બોજારૂપ છે.
૫.૩૦ અન્ય વિદ્યાર્થીઓ અમારાથી અલગ રહે છે, જે ખૂંચે છે.
૫.૩૧ સુવા / બેસવામાં તકલીફ થાય છે.
૫.૩૨ સુવાચ્ય લખાણ થઈ શકતું નથી.
૫.૩૩ ગમે ત્યારે પડી જવાની બીક લાગે છે.
૫.૩૪ કેટલાક વિદ્યાર્થીઓની કડવી નજર મને ડંખે છે.
૫.૩૫ સરળતાથી મિત્રો બનાવી શકતો/શકતી નથી.
૫.૩૬ વિકલાંગતાને કારણે થાક લાગે છે.
૫.૩૭ એકંદરે નાદુરસ્ત રહુ છું.
૫.૩૮ વિકલાંગતાને કારણે દફતર ઉપાડવામાં તકલીફ પડે છે.
૫.૩૯ સરકાર તરફથી મળતી મદદ ખૂબ જ ઓછી છે.
૫.૪૦ સગાઈનો પ્રશ્ન આકરી કસોટીરૂપ બની રહેશે.
૫.૪૧ વિકલાંગતાના સાધન અંગે શાળા સહાય કરતી નથી.
૫.૪૨ વિકલાંગતાને લીધે સાહસ કરવાનું ટાળુ છું.
૫.૪૩ શાળા તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાથી સંતોષ છે.
૫.૪૪ અન્ય સહાધ્યાયીઓ મારી મશ્કરી કરે છે.
૫.૪૫ ઘણીવાર તો લોકોની મદદ જ આફતરૂપ બને છે.
૫.૪૬ ઘરમાં સન્માનથી રાખતા નથી.
૫.૪૭ ચીજ-વસ્તુ લેવા / મૂકવામાં તકલીફમાં પડે છે.
૫.૪૮ કપડાંના બટન ખોલ/બંધ કરવાનું ફાવતું નથી.
૫.૪૯ વાહન ચલાવતી વખતે અકસ્માતની બીક રહે છે.
૫.૫૦ પંગુતાએ મને લાચાર કરી મૂકેલ છે.
૫.૫૧ વિકલાંગી મિત્રો સાથે નિખાલસતાથી સમસ્યાની આપ-લે કરી શકો છો ?
૫.૫૨ અપંગતાને કારણે રમત-ગમતમાં ભાગ લઈ શકતો/શકતી નથી.
૫.૫૩ શાળામાં મારી હાજરીની સહજ સ્વીકૃતિ વર્તાતી નથી.
૫.૫૪ વાંક-ગુન્હા વગર સમાજ અમને તરછોડે છે.

૫.૫૫ દૈનિક કાર્ય કરવામાં મને મુશ્કેલી પડે છે.
૫.૫૬ જાત પર સંયમ રાખવો મુશ્કેલ બની રહે છે.
૫.૫૭ લઘુતાગ્રંથિથી પીડાઉ છું.
૫.૫૮ કોઈ મારી મૈત્રી ઝંખતું નથી.
૫.૫૯ કુટુંબમાં ભારરૂપ લાગુ છું .
૫.૬૦ કોઈ કાર્ય કરતા પહેલા સભાન થઈ જાવ છું.
૫.૬૧ ઉંમર પ્રમાણે મારી જવાબદારી ઉપાડી શકતો/શકતી નથી.
૫.૬૨ મારાથી થાય તેવા કામ અંગે પણ મને શંકા રહે છે.
૫.૬૩ મારુ ભાવિ અંધકારમય લાગે છે.
૫.૬૪ મારું પોતાનું કામ કુશળતાથી કરી શકતો/શકતી નથી.
૫.૬૫ કોઈ અર્થ ઉપાર્જન કરી શકીશ કે નહીં તેની ચિંતા છે.
૫.૬૬ સામાન્ય વિદ્યાર્થીઓ મારી સાથે વાત કરવાનું ટાળે છે.
૫.૬૭ કુટુંબના સભ્યો તરફથી પૂરતો સ્નેહ મળતો નથી.
૫.૬૮ શિક્ષકો મારા પ્રત્યે ભેદભાવ રાખે છે.
૫.૬૯ અપંગો પ્રત્યેનો સમાજનો અભિગમ પ્રોત્સાહક નથી.
૫.૭૦ વિકલાંગતાને કારણે વહેમી સ્વભાવ ધરાવું છું.
૫.૭૧ લોકોની દયા ત્રાસદાયક લાગે છે.
૫.૭૨ સહાધ્યાયીઓ મારી સાથે સાહજિકતાથી વર્તતા નથી.
૫.૭૩ શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી નથી.
૫.૭૪ વિકલાંગીઓ માટે અલગ શાળાની જરૂર જણાય છે.
૫.૭૫ ઈશ્વરે અપંગ બનાવીને અન્યાય કર્યો છે.
૫.૭૬ ભાવિ સંશોધન માટેના સૂચનો
૫.૭૭ ઉપસંહાર

## ૫.૧ પ્રસ્તાવના :

સંશોધનમાં માહિતી મેળવવી અને તેનું અર્થઘટન કરવું જેટલું અગત્યનું છે તેટલું જ મહત્ત્વ તેના તારણોનું પણ રહેલું છે. કોઈપણ સંશોધનકાર્ય વર્ગીકરણથી પૂર્ણ થઈ જતું નથી. અધ્યયન અને વર્ગીકરણ બાદ અભ્યાસના તારણો તારવવામાં ન આવે ત્યાં સુધી સંશોધન અપૂર્ણ ગણાય છે. આથી સંશોધનકર્તાએ વિચારને અનુરૂપ પરિણામ મેળવવા માટે ઉત્તરદાતાઓ પાસેથી અનુસૂચિ સ્વરૂપે જે માહિતી એકત્રિત કરેલ છે તેનું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કોષ્ટકીકરણ અને વર્ગીકરણ કરી મહત્ત્વના જે તારણો પ્રાપ્ત કર્યા છે તે અહીં રજૂ કર્યા છે.

રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ રાજકોટ શહેરનાં ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ધોરણ-૧૧ અને ૧૨ ના ફકત શારીરિક વિકલાંગીઓને આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ઉપરોકત બાબત પૂરતો જ મર્યાદિત છે. સંશોધન અભ્યાસમાં માહિતીના વિશ્લેષણના આધારે સમગ્ર અભ્યાસના સારાંશ સ્વરૂપે કેટલાક મહત્ત્વના અભ્યાસના તારણો આવરી લીધા છે. તેથી સંશોધન અભ્યાસનો વિભાગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક દ્વારા સમગ્ર સંશોધનના નીચોડ સ્વરૂપે તારણો આપવામાં આવ્યા છે.

કોઈપણ ક્ષેત્રમાં સંશોધન કરવું હોય ત્યારે તેમાં પ્રશ્નાવલી ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંશોધન કરવા માટે અહીં પ્રશ્નાવલી અને રૂબરૂ મુલાકાત પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં આ સંશોધનમાં વિવિધ પ્રકારની શારીરિક વિકલાંગતા ધરાવતા ધોરણ-૧૧ અને ૧૨ ના એટલે કે ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં ૨૦૦ વિકલાંગીઓને પસંદ કરવામાં આવ્યા, અને તેના ઉપરથી તારણો આવ્યા છે તે રજૂ કરવામાં આવ્યા છે. દરેક વ્યકિતનો મત એક સરખો ન હોય તે વ્યાજબી બાબત છે. તેમ છતાં પણ અહીં આ સંશોધનમાં એક નિષ્કર્ષ ચોક્કસ જોવા મળે છે તે અત્રે પ્રસ્તુત છે.

અહીં ક્ષેત્રકાર્ય કરીને ઉત્તરદાતાઓ પાસેથી મેળવેલી માહિતીને કોષ્ટકવાર રજૂ કરી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સમાજની દરેક ઘટના ચોક્કસ સામાજિક કે આર્થિક પાર્શ્વભૂમિકામાં ઘટતી હોય છે. આવી જ રીતે પ્રત્યેક સમાજમાં સામાજિક સમસ્યાઓ પણ ઉદ્દભવતી હોય છે. સામાજિક સમસ્યાઓ એ એક સાર્વત્રિક બાબત છે. આથી જ્યારે કોઈપણ સામાજિક ઘટનાનો કે સામાજિક સમસ્યાનો સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ અભ્યાસ કરીએ ત્યારે તેનો પર્યાપ્ત ખ્યાલ મેળવવા માટે ઉત્તરદાતાઓની સામાજિક-આર્થિક પાર્શ્વભૂમિકાની અર્થપૂર્ણ સમજ મેળવવી જરૂરી છે. આ સમજ જે તે સામાજિક ઘટનાં કે સમસ્યાનું વધુ સ્પષ્ટીકરણ કરે છે.

**૫.૨ મુકત હેરફેરમાં તકલીફ ૫ડે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૦ | ૧૫.૦૦ % |
| ૨ | ના | ૭૫ | ૩૭.૫૦ % |
| ૩ | અંશતઃ | ૯૫ | ૪૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગો ઉત્તરદાતાઓને મુકત હેરફેરરમાં તકલીફ પડે છે કે કેમ ? તે માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૫ % થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારની દ્દષ્ટિએ ૩૭.૫% થાય છે.જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૭.૫ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે,સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતા-ઓનું જોવા મળે છે. બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

આથી કહી શકાય કે, મોટા ભાગના વિકલાંગીઓ જીવન વ્યવહારમાં પોતાની રીતે સરળતાથી ગોઠવાઈ જાય છે અને પોતાની દૈનિક ક્રિયા પણ પોતાની રીતે ગોઠવી લેતા હોય છે. અને વિકલાંગી પોતાની જાતને સહજ રીતે હેરવી-ફેરવી શકવાની સરળ આવડતો શીખી લે છે.

**૫.૩ તમારા ઉપયોગી સાધનોની સાફ-સૂફી જાતે કરી શકો છો ? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૦ | ૧૫.૦૦ % |
| ૨ | ના | ૭૫ | ૩૭.૫૦ % |
| ૩ | અંશતઃ | ૯૫ | ૪૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પોતાના જીવન જરૂરી સાધનોની સાફ-સૂફી કરવામાં તકલીફ પડે છે કે કેમ ? તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉતરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતા પાસેથી મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનાર ઉત્તરદાતાની સંખ્યા ૩૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૫ % થાય છે. જેમા ના પાડનાર ઉત્તરદાતાની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૭.૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાની સંખ્યા ૯૫ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૭.૫ % થાય છે.

પરિણામના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતા જોવા મળે છે અને

ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતા જોવા મળે છે.

આમ ઉપરોકત પ્રશ્નોનો ઉત્તર આપણને સ્પષ્ટપણે જોવા મળે છે કે, વિકલાંગી પોતાનાં જીવનમાં ઉપયોગી સાધનો જેવાં કે, બગલ ઘોડી, કેલીપર્સ, ટ્રાઈસીકલ, ચેર, બેલ્ટ વિગેરેની જાળવણી પોતાની રીતે કરી શકે છે. કયારેક જ થોડી-ઘણી તકલીફ અનુભવે છે. પરંતુ પોતાને ઉપયોગી વસ્તુઓની દેખરેખ પોતે જ રાખીને સ્વમાનથી જીવે છે. અને તેને અનુકૂળ આવે તે રીતે ઉપયોગ કરે છે. આમ આપણે માનીએ છીએ તેમ વિકલાંગીને વધારે તકલીફ પોતાનાં ઉપયોગી સાધનોની સાફ-સૂફી કે દેખરેખ માટે પડતી નથી.

## ૫.૪ કોઈ મને સારી રીતે જીવવા દેતુ નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૫૨ | ૨૬.૦૦ % |
| ૨ | ના | ૩૨ | ૧૬.૦૦ % |
| ૩ | અંશતઃ | ૧૧૬ | ૫૮.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કોઈ સારી રીતે જીવન જીવવા દે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૫૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૬ % થાય છે. જ્યારે ના પાડનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૬% થાય છે. અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૭ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા પાડનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના પાડનાર ઉત્તરદાતાઓ જોવા મળે છે.

આ ઉપરથી આપણે એમ કહી શકીએ કે, વિકલાંગી વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને માનસિક રીતે એમ લાગતું હશે કે તેઓ બેચેન રહેતા હશે અને સામાન્ય વ્યકિતઓ તેને પરેશાન કરતાં હશે પરંતુ મોટાભાગનાં વિકલાંગીઓને થોડે ઘણે અંશે જ આ બાબત સતાવે છે. પરંતુ મોટાભાગનાઓ અનુકૂલન સાધી લેતા જોવા મળે છે. આથી વિકલાંગીઓ પોતાનું જીવન પોતાની રીતે જીવવામાં સારી એવી રીતે સફળ રહે છે તે નિઃશંકપણે કહી શકાય તેમ છે.

**૫.૫ તમને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની પૂરી તક મળે છે ? તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૧ | ૩૦.૫૦ % |
| ૨ | ના | ૪૧ | ૨૦.૫૦ % |
| ૩ | અંશતઃ | ૯૮ | ૪૯.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂરી તક મળે છે કે કેમ તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૧ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૦.૫ % થાય છે. જેમા ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૧ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૦.૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૯% થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

આ તારણ ઉપરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે, વિકલાંગીને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની સારી એવી તકો મળે જ છે. અને તેમને તે મેળવવામાં તકલીફ પણ પડતી નથી અને અંશતઃ જે વિકલાંગીઓને તકો મળે છે તે કાં તો સ્વેચ્છાએ લે છે, અથવા તો જતી કરે છે. કારણ કે, તેમની વિકલાંગતાનાં કારણે તેમાં તન-મન અને ધનથી ભોગ આપવાનો હોય છે, આથી તે દરેકને અનુકૂળ આવે તેમ બની શકે નહીં. છતાં પણ ૩૦.૫ % ને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની ઉત્તમ તક મળે છે. જે તેની આવડત અને સમજણ બતાવે છે. આથી આ બાબતે વિકલાંગીઓની નારાજગીનું પ્રમાણ ઓછું છે.

**૫.૬ પ્રવાસે જતી વખતે સાધનમાં ચઢ- ઉતર વખતે તકલીફ પડે છે ? તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૮ | ૩૯.૦૦ % |
| ૨ | ના | ૨૨ | ૧૧.૦૦ % |
| ૩ | અંશતઃ | ૧૦૦ | ૫૦.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પ્રવાસે જતી વખતે સાધનમાં ચઢ-ઉતરમાં તકલીફ પડે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૯ % થાય છે. જેમા ના

પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૧ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૦ છે એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૦ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

આમ ઉપરોકત વિગતોને ધ્યાનમાં લેતાં સ્પષ્ટપણે નોંધી શકાય છે કે વિકલાંગીને બહાર આવવા-જવા માટે જે સાધનનો ઉપયોગ કરવાનો હોય છે તેમાં ચડ-ઉતર કરવામાં તકલીફ પડે છે. કારણ કે શારીરિક ખોડ-ખાપણ તે બાબતે નડતરરૂપ બને છે તેમ કહી શકાય. જ્યારે થોડી-ઘણી તકલીફ પડે છે તેવા અંદાજે ૫૦% જેટલા વિકલાંગીઓ છે, તેઓએ પોતાની શારીરિક મર્યાદાઓ સ્વેચ્છાએ સ્વીકારીને ચડ-ઉતરની આદતો ગોઠવી લીધી છે. આથી તેઓને સાહજિક લાગે છે. જ્યારે ના પાડનારા વિકલાંગીઓ કદાચ તેની વિકલાંગતાના પ્રમાણના આધારે ના પાડતા હોય તેમ સ્પષ્ટપણે જણાય છે.

### ૫.૭ વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને તમારી હાજરી ખૂંચે છે ? તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૪ | ૧૨.૦૦ % |
| ૨ | ના | ૯૧ | ૪૫.૫૦ % |
| ૩ | અંશતઃ | ૮૫ | ૪૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને ખૂંચે છે કે કેમ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૨૪ એટલે કે ટકાવારી પ્રમાણે ૧૨% થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૧ એટલે કે ટકાવારી પ્રમાણે ૪૫.૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨.૫ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટપણે કહી શકાય કે, વિકલાંગી વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીની હાજરી અન્ય વિદ્યાર્થીઓને ખૂંચતી નથી. એટલે કે સામાન્ય વિદ્યાર્થીઓ તેની સાથે ભેદભાવ રાખતાં નથી. આમ વિકલાંગી વિદ્યાર્થીઓ સાથે સહેલાઈથી હળી-મળી જાય છે અને આથી જ તેમનો વિકાસ સરળ બને છે. અમુક જ વિદ્યાર્થીઓ કે જેઓ વિકલાંગી છે. તેઓ માને છે કે તે અન્યને ખૂંચે છે, એટલે કે નડતરરૂપ થાય છે. આમ અભ્યાસ દરમ્યાન અમુક વિદ્યાર્થીઓને તો કયારેક જ એમ લાગે છે કે સામાન્ય વિદ્યાર્થીઓ તેની સાથે ભેદભાવ રાખે છે.

### ૫.૮ દવાદારૂ લેવા જવા માટે મોટાભાગે એકલા જવું પડે છે ? તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૩ | ૬.૫૦ % |
| ૨ | ના | ૮૪ | ૪૨.૦૦ % |
| ૩ | અંશતઃ | ૧૦૩ | ૫૧.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને દવાદારૂ લેવા માટે મોટેભાગે એકલા જવું પડે છે કે કેમ ? તે અંગે માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩ એટલે કે ૬.૫ % ટકાવારીની દૃષ્ટિએ થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૩ એટલે કે ટકાવરીની દૃષ્ટિએ ૫૧.૫ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

આ કોષ્ટક ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે, વિકલાંગીને દવા-દારૂ લેવા જવા માટે મહદ્ અંશે કોઈને કોઈ સાથે હોય છે અને આથી તેમને પ્રેમ અને હૂંફ મળી રહે છે. જે બાબત તેઓને માનસિક રીતે મજબૂત બનાવે છે અને આ માટે તેઓને કયારેક કયારેક જ એકલા જવું પડે છે. તેવા વિકલાંગીઓની સંખ્યા પણ નોંધનીય છે. આથી કહી શકાય કે, તેઓની સાથે કોઈ સહાયક હોય તો તેઓને વધારે સારૂ પડે છે અને તેઓને એકલું લાગતું નથી.

**૫.૯ લખતી વખતે મુશ્કેલી થાય છે ? તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૪ | ૧૨.૦૦ % |
| ૨ | ના | ૬૬ | ૩૩.૦૦ % |
| ૩ | અંશતઃ | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને લખતી વખતે મુશ્કેલી થાય છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૨૪ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૨ % થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૬ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૩% થાય છે. અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૫૫% થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

આમ આપણે એવા તારણ ઉપર આવી શકીએ કે જે વિકલાંગીઓ ઉચ્ચત્તર માધ્યમિક સુધી અભ્યાસ માટે પહોંચ્યા છે તેઓને લખવામાં મુશ્કેલી પડતી નથી. અને આ માટે તેઓને બાળપણથી જ ટેવ પાડી દેવામાં આવી હોય છે. આથી તેઓ લખવામાં સુગમતા અનુભવે છે અથવા તો તેની પોતાની આગવી ઢબ તેઓએ વિકસાવી લીધી હોય છે. જ્યારે અંશતઃ કહેનારા વિકલાંગીઓને લખવામાં જે તકલીફ પડે છે તેમાં પણ તેઓને પરીક્ષાના સમયે ઝડપથી લખવામાં અથવા તો બેસવા કે ઊભા રહેવાની સગવડતાં તેઓની શારીરિક સ્થિતિ મુજબ ન હોય ત્યારે જ પડે છે. બાકી તો તેઓને પણ મોટા ભાગે વાંધો આવતો નથી અને જેઓને તકલીફ પડે છે તેઓના માટે વ્યવસ્થાનો અભાવ કારણભૂત જોવા મળે છે.

### ૫.૧૦ કપડાં પહેરવા / કાઢવામાં તકલીફ પડે છે ? તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૯ | ૯.૫૦ % |
| ૨ | ના | ૧૩૦ | ૬૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૧ | ૨૫.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોક્ત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કપડાં પહેરવા કે કાઢવામાં તકલીફ પડે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૯ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૯.૫ % થાય છે. જેમા ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૬૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૧ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૫.૫ % થાય છે.

પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

કોષ્ટકની માહિતી સ્પષ્ટ તારણ આપે છે કે, મોટા ભાગના એટલે કે, ૬૫% જેટલા વિકલાંગીઓને તેનાં કપડાં કાઢવા / પહેરવામાં તકલીફ પડતી નથી. આ બાબત જ સ્પષ્ટ કહે છે કે તેઓ પોતાની જાતને શારીરિક ખોડ-ખાપણને ધ્યાનમાં રાખીને ટેવાઈ જાય છે અને આ માટે તેઓની સમજણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ માટે જે વિકલાંગીઓની અપંગતાનું પ્રમાણ વધારે છે તેને જ કપડાં કાઢવા કે પહેરવામાં તકલીફ પડે છે. બાકીના પોતાની ઉંમર થતાં થતાં શીખી જાય છે.

અને કપડાં પણ તેવા પ્રકારનાં જ બનાવડાવે છે. જેથી તેને તકલીફ ન રહે.

**૫.૧૧ મારી ખોડ મને ખૂબ જ સાલે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨૬ | ૬૩.૦૦ % |
| ૨ | ના | ૩૪ | ૧૭.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૦ | ૨૦.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેની ખોડખાપણ સાલે છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૨૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૬૩% થાય છે. અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૦ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓની જોવા મળેલ છે. બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓની જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

આ બાબત સ્પષ્ટ કરે છે કે, દરેક વિકલાંગીને મનમાં તો એમ જ થાય છે કે, જો આ વિકલાંગતા ન હોત તો ઘણું સારું થાત અને વધારે પ્રગતિ કરી શકયા હોત અથવા તો જે સમય, શક્તિ અને નાણાનો બગાડ થાય છે તે ન થાત અને પરિણામ પણ સારુ આવ્યું હોત.કારણ કે,વિકલાંગતાના કારણે ઉઠવા-બેસવામાં,હરવા-ફરવા માં, જમવામાં, લખવામાં તેમજ જીવન જરૂરી બાબતોમાં અડચણ ઊભી ન થાત.

આમ જો સામાન્ય શરીર હોત તો વધારે સારુ હોત તેવી લાગણી તેઓ અનુભવે છે. છતાં પણ ભગવાને જે સ્થિતિ આપી છે તેમાં ફરિયાદ કરનારાની સંખ્યા ઓછી જોવા મળે છે. કારણ કે તેઓ પરિસ્થિતિ સાથે અનુકૂળ થઈને રહેવાનું વધારે પસંદ કરે છે.

### ૫.૧૨ કુટુંબના સભ્યો જોઈએ તેટલી દરકાર કરતા નથી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૫૨ | ૨૬.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૮ | ૩૮.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કુટુંબના સભ્યો જોઈએ તેટલી દરકાર કરતા નથી એ બાબત ખરી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૫૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૬ % થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૮% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જ્યારે હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ના કહેનારાઓના પ્રમાણમાં ઓછી છે. છતાં પણ નોંધનીય છે.

આથી એક બાબતતો સ્પષ્ટ થાય છે કે વિકલાંગીનો ઉછેર સામાન્ય બાળક જેવો થવો જોઈએ તેવો પ્રમાણમાં ઓછો થતો હોય તેમ લાગે છે. જ્યારે ૩૫ % જેટલા

વિકલાંગીઓને કોઈ ફરિયાદ નથી.કારણ કે તેઓ પોતાની રહેવા-જમવાની કે હરવા-ફરવાની ઢબથી બીજાથી અલગ પડતાં હોવાથી તે સામાન્ય રીતે માને છે. કે, કુટુંબના સામાન્ય સભ્યો તેઓની રીતે રહેતા હોય છે અને પોતે પોતાની રીતે. આથી અંશતઃ વિકલાંગીઓને જ કયારેક-કયારેક એવું લાગે છે કે જો તેઓ થોડાં વધારે અનુકૂળ થઈને વર્તન વ્યવહાર કરે તો વધારે સગવડતાભર્યુ રહે તેમાં બે મત નથી.

**૫.૧૩ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ શકતો/શકતી નથી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨૧ | ૬૦.૫૦ % |
| ૨ | ના | ૩૪ | ૧૭.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૫ | ૪૪.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ શકતો/શકતી નથી તે બાબત કેટલે અંશે સાચી છે તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૧૨૧ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૬૦.૫ % થાય છે તેમજ ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭% થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૪.૫ % થાય છે.

અહી પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચા પ્રમાણમાં હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

આમ ઉપરોકત બાબત સ્પષ્ટ કરે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે, જેમાં ખાસ કરીને લાંબી દોડ, ઊંચી કૂદ, ગોળાફેંક, લેખન સ્પર્ધા, ક્રિકેટ, ફૂટબોલ વગેરેનું તેઓની પાસે થોડું-ઘણું જ્ઞાન હોય છે. ખરા અર્થમાં તેઓ આ બાબતની પરીક્ષા જો વ્યવહારું ધોરણે લેવામાં આવે તો તેમાં તેઓ ભાગ લઈ શકતા/શકતી નથી. કારણ કે, તેમાં ખાસ કરીને તેઓનો શારીરિક ઢાંચો નડતરરૂપ બને છે. અને તે તેઓનો સ્પર્ધાત્મક વલણને અવરોધે છે અને આ માટે તેઓ માનસિક રીતે અન્ય સામાન્ય વિદ્યાર્થીઓ કરતા પાછળ જોવા મળે છે અને આ બાબત તેના જીવનના વિકાસને અવરોધે છે.

**૫.૧૪ ઘરમાંથી વિશિષ્ટ સુવિધા મળતી નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૦ | ૩૫.૦૦ % |
| ૨ | ના | ૨૮ | ૧૪.૦૦ % |
| ૩ | અંશતઃ | ૧૦૨ | ૫૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલ વિકલાંગી ઉત્તરદાતાઓને ઘરમાંથી વિશિષ્ટ સુવિધા મળતી નથી તે બાબત સાચી છે કે નહીં તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવેલી છે.જેમાં હા કહેનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૫ % થાય છે. અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૮એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૪% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૧ % થાય છે.

કોષ્ટકકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, વિકલાંગીને ઘરમાંથી વિશિષ્ટ પ્રકાર ની જે સુવિધાઓ જોઈએ છે.જેમ કે,અલગ રૂમ,વાહન,ટેબલ-ખુરશી, લાઈટ-પંખા, ઉપયોગમાં લેવાનું સહાયક સાધન તેમજ મનોરંજનના સાધનો પ્રમાણમાં ઓછા મળે છે. અને આ માટે ઘરની આર્થિક પરિસ્થિતિ મોટાભાગે જવાબદાર હોય છે અને જ્યારે ઘરમાં અન્ય બાળક પણ જો વિકલાંગી હોય ત્યારે તો આ સમસ્યા બેવડાય જાય છે અને વિકલાંગીઓ આ અગવડતાના કારણે ચિડિયા સ્વભાવના થઈ જતા પણ જોવા મળે છે અથવા તો કુટુંબમાં તેના માટે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે તેવું તેને લાગે છે. પણ હકીકતમાં તેવું હોતું નથી. તેમાં ખાસ કરીને આર્થિક-સામાજિક પરિસ્થિતિ વધારે ભાગ ભજવતી હોય છે.

**૫.૧૫ લોકોની બિનજરૂરી દયા મારા વિકાસમાં અંતરાયરૂપ બને છે તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૫ | ૩૭.૫૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૫ | ૩૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને લોકોની બિનજરૂરી દયા પોતાના વિકાસમાં અંતરાય બને છે. તેમ લાગે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૭.૫ % જોવા મળેલ છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૦ % જોવા મળેલ છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૨.૫ % જોવા મળેલ છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, અહીં સૌથી ઊંચું પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. આમ વિકલાંગીઓને દયાની નહીં પણ પ્રેમની જરૂરિયાત છે. તેઓને ભીખની નહીં પણ મદદની જરૂરિયાત છે તે સ્પષ્ટ થાય છે અને આવા વિકલાંગીઓ સ્વમાની વધારે છે તે સ્પષ્ટ થાય છે. તેઓને કોઈકને કોઈક કામ ચોક્કસ કરવું છે પણ લોકો તેનાં માટે જે હાથ લંબાવે છે તેમાં મદદ અને પ્રેમ કરતાં દયા અને ભીખની ભાવનાં વધારે જોવા મળતી હોવાથી આવા વિકલાંગીઓને તે બાબત દુઃખદાયક લાગે છે. અને આ માટે તેઓ પોતાનાં વિકાસને પણ અટકાવી દે છે. કારણ કે તેને આવી દયા નહીં પણ સ્વમાન જોઈએ છે. આથી તેઓને પ્રોત્સાહિત કરવા માટે મદદ અને કામ આપવું જોઈએ તેવું સ્પષ્ટ તારણ જોવા મળે છે.

### ૫.૧૬ મારી જાત પર મને વિશ્વાસ નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૨ | ૩૧.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૮ | ૨૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેની જાત પર વિશ્વાસ નથી તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓની પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૮એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૪% થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબતમાં દરેક વિકલાંગી એવું નથી માનતો કે તે વિકલાંગી છે એટલે તે કંઈ કરી શકે તેમ નથી. તેઓ સ્પષ્ટ જણાવે છે કે આત્મવિશ્વાસના બળથી ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોચ્યાં છીએ અને હતાશ થયા નથી. આ માટે ઘણાં ખરા વિકલાંગીઓ એટલે કે ૩૧ % જેવાઓને પોતાની જાત પર વિશ્વાસ નથી કારણ કે દિવસેને દિવસે સમસ્યાઓ વધતી જ રહે છે. સ્પર્ધાઓ વધતી રહે છે અને જીવન જીવવું કઠિન બનતું જાય છે. આથી તેઓ હતાશા પણ અનુભવે છે. જ્યારે અંશતઃ એવા પણ છે કે જેઓને આ બાબત થોડી-ઘણી જ સ્પર્શે છે. બાકી તેઓ સમય, સંજોગોને આધીન થઈને જીવન જીવવાની કળા શીખી લેતાં હોય છે.

### ૫.૧૭ વિકલાંગતાને કારણે જાહેરમાં સંકોચ થાય છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૪ | ૩૨.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૬ | ૨૩.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતાને કારણે જાહેરમાં સંકોચ થાય છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૨ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ૪૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૩ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. આમ,વિકલાંગીઓ જન્મ બાદ પોતાના શરીરથી જ્યારે સભાન બને છે ત્યારે તેઓને થાય છે કે, તેમાં વધારે ફેરફારની શકયતાઓ નથી માટે તેઓ તે પરિસ્થિતિને સ્વીકારી લે છે અને ધીમે ધીમે જાહેરમાં પણ પોતાની જાતને ગોઠવી લે છે અને સામાન્ય વ્યકિતની જેમ જ જીવન જીવવા લાગે છે. જે તેની સમજદારીનું અતિ ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે હા કહેનારા વિકલાંગીઓની ટકાવારી પણ ઠીક-ઠીક જોવા મળે છે. આથી તેઓ અનુકૂલન સાધી શકતા નથી અને પોતાની જાતને સામાન્ય વ્યકિત કરતાં અલગ રાખે છે અને મુખી બની જાય છે. જે તેના આંતરિક વિકાસમાં બાધારૂપ બને છે અને મનમાં તનાવ અનુભવે છે.આથી તેઓ સાયુજ્ય સાધી શકતા નથી.

## ૫.૧૮ હું કરી શકું તેવું કામ પણ મારી પાસેથી ખૂંચવી લેવાય છે તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૨૨.૫૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૫ | ૩૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને જે તે કામ પોતે જાતે કરી શકે છે કે, તે પણ તેની પાસેથી ખૂંચવી લેવામાં આવે છે તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૨.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૦ % થાય છે જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૭.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણે જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જેમાં વિકલાંગીઓ સ્પષ્ટપણે જણાવે છે કે કોઈ સામાન્ય વ્યકિત એટલી બધી તો નિષ્ઠુર નથી કે, જે અમારાથી થઈ શકે તેવું કામ પણ અમારી પાસેથી છીનવી લે. તેઓ ચોક્કસપણે સલાહ-સૂચન આપે છે અથવા તો પ્રોત્સાહન આપે છે અને ઘણી વખત તો સાથે રહીને મદદરૂપ પણ બને છે. જ્યારે ૪૦ % વિકલાંગીઓનો આવો ઉતર હોય ત્યારે પરિસ્થિતિ આપણને સારી લાગે છે. પરંતુ ૨૨.૫ % એવા પણ છે કે જેઓ આ બાબતની હા પાડે છે. આમ આ તારણમાં હકારાત્મકતા જોવા મળે છે તેવી

રીતે થોડી નકારાત્મકતા પણ જોવા મળે છે. જે નિર્વિવાદ છે.

**૫.૧૯ અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી કરતા પાછળ નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૨૨.૫.૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૫ | ૩૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી કરતા પાછળ નથી ને ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૨.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૦% થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૭.૫ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. આમ સામાન્ય વિદ્યાર્થી કરતાં વિકલાંગી વિદ્યાર્થીઓ જરા પણ પાછળ નથી.એવું માનનારાઓ ૪૦% જેટલા છે. જે બાબત નોંધનીય છે. તેઓ હિંમતથી મને આશા ભરેલી દૃષ્ટિએ આગળ વધી રહ્યા છે અને ઈશ્વરે જે કંઈ ખોડ-ખાપણ આપી છે તેનો સહજ સ્વીકાર કર્યો છે અને આ માટે તેઓ સામાન્ય વિદ્યાર્થીઓની સાથે જ રહીને અભ્યાસ કરે છે અને જરા

પણ સંકોચ અનુભવતા નથી. જ્યારે અંશતઃ વિકલાંગ વિદ્યાર્થીઓ એવું માને છે કે જો સામાન્ય શારીરિક પરિસ્થિતિ હોત તો વધારે સારૂ થાત અને મનમાં થોડા-ઘણો રંજ છે તે ન રહેત.

**૫.૨૦ અન્ય વિદ્યાર્થીઓ સાથે નિઃસંકોચ રીતે હળીમળી શકું છું તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૨૨.૫૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૯૫ | ૪૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ અન્ય વિદ્યાર્થીઓ સાથે નિઃસંકોચ રીતે હળી મળી શકે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૨.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીમાં ૩૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૭.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલુ છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાનું પ્રમાણ જોવા મળેલ છે.અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે.

આમ, આ બાબત સામાન્ય વિદ્યાર્થી સાથે નિઃસંકોચ રીતે ન મળી શકતાં વિકલાંગીઓ માટે ભારે દુઃખદાયી છે. પીડાકારક છે. કારણ કે જેઓની સાથે શૈક્ષણિક

કારકિર્દી માટે સાથે જ રહેવાનું છે તેઓની સાથે સંકોચના કારણે મન ખોલીને તેઓ વાત-ચીત કરી શકતાં નથી. આથી નાનપ અનુભવે છે. જે તેઓના વિકાસને અવરોધે છે. જ્યારે ૨૨.૫ % જેટલાં વિકલાંગીઓ બહિર્મુખી પ્રતિભા ધરાવતાં હોવાના કારણો નિઃસંકોચપણે સામાન્ય વિદ્યાર્થીઓ સાથે હળી-મળી શકે છે અને વાત-ચીત પણ કરે છે. જે બાબત પ્રોત્સાહક છે અને ૪૭.૫ % જેટલા વિકલાંગીઓ મધ્યમ કહી શકાય તે રીતે સગવડતાભર્યો માર્ગ અપનાવે છે અને જરૂરિયાત મુજબ હળવા- મળવાનું રાખે છે જે બાબત પણ પ્રોત્સાહક છે.

**૫.૨૧ તમારા વિકાસમાં ખાસ કોઈ મદદરૂપ થાય છે ? તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૮૫ | ૪૨.૫૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૫ | ૧૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓના વિકાસમાં ખાસ કોઈ મદદરૂપ થાય છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૮૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૦ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૫,એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭.૫ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આમ આ કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, વિકલાંગી વિદ્યાર્થીઓ ઉચ્ચત્તર માધ્યમ સુધી પહોંચે છે. તે દરમ્યાન તેઓને ઘણી બધી વ્યકિતઓ સાથે ક્રિયા-પ્રક્રિયા કરવાની હોવાથી તેઓને કોઈ ખાસ વ્યકિત દ્વારા પ્રોત્સાહન કે પ્રેરણા મળતાં જ રહે છે અને તે તેનાં જીવનમાં ઉજાસ પાથરે છે.જ્યારે ૪૦ % એવા વિકલાંગીઓ પણ છે કે જે સ્પષ્ટપણે ના પાડે છે.જે એક ચિંતાની બાબત છે. કારણ કે તે તેનો મિલનસાર સ્વભાવ બતાવતા નથી અથવા તો અન્યથી અતડા રહે છે અથવા તો પોતાની બાબત અન્ય સાથે વહેંચતા નથી અને પોતાના વિકાસને અવરોધે છે અને અન્યની મદદ લેતા નથી અથવા તો તેના સ્વભાવના કારણે અન્ય તેઓને મદદરૂપ થતાં નથી. જે સ્પષ્ટ થાય છે.

**૫.૨૨ હું કોઈ કૌટુંબિક જવાબારી અદા કરી શકતો નથી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૪ | ૩૭.૦૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૬ | ૩૩.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેઓ કોઈ કૌટુંબિક જવાબદારી અદા કરી શકે છે કે નહી ? તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી

મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૭ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૬ એટલે કે ૩૩ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, અહીં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત વિકલાંગીને કુટુંબથી અલગ રહેવા માટે મોટા ભાગે નિમિત્ત બને છે, કારણ કે આ ભાગ-દોડ વાળી દુનિયામાં વ્યકિત શારીરિક અને માનસિક રીતે સક્ષમ ન હોય તો તે ભાંગી પડે છે. જ્યારે અહીં તો વિકલાંગી પોતાના કુટુંબની જવાબદારી જ અદા ન કરી શકતો હોય તેવી સંખ્યા જો ૩૭ % જેટલી જોવા મળે તે ચિંતાજનક છે અને આ માટે તે પોતાના શરીરને જવાબદાર ગણે છે અને આ કારણે જ તેની સામાજિક અને આર્થિક સ્થિતિ વણસતી જોવા મળે છે. છતાં પણ ભારત સરકાર તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા વિકલાંગીઓ માટે ઘણી બધી સહાયક યોજનાઓ અને કાયદાઓ બનાવવામાં આવ્યા છે. જે વિકલાંગીઓ માટે ખૂજ જ હિતકારી છે.

### ૫.૨૩ લોકોની બિનજરૂરી હમદર્દી મારા વિકાસને આડે આવે છે તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૨૧.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૮ | ૩૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને લોકોની બિનજરૂરી હમદર્દી વિકલાંગીના વિકાસને આડે આવે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી અનુસૂચિ મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૧ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૪ % થાય છે.

ઉપરોક્ત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબતમાં વિકલાંગીઓ અન્ય લોકોની મદદ લેવામાં સંકોચ અનુભવતાં નથી જે સ્પષ્ટ થાય છે. કારણ કે તેવી વ્યક્તિઓ તરફથી તેમને પ્રેમ, લાગણી અને હૂંફ મળી રહે છે અને તેનો તે હકારાત્મક સ્વીકાર કરીને પોતાનો વિકાસ સાધે છે. આથી તેઓ દયા નહીં પણ પ્રેમ અને લાગણીનાં સંબંધે અન્યની મદદ અથવા તો માર્ગદર્શન લેતા હોય છે અને પોતાના જીવનને પ્રજ્વલિત કરતાં જોવા મળે છે. જે બાબત ખૂબ જ પ્રશંસનીય છે.

### ૫.૨૪ પંગુતા મને ડગલેને પગલે નડે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૫ | ૪૭.૫૦ % |
| ૨ | ના | ૪૩ | ૨૧.૫૦ % |
| ૩ | અંશતઃ | ૬૨ | ૩૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોક્ત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ડગલેને પગલે પંગુતા નડે છે એ એ બાબત સાચી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૯૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૭.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૩ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૧.૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે.

કોષ્ટકના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ પ્રમાણ જોવા મળે છે. આ બાબત સર્વ સ્વીકાર્ય છે. કારણ કે કોઈ વ્યકિતને પોતાના શરીરનું એકાદું અંગ ન હોય અથવા તો વાંધા-વચકા વાળું હોય તે ગમે ? આથી જ આ તારણોમાં સ્પષ્ટપણે વિકલાંગી વિદ્યાર્થી છે કે તેની પંગુતા તેને અવારનવાર વિકાસમાં અવરોધરૂપ બને છે. તેને દોડવું છે પણ તે દોડી શકતો નથી ! તેને કુદવું છે પણ તે કુદી શકતો નથી ! આમ ઘણી બધી બાબતોમાં તે સાચી વાત જણાવે છે કે તેની વિકલાંગતા તેને ખૂબ જ નડતર રૂપ બને છે અને ૨૧.૫ % એવા પણ છે કે જેઓ તેની પંગુતાને પણ પ્રગતિની સીડી બનાવીને આગળ વધતાં જ રહે છે અને સતત પ્રગતિ કર્યા જ કરે છે.

### ૫.૨૫ ઘરકામમાં જરૂરી મદદ કરી શકતો/શકતી નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૨૧.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૮ | ૪૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ ઘરકામમાં જરૂરી મદદ કરી શકતો/શકતી નથી તે બાબત સાચી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૧ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૫ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૪ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબતમાં ૩૫ % વિકલાંગીઓ એવા છે કે જેઓ પોતાની શકિત પ્રમાણે ઘરકામમાં મદદરૂપ બનવાનો પ્રયત્ન કરે છે. અને ઘરના લોકો પણ તેની મર્યાદા જોઈને કામની સોંપણી કરતા હોય છે. પણ તેને ઉતારી પાડતા નથી અને આ માટે વિકલાંગી પોતાનાં ઘરના સભ્યોની હૂંફ મેળવી શકે છે અને ઘરમાં તેઓનું પણ કંઈક સ્થાન છે અથવા તો નોંધ લેવામાં આવે છે. તેવો તેને અહેસાસ થાય છે. જ્યારે ૨૧ % એવા વિકલાંગીઓ છે કે તેઓ વધારે પડતી અપંગતાના કારણે ઘરકામમાં જરૂરી મદદ કરી શકતાં નથી અને ઘરના લોકો પણ તેને સ્વીકારી લે છે આથી અહીં સમસ્યા ઉદ્દભવતી નથી.

**૫.૨૬ ધારેલું કામ સમયસર પૂર્ણ કરી શકતો/શકતી નથી તેની વિગતનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૨ | ના | ૩૨ | ૧૬.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૮ | ૨૯.૦૦ % |

| | | | |
|---|---|---|---|
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ ઘરેલું કામ સમયસર પૂર્ણ કરી શકતા/શકતી નથી તે બાબત કેટલા અંશે સાર્થક છે તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૫૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૬ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૮એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૯ % થાય છે.

કોષ્ટકના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે આ ભાગ-દોડના સમયમાં સશકત વ્યકિત પણ જો સમયસર પોતાનું કાર્ય પૂર્ણ ન કરી શકતો હોય ત્યાં વિકલાંગીને શું દોષ દેવાનો હોય. અહીં ૫૫ % જેટલા વિકલાંગીઓ સ્વીકારે છે કે તેઓની શારીરિક મર્યાદાના કારણે તેઓ ભાગ-દોડ ભરેલી જિંદગીમાં પહોંચી શકતા નથી અને આથી તેઓને સામાજિક અને આર્થિક બંને રીતે નુકસાન સહન કરવું પડે છે. તેઓ પોતાનું સમયપત્રક બનાવે છે. પણ તેનું શરીર તેને સાથ આપતું નથી તેમજ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પણ તેમાં મહદ અંશે ભાગ ભજવતી જોવા મળે છે.

### ૫.૨૭ લોકો મારા પર દયા ખાય છે તે મારાથી સહન થતું નથી તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૫ | ૩૭.૫૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |

| | | | |
|---|---|---|---|
| ૩ | અંશતઃ | ૬૫ | ૩૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને લોકો તેના પર દયા ખાય છે. તે તેનાથી સહન થતું નથી. તે બાબત કેટલા અંશે ખરી છે તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસે મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૭.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૨.૫ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્વમાની વલણની છે. વિકલાંગીને કોઈ પ્રેમ આપે કે મદદ કરે તે ગમે છે. પણ દયા ખાય અને તેના પ્રત્યે બીચારા જેવી લાગણી વ્યકત કરે તો તેને ગમતું નથી. કારણ કે તેને ઈશ્વરે તો અપંગ બનાવીને સજા આપી છે ત્યારે સામાન્ય વ્યકિત પણ તેને સન્માન ન આપે તો તે ત્રાસદાયક બની રહે છે. પરંતુ વિકલાંગીની પરિસ્થિતિમાં કયારેક એવો સમય પણ આવે છે કે, કોઈક દયા ખાય તો સમય-સંજોગોને આધીન સ્વીકારી લે છે. જ્યારે અંશતઃ એવા વિકલાંગીઓ પણ છે કે તેઓ સમાધાનકારી વલણ અપનાવે છે. આવા વિકલાંગી પર કોઈ દયા ખાય અથવા તો ભીખ આપે તે તેને ગમતું નથી કારણ કે તે સ્વમાનભેર જીવવા માંગે છે.

**૫.૨૮ સમાજ હોંશથી અમને સ્વીકારતો નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકાવારી** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | હા | ૭૨ | ૩૬.૦૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૮ | ૩૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સમાજના સામાન્ય લોકો તેઅનો હોંશથી સ્વીકારતાં નથી એ બાબત સાચી છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૭૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૬ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૦% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૪% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે.જ્યારે બીજા ક્રમે અંશતઃઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. એટલે કે અકંદરે હા અને ના કહેનારા ઉત્તરદાતાઓ વચ્ચે ફકત ૬ % જેટલો જ તફાવત જોવા મળે છે. એટલે કે, સમાજના સામાન્ય લોકો તેને હોંશથી સ્વીકારે પણ છે અને કયારેક નથી પણ સ્વીકારતાં એટલે આ બાબત સમય , સંજોગોને આધીન જોવા મળે છે અને ૩૪ % વિકલાંગીઓ આવી બાબતો પર વધારે ધ્યાન આપતા નથી એટલે કે સામાન્ય લોકો જે કરે તે ભલે કરે, પણ પોતે તો પોતાની મસ્તીમાં જ જીવન જીવે છે. આમ વિકલાંગીઓને સમાજમાં મિશ્ર પ્રત્યાઘાત જોવા મળે છે. છતાં પણ ઉચ્ચત્તર માધ્યમિક સુધી અભ્યાસ માટે પહોંચી શકયા તેને તે પોતાની સિદ્ધિ માને છે અને આત્મવિશ્વાસથી વધારે આગળ વધવાની તમન્ના પણ ધરાવે છે.

**૫.૨૯ મારું જીવન મારા કુટુંબ માટે બોજા રૂપ છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૫૬ | ૨૮.૦૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૪ | ૪૨.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પોતાનું જીવન કુટુંબના સભ્યો માટે બોજારૂપ છે. તેવું લાગે છે તે બાબત કેટલા અંગે વ્યાજબી છે. તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૫૬ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૮ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૦ % થાય છે જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૪એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૨% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું  જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એ બાબત સ્પષ્ટ થાય છે કે, વિકલાંગીને તેનું કુટુંબ સહજ રીતે જ સ્વીકારે છે, પણ કયારેક એવું પણ બને છે કે જો તે પંગુ ન હોત તો કુટુંબને વધારે મદદરૂપ થઈ શકયા હોત.પરંતુ કુટુંબના લોકો તેને બોજારૂપ નથી માનતાં તેવા સ્પષ્ટ મંતવ્ય આપનારા વિકલાંગી-ઓની સંખ્યા ૩૦ % જેટલી જોવા મળે છે. જે નોંધનીય છે અને જે ૨૮ % વિકલાંગીઓ પોતાના જીવનને બોજારૂપ માને છે તે પોતે કુટુંબને અનુરૂપ થઈ શકતા નથી અથવા તો તેમની સમજણ શક્તિમાં અભાવ જોવા મળે છે અથવા તો તે લઘુતાગ્રંથિથી પીડાતા હોય તેમ લાગે છે. બાકી કુટુંબના લોકો તેને સ્વીકારે જ છે તેમા બે મત નથી.

### ૫.૩૦ અન્ય વિદ્યાર્થીઓ અમારાથી અલગ રહે છે જે અમને ખૂંચે છે તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૫ | ૧૨.૫૦ % |
| ૨ | ના | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૫ | ૬૪.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને અન્ય વિદ્યાર્થીઓ તેનાથી અલગ રહે છે તે ખૂંચે છે કે નહી તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૨.૫ % થાય છે અને ના કહેનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૬૪.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે સ્પષ્ટપણે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્પષ્ટ તારણ આપે છે કે વિકલાંગી વિદ્યાર્થી પોતે જ સમજે છે કે તેને શારીરિક ખોડખાપણ હોવાને કારણે તે સામાન્ય વિદ્યાર્થીની સમકક્ષ તો આવી શકવાનો જ નથી. આથી તે તેમની સાથે વાત-ચીત કરે કે ના કરે અથવા તો અલગ જ રહે તો તેની તે નોંધ સુદ્ધા પણ લેવા તૈયાર નથી કારણ કે તે તેની દુનિયામાં મસ્ત છે અને આવા વિકલાંગીઓ પોત પોતાની રીતે જ તેના યોગ્ય મિત્રો પસંદ કરી લેતા જોવા મળે છે. આથી તેઓને અન્ય વિદ્યાર્થીઓની અલગતા ખૂંચતી નથી. જે તેમનો હકારાત્મક અભિગમ બતાવે છે, જે બાબત નોંધનીય છે.

### ૫.૩૧ સુવા / બેસવામાં તકલીફ થાય છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૦ | ૨૦.૦૦ % |
| ૨ | ના | ૧૧૨ | ૫૬.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૮ | ૨૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સુવા / બેસવામાં તકલીફ થાય છે. તેવું માનવામાં આવે છે તે બાબતમાં કેટલું તથ્ય છે. તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૦ % થાય છે. જયારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૬ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૪ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું  જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત પરથી એટલું તો સ્પષ્ટ કહી શકાય કે વિકલાંગી કિશોરાવસ્થામાંથી પુખ્ત અવસ્થામાં પહોંચી ગયો હોવાથી પોતાના શરીરની જે જે ખોડ છે તેના આધારે તે સુવા માટે, બેસવા માટે, ચાલવા માટે, એટલે કે હરવા-ફરવા માટે એક અલગ ઢબ છે જે તેને પોતાને વધારે સુગમતા ભરેલી લાગે તે શીખી લેતા હોય છે. આથી ૫૬ % જેટલા વિકલાંગીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે તેઓને સુવા-બેસવામાં તકલીફ પડતી નથી.જ્યારે ૨૦ % લોકો એવા છે કે તેઓને વિકલાંગતાનો વિચિત્ર પ્રકાર હોવાના કારણે ઘણીવાર અનુકૂળ થવામાં તકલીફ પડે છે. જે વ્યાજબી છે. આમ છતાં પણ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચેલા વિકલાંગીઓ એકંદરે વ્યવહારું વર્તન-વ્યવહાર ધરાવતાં જોવા મળે છે.

## ૫.૩૨ સુવાચ્ય લખાણ થઈ શકતું નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૪ | ૧૭.૦૦ % |
| ૨ | ના | ૯૮ | ૪૯.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૮ | ૩૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓથી સુવાચ્ય લખાણ થઈ શકે છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતા -ઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭ % થાય છે. જયારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૯ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૪ % થાય છે.

કોષ્ટકના પરિણામોના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી નોંધનીય બાબત એ છે કે, સામાન્ય વિદ્યાર્થીને પણ ઘણી વખત અક્ષરો ખરાબ થતા હોય છે જ્યારે અહીં તો લખવાનું કામ જે હાથની આંગળીઓની મદદથી કરવાનું છે તેમાં જ જો ખોડ રહી ગઈ હોય તો વ્યાજબી રીતે સમજી શકાય તેમ છે કે તેઓ એક તો ઝડપથી અથવા તો ખૂબ જ સારા એટલે કે સુવાચ્ય લખાણ લખવામાં તકલીફ અનુભવતાં જ હોય. આમ અમુક વિકલાંગીઓ પોતાની ખોડ-ખાપણને ધ્યાનમાં લઈને સ્વેચ્છાએ આ બાબતને વધારે ધ્યાનમાં લેતા નથી. તે બાબત પણ નોંધવામાં આવી છે.

### ૫.૩૩ ગમે ત્યારે પડી જવાની બીક લાગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૨૨.૫૦ % |
| ૨ | ના | ૯૫ | ૪૭.૫૦ % |
| ૩ | અંશતઃ | ૬૦ | ૩૦.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ગમે ત્યારે પડી જવાની બીક લાગે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૨.૫ % થાય છે. જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૭.૫% થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૦% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ઉલ્લેખનીય બાબત પણ એ છે કે, વિકલાંગી વિદ્યાર્થી ઉચ્ચત્તર માધ્યમિકમાં પહોંચે છે તયારે પોતાના શરીરની તકલીફોથી ખૂબ જ સભાન બની ગયો હોય છે અને તે માટે તેને જો ખાસ કરીને પગની તકલીફ હોય ત્યારે તે ચાલવામાં, બેસવામાં કે હરવા-ફરવામાં પોતાની એક ચોક્કસ ઢબ ગોઠવી લેતા હોય છે. આથી તેઓને ગમે ત્યારે અને આકસ્મીક સંજોગોમાં પણ પોતાની જાતને કાબૂમાં રાખવાની રીતની ખબર હોય છે. આમ આવી વિકલાંગી વ્યકિત કાયમ ખોડ-ખાપણના કારણે માનસિક

રીતે જ ઘડાઈ ગઈ હોય છે કે તેને કેવી પરિસ્થિતિમાં કેવી રીતે હરવું-ફરવું જોઈએ. આથી મહત્તમ ઉત્તરદાતાઓ એટલે કે ૪૭.૫ % ને ગમે ત્યારે પડી જવાનો કોઈ ભય લાગતો નથી જે બાબત નોંધનીય છે.

**૫.૩૪ કેટલાક વિદ્યાર્થીઓની કડવી નજર મને ડંખે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૬ | ૧૩.૦૦ % |
| ૨ | ના | ૧૩૦ | ૬૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૪ | ૨૨.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કેટલાક વિદ્યાર્થીઓની કડવી નજર તેને ડંખે છે. એટલે કે માનસિક પીડા આપે છે તે બાબત કેટલા અંશે સાચી છે ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૬ એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૧૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૦ એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૬૫ % થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૪ એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૨૨ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનુ પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં અતિ નોંધનીય બાબત એ છે કે ૬૫% જેટલા વિકલાંગીઓને સામાન્ય વિદ્યાર્થીઓની કડવી નજર એટલે કે ઉતારી પાડે તેવી વાત-ચીત કે રીત-ભાત સ્પર્શતા

જ નથી. અને વિકલાંગીઓ જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચી જ ગયા છે. ત્યારે તેઓ અવારનવાર આવા બનાવ-ઘટનાઓમાંથી પાસ થઈ જ ગયા હોય છે. આથી તે માનસિક રીતે પણ પરિપકવ જોવા મળે છે. અને તેને અન્ય વિદ્યાર્થીઓની સામે કોઈ ફરિયાદ પણ નથી એટલે કે તે સમાધાનકારી વલણ પોતાના જીવન માટે અપનાવીને હકારાત્મક દષ્ટિકોણ રાખીને સતત આગળ વધતાં જ રહે છે. અને અન્યની કડવી કે તીખી નજર પણ તે સહન કરી શકે છે અથવા તો તે ધ્યાનમાં જ નથી લેતા જે પ્રશંસનીય બાબત છે.

**૫.૩૫ સરળતાથી મિત્રો બનાવી શકતો/શકતી નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૪ | ૧૨.૦૦ % |
| ૨ | ના | ૧૩૦ | ૬૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૬ | ૨૩.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ સરળતાથી મિત્રો બનાવી શકે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૪ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૨ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૬૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૩ % થાય છે.

કોષ્ટકના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું  જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું

પ્રમાણ જોવા મળે છે. અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહીં ખૂબ જ પ્રોત્સાહક પરિણામ એ મળ્યુ છે કે વિકલાંગી વિદ્યાર્થી ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચે છે ત્યાં સુધીમાં સગા-સંબંધીઓથી માંડીને સમાજના ઘણા લોકોના સંપર્કમાં આવે છે ત્યારે તે ધીમે-ધીમે તેને અનુકૂલન સાધતો થઈ જાય છે અને આથી સામાજિક રીત-રિવાજોના કારણે તેને સારા-નરસાનું ભાન પણ થાય છે. આથી તે મિત્રો પણ સરળતાથી બનાવી શકે છે. કારણ કે તેને ખબર છે કે જેટલા પ્રમાણમાં હમદર્દ મિત્રો હશે તેટલી ઓછી તકલીફો પડશે અને વિકાસ પણ ઝડપી થશે. આમ, ૬૫% જેટલા વિકલાંગીઓ સરળતાથી મિલનસાર સ્વભાવના કારણે મિત્રો બનાવવામાં સફળ રહે છે. જે તેની હકારાત્મકતાનું નોંધનીય પાસું છે.

### ૫.૩૬ વિકલાંગતાને કારણે થાક લાગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૫ | ૧૭.૫૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૫ | ૪૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ વિકલાંગતાને કારણે થાકી જાય છે. તે બાબત સાચી છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા કહેનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૭.૫ % થાય છે. જેમાં ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૦% થાય છે. જેમાં અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૨.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું  જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૦ % વિકલાંગીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે તેઓને વિકલાંગતાના કારણે થાક લાગતો નથી એ બાબતને ઊંડાણથી જાણવાનો પ્રયત્ન કરતાં એક બાબત સ્પષ્ટ જોવા મળી કે તેના શરીરમાં જે જે ભાગોમાં ખોડ-ખાપણ છે તેને ધ્યાનમાં લઈને તેઓ પોતાની ઉઠવા-બેસવાની, હરવા-ફરવાની, તમામ ક્રિયાઓને એવી રીતે નિયંત્રિત કરી છે કે જેના આધારે તેને વધારે પરિશ્રમ કરવો પડતો નથી અને તેની જે આગવી રીત-ભાત છે તે જ તેના માટે સહાયક એટલે કે મદદરૂપ બને છે અને ૧૭.૫ % જ એવા વિકલાંગીઓ છે કે જેને થાક લાગે છે. પણ તે તેની પંગુતાના પ્રમાણ ઉપર આધારીત છે તેવું સ્પષ્ટપણે જોવા મળ્યું છે.

### ૫.૩૭ એકંદરે નાદુરસ્ત રહુ છું તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮ | ૧૪.૦૦ % |
| ૨ | ના | ૧૪૦ | ૭૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૨ | ૧૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ એકંદરે નાદુરસ્ત રહે છે કે  નહીં ?  તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૪ % થાય છે અને ના પાડનારા

ઉત્તરદાતાઓની સંખ્યા ૧૪૦ એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૭૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૧૬ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે.આ કોષ્ટકના આંકડાઓ પરથી સ્પષ્ટપણે જાણવા મળે છે કે, ૭૦% વિકલાગંઓ તંદુરસ્ત રહે છે. તેઓ પોતાની ખોડ-ખાંપણને કારણે માનસિક કે શારીરિક રીતે પડી ભાંગતા નથી અને ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિને પહોંચી વળવા માટે પણ સક્ષમ જોવા મળે છે.

જ્યારે ફકત ૧૪ % જ વિકલાંગીઓ એવા છે કે જેને શરીરની વધારે પડતી ખામી છે. તેઓ તેનો ઉકેલ શોધવા માટે અથવા તો અનુકૂલન સાધવામાં નિષ્ફળ રહે છે. જેના કારણે તે વિવિધ પ્રકારની તકલીફોથી પીડાય છે. બાકી એકંદરે પરિસ્થિતિ સારી છે અને તેના કારણે જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચી શકયા હોય છે અને શાળામાં તેઓની હાજરીનું પ્રમાણ પણ સારુ એવું જોવા મળે છે.

### ૫.૩૮ વિકલાંગતાને કારણે દફતર ઉપાડવામાં તકલીફ પડે છે તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૬ | ૧૮.૦૦ % |
| ૨ | ના | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૪ | ૨૭.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતાને કારણે દફતર ઉપાડવામાં તકલીફ પડે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૬ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૮% થાય છે.જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૫૫ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૪ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૭ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં પણ વિકલાંગીની ઉચ્ચત્તર માધ્યમિક સુધીની અભ્યાસની સફર દરમ્યાન તેની હરવા-ફરવાની ટેવ, તેની વિકલાંગતાનો પ્રકાર અને પ્રમાણ વધારે ભાગ ભજવે છે. તેનાં આધારે તે પોતાના અભ્યાસના સ્થળ સુધી કઈ રીતે પહોંચ્વું ? અને તેનું દફતર કેવા પ્રકારનું અને કેટલા પ્રમાણના વજનનું રાખવું તે પણ નક્કી થઈ ગયું હોય છે.આથી ૫૫% જેટલા વિકલાંગીઓને આ બાબતે કોઈ તકલીફ પડતી નથી.જ્યારે ૧૮% વિકલાંગી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને થોડા-ઘણા અંશે આ બાબત સમસ્યારૂપ લાગે છે. જે વ્યાજબી છે. જ્યારે ૨૭% વિકલાંગીઓએ આ પરિસ્થિતિને અનુકૂળ થવાનો પ્રયત્ન કર્યો છે. જે તેની આંતરિક શકિતને આભારી છે અને તેઓ મજબૂત મનોબળ ધરાવતા જોવા મળે છે.

### ૫.૩૯ સરકાર તરફથી મળતી મદદ ખૂબ જ ઓછી છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૮ | ૪૯.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૨ | ૧૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સરકાર તરફથી મળતી મદદ ખૂબ જ ઓછી છે. તેવું લાગે છે તે માહિતી બરાબર છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે. જેમાં હા પાડનારા ઉત્તરદાતા -ઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૫% થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૬% થાય છે.

કોષ્ટકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતા-ઓનું પણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એ બાબત ઉલ્લેખનીય છે કે વિકલાંગીઓ માટે ભારત સરકાર તેમજ ગુજરાત સરકારશ્રી તરફથી પ્રમાણમાં જે મદદ એટલે કે સહાય આપવામાં આવે છે તે પ્રમાણમાં ખૂબ જ ઓછી છે તેવું કહેનારા ૪૯ % વિકલાંગી ઉત્તરદાતાઓ છે અને આમ પણ આપણે સરકારી નીતિ નિયમોને આધારે જોવા જઈએ તો તાજેતરમાં સરકાર આ બાબતે ગંભીરપણે વિચારવા પણ લાગી છે અને મહદ્ અંશે તેવી જોગવાઈઓ કરીને વિકલાંગીઓને વધારેમાં વધારે મદદ મળી રહે તેવા પ્રયત્નો પણ શરૂ કર્યા છે. અને તેમાં સામાજિક સંસ્થાઓનો ફાળો પણ નોંધનીય છે અને અમુક બાબતમાં સરકારશ્રીએ સ્પષ્ટ નિયમોં જ આકરા બનાવીને વિકલાંગીઓને વધારે મદદરૂપ થવા માટેની યોજનાઓ અમલમાં મૂકી છે. જેથી તેઓ સામાન્ય માનવીની જેમજ હક્ક-હિત- હિસ્સાઓ મેળવીને સ્વમાનભેર જીવી શકે.

**૫.૪૦ સગાઈનો પ્રશ્ન આકરી કસોટી રૂપ બની રહેશે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૩૧ | ૬૫.૫૦ % |
| ૨ | ના | ૩૦ | ૧૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૯ | ૧૯.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પોતાની સગાઈનો પ્રશ્ન આકરી કસોટી રૂપ બની રહેશે તેવો ભય હોય છે. તે બાબત સાચી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરવામાં આવેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૧૩૧ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૬૫.૫% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૩૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૯ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૯.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા વિકલાંગી ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતા-ઓનું પ્રમાણ જોવા મળેલ છે.આ એક ખૂબ જ વિકટ સામાજિક સમસ્યા છે. જેમાં વ્યકિતના મનને નહી પણ તેનાં બાહ્ય દેખાવને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે છે અને એમાં પણ જો આર્થિક પરિસ્થિતિ સારી હોય તો થોડા-ઘણાં અંશે તેને રાહત રહે છે. બાકી તો તેઓને સતત યોગ્ય પાત્ર મળશે કે નહી તની ચિંતા સતાવ્યાં જ કરે છે.

આવા કારણોસર અવાર-નવાર વિકલાંગીઓ માટે જ વિવિધ સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત વ્યકિતઓ દ્વારા નાત-જાતના ભેદભાવ વગર વિકલાંગી- ઓને યોગ્ય પાત્ર મળી રહે તે માટે લગ્ન અંગેના મેળાવડાઓનું આયોજન કરવામાં આવે છે. જે વિકલાંગીના આ મૂડને હળવો કરવા માટે સહાયરૂપ બને છે. બાકી તો ૬૫.૫ % જેટલા વિકલાંગીઓને આ પ્રશ્ન ખૂબ જ સતાવે છે. તે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે.

**૫.૪૧ વિકલાંગતાના સાધન અંગે શાળા સહાય કરતી નથી તેની વિગતનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૫ | ૩૨.૫૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૫ | ૨૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતાના સાધનો મળી રહે તે અંગે શાળા સહાય કરતી નથી. તે બાબતમાં કેટલું તથ્ય છે ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા- ઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૨.૫% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૨.૫ % થાય છે.

અહીં પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહીં

આ બાબતે શાળાના સંચાલકશ્રીઓને મળવાથી એ સ્પષ્ટ થયું હતું કે વિકલાંગી વિદ્યાર્થી ઓને પુસ્તક, પેન, દફતર જેવી વસ્તુઓ કોઈ સામાજિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવે તો અમે તેને આવકારીએ છીએ. અમારી પાસે એવી કોઈ ખાસ વ્યવસ્થા નથી કે જેમા વિકલાંગીઓને તમામ સાધન-સામગ્રીનું અલાયદું ભંડોળ અમારી પાસે હોય અને આ માટે સરકારશ્રી તરફથી મળતી સહાયમાં અમે જરૂરથી મદદરૂપ થઈએ છીએ. પણ સીધાં જ મદદ કરી શકતાં નથી. આમ વિકલાંગીઓમાં ૪૫ % જેટલા જે વિકલાંગીઓ ના પાડે છે તે બાબતને આધારભૂત ટેકો મળી રહે છે. આ માટે શાળાઓએ કંઈક કરવું જોઈએ તેવું સંશોધન કર્તાનું સૂચન છે.

**૫.૪૨ વિકલાંગતાના લીધે સાહસ કરવાનું ટાળુ છું તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૮ | ૧૯.૦૦ % |
| ૨ | ના | ૧૦૦ | ૫૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૨ | ૩૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતાના લીધે સાહસ કરવાનું ટાળવું પડે છે. તે બાબત સાચી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૫૦ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૧ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે  હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

અહીં ખૂબ જ પ્રોત્સાહક બાબત એ છે કે, ૫૦% વિકલાંગીઓ વિકલાંગતાને ગણકારતાં જ નથી. તેઓ ગમે તેમ આકરી પરિસ્થિતિમાં પણ ટકી રહે તેવું મજબૂત મનોબળ ધરાવે છે અને સાહસ પણ કરહે છે. તાજેતરમાં જ બંને હાથ-પગ વગરની વિકલાંગ વ્યકિતએ તેની અલાયદી રીતે આયોજિત કરવામાં આવેલી ટેનીસની રમતમાં વિશ્વવિક્રમ સ્થાપિત કરીને દુનિયાને બતાવી દીધું કે, હું શરીરથી વિકલાંગ છું, મનથી નહીં. તેવી જ  રીતે નૃત્યુની બાબતમાં પણ આવા દાખલાઓ જોવા મળે છે. આમ વિકલાંગી પોતાનું મજબૂત મનોબળ ધરાવે છે તે સ્પષ્ટ થાય છે. બાકી ૧૮% જેટલા જ વિકલાંગીઓ સાહસ કરવાનું ટાળે છે. જે તેની અપંગતાના પ્રમાણને લીધે અથવા તો યોગ્ય તક ન મળવાને કારણે બન્યું છે. તેમ સંશોધનકર્તાનું માનવું છે.

**૫.૪૩ શાળા તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાથી સંતોષ છે તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૨ | ૪૬.૦૦ % |
| ૨ | ના | ૭૪ | ૩૭.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૪ | ૧૭.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને શાળા  તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાથી  સંતોષ છે કે નહીં ?  તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૯૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૬ % થાય છે અને ના પાડનારા

ઉત્તરદાતાઓની સંખ્યા ૭૪ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૭ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૪ % એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૭ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. આ સંશોધનની બાબતમાં એક બાબત એ છે કે શાળા તરફથી પૂરતી મદદ મળતી નથી તેમાં મોટાભાગના વિકલાંગીઓએ હા પાડેલી હતી. જ્યારે અહીં સુવિધાનો પ્રશ્ન આવે છે ત્યારે ૪૬ % સંતોષકારક હોવાનો મત ધરાવે છે. આમ, સુવિધા એટલે તેમના મત મુજબ બેસવાની, ટોયલેટની, દફતર ઉપાડવાની, ચઢ-ઉતર કરવાની, હાજરીની વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેવું રૂબરૂ મુલાકાતમાં જાણવાં મળ્યું. આથી સંશોધનકર્તાને મનની મુંઝવણ ઓછી થઈ. છતાં પણ ૩૭% ને સંતોષ નથી તેનું કારણ જાણવા માટેના પ્રયત્નોમાં એ તારણ આવ્યું કે વિકલાંગીઓ પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાત કરતા હતા અને તેમાં તેઓને સંતોષ ન હતો.

**૫.૪૪ અન્ય સહાધ્યાયીઓ મારી મશ્કરી કરે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૮ | ૧૯.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૨ | ૩૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સામાન્ય સહાધ્યાયીઓ તેની મશ્કરી કરે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-

ઓની સંખ્યા ૩૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૬ % થાય છે.

ઉપરોક્ત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એક બાબત સ્પષ્ટ થાય છે કે ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા સુધી પહોંચી ગયેલા વિકલાંગીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓ માનસિક રીતે પરિપકવ જોવા મળે છે. અને આથી ૪૫% વિકલાંગીઓની કોઈ ખોડ-ખાપણના કારણે મશ્કરી કરતું નથી. જ્યારે ૩૬% જેટલા ને કયારેક કયારેક ખાટા-મીઠા અનુભવ થાય છે.પણ તેને હસવામાં કાઢી નાંખે છે અને મિત્રતાના દાવે પણ તેને મજાકમાં લેતા હોય છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે તેઓને સામાન્ય સહાધ્યાયીઓથી કોઈ ગંભીર ફરિયાદ નથી અને તેઓ સાથે જ રહી અને અભ્યાસ કરતાં હોવાથી એક-બીજાના ગમા-અણગમાને જાણતા હોય છે. આથી અહીં આ બાબતને સમસ્યાના રૂપમાં જોઈ શકાતી નથી.

### ૫.૪૫ ઘણીવાર તો લોકોની મદદ જ આફત રૂપ બને છે તેનું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૬ | ૪૮.00 % |
| ૨ | ના | ૬૦ | ૩૦.00 % |
| ૩ | અંશતઃ | ૪૪ | ૨૨.00 % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.00 % |

ઉપરોક્ત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ઘણીવાર લોકોની મદદ જ આફત રૂપ બની જાય છે. તે બાબત સાચી છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૯૬એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૮% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૪ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૨ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે  અંશતઃ  ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે.

અહીં નોંધનીય બાબત એ છેકે સામાન્ય લોકો એવું માનતા હોય છે કે શારીરિક વિકલાંગીને તકલીફ પડતી હશે એટલે દયા-ભાવથી મદદ કરવા જાય તેમાં વિકલાંગી -ની તકલીફ ઘટવાના બદલે ઘણીવાર વધી જતી હોય છે તે આ સંશોધન ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે અને અહીં આવા ૪૮% વિકલાંગીઓ પણ આ બાબતે સહમતી બતાવે છે.દા.ત.ચઢ-ઉતર કરવામાં તેની પોતાની એક આગવી રીત હોય છે. પણ મદદ કર્તા દયા-ભાવથી આ કાર્ય કરવા જાય તો વિકલાંગીને શારરિક પીડા થતી હોય છે.આથી મદદકર્તાએ પણ ધ્યાન રાખવું જોઈએ.એવું સંશોધનકર્તાનું સ્પષ્ટ માનવું છે.

**૫.૪૬ ઘરમાં સન્માનથી રાખતા નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮ | ૧૪.૦૦ % |
| ૨ | ના | ૧૦૦ | ૫૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૨ | ૩૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ઘરમાં સન્માનથી રાખતા નથી. તે બાબત ખરી છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૮ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૪% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૫૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૨ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૬ % થાય છે.

કોષ્ટકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું  જોવા મળે છે. અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે  હા કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે.

આ સંશોધનમાં આ બાબતને સામાજિક દષ્ટિકોણથી સમાવવામાં આવી છે. આથી નોંધનીય બાબત એ છે કે, ૫૦ % વિકલાંગીઓનું આ બાબતે સ્પષ્ટ મંતવ્ય જણાય છે કે ઘરમાં કોઈ હડધૂત કરતું નથી. ઉલ્ટાનાં શારરિક મર્યાદાને કારણે તેની સારસંભાળ રાખવામાં આવે છે. જ્યારે ૧૪ % જ એવા વિકલાંગીઓ છે કે જેઓ માને છે કે ઘરમાં તેને બરાબર સાચવવામાં આવતા નથી. આમ જોવા જઈએ તો સામાજિક રીતે કુટુંબના સભ્યો પણ સામાજિક રીત-રિવાજથી વાકેફ હોય છે. આથી આવા વિકલાંગીઓને જુદા પાડતા નથી નહીતર સમાજમાં તે ટીકાને પાત્ર બની શકે છે. તેવું સંશોધન કર્તાનું તારણ છે.

**૫.૪૭ ચીજ-વસ્તુ લેવા / મુકવામાં તકલીફ પડે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૬ | ૨૩.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૪ | ૪૨.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ચીજ-વસ્તુ લેવા/મુકવામાં તકલીફ પડે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨ % થાય છે.

આમ, પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. અહીં ૩૫% વિકલાંગીઓ એવા છે કે જેને પોતાની કે અન્યની ચીજ વસ્તુઓ લેવા મૂકવામાં તકલીફ પડતી નથી. આ માટે તેઓએ પોતાના હાથ-પગ-આંગળાઓ વિગેરેને ચોક્કસ ઢબમાં ઢાળી દીધાં હોય છે. જ્યારે ૪૨ % એવા છે કે જેઓને કયારેક અનુકૂળ ન હોય તેવી ચીજ-વસ્તુઓ જ લેવા મૂકવામાં તકલીફ પડે છે. બાકી તેઓને પણ વધારે મુશ્કેલીઓ પડતી નથી. તે બાબત સંશોધનકર્તાના ધ્યાનમાં આવી છે અને આ બાબત પણ ખાસ કરીને વિકલાંગતાના પ્રમાણ અને પ્રકાર ઉપર વધારે નિર્ભર કરે છે તે પણ સ્પષ્ટપણે જાણવા મળ્યું છે.

**૫.૪૮ કપડાંના બટન ખોલ- બંધ કરવાનું ફાવતું નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૨ | ૧૬.૦૦ % |
| ૨ | ના | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૮ | ૨૯.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કપડાંના બટન ખોલ/બંધ કરવાનું ફાવતું નથી. એ બાબતે તેઓ સહમત છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૬ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૫૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૯ % થાય છે.

કોષ્ટકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચું પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આથી આ સંશોધનમાં શારરિક વિકલાંગીઓની સમસ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઘણી વખત સામાન્ય વ્યકિત તરીકે આપણે જેને સમસ્યા સમજતા હોઈએ છીએ તે અર્થમાં વિકલાંગી માટે તો તે સામાન્ય બાબત જ હોય છે. પણ આપણો દ્દષ્ટિકોણ અલગ હોય છે. તે સંશોધનકર્તાએ અહીં નરી આંખે જોયું છે. અહી ૫૫ % વિકલાંગીઓએ કપડાનાં બટનને ખોલ-બંધ કરવાની બાબતમાં જે રીત અપનાવી તે જોઈને સંશોધનકર્તાને પણ આશ્ચર્ય થયું છે. અને રૂબરૂમાં આ બાબત જાણવા મળી તેથી આનંદ પણ થયો છે અને ખરા અર્થમાં વિકલાંગીઓની પોતાની આગવી રીત-ભાત હોય છે અને તે તેના જીવનનો એક અતૂટ હિસ્સો હોય છે જે અહી સ્પષ્ટ થાય છે.

**૫.૪૯ વાહન ચલાવાતી વખતે અકસ્માતની બીક રહે છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૮ | ૦૯.૦૦ % |

| | | | |
|---|---|---|---|
| ૨ | ના | ૧૨૦ | ૬૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૨ | ૩૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વાહન ચલાવતા અકસ્માતની બીક રહે છે તેવું સામાન્ય વ્યકિતનું માનવું છે પણ તે સાચું છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૧૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૦૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૨૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૬૦ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૧ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વાહન એટલે સાયકલ,ટ્રાઈસીકલ, ટ્રાઈસ્કુટર, કાર વિગેરેને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. પણ ૬૫% વિકલાંગીઓને પોતાનું વાહન ચલાવતી વખતે અકસ્માતની બિલકુલ બીક લાગતી નથી. આ માટે તેઓએ સંશોધનકર્તાને પોતાના વાહનમાં પોતાના શરીરને અનુકૂળ આવે તેવી કઈ કઈ વ્યવસ્થાઓ કરી છે તે બતાવી ત્યારે સંશોધનકર્તાને પણ થયું કે સામાન્ય માનવીમાં અને વિકલાંગીમાં આ બાબતે જરા પણ ફેરફાર નથી. તેઓ આગવી સૂઝ ધરાવે છે અને પોતાના શરીરને અનુકૂળ આવી જાય તેવી રચનાવાળા વાહન બનાવડાવે છે. જેથી તેને અકસ્માતનો ભય ન રહે અને આમ પણ આ ઝડપી દુનિયા સાથે કદમ મિલાવવા માટે આજકાલ હરવા-ફરવા માટે વાહન એક અનિવાર્ય અંગ બની ગયું છે અને વિકલાંગી પણ તેમાંથી કેમ બાદ રહી શકે ?

### ૫.૫૦ પંગુતાએ મને લાચાર કરી મૂકેલ છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૫ | ૩૭.૫૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૫ | ૩૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પંગુતાએ તેઓને લાચાર કરી મૂકેલ છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૫ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૭.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૨.૫ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું નોંધી શકાયું છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.

અહીં નોંધનીય બાબત એ છે કે સામાન્ય વ્યકિતને કયારેક હાથ-પગમાં વાગી જાય છે ત્યારે બે-ત્રણ દિવસમાં પણ તે ત્રાસી જાય છે. જ્યારે અહીં તો જિંદગીભર માટેનો પ્રશ્ન છે. માટે તેઓ તો ચોક્કસ લાચાર થઈ જ જાય પણ ફરિયાદ કોને કરવા જવી ? એ એક પ્રશ્ન છે. આથી ૩૭.૫ % એવા વિકલાંગીઓ છે કે તેઓ સ્પષ્ટપણે માને છે કે જો પંગુતા ન હોત તો ઘણું સારું થાત પણ બીજું તો શું કરી શકાય ? જ્યારે ૩૦ % મજબૂત મનોબળવાળા વિકલાંગીઓએ આ પડકારને પણ ઝીલીને જીવતા શીખી લીધું છે. જ્યારે ૩૨.૫ % વિકલાંગીઓને કયારેક કયારેક આ પ્રશ્ન નડતરરૂપ

લાગે છે. છતાં પણ અનુકૂલન સાધીને જીવન જીવે છે. તે સંશોધન કર્તાએ પોતાની નજર સમક્ષ જોયું છે.

## ૫.૫૧ વિકલાંગ મિત્રો સાથે નિખાલસતાથી સમસ્યાની આપ-લે કરી શકો છો ? તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૨ | ૧૬.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૮ | ૩૯.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ વિકલાંગી મિત્રો સાથે નિખાલસતાથી સમસ્યાની આપ-લે કરી શકે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૨ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૬% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૪૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૮ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૩૯ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા વિકલાંગી ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં આ બાબત નોંધનીય છે કે એક વિકલાંગી બીજા વિકલાંગી સાથે પોતાની સમસ્યાની આપ-લે કરતો નથી તેમાં સંશોધનકર્તાને જાણવા મળ્યું કે એક-બીજા વિકલાંગીઓને એમ કહેતા હોય છે કે મને પણ તકલીફ છે પણ હું કોઈને કહેતો નથી

કારણ કે ભગવાને જે મને આપ્યું છે તે રીતે જીવન જીવતા રહેવું જોઈએ તેવો આશાસ્પદ ઉત્તર આપ્યો. આમ છતાં પણ ૩૯ % વિકલાંગીઓ કયારેક કયારેક પોતાની સમસ્યાઓની આપ-લે કરી લેતા જોવા મળે છે. પણ તેના માટે એકબીજા ઉપર આધારીત નથી રહેતા તેઓ જાતે જ તેનાં રસ્તાઓ શોધી લેતા જોવા મળે છે. જેમાં તેનું સ્વમાન સ્પષ્ટપણે જોવા મળે છે.

**૫.૫૨ અપંગતાને કારણે રમત-ગમતમાં ભાગ લઈ શકતો/શકતી નથીનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૮ | ૪૯.૦૦ % |
| ૨ | ના | ૬૭ | ૩૩.૫૦ % |
| ૩ | અંશતઃ | ૩૫ | ૧૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ અપંગતાને કારણે રમત-ગમતમાં ભાગ લઈ શકે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૭ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૩.૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૫ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૭.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનુ જોવા મળેલ છે.જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબતમાં

૪૯ % વિકલાંગીઓએ તેમની વિકલાંગતાના પ્રકાર અને પ્રમાણના આધારે ઉતરો આપ્યા છે. જેમને બંને પગમાં તકલીફ છે તે દોડમાં, ઊંચી કૂદમાં કે લાંબી કૂદમાં ભાગ ન લઈ શકે જે નિર્વિવાદ બાબત છે. માટે અહીં જે ઉતરો મળ્યા છે તેમાં મહદ્અંશે તટસ્થ તારણ નીકળી શકયું છે કે વિકલાંગીઓ તેમનાં શરીરને માફક આવે તેવી રમત-ગમત હોય તો ચોક્કસ ભાગ લઈ શકે છે. જેના માટે ૩૩.૫૩ વિકલાંગીઓનો ઉતર હકારાતમક છે. જે સ્પષ્ટ બતાવે છે કે તેને અનુકૂળ આવે તેવી રમત-ગમત હોય તો તે ચોક્કસ ભાગ લઈ શકે તેમ છે તેમાં તે હાથ પર હાથ રાખીને બેસે તેમ નથી તેવું તેનું મજબૂત મનોબળ પણ અહીં રૂબરૂ મુલાકાત વખતે સંશોધન કર્તાને જોવા મળ્યું છે.

**૫.૫૩ શાળામાં મારી હાજરીની સહજ સ્વીકૃતિ વર્તાતી નથી તેની વિગતનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૨ | ૧૧.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૮ | ૪૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને શાળામાં પોતાની હાજરીની સહજ સ્વીકૃતિ થાય છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૧ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૮એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૪% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી એ બાબત સ્પષ્ટ જાણી શકાય છે કે શાળામાં વિકલાંગી વિદ્યાર્થીની હાજરીને સહજ રીતે સ્વીકારવામાં આવે છે. એટલે કે ૪૫ % ઉતરદાતાઓ આ બાબતે સ્પષ્ટ મંતવ્ય આપે છે કે, ના એવું કંઈ નથી ઉચ્ચત્તર માધ્યમિક સુધી કંઈ એમ જ પહોંચી નહીં ગયા હોઈએ. જ્યારે ૪૪% એવા વિકલાંગીઓ છે કે જેઓ માને છે કે, કયારેક કયારેક એવું બને છે પણ તેની ગંભીરતાથી તેઓ નોંધ લેતા નથી. ફકત ૧૧ % એવા વિકલાંગી વિદ્યાર્થીઓ છે કે જેઓને આ બાબત નકારાત્મક લાગે છે. પરંતુ એકંદરે સંશોધન કર્તાએ નોંધ લીધી છે કે વિકલાંગીની હાજરીને સ્વીકૃત ગણવામાં આવે છે.

### ૫.૫૪ વાંક-ગુન્હા વગર સમાજ અમને તરછોડે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૫૪ | ૨૭.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૬ | ૩૮.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વાંક-ગુન્હા વગર સમાજ તેમને તરછોડે છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૫૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૭% થાય છે. જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૫% થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૮ % થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં સામાજિક દષ્ટિકોણથી રજૂ કરવામાં આવેલા આ સંશોધનમાં ૩૫ % એવા વિકલાંગીઓ છે કે, જેઓ માને છે કે, સમાજના રીત-રિવાજ, નીતિ-નિયમો મુજબ રહીએ તો સમાજમાં લોકો કયારેય તરછોડતા નથી તેમાં તેઓ વિકલાંગતાને ધ્યાનમાં રાખતા નથી. પણ વર્તન વ્યવહારને ધ્યાનમાં રાખે છે. જ્યારે ૧૭ % વિકલાંગીઓને એમ લાગે છે કે, સમાજ તેને વગર વાંકે તરછોડે છે ત્યાં સંશોધનકર્તાએ ઊંડી તપાસ કરતા જણાવ્યું કે, તેઓ હજુ સમાજમાં બરાબર રીતે હળી મળી શકતાં નથી અને પોતે વિકલાંગ છે એટલે તેને અમુક બાબતોમાં વધારે છૂટ-છાટ મળવી જોઈએ એવું માનવું છે. પણ સામાજિક રીતે તે શકય બનતું નથી. જ્યારે ૩૮ % વિકલાંગીઓને આ બાબત બહુ વધારે સ્પર્શતી નથી જે આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે.

**૫.૫૫ દૈનિક કાર્ય કરવામાં મને મુશ્કેલી પડે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૪ | ૪૭.૦૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૨૬ | ૧૩.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને દૈનિકકાર્ય કરવામા મુશ્કેલી પડે છે કે કેમ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતા ઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-

ઓની સંખ્યા ૯૪ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૭ % થાય છે. જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૦ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૨૬ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૩ % થાય છે.

કોષ્ટકકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૭ % વિકલાંગીઓને દૈનિક કાર્ય કરવામાં મુશ્કેલી પડે છે. કારણ કે સામાન્ય વ્યકિત પણ આ ભાગ-દોડ ભરેલી દુનિયામાં તકલીફ અનુભવતો હોય છે ત્યારે વિકલાંગીને ચોક્કસ આ બાબત નડતરરૂપ થાય તે નિર્વિવાદ છે. કારણ કે તેઓને જે પ્રકારની શારીરિક ખોડ-ખાપણ હોય છે. તેમાં કોઈને કોઈ કાર્ય તો એવું હોય જ છે કે તેઓ તેને કરી શકતા નથી. એટલે કે તેને તકલીફ પડતી હોય. જ્યારે ૪૦% એવા વિકલાંગીઓ છે કે જેણે પોતાની દૈનિક ક્રિયા પોતાના શરીરને અનુકૂળ આવે તે રીતે ગોઠવી લીધી છે.આથી તેઓને મુશ્કેલી પડતી નથી પણ ૧૩% એવા પણ છે કે તેઓને કયારેક કયારેક આવી બાબતો નડતરરૂપ બને છે.જે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે

**૫.૫૬ જાત પર સંયમ રાખવો મુશ્કેલ છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૨ | ૩૧.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૮ | ૨૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને જાત પર સંયમ રાખવો મુશ્કેલ બની રહે છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે. જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૪ % થાય છે.

ઉપર મુજબના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા પાડનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૫ % ઉત્તરદાતાઓએ સ્પષ્ટ મંતવ્ય આપ્યું છે કે અમે વિકલાંગીરહ્યા તો ભલે રહ્યા પણ અમારી જાતને-શરીરને અમે અમારી રીતે ટેવ પાડી દીધી છે. જેથી કરીને સમાજ સાથે કદમ મિલાવીને ચાલી શકીએ. આમાં માનસિક અને શારીરિક એમ બંને બાબતો ઉપર સંશોધન કર્તાએ હાથ અજમાવ્યો છે. અને તેનું પરિણામ પણ સ્પષ્ટ જોવા મળે છે. જ્યારે એવા વિકલાંગીઓ પણ છે કે કયારેક વિષમ પરિસ્થિતિ ઊભી થાય તો તેઓ પોતાની જાત ઉપર સંયમ રાખી શકતા નથી તે બાબત તેમની અણઆવડત બતાવે છે. જેમાં તેઓ ઘણી વખત ગુસ્સે થઈ જતાં પણ જોવા મળે છે. તેના માટે તેના મનમાં સામાન્ય વ્યકિત પ્રત્યે રોષની લાગણી રહેલી જોવા મળે છે.

**૫.૫૭ લઘુતાગ્રંથિથી પીડાઉ છું તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૭ | ૧૮.૫૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૩ | ૪૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ લઘુતાગ્રંથિથી પીડાય છે કે કેમ ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૭ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૮.૫ % થાય છે અને  ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૦% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૩ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૨.૫% થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી ૪૦% વિકલાંગીઓએ જે પરિસ્થિતિ છે તેને મનથી સ્વીકારી લીધી છે. અને તેમાં તેને કોઈ ફરિયાદ નથી અને તેઓ પોતાની અલગ પ્રકારની આવડતથી અન્ય લોકોના મન જીતી લેતી જોવા મળે છે. જ્યારે ૪૨.૫ % વિકલાંગીઓ કયારેક-કયારેક લઘુતાગ્રંથિ અનુભવે છે. પણ તે સમય અને સંજોગોને આધીન જોવા મળેલ છે. જેની નોંધ સંશોધનકર્તાએ લીધી છે. દરેક વખતે વિકલાંગીને લઘુતાગ્રંથિ નડતી નથી. જ્યારે ૧૮.૫ % જ વિકલાંગીઓ એવા છે કે જની વિકલાંગતાનું પ્રમાણ વધારે છે અથવા તો વિકલાંગતાનો પ્રકાર અતિ વિચિત્ર છે. તેઓ જ લઘુતાગ્રંથિથી પીડાય છે. આમ અહી જે સમાજ સાથે હળી મળીને જીવવાની વાત છે. તેમાં મહદ અંશે વિકલાંગીઓ સફળ રહ્યા છે. તેવું સંશોધકર્તાનું તારણ છે.

## ૫.૫૮ કોઈ મારી મૈત્રી ઝંખતું નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮ | ૧૪.00 % |
| ૨ | ના | ૧૧૦ | ૫૫.00 % |
| ૩ | અંશતઃ | ૬૨ | ૩૧.00 % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.00 % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ સાથે કોઈ મૈત્રી ઝંખે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૪ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૫ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે.

ઉપર મુજબના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૫૫ % વિકલાંગીઓ સ્પષ્ટ મંતવ્ય આપે છે કે ના એવું કંઈ નથી. અમારી સાથે પણ ઘણા બધા સામાન્ય વિદ્યાર્થીઓ અને લોકો મૈત્રી કરવા ઝંખે છે. જેમાં સંશોધનકર્તાએ ઊંડી તપાસ કરતા જાણવા મળ્યું કે જો વિકલાંગી ગાયક, ચિત્રકાર, વક્તા, વિદ્વતા કે બુદ્ધિચાતુર્ય ધરાવતો હોય તો ચોક્કસ સામેની વ્યકિત તેનાથી આકર્ષાય છે અને મૈત્રીભર્યા સંબંધો રાખે છે. જ્યારે ૩૧ % વિકલાંગીઓ જ એવા છે કે, જેઓને આ બાબતે વધારે ગંભીરતા નથી કે કોઈ મૈત્રી ઝંખે કે ન ઝંખે તેને વધારે ફેર પડતો નથી. માત્ર તેઓ વધારે પડતાં સામાજિક જોવા મળે છે.

૫.૫૯ કુટુંબમાં ભાર રૂપ લાગુ છું તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૫ | ૩૨.૫૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૫ | ૨૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ કુટુંબમાં ભારરૂપ લાગે છે. તેવી તેની માન્યતા સાચી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા- ઓની સંખ્યા ૬૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૨.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૭.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે.અહીં સામાજિક રીતે જોવા જઈએ તો ૪૦% વિકલાંગીઓ કુટુંબમાં ભારરૂપ લાગે છે. તેવી લાગણી અનુભવતા નથી. આથી તેઓ ખૂબ જ હળી-મળીને રહે છે. જ્યારે ૩૨.૫ % વિકલાંગીઓ એવું માને છે કે તેઓ કુટુંબ માટે બોજા રૂપ છે અને તેમાં ઊંડાણપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું કે તે બાબત આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલી છે. જો વિકલાંગી સામાન્ય હોત તો તે કુટુંબને આર્થિક રીતે બોજારૂપ થવાના બદલે મદદરૂપ બની શકયો હોત.જ્યારે ૨૭.૫% વિકલાંગીઓ એવા છે કે જેઓ જે પરિસ્થિતિ છે તેને સ્વીકારે છે અને જિંદગી સાથે બાંધછોડ કરીને અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે.

આમ આ સંશોધનમાં વિકલાંગીની માનસિક સ્થિતિને પણ ઠીક-ઠીક પ્રમાણમાં જાણવા સમજવાનો સંશોધનકર્તાને મોકો મળ્યો છે.

**૫.૬૦ કોઈ કાર્ય કરતા પહેલા સભાન થઈ જાવ છું તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૫ | ૧૭.૫૦ % |
| ૨ | ના | ૭૭ | ૩૮.૫૦ % |
| ૩ | અંશતઃ | ૯૮ | ૪૯.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કોઈ કાર્ય કરતાં પહેલા સભાન થઈ જાય છે કે નહીં ? તે અંગેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭.૫% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૭ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૮.૫% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૯ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી માનસિક માપદંડ ધ્યાનમાં રાખવામાં આવશે કારણ કે વિકલાંગીને કોઈ પણ કાર્ય કરવાનું આવે ત્યારે તેને પોતાની ઊણપનો ખ્યાલ હોય જ છે. અન્ય ૪૯ % વિકલાંગીઓ એવી સ્થિતિમાં સભાનતા કેળવી લે છે અને બાદમાં સામાન્ય થઈ જાય છે. જ્યારે ૩૮.૫ % વિકલાંગીઓ આ બાબતમાં માનતા નથી કારણ કે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચ્યા છે એટલે માનસિક રીતે પરિપકવ થઈ ગયા છે અને આ માટે

તેઓને અગાઉથી સભાન થવાની જરૂરિયાત લાગતી નથી. આ તેઓનું ખૂબ જ જમાં પાસું છે. જેની સંશોધનકર્તાએ નોંધ લીધી છે.

**૫.૬૧ ઉંમર પ્રમાણે મારી જવાબદારી ઉપાડી શકતો/શકતી નથી તેનું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૮ | ૩૪.૦૦ % |
| ૨ | ના | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૯૨ | ૪૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેઓ પોતાની ઉંમર પ્રમાણે જવાબદારી ઉપાડી શકે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૪% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૨ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૬ % થાય છે.

કોષ્ટકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં સામાજિક અને આર્થિક એમ બંને પાસાંઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. જેમાં વિકલાંગી બંને પ્રકારની જવાબદારીઓ કેટલા પ્રમાણમાં અદા કરી શકે છે ? તેનો નિષ્કર્ષ શોધવાનો સંશોધનકર્તાનો પ્રયત્ન ફળ્યો છે. તેમાં ૩૪ % વિકલાંગીઓ એવું માને છે કે આ વાત સાચી છે. કારણ કે વિકલાંગીઓ માટે દિવસે અને દિવસે જરૂરિયાતો અને મોંઘવારી ઘતી જાય છે. સામાજિક સમસ્યાઓ વધતી જાય છે. ત્યાં તેઓને તેની પંગુતા ખૂબ જ

નડે છે. જ્યારે ૪૬% વિકલાંગીઓ અંશતઃઆ બાબત સ્વીકારે છે પણ તેના કારણે તેઓ હતાશ કે નિરાશ થતાં નથી પણ તેમાંથી રસ્તો શોધવાનો પ્રયત્ન કરે છે અને આગળ વધતાં રહે છે. જેની નોંધ સંશોધનકર્તાએ લીધી છે.

**૫.૬૨ મારાથી થાય તેવા કામ અંગે પણ મને શંકા રહે છે તે વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૭૨ | ૩૬.૦૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૮ | ૩૪.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેનાથી થાય તેવા કામ અંગે પણ તેઓને શંકા રહે છે. તે વાત ખરી છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૭૨ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૬ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૦ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૪ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વિકલાંગીની માનસિકતાને સચોટ રીતે ચકાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટ થાય છે કે ૩૬% વિકલાંગીઓને પોતાનાથી થાય તેવા કામો અંગે પણ શંકા રહે છે. કારણ કે તે માટે તેઓને માનસિક રીતે પૂરતા પ્રમાણમાં જ્ઞાન આપવામાં આવ્યું હોતું નથી. અને એ રીતે તેઓને તૈયાર કરવામાં આવ્યા હોતા નથી. આથી જો તેઓને માર્ગદર્શન

આપવામાં આવે અને તાલીમબદ્ધ આયોજન દ્વારા જીવન જીવવાની રીત શીખવવામાં આવે તો સારુ પરિણામ મળી શકે તેમ છે. જે સંશોધનકર્તાએ રૂબરૂ મુલાકાત વખતે અનુભવ્યું છે. જ્યારે ૩૦ % વિકલાંગીઓ એવા પણ છે કે જેઓને આ બાબતે શંકા રહેતી નથી કારણ કે તેઓ વધારે પ્રમાણમાં વ્યવહારું વર્તન-વ્યવહાર ધરાવતા હતા.

### ૫.૬૩ મારું ભાવિ અંધકારમય લાગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૯૮ | ૪૯.૦૦ % |
| ૨ | ના | ૪૦ | ૨૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૬૨ | ૩૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પોતાનું ભાવિ અંધકારમય લાગે છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૯૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૯ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૦ % થાય છે જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે.

આમ, પરિણામોના આધારે નોંધી શકાય છે કે,સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે.જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં આ બાબતમાં તેના મનમાં ઊંડાણમાં પડેલા ભાવિ અંગેના ખ્યાલને જાણવાનો સંશોધનકર્તાનો પ્રયાસ હતો.જેમાં ૪૯% વિકલાંગીઓ પોતાના ભવિષ્યને અંધકારમય માને છે તેની પાછળ દિવસે ને દિવસે વધતી જતી સમસ્યાઓ, મોંઘવારી આવકના

સાધનો, તબીબી સારવાર તેમજ સરકારનું ખાનગીકરણનું પગલું તેઓને જવાબદાર લાગે છે. તેઓને પોતાની શૈક્ષણિક કારકિર્દીના મહત્ત્વના તબક્કે જ આ બાબતની જાણ થઈ જાય છે. તેથી તેઓનું ભાવિ કેવું હશે તે અંગે તેઓ ચોક્કસ નથી. આમ જોવા જઈએ તો આજના સમયમાં સામાન્ય વ્યકિતનું ભાવિ પણ ડામાડોળ હોય છે ત્યાં વિકલાંગીની તો શું વિસાત ! જ્યારે ૨૦% જ વિકલાંગીઓને આ બાબત ચિંતાજનક લાગતી નથી અને ૩૧% વિકલાંગીઓને થોડાં ઘણા અંશે આ બાબત સ્પર્શે છે.જે અહીં સ્પષ્ટ થાય છે.

**૫.૬૪ મારું પોતાનું કામ કુશળતાથી કરી શકતો નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૨ | ૩૧.૦૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૮ | ૨૯.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને પોતાનું કામ કૂશળતાથી કરી શકતો નથી તેવી ભાવના કેટલા પ્રમાણમાં છે ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૬૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૧ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૦% થાય છે.જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૫૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૯ % થાય છે.

અહીંના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતા-ઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે.

અહીં ૪૦ % વિકલાંગીઓ આ બાબતને નકારે છે. કારણ કે તેઓએ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચતાં સુધીમાં તો એક પક્કડ મેળવી લીધી હોય છે અને કયા કામ ને કેવી રીતે કરવું તેની ઢબ પણ પોતાના શરીર મુજબ વિકસાવી લીધી હોય છે.આથી તે પોતાની આવડતના આધારે સારુ કાર્ય કરી શકે છે.જ્યારે ૩૧% એવા વિકલાંગીઓ છે કે જેઓ હજુ કિશોર અવસ્થામાં આ બાબતે ગંભીર ન હોવાથી કુશળતાના બદલે ફકત કામ થાય છે કે નહીં ? તેને જ માને છે. જ્યારે ૨૯% વિકલાંગીઓ આ બાબતને પોતાનાં જીવનમાં આત્મસાત કરવાના પ્રયત્ન કરી રહ્યા છે. અહીં સંશોધનકર્તાને રૂબરૂ મુલાકાતમાં સ્પષ્ટ જોવા મળ્યું છે કે વિકલાંગી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ હજુ માનસિક રીતે જોઈએ તેટલા પ્રમાણમાં પરિપકવ નથી.

**૫.૬૫ કોઈ અર્થ ઉપાર્જન કરી શકીશ કે નહીં ? તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૮૬ | ૪૩.૦૦ % |
| ૨ | ના | ૨૦ | ૧૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૯૪ | ૪૭.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને તેઓ કોઈ અર્થ-ઉપાર્જન કરી શકશે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૮૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૯૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૭ % થાય છે.

કોષ્ટકીય પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી આર્થિક બાબતને સ્પષ્ટ કરવાનો પ્રયત્નો કર્યો છે કે તે કોઈ આર્થિક ઉપાર્જન કરી શકે તેમ તેઓને લાગે છે કે નહીં ? ત્યારે રૂબરૂ મુલાકાતમાં સંશોધનકર્તાને જાણવા મળ્યું છે કે એ માટે તઓને ઉચ્ચત્તર માધ્યમિક અને બાદમાં ઉચ્ચ અભ્યાસ પણ કરવો છે અને સમય સાથે તાલ મિલાવીને ચાલવાનું છે અને કોઈ એવા તાલીમી વર્ગો હોય તો તેમાં પણ જોડાઈને આર્થિક રીતે પગભર થવું છે. બાકી તો આખી જિંદગી થોડું અન્યને બોજારૂપ થવાય છે. માટે ૪૩ % જેટલા વિકલાંગીઓ સ્પષ્ટ છે અને ૪૭ % વિકલાંગીઓ હજુ આ અંગે સ્પષ્ટ મંતવ્ય આપી શકયા નથી તેમજ પ્રયત્નો છોડવા માંગતા પણ નથી. તે બાબત પરથી સ્પષ્ટ થાય છે કે વિકલાંગીઓ પરુષાર્થ તો ચોક્કસ કરે જ છે.

**૫.૬૬ સામાન્ય વિદ્યાર્થી મારી સાથે વાત કરવાનું ટાળે છે તે વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮ | ૧૪.૦૦ % |
| ૨ | ના | ૧૦૦ | ૫૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૨ | ૩૬.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ સામાન્ય વિદ્યાર્થી તેની સાથે વાત કરવાનું ટાળે છે. તે બાબતે સહમત છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૮ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૪ % થાય છે અને ના પાડનારા

ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૦% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૬% થાય છે.

આમ, પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા  ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને  બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા  ઉત્તરદાતાઓ જોવા મળે છે. વિકલાંગી વિદ્યાર્થી એવું મનમાં રાખતાં જ નથી કે સામાન્ય વિદ્યાર્થીઓ તેમની સાથે વાત કરવાનું ટાળે છે. કારણ કે તે તો વ્યકિતના વર્તન-વ્યવહાર ઉપર આધારિત છે તેવું માનનારા ૫૦ % વિકલાંગી વિદ્યાર્થીઓ છે. જ્યારે ૧૪ % આ બાબતને ધ્યાનમાં લે છે. પરંતુ ૩૬ % વિકલાંગી વિદ્યાર્થીઓ જણાવે છે કે જરૂરિયાત મુજબની વાતચીત હોય ત્યારે સામાન્ય વિદ્યાર્થીઓ વાતચીત કરતાં જ હોય છે. પણ ખોટા ટોળ-ટપ્પા મારવાનાં જ હોય અથવા તો પોતાની સમસ્યાઓ જ કહેવાની હોય ત્યારે સામાન્ય વિદ્યાર્થીને દેખીતી રીતે જ ન ગમે તે નિર્વિવાદ બાબત છે. આમ અહીં સંશોધનકર્તાને ચોક્કસ તારણ પણ મળ્યું છે કે, સામાન્ય વિદ્યાર્થીઓ વિકલાંગી વિદ્યાર્થીઓને તરછોડતા નથી.

**૫.૬૭  કુટુંબના સભ્યો તરફથી પૂરતો સ્નેહ મળતો નથી  તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૬ | ૨૩.૦૦ % |
| ૨ | ના | ૭૦ | ૩૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૪ | ૪૨.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને કુટુંબના સભ્યો તરફથી પૂરતો સ્નેહ મળતો નથી એ તે બાબત કેટલા અંશે સાચી છે ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા- ઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૭૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૫% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૪એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨% થાય છે.

ઉપરોક્ત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. સામાજિક દૃષ્ટિએ વ્યકિત સમાજનું એકમ છે તેમ કુટુંબ પણ સમાજનું એકમ છે અને તેમાં પૂરતા પ્રમાણમાં સ્નેહ-લાગણી ન હોય તો જીવન જીવવામાં આનંદ આવતો નથી. આથી અહીં વિકલાંગીની માનસિક સ્થિતિને સમજવા માટે સંશોધન કર્તાએ તેઓને કુટુંબના સભ્યો તરફથી પૂરતા પ્રમાણમાં સ્નેહ મળે છે કે નહીં તે જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે જાણવા મળ્યું કે, ૩૫% વિકલાંગીઓ નકારાત્મક વાત કરે છે. જ્યારે ૨૩% હકારાત્મક બાબત બતાવે છે અને ૪૨ % એટલે કે સૌથી વધારે ૮૪ ઉત્તરદાતાઓ અંશતઃ સ્નેહ મળે છે તેમ જણાવે છે. આમ આ બાબતમાં મિશ્ર પ્રત્યાઘાત જોવા મળે છે. જે સામાન્ય વ્યકિતના જીવનમાં પણ જોવા મળે છે.

### ૫.૬૮ શિક્ષકો મારા પ્રત્યે ભેદભાવ રાખે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૬ | ૧૩.૦૦ % |
| ૨ | ના | ૧૦૦ | ૫૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૪ | ૩૭.૦૦ % |

| | | | |
|---|---|---|---|
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને શિક્ષકો પોતાની પ્રત્યે ભેદભાવ રાખે છે. તેવી માનસિકતા છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૨૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૩ % થાય છે. જ્યારે ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૦ % થાય છે અને અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૭% થાય છે.

આ પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ઉચ્ચત્તર માધ્યમિક માં અભ્યાસ કરતા વિકલાંગી વિદ્યાર્થીઓને રૂબરૂ મળતાં તેઓમાંના ૫૦ % નું સ્પષ્ટ મંતવ્ય હતું કે અમારા શિક્ષકો અમને પૂરતાં પ્રમાણમાં પ્રેમ-હૂંફ અને માર્ગદર્શન આપે છે અને મદદ પૂરી પાડે છે. તેઓ કયારેય ભેદભાવ ભરેલું વર્તન કરતાં નથી. જ્યારે ૩૭% વિકલાંગીઓને કયારેક કયારેક એવો કડવો અનુભવ થયો હતો તેમ જણાવ્યું હતું. અને પ્રમાણમાં ૧૩ % વિકલાંગીઓને જ તેમનાં શિક્ષકો ભેદભાવ રાખે છે. તેમ લાગતું હતું જે સામાન્ય વિદ્યાર્થીની બાબતમાં પણ સર્વ સામાન્ય બાબત છે. આમ ઉચ્ચત્તર માધ્યમિકનાં વિદ્યાર્થીઓ પોતાની સફળતાનો જશ પોતાના શિક્ષકને આપતાં જ હતાં. જે રૂબરૂ મુલાકાત વખતે સંશોધનકર્તાને જોવા મળ્યું હતું.

**૫.૬૯ અપંગ પ્રત્યેનો સમાજનો અભિગમ પ્રોત્સાહક નથી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | હા | ૪૬ | ૨૩.૦૦ % |
| ૨ | ના | ૮૦ | ૪૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૭૪ | ૩૭.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓ અપંગ પ્રત્યેનો સમાજનો અભિગમ પ્રોત્સાહક નથી તેવું માને છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૮૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૪૦ % થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૭૪ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૩૭ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે.જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. અહીં સૌથી વધારે સમાજે આવા વિકલાંગીઓની જરૂરિયાતો પૂર્ણ થાય તે માટે આગળ આવવાનું છે તેના માટે વિકલાંગીઓમાંના ૪૦ % નું સ્પષ્ટ મંતવ્ય એવું છે કે, સમાજનો અભિગમ અમારા માટે સારો નથી, જો તે પૂરતાં પ્રમાણમાં તક આપે તો અમે ચોક્કસ આગળ વધી શકીએ તેમ છીએ અને આ કારણસર જ સરકારશ્રીનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કામ આવા વિકલાંગીઓને પૂરતા પ્રમાણમાં સમાજમાં તકો મળી રહે તેવા પ્રયત્નો વધારતું જ જાય છે, જે ખૂબ જ આવકાર્ય બાબત છે. જ્યારે ફકત ૨૩ % વિકલાંગીઓને જ સમાજ પોતાના માટે સારો અભિગમ ધરાવે છે તેવું લાગે છે.પરંતુ હજુ ૩૭ % વિકલાંગીઓનો અભિપ્રાય મધ્યમ છે તે સંશોધનમાં સ્પષ્ટ થાય છે.

### ૫.૭૦ વિકલાંગતાને કારણે વ્હેમી સ્વભાવ ધરાવું છું તેની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૪ | ૧૭.૦૦ % |
| ૨ | ના | ૧૧૦ | ૫૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૫૬ | ૨૮.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતાના કારણે તેઓ વ્હેમી સ્વભાવ ધરાવે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૩૪ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭% થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૧૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૫ % થાય છે. જ્યારે અંશતઃઉત્તરદાતાઓની સંખ્યા ૫૬ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૮% થાય છે.

ઉપરોક્ત પરિણામોના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતા-ઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબત સંપૂર્ણપણે માનસિક હોવા છતાં ઉત્તરદાતાઓએ સ્પષ્ટ જણાવ્યું કે વિકલાંગતા અને વ્હેમને કંઈ લાગતું વળગતું નથી. આ માટે ૫૫ % વિકલાંગી ઉત્તરદાતાઓનું મંતવ્ય સ્પષ્ટ છે કે, મારા સ્વભાવને વ્હેમી બનાવવામાં વિકલાંગતાને કંઈ સંબંધ નથી. અને અમે વ્હેમ રાખતા પણ નથી. જ્યારે ૧૭ % વિકલાંગીઓ એવું માને છે કે, હા અમારી વિકલાંગતાના કારણે અમે શંકાશીલ છીએ જેમાં અન્ય લોકો હસતા હોય અથવા તો અમારી હાજરીમાં વાતચીત ન કરે અથવા તો અમને અનુકૂળ વર્તન ન કરે ત્યારે અમને એમ લાગે છે કે અમે પંગુ છીએ એટલે

અમારી સાથે આ લોકો આવા વર્તન વ્યવહાર કરે છે.જ્યારે ૨૮ % ઉત્તરદાતાઓ આ બાબતે થોડું ઘણું માને છે. પણ તેને પોતાના સ્વભાવનો હિસ્સો બનવા દેતા નથી. જે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે.

**૫.૭૧ લોકોની દયા ત્રાસદાયક લાગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૪૬ | ૨૩.૦૦ % |
| ૨ | ના | ૧૩૦ | ૬૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૨૪ | ૧૨.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને લોકોની દયા ત્રાસદાયક લાગે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૪૬ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૨૩ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૩૦ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૬૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૨૪ એટલે કે ટકાવારીની દષ્ટિએ ૧૨ % થાય છે.

કોષ્કટીય પરિણામોના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં લોકોની દયા તેઓને ત્રાસદાયક લાગતી નથી તેવું ૬૫% ઉત્તરદાતાઓ માને છે. કારણ કે સહજભાવે સ્વભાવિક છે કે શારીરિક ખોડ ખાંપણનાં કારણે વિકલાંગીઓને કેટલું સહન કરવું પડતું હશે તેનો વિચાર કરીને જ તેઓ મદદનો હાથ લંબાવતાં હોય છે અને જો દયા જેવી ચીજ દુનિયામાં ન હોય તો સામાન્ય વ્યકિતને પણ જીવવું મુશ્કેલ

બની જાય છે ત્યારે આ તો વિકલાંગી છે માટે આ બાબતનો તેઓ સહજ સ્વીકાર કરે છે. ફકત ૨૩% વિકલાંગી ઉત્તરદાતાઓ જ તેને ત્રાસદાયક માને છે. કારણ કે તે વધારે સ્વમાની હોય છે. આમ સંશોધનમાં દયા એ માનવીય ગુણ છે. જેને વિકલાંગીઓ આવકારે છે તે સ્પષ્ટ થાય છે.

**૫.૭૨ સહાધ્યાયીઓ મારી સાથે સાહજિકતાથી વર્તતા નથી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૫ | ૧૨.૫૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૮૫ | ૪૨.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને સહાધ્યાયીઓ તેની સાથે સાહજિકતાથી વર્તતા નથી. તેવું લાગે છે કે નહી ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૨.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૮૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૨.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં મોટાભાગના વિકલાંગીઓનું મંતવ્ય સ્પષ્ટ છે કે, નાં એવું નથી. સહાધ્યાયીઓ અમારી સાથે સાહજિકતાથી જ વર્તન-વ્યવહાર કરે છે અને તેઓ અમારા સુખ

દુઃખના ભાગીદાર થાય છે અને આ માટે જ અમે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચ્યાં છીએ. તેમાં તેઓનો પ્રેમ-લાગણીનો સહારો અમને ચોક્કસ મળ્યો છે.

અહીં ૨૦૦માંથી ૮૫ ઉત્તરદાતાઓ અંશતઃ એવું માને છે કે, અમને જે રીતે માન-પાન આપવાનો, સાહજિકતાપૂર્વકના પ્રેમ લાગણી મળવા જોઈએ તે મળે જ છે. પણ જો હજુ વધારે મળે તો અમારો વિકાસ ઝડપી બની શકે તેમ છે. છતાં પણ સાથ-સહકાર પ્રમાણમાં સારા છે.

**૫.૭૩ શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી નથી તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૬૮ | ૩૪.૦૦ % |
| ૨ | ના | ૯૦ | ૪૫.૦૦ % |
| ૩ | અંશતઃ | ૪૨ | ૨૧.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી નથી. તે બાબત કેટલા અંશે સાચી છે ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૬૮ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૪ % થાય છે. અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૯૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૪૫% થાય છે. જ્યારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૨ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૨૧ % થાય છે.

અહીં પરિણામોના આધારે નોંધીને સ્પષ્ટ કહી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે.જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૫% જેટલા વિકલાંગીઓને શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી

નથી તે સ્પષ્ટ જાણી શકાય છે અને ૨૧% વિકલાંગીઓ જે તે વ્યવસ્થાને સ્વીકારી લેતા જોવા મળે છે.

આમ અહીં એ સ્પષ્ટ થાય છે કે શાળાઓમાં શારીરિક વિકલાંગી વિદ્યાર્થીઓ માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવામાં આવે તો તે વધારે અનુકૂળ આવે તેમ છે. આથી અહીં સંશોધકને રૂબરૂમાં જોવા પણ મળ્યું છે કે ઘણા બધાં વિકલાંગીઓને શાળામાં બેસવામાં-ઉઠવામાં તકલીફ પડે છે, જેનાં માટે જે તે શાળાના સંચાલકશ્રીઓએ યોગ્ય ઉપાય શોધી કાઢવો જોઈએ.

**૫.૭૪ વિકલાંગીઓ માટે અલગ શાળાની જરૂર જણાય છે ? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦૫ | ૫૨.૫૦ % |
| ૨ | ના | ૬૦ | ૩૦.૦૦ % |
| ૩ | અંશતઃ | ૩૫ | ૧૭.૫૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને વિકલાંગતા માટે અલગ શાળાની જરૂર જણાય છે કે નહીં ? તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૧૦૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૫૨.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૬૦ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૩૦ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૩૫ એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ૧૭.૫ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહી

એક બાબત સ્પષ્ટ છે કે વર્ષોથી એક જ પ્રકારની શાળાની વ્યવસ્થા જોવા મળેલ છે. તેની સીડીઓ-બાંકડાઓ,બારી-દરવાજાઓ વિગેરેમાં કોઈપણ ફેરફાર વિકલાંગીને ધ્યાનમાં રાખીને કરવામાં આવતો નથી તેમજ જ્યારે અભ્યાસની બાબતમાં સામાન્ય વિદ્યાર્થી સાથે જ તેને બેસાડવામાં આવતા હોવાથી અલગ વ્યવસ્થા પણ કરવામાં આવતી નથી. આથી અહીં પર.પ% વિકલાંગીઓને પોતાના માટે જો અલગ શાળાની વ્યવસ્થા કરવામાં આવે તો વધારે ફાવે કારણ કે તેમાં શારીરિક વિકલાંગીઓ જ હોવાનાં. આથી માનસિક અને શારીરિક એમ બંને બાબતોને ધ્યાનમાં રાખીને તેઓને ભણાવવામાં આવશે. અને તેને અનુકૂળ અલગ પદ્ધતિ પણ વિકસાવવામાં આવશે. જેથી કરીને તેઓનો વિકાસ ખૂબ જ ઝડપી બનશે અને સામાન્ય વિદ્યાર્થીઓ સાથે બેસવાથી જે પ્રશ્નો ઊભા થાય છે તે પણ નહીં થાય તેવું તેઓ સ્પષ્ટપણે માને છે.

**૫.૭૫ ઈશ્વરે અપંગ બનાવીને અન્યાય કર્યો છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૩૫ | ૬૭.૫૦ % |
| ૨ | ના | ૨૫ | ૧૨.૫૦ % |
| ૩ | અંશતઃ | ૪૦ | ૨૦.૦૦ % |
| ૪ | કુલ | ૨૦૦ | ૧૦૦.૦૦ % |

ઉપરોકત અભ્યાસ ક્ષેત્રના આધારે પસંદ કરેલા વિકલાંગી ઉત્તરદાતાઓને ઈશ્વરે અપંગ બનાવીને અન્યાય કર્યો છે. તે બાબતમાં કેટલું તથ્ય છે. તેની માહિતી મેળવવા માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરેલા છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રના આધારે દરેક વિકલાંગી ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.જેમાં હા પાડનારા ઉત્તરદાતા-ઓની સંખ્યા ૧૮૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૬૭.૫ % થાય છે અને ના પાડનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૫ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૧૨.૫ % થાય છે. જયારે અંશતઃ ઉત્તરદાતાઓની સંખ્યા ૪૦ એટલે કે ટકાવારીની દ્દષ્ટિએ ૨૦ % થાય છે.

ઉપરોકત પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વિકલાંગી દ્વારા ૨૦૦માંથી ૧૩૫ ઉત્તરદાતાઓનું સ્પષ્ટ માનવું છે કે અમને શારીરિક વિકલાંગી બનાવીન ઈશ્વરે અમારી સાથે અન્યાય કર્યો છે. આ એક ભાવાત્મક ખ્યાલ છે. અને વિકલાંગીઓ આ બાબતે ઈશ્વરને વધારે દોષિત માને છે અને રૂબરૂ મુલાકાતમાં જણાવે છે કે અમે એવો તે શું ગુન્હો કર્યો હતો કે અમને આવી પરાધિન દશામાં જીવવાનો સમય આવ્યો અને તેમાં પણ ડગલેને પગલે નિષ્ઠુરતાએ તો અમને વધારે પંગુ બનાવી દીધા છે. આમ અહીં આપણે સ્પષ્ટપણે કહી શકીએ કે જો વિકલાંગી-ઓને અહીં પ્રેમ-લાગણી-હૂંફ અને પ્રેમ આપવામાં ન આવે તો તે ચોક્કસ હતાશામાં સરી પડે છે અને એક બોજારૂપ જીવન જીવતા હોય તેવો ભાવ વ્યકત કરતાં હોય છે. જે ઉપરોકત બાબતમાં પણ સ્પષ્ટ દેખાઈ આવે છે.

### ૫.૭૬ ભાવિ સંશોધન માટેના સૂચનો :

૧. અહીં ફકત રાજકોટ શહેર પૂરતોં જ ભૌગોલિક વિસ્તારનો સમાવેશ સંશોધનક્ષેત્ર માટે કરવામાં આવ્યો છે. જેને વિસ્તારીને રાજકોટ જિલ્લો અથવા તો સમગ્ર ગુજરાત રાજ્યને પણ ક્ષેત્ર તરીકે લઈ શકાય અને સંશોધનને વ્યાપક બનાવી શકાય.

૨. અહીં ફકત ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગી-ઓનો જ અભ્યાસ ના ભાગરૂપે સમાવેશ કરવામાં આવ્યો છે. તેનાં બદલે ધોરણ-૮ થી ૧૨ અથવા તો સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થઈ શકે અને તેઓના વિવિધ પ્રશ્નોને વાચા આપી શકાય.

૩. અહીં ફકત શારીરિક વિકલાંગીઓનોં જ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેના બદલે અંધ,બહેરા-મૂંગા,લકવાગ્રસ્ત વિદ્યાર્થીઓનો

સમાવેશ કરીને વિવિધ સમસ્યાઓનું નિરૂપણ કરીને તારણો મેળવી શકાય.

૪. શારીરિક વિકલાંગી વિદ્યાર્થીઓની સામે તેટલા જ પ્રમાણમાં શારીરિક વિકલાંગી વિદ્યાર્થિનીઓનો સમાવેશ કરીને તુલનાત્મક અભ્યાસ પણ કરી શકાય.

૫. એવી જ રીતે સામાન્ય વિદ્યાર્થીઓની સાથે શારીરિક વિકલાંગીઓની સિદ્ધિઓને નોંધીને તુલનાત્મક અભ્યાસ પણ કરી શકાય.

૬. આ ઉપરાંત શારીરિક વિકલાંગીઓને જીવન જીવવામાં પડતી મુશ્કેલીઓનો એક અલગ પ્રકારનો જ અભિગમ ધ્યાનમાં લઈને અભ્યાસ થઈ શકે.

૭. વિકલાંગી વિદ્યાર્થીઓને કેવા કેવા ક્ષેત્રમાં કામ કરવાની તકો વિપુલ પ્રમાણમાં મળી રહે તેમ છે તેનો પણ એક અલગ અભ્યાસ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ થઈ શકે.

૮. આ ઉપરાંત વિકલાંગી વ્યકિતને જે વ્યવસાય અથવા તો નોકરી મળે છે તેમાં તેનાં સંતોષનું પ્રમાણ કેટલું છે તથા તેને તેના માટે કોણ કેટલા પ્રમાણમાં પ્રેરણારૂપ બન્યું છે તેનો પણ એક અલગથી અભ્યાસ થઈ શકે.

૯. વિકલાંગીઓ માટે કોઈ ચોક્કસ પ્રકારનો અભ્યાસક્રમ હોવો જોઈએ કે નહીં? અને જો હા,તો કેવા કેવા પ્રકારની બાબતોનો તેમાં સમાવેશ કરી શકાય ? તે પણ સંશોધનને લાયક ગણી શકાય.

## ૫.૭૭ ઉપસંહાર :

અહીં આપણે ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તરમાધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગીઓની સમસ્યાઓનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ'' એ ઉપર પ્રશ્નાવલી અને રૂબરૂ મુલાકાતનાં આધારે ઘણી બધી બાબતોનો તાગ મેળવવાનો પ્રયત્નો કર્યો અને તેમાં મહદઅંશે સફળતા પણ મળી છે. અને અહીં જે સંશોધન યોજનાથી માંડીને તેના ક્ષેત્રની બાબતમાં તેમજ તેમને લગતાં પૂરોગામી અભ્યાસોને પણ ધ્યાનમાં લીધા

છે અને ત્યારબાદ ક્ષેત્રકાર્ય કરીને વિવિધ પ્રકારની માહિતીઓ એકત્રિત કરી છે. અને તેના આધારે માહિતીનું એકત્રિકરણ અને પૃથક્કરણ પણ કર્યું છે અને ત્યાર બાદ જે જે પૂર્વ ધારણાઓ બાંધવામાં આવેલી તેમાં કેટલા અંશે ખરા ઉતર્યા છીએ તેની પણ છણાવટ કરી છે.

અહીં ફક્ત રાજકોટ શહેરને જ ધ્યાનમાં રાખીને ફક્ત ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગીઓને જ એકમ તરીકે લઈને તેઓનાં સામાજિક અને આર્થિક પાસાંઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે. સમાજની અંદર વિવિધ પ્રકારના વિકલાંગીઓ જોવા મળે છે. જેમ કે, મૂક-બધિર, અંધ વિગેરે પણ અહીં ખાસ કરીને શરીરના અવયવોમાં અસ્થિની ત્રૃટિ છે, તેને જ ધ્યાનમાં રાખીને અને તેનું પ્રમાણ અને પ્રકારને ધ્યાનમાં રાખીને સંશોધન કરવામાં આવ્યું છે અને જે વિકલાંગી વિદ્યાર્થીની આર્થિક અને સામાજિક બંને બાબતો પર વિપરિત અસર પાડે છે માટે તેને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ શોધનિબંધમાં સંપૂણપણે બધાં જ વિકલાંગીઓને આવરી લેવામાં આવ્યા નથી. છતાં પણ કોઈને જો આ ક્ષેત્રમાં કાર્ય કર્યુ હશે તો તેને આ શોધનિબંધ ભાવિ સંશોધન માટે ઉપયોગી સાબિત થશે તેવી આશા રાખું છું.

# પ્રકરણ-૬

# તારણો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ ઉપકલ્પનાની ચકાસણી

૬.૨.૧ વિકલાંગ વિદ્યાર્થીઓ વિશિષ્ટ સમસ્યાઓથી ઘેરાયેલ છે.

૬.૨.૨ વિકલાંગ વિદ્યાર્થીઓને કેવી અને કેટલી સમસ્યાઓ છે તેની સાથે જ્ઞાતિ સંલગ્ન છે.

૬.૨.૩ વિકલાંગતાનું પ્રમાણ વિકલાંગીઓની સમસ્યાઓને નિર્ધારિત કરે છે.

૬.૨.૪ વિકલાંગીની આર્થિક પરિસ્થિતિ તેની સમસ્યાઓ પર અસર કરે છે.

૬.૨.૫ વિકલાંગીની માતા-પિતાની હયાતીની ખામીથી સમસ્યાનો આંક ઊંચો છે.

૬.૨.૬ સવર્ણ અને પછાત જ્ઞાતિના વિકલાંગ વિદ્યાર્થીઓના સરેરાશ સમસ્યાંકો વચ્ચે નક્કર ભેદ છે.

૬.૨.૭ નબળી આર્થિક પરિસ્થિતિ વિકલાંગીની સમસ્યાઓમાં વધારો કરે છે.

૬.૨.૮ સંયુકત કુટુંબ કરતાં વિભકત કુટુંબમાં ઉછરતા વિકલાંગીને સમસ્યાઓ વધુ છે.

૬.૨.૯ માતાની હયાતી વિકલાંગીના સરેરાશ સમસ્યાંકને નીચો રાખે છે.

૬.૩ અભ્યાસના તારણો

૬.૪ ઉપસંહાર

## પ્રકરણ-૬

# તારણો

### ૬.૧ પ્રસ્તાવના :

રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ રાજકોટ શહેરનાં ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ધોરણ-૧૧ અને ૧૨ ના ફકત શારીરિક વિકલાંગીઓને આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ઉપરોકત બાબત પૂરતો જ મર્યાદિત છે. સંશોધન અભ્યાસમાં માહિતીના વિશ્લેષણના આધારે સમગ્ર અભ્યાસના સારાંશ સ્વરૂપે કેટલાક મહત્ત્વના તારણો આવરી લીધા છે. તેથી સંશોધન અભ્યાસનો આ વિભાગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક દ્વારા સમગ્ર સંશોધનના નીચોડ સ્વરૂપે તારણો આપવામાં આવ્યા છે.

કોઈપણ ક્ષેત્રમાં સંશોધન કરવું હોય ત્યારે તેમાં પ્રશ્નાવલી ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંશોધન કરવા માટે અહીં પ્રશ્નાવલી અને રૂબરૂ મુલાકાત પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં આ સંશોધનમાં વિવિધ પ્રકારની શારીરિક વિકલાંગતા ધરાવતા ધોરણ-૧૧ અને ૧૨ ના એટલે કે ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં ૨૦૦ વિકલાંગીઓને પસંદ કરવામાં આવ્યા, અને તેના ઉપરથી તારણો આવ્યા છે તે રજૂ કરવામાં આવ્યા છે. દરેક વ્યકિતનો મત એક સરખો ન હોય તે વ્યાજબી બાબત છે. તેમ છતાં પણ અહીં આ સંશોધનમાં એક નિષ્કર્ષ ચોક્કસ જોવા મળે છે તે અત્રે પ્રસ્તુત છે.

### ૬.૨ ઉપકલ્પનાની ચકાસણી :

#### ૬.૨.૧ ઉપકલ્પના-૧:વિકલાંગ વિદ્યાર્થીઓ વિશિષ્ટ સમસ્યાઓથી ઘેરાયેલ છે.

આ ઉપકલ્પના સાચી સાબિત થાય છે. જેમ કે ૧૫% વિદ્યાર્થીઓને મુકત હેરફેરમાં તકલીફ પડે છે. ૩૯ % ને સાધનમાં ચઢવા ઉતરવામાં તકલીફ પડે છે. ૧૨%

ને લખવાની મુશ્કેલી પડે છે. ૯.૫ % ને કપડાં પહેરવામાં તકલીફ પડે છે. ૩૫ % વિકલાંગીઓને ઘરમાં જ સુવિધા મળતી નથી. ૪૦ %ને વિકાસ માટે કોઈ મદદરૂપ બનતા નથી. ૨૫ % વિકલાંગો કુટુંબને બોજારૂપે છે. ૧૪% ની તબિયત નાદુરસ્ત રહે છે. ૪૭ % વિકલાંગોને દૈનિક કાર્ય કરવામા મુશ્કેલી પડે છે. આમ વિકલાંગ વિદ્યાર્થીઓ વિશિષ્ટ સમસ્યાઓથી ઘેરાયેલો છે તે માહિતીના આધારે કહી શકાય કે આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૨ ઉપકલ્પના-૨ : વિકલાંગ વિદ્યાર્થીઓને કેવી અને કેટલી સમસ્યાઓ છે તેની સાથે જ્ઞાતિ સંલગ્ન છે.

સૌથી વધુ ઓ.બી.સી. જ્ઞાતિના વિદ્યાર્થીઓ છે અને દ્વિતીય ક્રમે એસ.સી. જ્ઞાતિનો ક્રમ આવે છે. આમ વિકલાંગતા અને જ્ઞાતિને સંબંધિત છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૩ ઉપકલ્પના-૩ : વિકલાંગતાનું પ્રમાણ વિકલાંગીઓની સમસ્યાઓને નિર્ધારિત કરે છે.

૪૦% વિદ્યાર્થીઓને ૭૦% થી વધુ વિકલાંગતા છે અને ૩૦% વિદ્યાર્થીઓને ૪૦ થી ૭૦% વચ્ચેની વિકલાંગતા છે. આમ ૭૦% થી વધુ વિકલાંગતા હોવાને કારણે વિદ્યાર્થીઓને અનેક સમસ્યાઓ ઉદ્દભવે છે અને તેમનો સામનો કરવો પડે છે. આમ વિકલાંગતાનું પ્રમાણ વધુ હોવાથી વિકલાંગતા જ સમસ્યાઓને નિર્ધારિત કરે છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૪ ઉપકલ્પના-૪ : વિકલાંગીની આર્થિક પરિસ્થિતિ તેની સમસ્યાઓ પર અસર કરે છે.

આર્થિક પાસાંની દૃષ્ટિએ જોઈએ તો ૨૦ %ની વાર્ષિક આવક ૪૦,૦૦૦ હજાર છે. ૧૦% ની આવક ૩૦,૦૦૦ હજારની છે. આમ વાર્ષિક આવક ઓછી હોવાથી પણ સમસ્યા હોય વિકલાંગોને તો ઓછી આવકને કારણે અનેક પરિસ્થિતિનો

સામનો કરવો પડે છે, જેથી નબળી આર્થિક પરિસ્થિતિ સમસ્યા પર વધુ અસર કરે છે. જેવી કે સુવિધામાં વધારો કરવો, સાધન વસાવવું જેવા પાસાંમાં મુશ્કેલી ઊભી થાય છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૫ ઉપકલ્પના-૫ : વિકલાંગીની માતા-પિતાની હયાતીની ખામીથી સમસ્યાનો આંક ઊંચો છે.

૨૫ % વિદ્યાર્થીઓને માતા-પિતા બંનેની હયાતી નથી જેથી તેમનો સમસ્યાનો આંક ઊંચો છે અને ૨૫ % ને માતાની હયાતી નથી. તેમનો પણ સમસ્યાનો આંક વધુ છે. આમ માતા-પિતાની હાજરી ના હોવાથી તેમની સમસ્યાઓ વધુ જોવા મળે છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૬ ઉપકલ્પના-૬ : સવર્ણ અને પછાત જ્ઞાતિના વિકલાંગ વિદ્યાર્થીઓના સરેરાશ સમસ્યાંકો વચ્ચે નક્કર ભેદ છે.

વિકલાંગ વિદ્યાર્થીઓમાં ૧૭% સવર્ણ જ્ઞાતિના છે અને ૩૮% ઓ.બી.સી. જ્ઞાતિના છે અને ૩૧% એ.સી. જ્ઞાતિના છે. આમ વિકલાંગતા સાથે જ્ઞાતિગત પરબળ જોડાયેલ છે તેમજ આર્થિક પાસું પણ જોડાયેલ હોવાથી તેમનો સમસ્યાંક વધુ હોય છે. આમ સમસ્યાંક જ્ઞાતિનો નક્કર ભેદ જોવા મળેલ છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૭ ઉપકલ્પના-૭ : નબળી આર્થિક પરિસ્થિતિ વિકલાંગીની સમસ્યાઓમાં વધારો કરે છે.

૪૫ % વિદ્યાર્થીના કુટુંબની આવક ૩૦ હજારથી ૫૦ હજાર હોવાને કારણે તેમને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમ કે સ્કુલે જવા માટે ખાનગી વાહનની સુવિધા ઉપલબ્ધ થઈ શકતી નથી. તેમજ સરકાર દ્વારા પણ તેમને વિશેષ સુવિધા પૂરી પાડવામાં આવતી ન હોવાથી સમસ્યાઓને સામનો કરવો પડે છે. અને મુલાકાતના આધારે પણ જાણવા મળેલ છે કે, ગરીબીને કારણે વિકલાંગીને અનેક

સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેથી આ પૂર્વધારણા સાચી પડે છે.

### ૬.૨.૮ ઉપકલ્પના-૮ : સંયુકત કુટુંબ કરતાં વિભકત કુટુંબમાં ઉછરતા વિકલાંગીને સમસ્યાઓ વધુ છે.

૨૫ % વિદ્યાર્થીઓ સંયુકત કુટુંબમાં વસે છે અને ૭૫% વિદ્યાર્થીઓ વિભકત કુટુંબમાં વસે છે. આમ, વિભકત કુટુંબનું પ્રમાણ વધુ છે અને વિભકત કુટુંબમાં રહેતાં વિકલાંગીને વધુ સમસ્યાઓનો સામનો કરવો પડે છે કેમ કે, તેમની સંભાળ રાખવા માટે માતા-પિતા સિવાય અન્ય સભ્યો ન હોવાથી તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી આ ઉપકલ્પના સાચી પડે છે.

### ૬.૨.૯ ઉપકલ્પના-૯ : માતાની હયાતી પંગુના સરેરાશ સમસ્યાંકને નીચો રાખે છે.

આ અભ્યાસ ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે વિકલાંગીને માતાની હયાતી હોવાથી પ્રેમ, લાગણી, હૂંફ અને માનસિક સધિયારો મળી રહે છે, જેથી તેની સમસ્યાનો આંક નીચો રહે છે. આથી આ ઉપકલ્પના સાચી પડે છે.

## ૬.૩ અભ્યાસના તારણો :

૧. અહીં એવું તારણ નીકળે છે કે, મોટા ભાગના વિકલાંગીઓ જીવન વ્યવહારમાં પોતાની રીતે સરળતાથી ગોઠવાઈ જાય છે અને પોતાની દૈનિક ક્રિયા પણ પોતાની રીતે ગોઠવી લેતા હોય છે. અને વિકલાંગી પોતાની જાતને સહજ રીતે હેરવી-ફેરવી શકવાની સરળ આવડતો શીખી લે છે.

૨. અભ્યાસના આધારે તારણ મળ્યું છે કે, વિકલાંગી પોતાનાં જીવનમાં ઉપયોગી સાધનો જેવાં કે, બગલ ઘોડી, કેલીપર્સ, ટ્રાઈસીકલ, ચેર, બેલ્ટ વિગેરેની જાળવણી પોતાની રીતે કરી શકે છે. કયારેક જ થોડી-ઘણી તકલીફ અનુભવે છે. પરંતુ પોતાને ઉપયોગી વસ્તુઓની દેખરેખ પોતે જ રાખીને સ્વમાનથી જીવે છે. અને તેને અનુકૂળ આવે તે રીતે ઉપયોગ કરે છે. આમ આપણે

માનીએ છીએ તેમ વિકલાંગીને વધારે તકલીફ પોતાનાં ઉપયોગી સાધનોની સાફ-સૂફી કે દેખરેખ માટે પડતી નથી.

૩. અહીં સંશોધકે તારવ્યું છે કે, વિકલાંગી વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને માનસિક રીતે એમ લાગતું હશે કે તેઓ બેચેન રહેતા હશે અને સામાન્ય વ્યકિતઓ તેને પરેશાન કરતાં હશે પરંતુ મોટાભાગનાં વિકલાંગીઓને થોડે ઘણે અંશે જ આ બાબત સતાવે છે. પરંતુ મોટાભાગનાઓ અનુકૂલન સાધી લેતા જોવા મળે છે. આથી વિકલાંગીઓ પોતાનું જીવન પોતાની રીતે જીવવામાં સારી એવી રીતે સફળ રહે છે તે નિઃશંકપણે કહી શકાય તેમ છે.

૪. આ તારણ ઉપરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે, વિકલાંગીને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની સારી એવી તકો મળે જ છે. અને તેમને તે મેળવવામાં તકલીફ પણ પડતી નથી અને અંશતઃ જે વિકલાંગીઓને તકો મળે છે તે કાં તો સ્વેચ્છાએ લે છે, અથવા તો જતી કરે છે. કારણ કે, તેમની વિકલાંગતાનાં કારણે તેમાં તન-મન અને ધનથી ભોગ આપવાનો હોય છે, આથી તે દરેકને અનુકૂળ આવે તેમ બની શકે નહીં. છતાં પણ ૩૦.૫ % ને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની ઉત્તમ તક મળે છે. જે તેની આવડત અને સમજણ બતાવે છે. આથી આ બાબતે વિકલાંગીઓની નારાજગીનું પ્રમાણ ઓછું છે.

૫. આ તારણમાં સ્પષ્ટપણે નોંધી શકાય છે કે, વિકલાંગીને બહાર આવવા-જવા માટે જે સાધનનો ઉપયોગ કરવાનો હોય છે તેમાં ચડ-ઉતર કરવામાં તકલીફ પડે છે. કારણ કે શારીરિક ખોડ-ખાપણ તે બાબતે નડતરરૂપ બને છે તેમ કહી શકાય. જ્યારે થોડી-ઘણી તકલીફ પડે છે તેવા અંદાજે ૫૦% જેટલા વિકલાંગીઓ છે, તેઓએ પોતાની શારીરિક મર્યાદાઓ સ્વેચ્છાએ સ્વીકારીને ચડ-ઉતરની આદતો ગોઠવી લીધી છે. આથી તેઓને સાહજિક લાગે છે.

જ્યારે ના પાડનારા વિકલાંગીઓ કદાચ તેની વિકલાંગતાના પ્રમાણના આધારે ના પાડતા હોય તેમ સ્પષ્ટપણે જણાય છે.

૬. સંશોધકે સ્પષ્ટપણે તારવ્યું છે કે, વિકલાંગી વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીની હાજરી અન્ય વિદ્યાર્થીઓને ખૂંચતી નથી. એટલે કે સામાન્ય વિદ્યાર્થીઓ તેની સાથે ભેદભાવ રાખતાં નથી. આમ વિકલાંગી વિદ્યાર્થીઓ સાથે સહેલાઈથી હળી-મળી જાય છે અને આથી જ તેમનો વિકાસ સરળ બને છે. અમુક જ વિદ્યાર્થીઓ કે જેઓ વિકલાંગી છે. તેઓ માને છે કે તે અન્યને ખૂંચે છે, એટલે કે નડતરરૂપ થાય છે. આમ અભ્યાસ દરમ્યાન અમુક વિદ્યાર્થીઓને તો કયારેક જ એમ લાગે છે કે સામાન્ય વિદ્યાર્થીઓ તેની સાથે ભેદભાવ રાખે છે.

૭. અહીં એવું તારણ મળે છે કે, વિકલાંગીને દવા-દારૂ લેવા જવા માટે મહદ્ અંશે કોઈને કોઈ સાથે હોય છે અને આથી તેમને પ્રેમ અને હૂંફ મળી રહે છે. જે બાબત તેઓને માનસિક રીતે મજબૂત બનાવે છે અને આ માટે તેઓને કયારેક કયારેક જ એકલા જવું પડે છે. તેવા વિકલાંગીઓની સંખ્યા પણ નોંધનીય છે. આથી કહી શકાય કે, તેઓની સાથે કોઈ સહાયક હોય તો તેઓને વધારે સારૂ પડે છે અને તેઓને એકલું લાગતું નથી.

૮. અહીં એવું તારણ નીકળે છે કે, જે વિકલાંગીઓ ઉચ્ચત્તર માધ્યમિક સુધી અભ્યાસ માટે પહોંચ્યા છે તેઓને લખવામાં મુશ્કેલી પડતી નથી. અને આ માટે તેઓને બાળપણથી જ ટેવ પાડી દેવામાં આવી હોય છે. આથી તેઓ લખવામાં સુગમતા અનુભવે છે અથવા તો તેની પોતાની આગવી ઢબ તેઓએ વિકસાવી લીધી હોય છે. જ્યારે અંશતઃ કહેનારા વિકલાંગીઓને લખવામાં જે તકલીફ પડે છે તેમાં પણ તેઓને પરીક્ષાના સમયે ઝડપથી લખવામાં અથવા તો બેસવા કે ઊભા રહેવાની સગવડતાં તેઓની શારીરિક સ્થિતિ મુજબ ન હોય ત્યારે જ પડે છે. બાકી તો તેઓને પણ મોટા ભાગે વાંધો આવતો નથી

અને જેઓને તકલીફ પડે છે તેઓના માટે વ્યવસ્થાનો અભાવ કારણભૂત જોવા મળે છે.

૯. અહીં તારણ જોવા મળે છે કે, મોટા ભાગના એટલે કે, ૬૫% જેટલા વિકલાંગીઓને તેનાં કપડાં કાઢવા / પહેરવામાં તકલીફ પડતી નથી. આ બાબત જ સ્પષ્ટ કહે છે કે તેઓ પોતાની જાતને શારીરિક ખોડ-ખાપણને ધ્યાનમાં રાખીને ટેવાઈ જાય છે અને આ માટે તેઓની સમજણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ માટે જે વિકલાંગીઓની અપંગતાનું પ્રમાણ વધારે છે તેને જ કપડાં કાઢવા કે પહેરવામાં તકલીફ પડે છે. બાકીના પોતાની ઉંમર થતાં થતાં શીખી જાય છે. અને કપડાં પણ તેવા પ્રકારનાં જ બનાવડાવે છે. જેથી તેને તકલીફ ન રહે.

૧૦. આ તારણમાં જોવા મળે છે કે, દરેક વિકલાંગીને મનમાં તો એમ જ થાય છે કે, જો આ વિકલાંગતા ન હોત તો ઘણું સારું થાત અને વધારે પ્રગતિ કરી શકયા હોત અથવા તો જે સમય, શક્તિ અને નાણાનો બગાડ થાય છે તે ન થાત અને પરિણામ પણ સારુ આવ્યું હોત. કારણ કે,વિકલાંગતાના કારણે ઉઠવા-બેસવામાં,હરવા-ફરવા માં, જમવામાં, લખવામાં તેમજ જીવન જરૂરી બાબતોમાં અડચણ ઊભી ન થાત. આમ જો સામાન્ય શરીર હોત તો વધારે સારુ હોત તેવી લાગણી તેઓ અનુભવે છે. છતાં પણ ભગવાને જે સ્થિતિ આપી છે તેમાં ફરિયાદ કરનારાની સંખ્યા ઓછી જોવા મળે છે. કારણ કે તેઓ પરિસ્થિતિ સાથે અનુકૂળ થઈને રહેવાનું વધારે પસંદ કરે છે.

૧૧. અહી તારણ નીકળે છે કે, વિકલાંગીનો ઉછેર સામાન્ય બાળક જેવો થવો જોઈએ તેવો પ્રમાણમાં ઓછો થતો હોય તેમ લાગે છે. જ્યારે ૩૫ % જેટલા વિકલાંગીઓને કોઈ ફરિયાદ નથી.કારણ કે તેઓ પોતાની રહેવા-જમવાની કે હરવા- ફરવાની ઢબથી બીજાથી અલગ પડતાં હોવાથી તે સામાન્ય રીતે માને છે. કે, કુટુંબના સામાન્ય સભ્યો તેઓની રીતે રહેતા હોય છે અને પોતે

પોતાની રીતે. આથી અંશતઃ વિકલાંગીઓને જ કયારેક-કયારેક એવું લાગે છે કે જો તેઓ થોડાં વધારે અનુકૂળ થઈને વર્તન વ્યવહાર કરે તો વધારે સગવડતાભર્યુ રહે તેમાં બે મત નથી.

૧૨. આ તારણમાં જાણી શકાય છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે, જેમાં ખાસ કરીને લાંબી દોડ, ઊંચી કૂદ, ગોળાફેંક, લેખન સ્પર્ધા, ક્રિકેટ, ફૂટબોલ વગેરેનું તેઓની પાસે થોડું-ઘણું જ્ઞાન હોય છે. ખરા અર્થમાં તેઓ આ બાબતની પરીક્ષા જો વ્યવહારું ધોરણે લેવામાં આવે તો તેમાં તેઓ ભાગ લઈ શકતા/ શકતી નથી. કારણ કે, તેમાં ખાસ કરીને તેઓનો શારીરિક ઢાંચો નડતરરૂપ બને છે. અને તે તેઓનો સ્પર્ધાત્મક વલણને અવરોધે છે અને આ માટે તેઓ માનસિક રીતે અન્ય સામાન્ય વિદ્યાર્થીઓ કરતા પાછળ જોવા મળે છે અને આ બાબત તેના જીવનના વિકાસને અવરોધે છે.

૧૩. અહીં એવું તારણ મળ્યું છે કે, વિકલાંગીને ઘરમાંથી વિશિષ્ટ પ્રકાર ની જે સુવિધાઓ જોઈએ છે.જેમ કે,અલગ રૂમ,વાહન,ટેબલ-ખુરશી, લાઈટ-પંખા, ઉપયોગમાં લેવાનું સહાયક સાધન તેમજ મનોરંજનના સાધનો પ્રમાણમાં ઓછા મળે છે. અને આ માટે ઘરની આર્થિક પરિસ્થિતિ મોટાભાગે જવાબદાર હોય છે અને જ્યારે ઘરમાં અન્ય બાળક પણ જો વિકલાંગી હોય ત્યારે તો આ સમસ્યા બેવડાય જાય છે અને વિકલાંગીઓ આ અગવડતાના કારણે ચિડિયા સ્વભાવના થઈ જતા પણ જોવા મળે છે અથવા તો કુટુંબમાં તેના માટે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે તેવું તેને લાગે છે. પણ હકીકતમાં તેવું હોતું નથી. તેમાં ખાસ કરીને આર્થિક-સામાજિક પરિસ્થિતિ વધારે ભાગ ભજવતી હોય છે.

૧૪. અહીં સંશોધકે તારવ્યું છે કે, અહીં સૌથી ઊંચું પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે.

આમ વિકલાંગીઓને દયાની નહીં પણ પ્રેમની જરૂરિયાત છે. તેઓને ભીખની નહીં પણ મદદની જરૂરિયાત છે તે સ્પષ્ટ થાય છે અને આવા વિકલાંગીઓ સ્વમાની વધારે છે તે સ્પષ્ટ થાય છે. તેઓને કોઈકને કોઈક કામ ચોક્કસ કરવું છે પણ લોકો તેનાં માટે જે હાથ લંબાવે છે તેમાં મદદ અને પ્રેમ કરતાં દયા અને ભીખની ભાવનાં વધારે જોવા મળતી હોવાથી આવા વિકલાંગીઓને તે બાબત દુઃખદાયક લાગે છે. અને આ માટે તેઓ પોતાનાં વિકાસને પણ અટકાવી દે છે. કારણ કે તેને આવી દયા નહીં પણ સ્વમાન જોઈએ છે. આથી તેઓને પ્રોત્સાહિત કરવા માટે મદદ અને કામ આપવું જોઈએ તેવું સ્પષ્ટ તારણ જોવા મળે છે.

૧૫. અહીં તારણ મળે છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબતમાં દરેક વિકલાંગી એવું નથી માનતો કે તે વિકલાંગી છે એટલે તે કંઈ કરી શકે તેમ નથી. તેઓ સ્પષ્ટ જણાવે છે કે આત્મવિશ્વાસના બળથી ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોચ્યાં છીએ અને હતાશ થયા નથી. આ માટે ઘણાં ખરા વિકલાંગીઓ એટલે કે ૩૧ % જેવાઓને પોતાની જાત પર વિશ્વાસ નથી કારણ કે દિવસેને દિવસે સમસ્યાઓ વધતી જ રહે છે. સ્પર્ધાઓ વધતી રહે છે અને જીવન જીવવું કઠિન બનતું જાય છે. આથી તેઓ હતાશા પણ અનુભવે છે. જ્યારે અંશતઃ એવા પણ છે કે જેઓને આ બાબત થોડી-ઘણી જ સ્પર્શે છે.બાકી તેઓ સમય,સંજોગોને આધીન થઈને જીવન જીવવાની કળા શીખી લેતાં હોય છે.

૧૬. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. આમ, વિકલાંગીઓ જન્મ બાદ પોતાના શરીરથી જ્યારે સભાન બને છે ત્યારે તેઓને થાય છે કે, તેમાં વધારે ફેરફારની

શકયતાઓ નથી માટે તેઓ તે પરિસ્થિતિને સ્વીકારી લે છે અને ધીમે ધીમે જાહેરમાં પણ પોતાની જાતને ગોઠવી લે છે અને સામાન્ય વ્યકિતની જેમ જ જીવન જીવવા લાગે છે. જે તેની સમજદારીનું અતિ ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે હા કહેનારા વિકલાંગીઓની ટકાવારી પણ ઠીક-ઠીક જોવા મળે છે. આથી તેઓ અનુકૂલન સાધી શકતા નથી અને પોતાની જાતને સામાન્ય વ્યકિત કરતાં અલગ રાખે છે અને અતઃ મુખી બની જાય છે.જે તેના આંતરિક વિકાસમાં બાધારૂપ બને છે અને મનમાં તનાવ અનુભવે છે.આથી તેઓ સાયુજ્ય સાધી શકતા નથી.

૧૭. અહીં તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણે જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જેમાં વિકલાંગીઓ સ્પષ્ટપણે જણાવે છે કે કોઈ સામાન્ય વ્યકિત એટલી બધી તો નિષ્ઠુર નથી કે, જે અમારાથી થઈ શકે તેવું કામ પણ અમારી પાસેથી છીનવી લે. તેઓ ચોક્કસપણે સલાહ-સૂચન આપે છે અથવા તો પ્રોત્સાહન આપે છે અને ઘણી વખત તો સાથે રહીને મદદરૂપ પણ બને છે. જ્યારે ૪૦ % વિકલાંગીઓનો આવો ઉતર હોય ત્યારે પરિસ્થિતિ આપણને સારી લાગે છે.પરંતુ ૨૨.૫ % એવા પણ છે કે જેઓ આ બાબતની હા પાડે છે. આમ આ તારણમાં હકારાત્મકતા જોવા મળે છે તેવી રીતે થોડી નકારાત્મકતા પણ જોવા મળે છે. જે નિર્વિવાદ છે.

૧૮. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. આમ સામાન્ય વિદ્યાર્થી કરતાં વિકલાંગી વિદ્યાર્થીઓ જરા પણ પાછળ નથી.એવું માનનારાઓ ૪૦% જેટલા છે. જે બાબત નોંધનીય છે. તેઓ હિંમતથી મને આશા ભરેલી દ્દષ્ટિએ આગળ વધી રહ્યા છે અને ઈશ્વરે જે કંઈ ખોડ-ખાંપણ આપી છે તેનો સહજ સ્વીકાર

કર્યો છે અને આ માટે તેઓ સામાન્ય વિદ્યાર્થીઓની સાથે જ રહીને અભ્યાસ કરે છે અને જરા પણ સંકોચ અનુભવતા નથી. જ્યારે અંશતઃ વિકલાંગ વિદ્યાર્થીઓ એવું માને છે કે જો સામાન્ય શારીરિક પરિસ્થિતિ હોત તો વધારે સારૂ થાત અને મનમાં થોડા- ઘણો રંજ છે તે ન રહેત.

૧૯. આ તારણ પરથી જાણી શકાય છે કે, આ બાબત સામાન્ય વિદ્યાર્થી સાથે નિઃસંકોચ રીતે ન મળી શકતાં વિકલાંગીઓ માટે ભારે દુઃખદાયી છે. પીડાકારક છે. કારણ કે જેઓની સાથે શૈક્ષણિક કારકિર્દી માટે સાથે જ રહેવાનું છે તેઓની સાથે સંકોચના કારણે મન ખોલીને તેઓ વાત-ચીત કરી શકતાં નથી. આથી નાનપ અનુભવે છે. જે તેઓના વિકાસને અવરોધે છે. જ્યારે ૨૨.૫ % જેટલાં વિકલાંગીઓ બહિર્મુખી પ્રતિભા ધરાવતાં હોવાના કારણો નિઃસંકોચપણે સામાન્ય વિદ્યાર્થીઓ સાથે હળી-મળી શકે છે અને વાત-ચીત પણ કરે છે. જે બાબત પ્રોત્સાહક છે અને ૪૭.૫ % જેટલા વિકલાંગીઓ મધ્યમ કહી શકાય તે રીતે સગવડતાભર્યો માર્ગ અપનાવે છે અને જરૂરિયાત મુજબ હળવા- મળવાનું રાખે છે જે બાબત પણ પ્રોત્સાહક છે.

૨૦. અહીં તારણ મળે છે કે, વિકલાંગી વિદ્યાર્થીઓ ઉચ્ચત્તર માધ્યમ સુધી પહોંચે છે. તે દરમ્યાન તેઓને ઘણી બધી વ્યકિતઓ સાથે ક્રિયા-પ્રક્રિયા કરવાની હોવાથી તેઓને કોઈ ખાસ વ્યકિત દ્વારા પ્રોત્સાહન કે પ્રેરણા મળતાં જ રહે છે અને તે તેનાં જીવનમાં ઉજાસ પાથરે છે.જ્યારે ૪૦ % એવા વિકલાંગીઓ પણ છે કે જે સ્પષ્ટપણે ના પાડે છે.જે એક ચિંતાની બાબત છે. કારણ કે તે તેનો મિલનસાર સ્વભાવ બતાવતા નથી અથવા તો અન્યથી અતડા રહે છે અથવા તો પોતાની બાબત અન્ય સાથે વહેંચતા નથી અને પોતાના વિકાસને અવરોધે છે અને અન્યની મદદ લેતા નથી અથવા તો તેના સ્વભાવના કારણે અન્ય તેઓને મદદરૂપ થતાં નથી. જે સ્પષ્ટ થાય છે.

૨૧. આ તારણમાં સૌથી ઊંચું પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત વિકલાંગીને કુટુંબથી અલગ રહેવા માટે મોટા ભાગે નિમિત્ત બને છે, કારણ કે આ ભાગ-દોડ વાળી દુનિયામાં વ્યકિત શારીરિક અને માનસિક રીતે સક્ષમ ન હોય તો તે ભાંગી પડે છે. જ્યારે અહીં તો વિકલાંગી પોતાના કુટુંબની જવાબદારી જ અદા ન કરી શકતો હોય તેવી સંખ્યા જો ૩૭ % જેટલી જોવા મળે તે ચિંતાજનક છે અને આ માટે તે પોતાના શરીરને જવાબદાર ગણે છે અને આ કારણે જ તેની સામાજિક અને આર્થિક સ્થિતિ વણસતી જોવા મળે છે. છતાં પણ ભારત સરકાર તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા વિકલાંગીઓ માટે ઘણી બધી સહાયક યોજનાઓ અને કાયદાઓ બનાવવામાં આવ્યા છે. જે વિકલાંગીઓ માટે ખૂજ જ હિતકારી છે.

૨૨. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબતમાં વિકલાંગીઓ અન્ય લોકોની મદદ લેવામાં સંકોચ અનુભવતાં નથી જે સ્પષ્ટ થાય છે. કારણ કે તેવી વ્યકિતઓ તરફથી તેમને પ્રેમ, લાગણી અને હૂંફ મળી રહે છે અને તેનો તે હકારાત્મક સ્વીકાર કરીને પોતાનો વિકાસ સાધે છે. આથી તેઓ દયા નહીં પણ પ્રેમ અને લાગણીનાં સંબંધે અન્યની મદદ અથવા તો માર્ગદર્શન લેતા હોય છે અને પોતાના જીવનને પ્રજ્વલિત કરતાં જોવા મળે છે. જે બાબત ખૂબ જ પ્રશંસનીય છે.

૨૩. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ પ્રમાણ જોવા મળે છે. આ બાબત સર્વ સ્વીકાર્ય

છે. કારણ કે કોઈ વ્યકિતને પોતાના શરીરનું એકાદું અંગ ન હોય અથવા તો વાંધા-વચકા વાળું હોય તે ગમે ? આથી જ આ તારણોમાં સ્પષ્ટપણે વિકલાંગી વિદ્યાર્થી છે કે તેની પંગુતા તેને અવારનવાર વિકાસમાં અવરોધરૂપ બને છે. તેને દોડવું છે પણ તે દોડી શકતો નથી ! તેને કુદવું છે પણ તે કુદી શકતો નથી ! આમ ઘણી બધી બાબતોમાં તે સાચી વાત જણાવે છે કે તેની વિકલાંગતા તેને ખૂબ જ નડતર રૂપ બને છે અને ૨૧.૫ % એવા પણ છે કે જેઓ તેની પંગુતાને પણ પ્રગતિની સીડી બનાવીને આગળ વધતાં જ રહે છે અને સતત પ્રગતિ કર્યા જ કરે છે.

૨૪. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબતમાં ૩૫ % વિકલાંગીઓ એવા છે કે જેઓ પોતાની શકિત પ્રમાણે ઘરકામમાં મદદરૂપ બનવાનો પ્રયત્ન કરે છે. અને ઘરના લોકો પણ તેની મર્યાદા જોઈને કામની સોંપણી કરતા હોય છે. પણ તેને ઉતારી પાડતા નથી અને આ માટે વિકલાંગી પોતાનાં ઘરના સભ્યોની હૂંફ મેળવી શકે છે અને ઘરમાં તેઓનું પણ કંઈક સ્થાન છે અથવા તો નોંધ લેવામાં આવે છે. તેવો તેને અહેસાસ થાય છે. જ્યારે ૨૧ % એવા વિકલાંગીઓ છે કે તેઓ વધારે પડતી અપંગતાના કારણે ઘરકામમાં જરૂરી મદદ કરી શકતાં નથી અને ઘરના લોકો પણ તેને સ્વીકારી લે છે આથી અહીં સમસ્યા ઉદ્‌ભવતી નથી.

૨૫. આ તારણના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે આ ભાગ-દોડના સમયમાં સશકત વ્યકિત પણ જો સમયસર પોતાનું કાર્ય પૂર્ણ ન કરી શકતો હોય ત્યાં વિકલાંગીને શું દોષ

દેવાનો હોય. અહી ૫૫ % જેટલા વિકલાંગીઓ સ્વીકારે છે કે તેઓની શારીરિક મર્યાદાના કારણે તેઓ ભાગ-દોડ ભરેલી જિંદગીમાં પહોંચી શકતા નથી અને આથી તેઓને સામાજિક અને આર્થિક બંને રીતે નુકસાન સહન કરવું પડે છે. તેઓ પોતાનું સમયપત્રક બનાવે છે. પણ તેનું શરીર તેને સાથ આપતું નથી તેમજ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પણ તેમાં મહદ અંશે ભાગ ભજવતી જોવા મળે છે.

૨૬. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્વમાની વલણની છે. વિકલાંગીને કોઈ પ્રેમ આપે કે મદદ કરે તે ગમે છે. પણ દયા ખાય અને તેના પ્રત્યે બીચારા જેવી લાગણી વ્યકત કરે તો તેને ગમતું નથી. કારણ કે તેને ઈશ્વરે તો અપંગ બનાવીને સજા આપી છે ત્યારે સામાન્ય વ્યકિત પણ તેને સન્માન ન આપે તો તે ત્રાસદાયક બની રહે છે. પરંતુ વિકલાંગીની પરિસ્થિતિમાં કયારેક એવો સમય પણ આવે છે કે, કોઈક દયા ખાય તો સમય-સંજોગોને આધીન સ્વીકારી લે છે. જ્યારે અંશતઃ એવા વિકલાંગીઓ પણ છે કે તેઓ સમાધાનકારી વલણ અપનાવે છે. આવા વિકલાંગી પર કોઈ દયા ખાય અથવા તો ભીખ આપે તે તેને ગમતું નથી કારણ કે તે સ્વમાનભેર જીવવા માંગે છે.

૨૭. અહી પરિણામોના આધારે તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે.જ્યારે બીજા ક્રમે અંશતઃઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. એટલે કે અકંદરે હા અને ના કહેનારા ઉત્તરદાતાઓ વચ્ચે ફકત ૯ % જેટલો જ તફાવત જોવા મળે છે. એટલે કે, સમાજના સામાન્ય લોકો તેને હોંશથી સ્વીકારે પણ છે અને કયારેક નથી પણ સ્વીકારતાં એટલે આ બાબત સમય , સંજોગોને

આધીન જોવા મળે છે અને ૩૪ % વિકલાંગીઓ આવી બાબતો પર વધારે ધ્યાન આપતા નથી એટલે કે સામાન્ય લોકો જે કરે તે ભલે કરે, પણ પોતે તો પોતાની મસ્તીમાં જ જીવન જીવે છે. આમ વિકલાંગીઓને સમાજમાં મિશ્ર પ્રત્યાઘાત જોવા મળે છે. છતાં પણ ઉચ્ચત્તર માધ્યમિક સુધી અભ્યાસ માટે પહોંચી શકયા તેને તે પોતાની સિદ્ધિ માને છે અને આત્મવિશ્વાસથી વધારે આગળ વધવાની તમન્ના પણ ધરાવે છે.

૨૮. સંશોધનના આધારે તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એ બાબત સ્પષ્ટ થાય છે કે, વિકલાંગીને તેનું કુટુંબ સહજ રીતે જ સ્વીકારે છે, પણ કયારેક એવું પણ બને છે કે જો તે પંગુ ન હોત તો કુટુંબને વધારે મદદરૂપ થઈ શકયા હોત.પરંતુ કુટુંબના લોકો તેને બોજારૂપ નથી માનતાં તેવા સ્પષ્ટ મંતવ્ય આપનારા વિકલાંગી- ઓની સંખ્યા ૩૦ % જેટલી જોવા મળે છે. જે નોંધનીય છે અને જે ૨૮ % વિકલાંગીઓ પોતાના જીવનને બોજારૂપ માને છે તે પોતે કુટુંબને અનુરૂપ થઈ શકતા નથી અથવા તો તેમની સમજણ શક્તિમાં અભાવ જોવા મળે છે અથવા તો તે લઘુતાગ્રંથિથી પીડાતા હોય તેમ લાગે છે. બાકી કુટુંબના લોકો તેને સ્વીકારે જ છે તેમા બે મત નથી.

૨૯. અહીં તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતા- ઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત સ્પષ્ટ તારણ આપે છે કે વિકલાંગી વિદ્યાર્થી પોતે જ સમજે છે કે તેને શારીરિક ખોડખાપણ હોવાને કારણે તે સામાન્ય વિદ્યાર્થીની સમકક્ષ તો આવી શકવાનો જ નથી. આથી તે તેમની સાથે વાત-ચીત કરે કે ના કરે અથવા તો અલગ જ રહે તો તેની તે નોંધ સુદ્ધા પણ લેવા તૈયાર નથી કારણ કે તે તેની દુનિયામાં મસ્ત છે

અને આવા વિકલાંગીઓ પોત પોતાની રીતે જ તેના યોગ્ય મિત્રો પસંદ કરી લેતા જોવા મળે છે. આથી તેઓને અન્ય વિદ્યાર્થીઓની અલગતા ખૂંચતી નથી.જે તેમનો હકારાત્મક અભિગમ બતાવે છે,જે બાબત નોંધનીય છે.

૩૦. અહીં તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબત પરથી એટલું તો સ્પષ્ટ કહી શકાય કે વિકલાંગી કિશોરાવસ્થામાંથી પુખ્ત અવસ્થામાં પહોંચી ગયો હોવાથી પોતાના શરીરની જે જે ખોડ છે તેના આધારે તે સુવા માટે, બેસવા માટે, ચાલવા માટે, એટલે કે હરવા-ફરવા માટે એક અલગ ઢબ છે જે તેને પોતાને વધારે સુગમતા ભરેલી લાગે તે શીખી લેતા હોય છે. આથી ૫૬ % જેટલા વિકલાંગીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે, તેઓને સુવા-બેસવામાં તકલીફ પડતી નથી.જ્યારે ૨૦ % લોકો એવા છે કે, તેઓને વિકલાંગતાનો વિચિત્ર પ્રકાર હોવાના કારણે ઘણીવાર અનુકૂળ થવામાં તકલીફ પડે છે. જે વ્યાજબી છે. આમ છતાં પણ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચેલા વિકલાંગીઓ એકંદરે વ્યવહારું વર્તન-વ્યવહાર ધરાવતાં જોવા મળે છે.

૩૧. આ તારણ ઉપરથી સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં નોંધનીય બાબત એ છે કે, સામાન્ય વિદ્યાર્થીને પણ ઘણી વખત અક્ષરો ખરાબ થતા હોય છે જ્યારે અહીં તો લખવાનું કામ જે હાથની આંગળીઓની મદદથી કરવાનું છે તેમાં જ જો ખોડ રહી ગઈ હોય તો વ્યાજબી રીતે સમજી શકાય તેમ છે કે તેઓ એક તો ઝડપથી અથવા તો ખૂબ જ સારા એટલે કે સુવાચ્ય લખાણ લખવામાં તકલીફ અનુભવતાં જ હોય. આમ અમુક વિકલાંગીઓ

પોતાની ખોડ-ખાપણને ધ્યાનમાં લઈને સ્વેચ્છાએ આ બાબતને વધારે ધ્યાનમાં લેતા નથી. તે બાબત પણ નોંધવામાં આવી છે.

૩૨. આ તારણના પરિણામોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ઉલ્લેખનીય બાબત પણ એ છે કે, વિકલાંગી વિદ્યાર્થી ઉચ્ચત્તર માધ્યમિકમાં પહોંચે છે ત્યારે પોતાના શરીરની તકલીફોથી ખૂબ જ સભાન બની ગયો હોય છે અને તે માટે તેને જો ખાસ કરીને પગની તકલીફ હોય ત્યારે તે ચાલવામાં, બેસવામાં કે હરવા-ફરવામાં પોતાની એક ચોક્કસ ઢબ ગોઠવી લેતા હોય છે. આથી તેઓને ગમે ત્યારે અને આકસ્મીક સંજોગોમાં પણ પોતાની જાતને કાબૂમાં રાખવાની રીતની ખબર હોય છે. આમ આવી વિકલાંગી વ્યકિત કાયમ ખોડ-ખાપણના કારણે માનસિક રીતે જ ઘડાઈ ગઈ હોય છે કે તેને કેવી પરિસ્થિતિમાં કેવી રીતે હરવું-ફરવું જોઈએ. આથી મહત્તમ ઉત્તરદાતાઓ એટલે કે ૪૭.૫ % ને ગમે ત્યારે પડી જવાનો કોઈ ભય લાગતો નથી જે બાબત નોંધનીય છે.

૩૩. અહીં સંશોધકે તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનુ પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં અતિ નોંધનીય બાબત એ છે કે ૬૫% જેટલા વિકલાંગીઓને સામાન્ય વિદ્યાર્થીઓની કડવી નજર એટલે કે ઉતારી પાડે તેવી વાત-ચીત કે રીત-ભાત સ્પર્શતા જ નથી. અને વિકલાંગીઓ જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચી જ ગયા છે. ત્યારે તેઓ અવારનવાર આવા બનાવ-ઘટનાઓમાંથી પાસ થઈ જ ગયા હોય છે. આથી તે માનસિક રીતે પણ પરિપકવ જોવા મળે છે. અને તેને અન્ય વિદ્યાર્થીઓની સામે કોઈ ફરિયાદ પણ નથી એટલે કે તે સમાધાનકારી વલણ

પોતાના જીવન માટે અપનાવીને હકારાત્મક દૃષ્ટિકોણ રાખીને સતત આગળ વધતાં જ રહે છે. અને અન્યની કડવી કે તીખી નજર પણ તે સહન કરી શકે છે અથવા તો તે ધ્યાનમાં જ નથી લેતા જે પ્રશંસનીય બાબત છે.

૩૪. અહી તારણ મળે છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહી ખૂબ જ પ્રોત્સાહક પરિણામ એ મળ્યુ છે કે વિકલાંગી વિદ્યાર્થી ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચે છે ત્યાં સુધીમાં સગા-સંબંધીઓથી માંડીને સમાજના ઘણા લોકોના સંપર્કમાં આવે છે ત્યારે તે ધીમે-ધીમે તેને અનુકૂલન સાધતો થઈ જાય છે અને આથી સામાજિક રીત-રિવાજોના કારણે તેને સારા-નરસાનું ભાન પણ થાય છે. આથી તે મિત્રો પણ સરળતાથી બનાવી શકે છે. કારણ કે તેને ખબર છે કે જેટલા પ્રમાણમાં હમદર્દ મિત્રો હશે તેટલી ઓછી તકલીફો પડશે અને વિકાસ પણ ઝડપી થશે. આમ, ૬૫% જેટલા વિકલાંગીઓ સરળતાથી મિલનસાર સ્વભાવના કારણે મિત્રો બનાવવામાં સફળ રહે છે. જે તેની હકારાત્મકતાનું નોંધનીય પાસું છે.

૩૫. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી ૪૦ % વિકલાંગીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે તેઓને વિકલાંગતાના કારણે થાક લાગતો નથી એ બાબતને ઊંડાણથી જાણવાનો પ્રયત્ન કરતાં એક બાબત સ્પષ્ટ જોવા મળી કે તેના શરીરમાં જે જે ભાગોમાં ખોડ-ખાપણ છે તેને ધ્યાનમાં લઈને તેઓ પોતાની ઉઠવા-બેસવાની, હરવા-ફરવાની, તમામ ક્રિયાઓને એવી રીતે નિયંત્રિત કરી છે કે જેના આધારે તેને વધારે પરિશ્રમ કરવો પડતો નથી અને તેની જે આગવી રીત-ભાત છે તે જ તેના માટે સહાયક એટલે કે મદદરૂપ બને છે અને

૧૭.૫ % જ એવા વિકલાંગીઓ છે કે જેને થાક લાગે છે. પણ તે તેની પંગુતાના પ્રમાણ ઉપર આધારીત છે તેવું સ્પષ્ટપણે જોવા મળ્યું છે.

૩૬. સંશોધકે અહીં તારવ્યું કે, જ્યારે ફકત ૧૪ % જ વિકલાંગીઓ એવા છે કે જેને શરીરની વધારે પડતી ખામી છે. તેઓ તેનો ઉકેલ શોધવા માટે અથવા તો અનુકૂલન સાધવામાં નિષ્ફળ રહે છે. જેના કારણે તે વિવિધ પ્રકારની તકલીફોથી પીડાય છે. બાકી એકંદરે પરિસ્થિતિ સારી છે અને તેના કારણે જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચી શકયા હોય છે અને શાળામાં તેઓની હાજરીનું પ્રમાણ પણ સારુ એવું જોવા મળે છે.

૩૭. અહીં તારવી શકાયું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં પણ વિકલાંગીની ઉચ્ચત્તર માધ્યમિક સુધીની અભ્યાસની સફર દરમ્યાન તેની હરવા-ફરવાની ટેવ, તેની વિકલાંગતાનો પ્રકાર અને પ્રમાણ વધારે ભાગ ભજવે છે. તેનાં આધારે તે પોતાના અભ્યાસના સ્થળ સુધી કઈ રીતે પહોંચ્વું ? અને તેનું દફતર કેવા પ્રકારનું અને કેટલા પ્રમાણના વજનનું રાખવું તે પણ નક્કી થઈ ગયું હોય છે.આથી ૫૫% જેટલા વિકલાંગીઓને આ બાબતે કોઈ તકલીફ પડતી નથી.જ્યારે ૧૮% વિકલાંગી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને થોડા-ઘણા અંશે આ બાબત સમસ્યારૂપ લાગે છે. જે વ્યાજબી છે. જ્યારે ૨૭% વિકલાંગીઓએ આ પરિસ્થિતિને અનુકૂળ થવાનો પ્રયત્ન કર્યો છે. જે તેની આંતરિક શકિતને આભારી છે અને તેઓ મજબૂત મનોબળ ધરાવતા જોવા મળે છે.

૩૮. અહીં તારણ મળ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતા- ઓનું પણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એ બાબત

ઉલ્લેખનીય છે કે વિકલાંગીઓ માટે ભારત સરકાર તેમજ ગુજરાત સરકારશ્રી તરફથી પ્રમાણમાં જે મદદ એટલે કે સહાય આપવામાં આવે છે તે પ્રમાણમાં ખૂબ જ ઓછી છે તેવું કહેનારા ૪૯ % વિકલાંગી ઉત્તરદાતાઓ છે અને આમ પણ આપણે સરકારી નીતિ નિયમોને આધારે જોવા જઈએ તો તાજેતરમાં સરકાર આ બાબતે ગંભીરપણે વિચારવા પણ લાગી છે અને મહદ્ અંશે તેવી જોગવાઈઓ કરીને વિકલાંગીઓને વધારેમાં વધારે મદદ મળી રહે તેવા પ્રયત્નો પણ શરૂ કર્યા છે. અને તેમાં સામાજિક સંસ્થાઓનો ફાળો પણ નોંધનીય છે અને અમુક બાબતમાં સરકારશ્રીએ સ્પષ્ટ નિયમોં જ આકરા બનાવીને વિકલાંગીઓને વધારે મદદરૂપ થવા માટેની યોજનાઓ અમલમાં મૂકી છે. જેથી તેઓ સામાન્ય માનવીની જેમજ હક્ક-હિત- હિસ્સાઓ મેળવીને સ્વમાનભેર જીવી શકે.

૩૯. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા વિકલાંગી ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે.આ એક ખૂબ જ વિકટ સામાજિક સમસ્યા છે. જેમાં વ્યકિતના મનને નહીં પણ તેનાં બાહ્ય દેખાવને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે છે અને એમાં પણ જો આર્થિક પરિસ્થિતિ સારી હોય તો થોડા-ઘણાં અંશે તેને રાહત રહે છે. બાકી તો તેઓને સતત યોગ્ય પાત્ર મળશે કે નહીં તની ચિંતા સતાવ્યાં જ કરે છે.

આવા કારણોસર અવાર-નવાર વિકલાંગીઓ માટે જ વિવિધ સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત વ્યકિતઓ દ્વારા નાત-જાતના ભેદભાવ વગર વિકલાંગી- ઓને યોગ્ય પાત્ર મળી રહે તે માટે લગ્ન અંગેના મેળાવડાઓનું આયોજન કરવામાં આવે છે. જે વિકલાંગીના આ મૂડને હળવો કરવા માટે સહાયરૂપ બને છે. બાકી તો ૬૫.૫ % જેટલા વિકલાંગીઓને આ પ્રશ્ન ખૂબ જ સતાવે છે. તે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે.

૪૦. અહીં આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહીં આ બાબતે શાળાના સંચાલકશ્રીઓને મળવાથી એ સ્પષ્ટ થયું હતું કે વિકલાંગી વિદ્યાર્થી ઓને પુસ્તક, પેન, દફતર જેવી વસ્તુઓ કોઈ સામાજિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવે તો અમે તેને આવકારીએ છીએ. અમારી પાસે એવી કોઈ ખાસ વ્યવસ્થા નથી કે જેમા વિકલાંગીઓને તમામ સાધન-સામગ્રીનું અલાયદું ભંડોળ અમારી પાસે હોય અને આ માટે સરકારશ્રી તરફથી મળતી સહાયમાં અમે જરૂરથી મદદરૂપ થઈએ છીએ. પણ સીધાં જ મદદ કરી શકતાં નથી. આમ વિકલાંગીઓમાં ૪૫ % જેટલા જે વિકલાંગીઓ ના પાડે છે તે બાબતને આધારભૂત ટેકો મળી રહે છે. આ માટે શાળાઓએ કંઈક કરવું જોઈએ તેવું સંશોધન કર્તાનું સૂચન છે.

૪૧. આ તારણમાં પ્રોત્સાહક બાબત એ છે કે, ૫૦% વિકલાંગીઓ વિકલાંગતાને ગણકારતાં જ નથી. તેઓ ગમે તેમ આકરી પરિસ્થિતિમાં પણ ટકી રહે તેવું મજબૂત મનોબળ ધરાવે છે અને સાહસ પણ કરહે છે. તાજેતરમાં જ બંને હાથ-પગ વગરની વિકલાંગ વ્યકિતએ તેની અલાયદી રીતે આયોજિત કરવામાં આવેલી ટેનીસની રમતમાં વિશ્વવિક્રમ સ્થાપિત કરીને દુનિયાને બતાવી દીધું કે, હું શરીરથી વિકલાંગ છું, મનથી નહીં. તેવી જ રીતે નૃત્યુની બાબતમાં પણ આવા દાખલાઓ જોવા મળે છે. આમ વિકલાંગી પોતાનું મજબૂત મનોબળ ધરાવે છે તે સ્પષ્ટ થાય છે.બાકી ૧૮% જેટલા જ વિકલાંગી -ઓ સાહસ કરવાનું ટાળે છે. જે તેની અપંગતાના પ્રમાણને લીધે અથવા તો યોગ્ય તક ન મળવાને કારણે બન્યું છે. તેમ સંશોધનકર્તાનું માનવું છે.

૪૨. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે

અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. આ સંશોધનની બાબતમાં એક બાબત એ છે કે શાળા તરફથી પૂરતી મદદ મળતી નથી તેમાં મોટાભાગના વિકલાંગીઓએ હા પાડેલી હતી. જ્યારે અહીં સુવિધાનો પ્રશ્ન આવે છે ત્યારે ૪૬ % સંતોષકારક હોવાનો મત ધરાવે છે. આમ, સુવિધા એટલે તેમના મત મુજબ બેસવાની, ટોયલેટની, દફતર ઉપાડવાની, ચઢ-ઉતર કરવાની, હાજરીની વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેવું રૂબરૂ મુલાકાતમાં જાણવાં મળ્યું. આથી સંશોધનકર્તાને મનની મુંઝવણ ઓછી થઈ. છતાં પણ ૩૭% ને સંતોષ નથી તેનું કારણ જાણવા માટેના પ્રયત્નોમાં એ તારણ આવ્યું કે વિકલાંગીઓ પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાત કરતા હતા અને તેમાં તેઓને સંતોષ ન હતો.

૪૩. તારણોના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એક બાબત સ્પષ્ટ થાય છે કે ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા સુધી પહોંચી ગયેલા વિકલાંગીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓ માનસિક રીતે પરિપકવ જોવા મળે છે. અને આથી ૪૫% વિકલાંગીઓની કોઈ ખોડ-ખાપણના કારણે મશ્કરી કરતું નથી. જ્યારે ૩૬% જેટલા ને કયારેક કયારેક ખાટા-મીઠા અનુભવ થાય છે.પણ તેને હસવામાં કાઢી નાંખે છે અને મિત્રતાના દાવે પણ તેને મજાકમાં લેતા હોય છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે તેઓને સામાન્ય સહાધ્યાયીઓથી કોઈ ગંભીર ફરિયાદ નથી અને તેઓ સાથે જ રહી અને અભ્યાસ કરતાં હોવાથી એક-બીજાના ગમા-અણગમાને જાણતા હોય છે. આથી અહીં આ બાબતને સમસ્યાના રૂપમાં જોઈ શકાતી નથી.

૪૪. આ તારણમાં સામાન્ય લોકો એવું માનતા હોય છે કે શારીરિક વિકલાંગીને તકલીફ પડતી હશે એટલે દયા-ભાવથી મદદ કરવા જાય તેમાં વિકલાંગી -ની તકલીફ ઘટવાના બદલે ઘણીવાર વધી જતી હોય છે તે આ સંશોધન ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે અને અહીં આવા ૪૮% વિકલાંગીઓ પણ આ બાબતે સહમતી બતાવે છે.દા.ત.ચઢ-ઉતર કરવામાં તેની પોતાની એક આગવી રીત હોય છે. પણ મદદ કર્તા દયા-ભાવથી આ કાર્ય કરવા જાય તો વિકલાંગીને શારરિક પીડા થતી હોય છે.આથી મદદકર્તાએ પણ ધ્યાન રાખવું જોઈએ.એવું સંશોધનકર્તાનું સ્પષ્ટ માનવું છે.

૪૫. આ તારણમાં આ બાબતને સામાજિક દૃષ્ટિકોણથી સમાવવામાં આવી છે. આથી નોંધનીય બાબત એ છે કે,૫૦% વિકલાંગીઓનું આ બાબતે સ્પષ્ટ જણાવે છે કે ઘરમાં કોઈ હડધૂત કરતું નથી. ઉલ્ટાનાં શારરિક મર્યાદાને કારણે તેની સારસંભાળ રાખવામાં આવે છે. જ્યારે ૧૪% જ એવા વિકલાંગીઓ છે કે જેઓ માને છે કે ઘરમાં તેને બરાબર સાચવવામાં આવતા નથી. આમ જોવા જઈએ તો સામાજિક રીતે કુટુંબના સભ્યો પણ સામાજિક રીત-રિવાજથી વાકેફ હોય છે.આથી આવા વિકલાંગીઓને જુદા પાડતા નથી નહીતર સમાજમાં તે ટીકાને પાત્ર બની શકે છે. તેવું સંશોધન કર્તાનું તારણ છે.

૪૬. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. અહી ૩૫% વિકલાંગીઓ એવા છે કે જેને પોતાની કે અન્યની ચીજ વસ્તુઓ લેવા મૂકવામાં તકલીફ પડતી નથી. આ માટે તેઓએ પોતાના હાથ-પગ-આંગળાઓ વિગેરેને ચોક્કસ ઢબમાં ઢાળી દીધાં હોય છે. જ્યારે ૪૨ % એવા છે કે જેઓને કયારેક અનુકૂળ ન હોય તેવી ચીજ-વસ્તુઓ જ લેવા મૂકવામાં તકલીફ પડે છે. બાકી તેઓને પણ વધારે મુશ્કેલીઓ પડતી નથી. તે બાબત સંશોધનકર્તાના ધ્યાનમાં આવી છે અને આ બાબત પણ ખાસ કરીને

વિકલાંગતાના પ્રમાણ અને પ્રકાર ઉપર વધારે નિર્ભર કરે છે તે પણ સ્પષ્ટપણે જાણવા મળ્યું છે.

૪૭. સંશોધકે તારવ્યું છે તે મુજબ સૌથી ઊંચું પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. આથી આ સંશોધનમાં શારરિક વિકલાંગીઓની સમસ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઘણી વખત સામાન્ય વ્યકિત તરીકે આપણે જેને સમસ્યા સમજતા હોઈએ છીએ તે અર્થમાં વિકલાંગી માટે તો તે સામાન્ય બાબત જ હોય છે. પણ આપણો દૃષ્ટિકોણ અલગ હોય છે. તે સંશોધનકર્તાએ અહીં નરી આંખે જોયું છે. અહીં ૫૫ % વિકલાંગીઓએ કપડાનાં બટનને ખોલ-બંધ કરવાની બાબતમાં જે રીત અપનાવી તે જોઈને સંશોધનકર્તાને પણ આશ્ચર્ય થયું છે. અને રૂબરૂમાં આ બાબત જાણવા મળી તેથી આનંદ પણ થયો છે અને ખરા અર્થમાં વિકલાંગીઓની પોતાની આગવી રીત-ભાત હોય છે અને તે તેના જીવનનો એક અતૂટ હિસ્સો હોય છે જે અહીં સ્પષ્ટ થાય છે.

૪૮. સંશોધન કરતા તારણ મળ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વાહન એટલે સાયકલ,ટ્રાઈસીકલ, ટ્રાઈસ્કુટર, કાર વિગેરેને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. પણ ૬૫% વિકલાંગીઓને પોતાનું વાહન ચલાવતી વખતે અકસ્માતની બિલકુલ બીક લાગતી નથી. આ માટે તેઓએ સંશોધનકર્તાને પોતાના વાહનમાં પોતાના શરીરને અનુકૂળ આવે તેવી કઈ કઈ વ્યવસ્થાઓ કરી છે તે બતાવી ત્યારે સંશોધનકર્તાને પણ થયું કે સામાન્ય માનવીમાં અને વિકલાંગીમાં આ બાબતે જરા પણ ફેરફાર નથી. તેઓ આગવી સૂઝ ધરાવે છે અને પોતાના શરીરને અનુકૂળ આવી જાય તેવી

રચનાવાળા વાહન બનાવડાવે છે. જેથી તેને અકસ્માતનો ભય ન રહે અને આમ પણ આ ઝડપી દુનિયા સાથે કદમ મિલાવવા માટે આજકાલ હરવા-ફરવા માટે વાહન એક અનિવાર્ય અંગ બની ગયું છે અને વિકલાંગી પણ તેમાંથી કેમ બાદ રહી શકે ?

૪૯. આ તારણમાં નોંધનીય બાબત એ છે કે સામાન્ય વ્યકિતને કયારેક હાથ-પગમાં વાગી જાય છે ત્યારે બે-ત્રણ દિવસમાં પણ તે ત્રાસી જાય છે. જ્યારે અહીં તો જિંદગીભર માટેનો પ્રશ્ન છે. માટે તેઓ તો ચોક્કસ લાચાર થઈ જ જાય પણ ફરિયાદ કોને કરવા જવી ? એ એક પ્રશ્ન છે. આથી ૩૭.૫ % એવા વિકલાંગીઓ છે કે તેઓ સ્પષ્ટપણે માને છે કે જો પંગુતા ન હોત તો ઘણું સારું થાત પણ બીજું તો શું કરી શકાય ? જ્યારે ૩૦ % મજબૂત મનોબળવાળા વિકલાંગીઓએ આ પડકારને પણ ઝીલીને જીવતા શીખી લીધું છે. જ્યારે ૩૨.૫ % વિકલાંગીઓને કયારેક કયારેક આ પ્રશ્ન નડતરરૂપ લાગે છે. છતાં પણ અનુકૂલન સાધીને જીવન જીવે છે. તે સંશોધન કર્તાએ પોતાની નજર સમક્ષ જોયું છે.

૫૦. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા વિકલાંગી ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં આ બાબત નોંધનીય છે કે એક વિકલાંગી બીજા વિકલાંગી સાથે પોતાની સમસ્યાની આપ-લે કરતો નથી તેમાં સંશોધનકર્તાને જાણવા મળ્યું કે એક-બીજા વિકલાંગીઓને એમ કહેતા હોય છે કે મને પણ તકલીફ છે પણ હું કોઈને કહેતો નથી કારણ કે ભગવાને જે મને આપ્યું છે તે રીતે જીવન જીવતા રહેવું જોઈએ તેવો આશાસ્પદ ઉતર આપ્યો. આમ છતાં પણ ૩૯ % વિકલાંગીઓ કયારેક કયારેક પોતાની સમસ્યાઓની આપ-લે કરી લેતા જોવા મળે છે. પણ

તેના માટે એકબીજા ઉપર આધારીત નથી રહેતા તેઓ જાતે જ તેનાં રસ્તાઓ શોધી લેતા જોવા મળે છે. જેમાં તેનું સ્વમાન સ્પષ્ટપણે જોવા મળે છે.

૫૧. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે.જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. આ બાબતમાં ૪૯ % વિકલાંગી-ઓએ તેમની વિકલાંગતાના પ્રકાર અને પ્રમાણના આધારે ઉતરો આપ્યા છે. જેમને બંને પગમાં તકલીફ છે તે દોડમાં, ઊંચી કૂદમાં કે લાંબી કૂદમાં ભાગ ન લઈ શકે જે નિર્વિવાદ બાબત છે. માટે અહીં જે ઉતરો મળ્યા છે તેમાં મહદઅંશે તટસ્થ તારણ નીકળી શકયું છે કે વિકલાંગીઓ તેમનાં શરીરને માફક આવે તેવી રમત-ગમત હોય તો ચોક્કસ ભાગ લઈ શકે છે. જેના માટે ૩૩.૫૩ વિકલાંગીઓનો ઉતર હકારાતમક છે. જે સ્પષ્ટ બતાવે છે કે તેને અનુકૂળ આવે તેવી રમત-ગમત હોય તો તે ચોક્કસ ભાગ લઈ શકે તેમ છે તેમાં તે હાથ પર હાથ રાખીને બેસે તેમ નથી તેવું તેનું મજબૂત મનોબળ પણ અહીં રૂબરૂ મુલાકાત વખતે સંશોધન કર્તાને જોવા મળ્યું છે.

૫૨. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં એ બાબત સ્પષ્ટ જાણી શકાય છે કે શાળામાં વિકલાંગી વિદ્યાર્થીની હાજરીને સહજ રીતે સ્વીકારવામાં આવે છે. એટલે કે ૪૫ % ઉતરદાતાઓ આ બાબતે સ્પષ્ટ મંતવ્ય આપે છે કે, ના એવું કંઈ નથી ઉચ્ચત્તર માધ્યમિક સુધી કંઈ એમ જ પહોંચી નહીં ગયા હોઈએ. જ્યારે ૪૪% એવા વિકલાંગીઓ છે કે જેઓ માને છે કે, કયારેક કયારેક એવું બને છે પણ તેની ગંભીરતાથી તેઓ નોંધ લેતા નથી. ફકત ૧૧ % એવા વિકલાંગી વિદ્યાર્થીઓ છે કે જેઓને આ બાબત નકારાત્મક લાગે

છે. પરંતુ એકંદરે સંશોધન કર્તાએ નોંધ લીધી છે કે વિકલાંગીની હાજરીને સ્વીકૃત ગણવામાં આવે છે.

૫૩. અહીં તારવવામાં આવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં સામાજિક દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવેલા આ સંશોધનમાં ૩૫ % એવા વિકલાંગીઓ છે કે, જેઓ માને છે કે, સમાજના રીત-રિવાજ, નીતિ-નિયમો મુજબ રહીએ તો સમાજમાં લોકો કયારેય તરછોડતા નથી તેમાં તેઓ વિકલાંગતાને ધ્યાનમાં રાખતા નથી. પણ વર્તન વ્યવહારને ધ્યાનમાં રાખે છે. જ્યારે ૧૭ % વિકલાંગીઓને એમ લાગે છે કે, સમાજ તેને વગર વાંકે તરછોડે છે ત્યાં સંશોધનકર્તાએ ઊંડી તપાસ કરતા જણાવ્યું કે, તેઓ હજુ સમાજમાં બરાબર રીતે હળી મળી શકતાં નથી અને પોતે વિકલાંગ છે એટલે તેને અમુક બાબતોમાં વધારે છૂટ-છાટ મળવી જોઈએ એવું માનવું છે. પણ સામાજિક રીતે તે શકય બનતું નથી. જ્યારે ૩૮ % વિકલાંગીઓને આ બાબત બહુ વધારે સ્પર્શતી નથી જે આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે.

૫૪. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૭ % વિકલાંગીઓને દૈનિક કાર્ય કરવામાં મુશ્કેલી પડે છે. કારણ કે સામાન્ય વ્યકિત પણ આ ભાગ-દોડ ભરેલી દુનિયામાં તકલીફ અનુભવતો હોય છે ત્યારે વિકલાંગીને ચોક્કસ આ બાબત નડતરરૂપ થાય તે નિર્વિવાદ છે. કારણ કે તેઓને જે પ્રકારની શારીરિક ખોડ-ખાપણ હોય છે. તેમાં કોઈને કોઈ કાર્ય તો એવું હોય જ છે કે તેઓ તેને કરી શકતા નથી. એટલે કે તેને તકલીફ પડતી હોય. જ્યારે ૪૦% એવા વિકલાંગીઓ છે કે જેણે પોતાની દૈનિક ક્રિયા

પોતાના શરીરને અનુકૂળ આવે તે રીતે ગોઠવી લીધી છે.આથી તેઓને મુશ્કેલી પડતી નથી પણ ૧૩% એવા પણ છે કે તેઓને કયારેક કયારેક આવી બાબતો નડતરરૂપ બને છે.જે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે.

૫૫. અહીં જે તારણ મળ્યું છે તેમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા પાડનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૫ % ઉત્તરદાતાઓએ સ્પષ્ટ મંતવ્ય આપ્યું છે કે અમે વિકલાંગીરહ્યા તો ભલે રહ્યા પણ અમારી જાતને-શરીરને અમે અમારી રીતે ટેવ પાડી દીધી છે. જેથી કરીને સમાજ સાથે કદમ મિલાવીને ચાલી શકીએ. આમાં માનસિક અને શારીરિક એમ બંને બાબતો ઉપર સંશોધન કર્તાએ હાથ અજમાવ્યો છે. અને તેનું પરિણામ પણ સ્પષ્ટ જોવા મળે છે. જ્યારે એવા વિકલાંગીઓ પણ છે કે કયારેક વિષમ પરિસ્થિતિ ઊભી થાય તો તેઓ પોતાની જાત ઉપર સંયમ રાખી શકતા નથી તે બાબત તેમની અણઆવડત બતાવે છે. જેમાં તેઓ ઘણી વખત ગુસ્સે થઈ જતાં પણ જોવા મળે છે. તેના માટે તેના મનમાં સામાન્ય વ્યકિત પ્રત્યે રોષની લાગણી રહેલી જોવા મળે છે.

૫૬. અહીં સંશોધકે તારવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૪૦% વિકલાંગીઓએ જે પરિસ્થિતિ છે તેને મનથી સ્વીકારી લીધી છે. અને તેમાં તેને કોઈ ફરિયાદ નથી અને તેઓ પોતાની અલગ પ્રકારની આવડતથી અન્ય લોકોના મન જીતી લેતી જોવા મળે છે. જ્યારે ૪૨.૫ % વિકલાંગીઓ કયારેક-કયારેક લઘુતાગ્રંથિ અનુભવે છે. પણ તે સમય અને સંજોગોને આધીન જોવા મળેલ છે. જેની નોંધ સંશોધનકર્તાએ લીધી છે. દરેક વખતે વિકલાંગીને લઘુતાગ્રંથિ નડતી નથી. જ્યારે ૧૮.૫ % જ વિકલાંગીઓ એવા

છે કે જની વિકલાંગતાનું પ્રમાણ વધારે છે અથવા તો વિકલાંગતાનો પ્રકાર અતિ વિચિત્ર છે. તેઓ જ લઘુતાગ્રંથિથી પીડાય છે. આમ અહીં જે સમાજ સાથે હળી મળીને જીવવાની વાત છે. તેમાં મહદ અંશે વિકલાંગીઓ સફળ રહ્યા છે. તેવું સંશોધકર્તાનું તારણ છે.

૫૭. અહીં તારણ તારવતા સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ૫૫% વિકલાંગી-ઓ સ્પષ્ટ મંતવ્ય આપે છે કે ના એવું કંઈ નથી. અમારી સાથે પણ ઘણા બધા સામાન્ય વિદ્યાર્થીઓ અને લોકો મૈત્રી કરવા ઝંખે છે. જેમાં સંશોધનકર્તાએ ઊંડી તપાસ કરતા જાણવા મળ્યું કે જો વિકલાંગી ગાયક, ચિત્રકાર, વક્તા, વિદ્વતા કે બુદ્ધિચાતુર્ય ધરાવતો હોય તો ચોક્કસ સામેની વ્યકિત તેનાથી આકર્ષાય છે અને મૈત્રીભર્યા સંબંધો રાખે છે. જ્યારે ૩૧ % વિકલાંગીઓ જ એવા છે કે, જેઓને આ બાબતે વધારે ગંભીરતા નથી કે કોઈ મૈત્રી ઝંખે કે ન ઝંખે તેને વધારે ફેર પડતો નથી. માત્ર તેઓ વધારે પડતાં સામાજિક જોવા મળે છે.

૫૮. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે.જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે.અહીં સામાજિક રીતે જોવા જઈએ તો ૪૦% વિકલાંગીઓ કુટુંબમાં ભારરૂપ લાગે છે. તેવી લાગણી અનુભવતા નથી. આથી તેઓ ખૂબ જ હળી-મળીને રહે છે. જ્યારે ૩૨.૫ % વિકલાંગીઓ એવું માને છે કે તેઓ કુટુંબ માટે બોજા રૂપ છે અને તેમાં ઊંડાણપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું કે તે બાબત આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલી છે. જો વિકલાંગી સામાન્ય હોત તો તે કુટુંબને આર્થિક રીતે બોજારૂપ થવાના બદલે મદદરૂપ બની શકયો હોત.જ્યારે ૨૭.૫%

વિકલાંગીઓ એવા છે કે જેઓ જે પરિસ્થિતિ છે તેને સ્વીકારે છે અને જિંદગી સાથે બાંધછોડ કરીને અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે. આમ આ સંશોધનમાં વિકલાંગીની માનસિક સ્થિતિને પણ ઠીક-ઠીક પ્રમાણમાં જાણવા સમજવાનો સંશોધનકર્તાને મોકો મળ્યો છે.

૫૯. અહીં તારણ તારવતા સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં માનસિક માપદંડ ધ્યાનમાં રાખવામાં આવશે કારણ કે વિકલાંગીને કોઈ પણ કાર્ય કરવાનું આવે ત્યારે તેને પોતાની ઊણપનો ખ્યાલ હોય જ છે. અન્ય ૪૯ % વિકલાંગીઓ એવી સ્થિતિમાં સભાનતા કેળવી લે છે અને બાદમાં સામાન્ય થઈ જાય છે. જ્યારે ૩૮.૫ % વિકલાંગીઓ આ બાબતમાં માનતા નથી કારણ કે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચ્યા છે એટલે માનસિક રીતે પરિપકવ થઈ ગયા છે અને આ માટે તેઓને અગાઉથી સભાન થવાની જરૂરિયાત લાગતી નથી. આ તેઓનું ખૂબ જ જમાં પાસું છે. જેની સંશોધનકર્તાએ નોંધ લીધી છે.

૬૦. અહીં તારણ મળ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં સામાજિક અને આર્થિક એમ બંને પાસાંઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. જેમાં વિકલાંગી બંને પ્રકારની જવાબદારીઓ કેટલા પ્રમાણમાં અદા કરી શકે છે ? તેનો નિષ્કર્ષ શોધવાનો સંશોધનકર્તાનો પ્રયત્ન ફળ્યો છે. તેમાં ૩૪ % વિકલાંગીઓ એવું માને છે કે આ વાત સાચી છે. કારણ કે વિકલાંગીઓ માટે દિવસે અને દિવસે જરૂરિયાતો અને મોંઘવારી ધતી જાય છે. સામાજિક સમસ્યાઓ વધતી જાય છે. ત્યાં તેઓને તેની પંગુતા ખૂબ જ નડે છે. જ્યારે ૪૬% વિકલાંગીઓ અંશતઃઆ બાબત સ્વીકારે છે પણ તેના કારણે તેઓ હતાશ કે નિરાશ થતાં નથી પણ

તેમાંથી રસ્તો શોધવાનો પ્રયત્ન કરે છે અને આગળ વધતાં રહે છે. જેની નોંધ સંશોધનકર્તાએ લીધી છે.

૬૧. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે.જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વિકલાંગીની માનસિકતાને સચોટ રીતે ચકાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટ થાય છે કે ૩૬% વિકલાંગીઓને પોતાનાથી થાય તેવા કામો અંગે પણ શંકા રહે છે. કારણ કે તે માટે તેઓને માનસિક રીતે પૂરતા પ્રમાણમાં જ્ઞાન આપવામાં આવ્યું હોતું નથી. અને એ રીતે તેઓને તૈયાર કરવામાં આવ્યા હોતા નથી. આથી જો તેઓને માર્ગદર્શન આપવામાં આવે અને તાલીમબદ્ધ આયોજન દ્વારા જીવન જીવવાની રીત શીખવવામાં આવે તો સારુ પરિણામ મળી શકે તેમ છે. જે સંશોધનકર્તાએ રૂબરૂ મુલાકાત વખતે અનુભવ્યું છે. જ્યારે ૩૦ % વિકલાંગીઓ એવા પણ છે કે જેઓને આ બાબતે શંકા રહેતી નથી કારણ કે તેઓ વધારે પ્રમાણમાં વ્યવહારું વર્તન-વ્યવહાર ધરાવતા હતા.

૬૨. આ તારણમાં જોવા મળ્યું કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે.જ્યારે બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં આ બાબતમાં તેના મનમાં ઊંડાણમાં પડેલા ભાવિ અંગેના ખ્યાલને જાણવાનો સંશોધનકર્તાનો પ્રયાસ હતો.જેમાં ૪૯% વિકલાંગીઓ પોતાના ભવિષ્યને અંધકારમય માને છે તેની પાછળ દિવસે ને દિવસે વધતી જતી સમસ્યાઓ, મોંઘવારી આવકના સાધનો, તબીબી સારવાર તેમજ સરકારનું ખાનગીકરણનું પગલું તેઓને જવાબદાર લાગે છે. તેઓને પોતાની શૈક્ષણિક કારકિર્દીના મહત્ત્વના તબક્કે જ આ બાબતની જાણ થઈ જાય છે. તેથી તેઓનું ભાવિ કેવું હશે તે અંગે તેઓ ચોક્કસ નથી. આમ જોવા જઈએ તો આજના સમયમાં

સામાન્ય વ્યકિતનું ભાવિ પણ ડામાડોળ હોય છે ત્યાં વિકલાંગીની તો શું વિસાત ! જ્યારે ૨૦% જ વિકલાંગીઓને આ બાબત ચિંતાજનક લાગતી નથી અને ૩૧% વિકલાંગીઓને થોડાં ઘણા અંશે આ બાબત સ્પર્શે છે.જે અહી સ્પષ્ટ થાય છે.

૬૩. આ તારણમાં ૪૦ % વિકલાંગીઓ આ બાબતને નકારે છે. કારણ કે તેઓએ ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચતાં સુધીમાં તો એક પક્કડ મેળવી લીધી હોય છે અને કયા કામ ને કેવી રીતે કરવું તેની ઢબ પણ પોતાના શરીર મુજબ વિકસાવી લીધી હોય છે.આથી તે પોતાની આવડતના આધારે સારુ કાર્ય કરી શકે છે.જ્યારે ૩૧% એવા વિકલાંગીઓ છે કે જેઓ હજુ કિશોર અવસ્થામાં આ બાબતે ગંભીર ન હોવાથી કુશળતાના બદલે ફકત કામ થાય છે કે નહી ? તેને જ માને છે. જ્યારે ૨૯% વિકલાંગીઓ આ બાબતને પોતાનાં જીવનમાં આત્મસાત કરવાના પ્રયત્ન કરી રહ્યા છે. અહીં સંશોધનકર્તાને રૂબરૂ મુલાકાતમાં સ્પષ્ટ જોવા મળ્યું છે કે વિકલાંગી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ હજુ માનસિક રીતે જોઈએ તેટલા પ્રમાણમાં પરિપકવ નથી.

૬૪. સંશોધકે તારણ મેળવ્યું તેમાં સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં આર્થિક બાબતને સ્પષ્ટ કરવાનો પ્રયત્નો કર્યો છે કે તે કોઈ આર્થિક ઉપાર્જન કરી શકે તેમ તેઓને લાગે છે કે નહીં ? ત્યારે રૂબરૂ મુલાકાતમાં સંશોધનકર્તાને જાણવા મળ્યું છે કે એ માટે તઓને ઉચ્ચત્તર માધ્યમિક અને બાદમાં ઉચ્ચ અભ્યાસ પણ કરવો છે અને સમય સાથે તાલ મિલાવીને ચાલવાનું છે અને કોઈ એવા તાલીમી વર્ગો હોય તો તેમાં પણ જોડાઈને આર્થિક રીતે પગભર થવું છે. બાકી તો આખી જિંદગી થોડું અન્યને બોજારૂપ થવાય છે. માટે ૪૩ % જેટલા વિકલાંગીઓ સ્પષ્ટ છે અને ૪૭ % વિકલાંગીઓ હજુ આ અંગે સ્પષ્ટ મંતવ્ય

આપી શકયા નથી તેમજ પ્રયત્નો છોડવા માંગતા પણ નથી. તે બાબત પરથી સ્પષ્ટ થાય છે કે વિકલાંગીઓ પરુષાર્થ તો ચોક્કસ કરે જ છે.

૬૫. સંશોધકે જે તારણ તારવ્યુ તેમાં સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતા- ઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. વિકલાંગી વિદ્યાર્થી એવું મનમાં રાખતાં જ નથી કે સામાન્ય વિદ્યાર્થીઓ તેમની સાથે વાત કરવાનું ટાળે છે. કારણ કે તે તો વ્યકિતના વર્તન-વ્યવહાર ઉપર આધારિત છે તેવું માનનારા ૫૦ % વિકલાંગી વિદ્યાર્થીઓ છે. જ્યારે ૧૪ % આ બાબતને ધ્યાનમાં લે છે. પરંતુ ૩૬ % વિકલાંગી વિદ્યાર્થીઓ જણાવે છે કે જરૂરિયાત મુજબની વાતચીત હોય ત્યારે સામાન્ય વિદ્યાર્થીઓ વાતચીત કરતાં જ હોય છે. પણ ખોટા ટોળ-ટપ્પા મારવાનાં જ હોય અથવા તો પોતાની સમસ્યાઓ જ કહેવાની હોય ત્યારે સામાન્ય વિદ્યાર્થીને દેખીતી રીતે જ ન ગમે તે નિર્વિવાદ બાબત છે. આમ અહીં સંશોધનકર્તાને ચોક્કસ તારણ પણ મળ્યું છે કે, સામાન્ય વિદ્યાર્થીઓ વિકલાંગી વિદ્યાર્થીઓને તરછોડતા નથી.

૬૬. આ તારણના આધારે નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ અંશતઃ ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. સામાજિક દષ્ટિએ વ્યકિત સમાજનું એકમ છે તેમ કુટુંબ પણ સમાજનું એકમ છે અને તેમાં પૂરતા પ્રમાણમાં સ્નેહ-લાગણી ન હોય તો જીવન જીવવામાં આનંદ આવતો નથી. આથી અહી વિકલાંગીની માનસિક સ્થિતિને સમજવા માટે સંશોધન કર્તાએ તેઓને કુટુંબના સભ્યો તરફથી પૂરતા પ્રમાણમાં સ્નેહ મળે છે કે નહીં તે જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે જાણવા મળ્યું કે, ૩૫% વિકલાંગીઓ નકારાત્મક વાત કરે છે. જ્યારે ૨૩% હકારાત્મક બાબત બતાવે છે અને ૪૨ % એટલે કે સૌથી વધારે ૮૪ ઉત્તરદાતાઓ અંશતઃ

સ્નેહ મળે છે તેમ જણાવે છે. આમ આ બાબતમાં મિશ્ર પ્રત્યાઘાત જોવા મળે છે. જે સામાન્ય વ્યકિતના જીવનમાં પણ જોવા મળે છે.

૬૭. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતા-ઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં ઉચ્ચત્તર માધ્યમિક માં અભ્યાસ કરતા વિકલાંગી વિદ્યાર્થીઓને રૂબરૂ મળતાં તેઓમાંના ૫૦ % નું સ્પષ્ટ મંતવ્ય હતું કે અમારા શિક્ષકો અમને પૂરતાં પ્રમાણમાં પ્રેમ-હૂંફ અને માર્ગદર્શન આપે છે અને મદદ પૂરી પાડે છે. તેઓ કયારેય ભેદભાવ ભરેલું વર્તન કરતાં નથી. જ્યારે ૩૭% વિકલાંગીઓને કયારેક કયારેક એવો કડવો અનુભવ થયો હતો તેમ જણાવ્યું હતું. અને પ્રમાણમાં ૧૩ % વિકલાંગીઓને જ તેમનાં શિક્ષકો ભેદભાવ રાખે છે. તેમ લાગતું હતું જે સામાન્ય વિદ્યાર્થીની બાબતમાં પણ સર્વ સામાન્ય બાબત છે. આમ ઉચ્ચત્તર માધ્યમિકનાં વિદ્યાર્થીઓ પોતાની સફળતાનો જશ પોતાના શિક્ષકને આપતાં જ હતાં. જે રૂબરૂ મુલાકાત વખતે સંશોધનકર્તાને જોવા મળ્યું હતું.

૬૮. અહીં સંશોધકે તારણ મેળવ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે.જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. અહીં સૌથી વધારે સમાજે આવા વિકલાંગીઓની જરૂરિયાતો પૂર્ણ થાય તે માટે આગળ આવવાનું છે તેના માટે વિકલાંગીઓમાંના ૪૦ % નું સ્પષ્ટ મંતવ્ય એવું છે કે, સમાજનો અભિગમ અમારા માટે સારો નથી, જો તે પૂરતાં પ્રમાણમાં તક આપે તો અમે ચોક્કસ આગળ વધી શકીએ તેમ છીએ અને આ કારણસર જ સરકારશ્રીનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કામ આવા વિકલાંગીઓને પૂરતા પ્રમાણમાં સમાજમાં તકો મળી રહે તેવા પ્રયત્નો વધારતું જ જાય છે, જે ખૂબ જ આવકાર્ય બાબત છે. જ્યારે

ફક્ત ૨૩ % વિકલાંગીઓને જ સમાજ પોતાના માટે સારો અભિગમ ધરાવે છે તેવું લાગે છે.પરંતુ હજુ ૩૭ % વિકલાંગીઓનો અભિપ્રાય મધ્યમ છે તે સંશોધનમાં સ્પષ્ટ થાય છે.

૬૯. આ તારણના આધારે સ્પષ્ટ નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. આ બાબત સંપૂર્ણપણે માનસિક હોવા છતાં ઉત્તરદાતાઓએ સ્પષ્ટ જણાવ્યું કે વિકલાંગતા અને વ્હેમને કંઈ લાગતું વળગતું નથી. આ માટે ૫૫ % વિકલાંગી ઉત્તરદાતાઓનું મંતવ્ય સ્પષ્ટ છે કે, મારા સ્વભાવને વ્હેમી બનાવવામાં વિકલાંગતાને કંઈ સંબંધ નથી. અને અમે વ્હેમ રાખતા પણ નથી. જ્યારે ૧૭ % વિકલાંગીઓ એવું માને છે કે, હા અમારી વિકલાંગતાના કારણે અમે શંકાશીલ છીએ જેમાં અન્ય લોકો હસતા હોય અથવા તો અમારી હાજરીમાં વાતચીત ન કરે અથવા તો અમને અનુકૂળ વર્તન ન કરે ત્યારે અમને એમ લાગે છે કે અમે પંગુ છીએ એટલે અમારી સાથે આ લોકો આવા વર્તન વ્યવહાર કરે છે.જ્યારે ૨૮ % ઉત્તરદાતાઓ આ બાબતે થોડું ઘણું માને છે. પણ તેને પોતાના સ્વભાવનો હિસ્સો બનવા દેતા નથી. જે આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે.

૭૦. અહીં તારણ મળ્યું છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે. જ્યારે બીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે અને ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં લોકોની દયા તેઓને ત્રાસદાયક લાગતી નથી તેવું ૬૫% ઉત્તરદાતાઓ માને છે. કારણ કે સહજભાવે સ્વભાવિક છે કે શારીરિક ખોડ ખાંપણનાં કારણે વિકલાંગીઓને કેટલું સહન કરવું પડતું હશે તેનો વિચાર કરીને જ તેઓ મદદનો હાથ લંબાવતાં હોય છે અને જો દયા જેવી ચીજ દુનિયામાં ન હોય તો સામાન્ય

વ્યકિતને પણ જીવવું મુશ્કેલ બની જાય છે ત્યારે આ તો વિકલાંગી છે માટે આ બાબતનો તેઓ સહજ સ્વીકાર કરે છે. ફકત ૨૩% વિકલાંગી ઉત્તરદાતાઓ જ તેને ત્રાસદાયક માને છે. કારણ કે તે વધારે સ્વમાની હોય છે. આમ સંશોધનમાં દયા એ માનવીય ગુણ છે. જેને વિકલાંગીઓ આવકારે છે તે સ્પષ્ટ થાય છે.

૭૧. આ તારણમાં નોંધી શકાય છે કે, સૌથી ઊંચુ પ્રમાણ ના કહેનારા ઉત્તરદાતાઓ -નું જોવા મળેલ છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળેલ છે. જ્યારે ત્રીજા ક્રમે હા કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહી મોટાભાગના વિકલાંગીઓનું મંતવ્ય સ્પષ્ટ છે કે, નાં એવું નથી. સહાધ્યાયીઓ અમારી સાથે સાહજિકતાથી જ વર્તન-વ્યવહાર કરે છે અને તેઓ અમારા સુખ દુઃખના ભાગીદાર થાય છે અને આ માટે જ અમે ઉચ્ચત્તર માધ્યમિક સુધી પહોંચ્યાં છીએ. તેમાં તેઓનો પ્રેમ-લાગણીનો સહારો અમને ચોક્કસ મળ્યો છે. અહી ૨૦૦માંથી ૮૫ ઉત્તરદાતાઓ અંશતઃ એવું માને છે કે, અમને જે રીતે માન-પાન આપવાનો, સાહજિકતાપૂર્વકના પ્રેમ લાગણી મળવા જોઈએ તે મળે જ છે. પણ જો હજુ વધારે મળે તો અમારો વિકાસ ઝડપી બની શકે તેમ છે. છતાં પણ સાથ-સહકાર પ્રમાણમાં સારા છે.

૭૨. અહી સંશોધકને તારણ મળ્યું કે, શાળાઓમાં શારીરિક વિકલાંગી વિદ્યાર્થીઓ માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવામાં આવે તો તે વધારે અનુકૂળ આવે તેમ છે. આથી અહી સંશોધકને રૂબરૂમાં જોવા પણ મળ્યું છે કે ઘણા બધાં વિકલાંગીઓને શાળામાં બેસવામાં-ઉઠવામાં તકલીફ પડે છે, જેનાં માટે જે તે શાળાના સંચાલકશ્રીઓએ યોગ્ય ઉપાય શોધી કાઢવો જોઈએ.

૭૩. આ બાબતમાં તારવ્યું કે, સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળે છે. અહી એક બાબત સ્પષ્ટ

છે કે વર્ષોથી એક જ પ્રકારની શાળાની વ્યવસ્થા જોવા મળેલ છે. તેની સીડીઓ-બાંકડાઓ,બારી-દરવાજાઓ વિગેરેમાં કોઈપણ ફેરફાર વિકલાંગીને ધ્યાનમાં રાખીને કરવામાં આવતો નથી તેમજ જ્યારે અભ્યાસની બાબતમાં સામાન્ય વિદ્યાર્થી સાથે જ તેને બેસાડવામાં આવતા હોવાથી અલગ વ્યવસ્થા પણ કરવામાં આવતી નથી. આથી અહીં ૫૨.૫% વિકલાંગીઓને પોતાના માટે જો અલગ શાળાની વ્યવસ્થા કરવામાં આવે તો વધારે ફાવે કારણ કે તેમાં શારીરિક વિકલાંગીઓ જ હોવાનાં. આથી માનસિક અને શારીરિક એમ બંને બાબતોને ધ્યાનમાં રાખીને તેઓને ભણાવવામાં આવશે. અને તેને અનુકૂળ અલગ પદ્ધતિ પણ વિકસાવવામાં આવશે. જેથી કરીને તેઓનો વિકાસ ખૂબ જ ઝડપી બનશે અને સામાન્ય વિદ્યાર્થીઓ સાથે બેસવાથી જે પ્રશ્નો ઊભા થાય છે તે પણ નહીં થાય તેવું તેઓ સ્પષ્ટપણે માને છે.

૭૪. આ તારણમાં સૌથી ઊંચુ પ્રમાણ હા કહેનારા ઉત્તરદાતાઓનું જોવા મળે છે અને બીજા ક્રમે અંશતઃ ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ત્રીજા ક્રમે ના કહેનારા ઉત્તરદાતાઓ જોવા મળે છે. અહીં વિકલાંગી દ્વારા ૨૦૦માંથી ૧૩૫ ઉત્તરદાતાઓનું સ્પષ્ટ માનવું છે કે અમને શારીરિક વિકલાંગી બનાવીન ઈશ્વરે અમારી સાથે અન્યાય કર્યો છે. આ એક ભાવાત્મક ખ્યાલ છે. અને વિકલાંગીઓ આ બાબતે ઈશ્વરને વધારે દોષિત માને છે અને રૂબરૂ મુલાકાતમાં જણાવે છે કે અમે એવો તે શું ગુન્હો કર્યો હતો કે અમને આવી પરાધિન દશામાં જીવવાનો સમય આવ્યો અને તેમાં પણ ડગલેને પગલે નિષ્ઠુરતાએ તો અમને વધારે પંગુ બનાવી દીધા છે. આમ અહીં આપણે સ્પષ્ટપણે કહી શકીએ કે જો વિકલાંગી- ઓને અહીં પ્રેમ-લાગણી-હૂંફ અને પ્રેમ આપવામાં ન આવે તો તે ચોક્કસ હતાશામાં સરી પડે છે અને એક બોજારૂપ જીવન જીવતા હોય તેવો ભાવ વ્યકત કરતાં હોય છે. જે ઉપરોકત બાબતમાં પણ સ્પષ્ટ દેખાઈ આવે છે.

## ૬.૪ ઉપસંહાર :

આ સંશોધનમાં સંશોધનકર્તાએ ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિકલાંગીઓની સમસ્યાઓ'' એ વિષય ઉપર ફકત રાજકોટ શહેરમાં જ ધોરણ-૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા શારીરિક વિકલાંગી વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તારણો મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

જેમાં સંશોધનકર્તાનું એવું માનવું હતું કે, વિકલાંગ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓ કરતા ઘણી બધી તકલીફો પડતી હશે અથવા તો તેની અપંગતાનું પ્રમાણ અને પ્રકાર તેના વિકાસમાં અવરોધક બનતા હશે અથવા તો તેની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જો નબળી હશે તો તકલીફો વધી જતી હશે. આવી વિવિધ પ્રકારની ભાવનાઓ મનમાં હતી. તને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ કર્યો હતો. પણ અહીં તો જે મનની ભ્રમણાઓ હતી તે સાવ ખોટી નીકળી અને વિકલાંગીઓ તો પોતાની એક અલગ જ દુનિયા ધરાવે છે અને તેમાં તે મસ્ત છે.

અહીં ઉપરોકત વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને જે ૭૪ તારણો તારવવામાં આવ્યા તે વિકલાંગીની પરિસ્થિતિ દયાજનક નહીં પણ સારી છે અને તેઓ પણ સામાન્ય લોકોની જેમ જીવન જીવવા માટે ટેવાઈ ગયા છે. આથી આ તારણો પરથી સ્પષ્ટ થાય છે કે એકંદરે વિકલાંગીઓ વિવિધ પ્રકારની સમસ્યાઓથી ગંભીર રીતે ઘેરાયેલા છે, અથવા તો ભાંગી પડેલા છે કે, તેનો વિકાસ થતો નથી. તેવી તમામ બાબતોનો અહીં છેદ ઉડી જાય છે. આમ સંશોધનકર્તાને પણ આ સંશોધન દરમ્યાન ઘણું જાણવા અને સમજવા મળ્યું છે અને વિકલાંગીઓ પ્રત્યેના ઘણા ખોટા ખ્યાલો જે મનમાં હતા તે પણ દૂર થયા છે અને વિકલાંગીઓ માટે હવે મનમાં એક ચોક્કસ અને સ્પષ્ટ છાપ ઉપસી આવી છે. જે ખૂબ જ ઊજળી છે.

# સંદર્ભસૂચિ


૧. સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓ.લેખક : પ્રો.એ.જી.શાહ,પ્રો.અનંતકુમાર જોષી.

૨. સામાજિક અન્વેષણની સર્વેક્ષણ પદ્ધતિ.લેખક : એચ.કે. રાવત.

૩. સંશોધન ડિઝાઈન. લેખક : ડૉ. વિમલ પી. શાહ.

૪. સરળ ગીતા. લેખક : પ.પૂ. શ્રી યોગેશ્વરજી.

૫. સામાજિક કલ્યાણ અને સામાજિક કાયદો. લેખકઃ પ્રો. એ. જી. શાહ અને પ્રો. જે. કે. દવે

૬. સુંદર સોરઠ દેશ. લેખક : જોષી એલ. ડી.

૭. સામાજિક સંશોધન પદ્ધતિ. લેખક : ડૉ. અરવિંદ દેસાઈ.

૮. શૈક્ષણિક સંશોધન.લેખક : ડૉ. દીપિકા ભદ્રેશ શાહ.

૯. વસ્તી ગણતરી. લેખક : ચૌહાણ દેવરાજ - ૧૯૯૫.

૧૦. અભિયાન‘રઢિયાળા રાજકોટનો રજવાડી રંગ’- લેખકઃનરેન શાહ અને કેતન સંઘવી-૧૯૯૫.

૧૧. ગુજરાતની ૧૯૯૪ની જનસંખ્યાની ગણના. લેખક : ઓઝા કે. બી.-૧૯૯૬.

૧૨. ‘રાજકોટ શહેરની ૨૦ વર્ષની ગૌરવગાથા’- રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન.

૧૩. નિયતિને પડકારનારા - હરેશ ધોળકિયા.

૧૪. અપંગની પ્રતિભા (હેલન કેલર કૃત આત્મકથા)-અનુ.મગન પ્રભુદાસ દેસાઈ.

૧૫. અપંગોનો ભોમિયો - ઈનાયત અલી સૈયદ.

૧૬. બહેરા-મૂંગાના શિક્ષણનો ઈતિહાસ - બંસીધર હરિલાલ ગાંધી.

૧૭. વિકલાંગધારો-૧૯૯૫ - સંપાદક : કે. એલ. મોહનપુરિયા.

૧૮. પૈડાવાળી ખુરશી - નસીમા હુરજૂક - અનુવાદક : કિશોર ગૌડ.

૧૯. શૈક્ષણિક મનોવિજ્ઞાન પરિચય - લેખક : ડૉ. બી. એ. પરીખ.

૨૦. શિક્ષણમાં આંકડાશાસ્ત્ર - લેખક : પારેખ અને ત્રિવેદી.

૨૧. સામાજિક સંશોધન પદ્ધતિઓ - લેખક : ડી. ડી. મહેતા અને અરવિંદ મહેતા.

૨૨. શૈક્ષણિક મનોવિજ્ઞાન - લેખક : ગુણવંત શાહ અને કુલીન પંડયા.

૨૩. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ-લેખકઃ હરિભાઈ દેસાઈ અને કે.જી. દેસાઈ.

૨૪. શૈક્ષણિક સંશોધનની રૂપરેખા-લેખકઃ હરિભાઈ દેસાઈ અને મનુભાઈ ત્રિવેદી.

૨૫. મનોવલણો - લેખક : એમ. બી. પંચાલ.

૨૬. સંશોધન અહેવાલ લેખન - લેખક : વિમલ શાહ.

૨૭. સામાજિક સુરક્ષા - એનસાઈકલોપિડિયા ઓફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયા.

૨૮. ગુજરાતની યુનિવર્સિટીઓમાં છેલ્લા દસકામાં શિક્ષણશાસ્ત્રમાં થયેલા સંશોધન. પ્રકાશક : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

२९. પારિભાષિત કોશ - સમાજશાસ્ત્ર - ડૉ. વિદ્યુત જોશી.

૩૦. भगवत गौ मंडल –लेखक : भगवतश्रीजी महाराज ।

૩૧. भारत की सामाजिक समस्याए – प्रकाशक : कान्तिलाल

૩૨. भारत में समाजकार्य का क्षेत्र – लेखक : प्रो. सुरेन्द्रसिंह

૩૩. समाजकार्य – लेखक : तेजस्कर पाण्डेय, ओजस्कर पाण्डेय

૩૪. An Introduction to Research in Social Science - P. Gopal.

૩૫. Economic Survey of Saurashtra - Vakil and Lakdawala.

૩૬. Reconstruction of Life & Policy in Kathiawad States - Oza K. C.

૩૭. Scientific Social Survey and Research - P. V. Young.

૩૮. Viklang Vikas Deep - S. K. Viklang Sanskar Tirth Trust.

# ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ''


**સંશોધક**

**ભરત સોલંકી**
સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
કાલાવડ રોડ,
રાજકોટ

**માર્ગદર્શક**

**ડૉ. કાંતાબેન એચ. સાપોવાડિયા**
પ્રોફેસર- સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
કાલાવડ રોડ,
રાજકોટ


વિદ્યાર્થી મિત્રો,

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનમાં પીએચ.ડી.નો અભ્યાસ કરું છું. જેમાં મેં ''રાજકોટ શહેરમાં ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિકલાંગોની સમસ્યાઓનો અભ્યાસ'' સંશોધન માટે આ વિષય પસંદ કરેલ છે.

આ સાથે આપેલ અનુસૂચિમાં કેટલાક પ્રશ્નો આપેલા છે તેમાં તમારે તમારી રીતે ત્રણ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પની સામે ✓ (ખરા)ની નિશાની કરી જે વિગતો દર્શાવેલ છે. તેના જવાબ આપવાના છે. અને જેમાં તમને લાગુ પડતી વિગતો ભરવાની છે.

આ માહિતીનો ઉપયોગ ફકત મારા પીએચ.ડી.ના સંશોધન કાર્ય માટે જ થશે. જેની હું ખાત્રી આપું છું. અને આ માહિતીનો અન્ય કયાંય ઉપયોગ કરવામાં નહીં આવે તેની પણ ખાત્રી આપું છું. આથી કોઈપણ પ્રકારના સંકોચ વિના માહિતી આપી આ સામાજિક સંશોધનમાં મદદરૂપ બનવા મને યોગ્ય સહકાર આપવા નમ્ર વિનંતી કરું છું.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**ભરત સોલંકી**

## મુલાકાત અનુસૂચિ

| ક્રમ | સામાન્ય માહિતીના પ્રશ્નો |
|---|---|
| ૧ | વિકલાંગીની જ્ઞાતિ : (૧) સવર્ણ ☐ (૨)ઓ.બી.સી.☐ (૩) એસ.સી. ☐ (૪) એસ.ટી ☐ (૫) લઘુમતી કોમ ☐ |
| ૨ | કુટુંબની વાર્ષિક આવક કેટલી છે ? : (૧)૩૦,૦૦૦ ☐ (૨)૪૦,૦૦૦ ☐ (૩)૫૦,૦૦૦ ☐ (૪) ૬૦,૦૦૦ ☐ (૫) ૨૦,૦૦૦ ☐ (૬)૮૦,૦૦૦ ☐ (૭) ૮૦,૦૦૦થી વધુ ☐ |
| ૩ | માતા-પિતાનો અભ્યાસ : (૧) અભણ ☐ (૨)પ્રાથમિક ☐ (૩)માધ્યમિક ☐ (૪) ઉચ્ચત્તર માધ્યમિક ☐ (૫) સ્નાતક ☐ (૬) અનુસ્નાતક ☐ |
| ૪ | માતા/પિતા હયાત : (૧)માતા હયાત ☐ (૨) પિતા હયાત ☐ (૩) માતા-પિતા હયાત છે ☐ (૪) માતા-પિતા બંને હયાત નથી ☐ |
| ૫ | કુટુંબનો પ્રકાર : (૧) સંયુકત ☐ (૨) વિભકત ☐ |
| ૬ | શાળાનો પ્રકાર : (૧) સરકારી ☐ (૨) ખાનગી ☐ |
| ૭ | ઘરથી શાળાનું અંતર કેટલું છે ? : (૧) ૧ થી ૫ કી.મી.થી ઓછું ☐ (૨)૬ થી ૧૦ કી.મી.કે તેથી વધુ ☐ |
| ૮ | કયાં ધોરણ સુધી અભ્યાસ કરવા ઈચ્છો છો ? :(૧) ધોરણ ૧૨ સુધી ☐ (૨)સ્નાતક સુધી ☐ (૩) અનુસ્નાતક સુધી ☐ (૪) પીએચ.ડી. સુધી ☐ |
| ૯ | વિકલાંગતાનું પ્રમાણ કેટલું છે ? :(૧) ૪૦% થી નીચે ☐ (૨)૪૦થી૭૦%ની વચ્ચે ☐ (૩) ૭૦ % થી વધારે ☐ |
| ૧૦ | સહાયક તરીકે કયા સાધનનો ઉપયોગ કરો છો ? : (૧) એક ઘોડી ☐ (૨)બે ઘોડી ☐ (૩) કેલીપર્સ ☐ (૪) ટ્રાઈસીકલ ☐ (૫)અન્ય ☐ |
| ૧૧ | વિકલાંગતા શરીરના કયા ભાગમાં છે ? :(૧) જમણા હાથમાં તકલીફ છે ☐ (૨)ડાબા હાથમાં તકલીફ છે ☐ (૩) જમણા પગમાં તકલીફ છે ☐ (૪)ડાબા પગમાં તકલીફ છે ☐ (૫) હાથમાં ધ્રુજારી છે ☐ (૬) પગમાં ધ્રુજારી છે ☐ |
| ૧૨ | વિકલાંગતા કયા કારણે આવેલી છે ? : (૧) જન્મગત ☐ (૨) અકસ્માતથી ☐ (૩)દવાની આડ અસરથી ☐ |
| ૧૩ | કુટુંબમાં અન્ય સભ્યોની વિકલાંગતાની વિગત : (૧) હા ☐ (૨) ના ☐ |
| ૧૪ | વિકલાંગીની સ્વ-આર્થિક ઉપાર્જનની વિગત : (૧) હા ☐ (૨) ના ☐ |

| ક્રમ | સમસ્યાત્મક પ્રશ્નો | હા | ના | અંશતઃ |
|---|---|---|---|---|
| ૧ | મુક્ત હેરફેરમાં તકલીફ પડે છે ? | | | |
| ૨ | તમારા ઉપયોગી સાધનોની સાફસૂફી જાતે કરી શકો છો ? | | | |
| ૩ | કોઈ મને મારી રીતે જીવવા દેતુ નથી. | | | |
| ૪ | તમને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની પૂરી તક મળે છે ? | | | |
| ૫ | પ્રવાસે જતી વખતે સાધનમાં ચઢતી-ઉતરતી વખતે તકલીફ પડે છે ? | | | |
| ૬ | વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને તમારી હાજરી ખૂંચે છે ? | | | |
| ૭ | દવા-દારૂ લેવા જવા માટે મોટાભાગે એકલા જવું પડે છે ? | | | |
| ૮ | લખતી વખતે મુશ્કેલી થાય છે ? | | | |
| ૯ | કપડાં પહેરવા/કાઢવામાં તકલીફ પડે છે ? | | | |
| ૧૦ | મારી ખોડ મને બહુ સાલે છે. | | | |
| ૧૧ | કુટુંબના સભ્યો જોઈએ તેટલી દરકાર કરતા નથી. | | | |
| ૧૨ | સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ શકતો/શકતી નથી. | | | |
| ૧૩ | ઘરમાંથી વિશિષ્ટ સુવિધા મળતી નથી. | | | |
| ૧૪ | લોકોની બિનજરૂરી દયા મારા વિકાસમાં અંતરાય રૂપ બને છે | | | |
| ૧૫ | મારી જાત પર મને વિશ્વાસ નથી. | | | |
| ૧૬ | વિકલાંગતાને કારણે જાહેરમાં સંકોચ થાય છે. | | | |
| ૧૭ | હું કરી શકું તેવું કામ પણ મારી પાસેથી ખૂંચવી લેવાય છે. | | | |
| ૧૮ | અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી કરતાં પાછળ નથી. | | | |
| ૧૯ | અન્ય વિદ્યાર્થીઓ સાથે નિઃસંકોચ રીતે હળીમળી શકું છું. | | | |
| ૨૦ | તમારા વિકાસમાં ખાસ કોઈ મદદરૂપ થાય છે ? | | | |
| ૨૧ | હું કોઈ કૌટુંબિક જવાબદારી અદા કરી શકતો/શકતી નથી. | | | |
| ૨૨ | લોકોની બિનજરૂરી હમદર્દી મારા વિકાસને આડે આવે છે. | | | |
| ૨૩ | પંગુતા મને ડગલેને પગલે નડે છે. | | | |
| ૨૪ | ઘરકામમાં જરૂરી મદદ કરી શકતો/શકતી નથી. | | | |
| ૨૫ | ધારેલું કામ સમયસર પૂર્ણ કરી શકતો/શકતી નથી. | | | |
| ૨૬ | લોકો મારા પર દયા ખાય છે તે મારાથી સહન થતું નથી. | | | |
| ૨૭ | સમાજ હોંશથી અમને સ્વીકારતો નથી. | | | |
| ૨૮ | મારું જીવન મારા કુટુંબ માટે બોજારૂપ છે. | | | |
| ૨૯ | અન્ય વિદ્યાર્થીઓ અમારાથી અલગ રહે છે, જે ખૂંચે છે. | | | |
| ૩૦ | સુવા / બેસવામાં તકલીફ થાય છે. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | સુવાચ્ય લખાણ થઈ શકતું નથી. | | | |
| ૩૨ | ગમે ત્યારે પડી જવાની બીક લાગે છે. | | | |
| ૩૩ | કેટલાક વિદ્યાર્થીઓની કડવી નજર મને ડંખે છે. | | | |
| ૩૪ | સરળતાથી મિત્રો બનાવી શકતો/શકતી નથી. | | | |
| ૩૫ | વિકલાંગતાને કારણે થાક લાગે છે. | | | |
| ૩૬ | એકંદરે નાદુરસ્ત રહુ છું. | | | |
| ૩૭ | વિકલાંગતાને કારણે દફતર ઉપાડવામાં તકલીફ પડે છે. | | | |
| ૩૮ | સરકાર તરફથી મળતી મદદ ખૂબ જ ઓછી છે. | | | |
| ૩૯ | સગાઈનો પ્રશ્ન આકરી કસોટીરૂપ બની રહેશે. | | | |
| ૪૦ | વિકલાંગતાના સાધન અંગે શાળા સહાય કરતી નથી. | | | |
| ૪૧ | વિકલાંગતાને લીધે સાહસ કરવાનું ટાળુ છું. | | | |
| ૪૨ | શાળા તરફથી પૂરી પાડવામાં આવતી સુવિધાથી સંતોષ છે. | | | |
| ૪૩ | અન્ય સહાધ્યાયીઓ મારી મશ્કરી કરે છે. | | | |
| ૪૪ | ઘણીવાર તો લોકોની મદદ જ આફતરૂપ બને છે. | | | |
| ૪૫ | ઘરમાં સન્માનથી રાખતા નથી. | | | |
| ૪૬ | ચીજ-વસ્તુ લેવા / મૂકવામાં તકલીફમાં પડે છે. | | | |
| ૪૭ | કપડાંના બટન ખોલ/બંધ કરવાનું ફાવતું નથી. | | | |
| ૪૮ | વાહન ચલાવતી વખતે અકસ્માતની બીક રહે છે. | | | |
| ૪૯ | પંગુતાએ મને લાચાર કરી મૂકેલ છે. | | | |
| ૫૦ | વિકલાંગી મિત્રો સાથે નિખાલસતાથી સમસ્યાની આપ-લે કરી શકો છો ? | | | |
| ૫૧ | અપંગતાને કારણે રમત-ગમતમાં ભાગ લઈ શકતો/શકતી નથી. | | | |
| ૫૨ | શાળામાં મારી હાજરીની સહજ સ્વીકૃતિ વર્તાતી નથી. | | | |
| ૫૩ | વાંક-ગુન્હા વગર સમાજ અમને તરછોડે છે. | | | |
| ૫૪ | દૈનિક કાર્ય કરવામાં મને મુશ્કેલી પડે છે. | | | |
| ૫૫ | જાત પર સંયમ રાખવો મુશ્કેલ બની રહે છે. | | | |
| ૫૬ | લઘુતાગ્રંથિથી પીડાઉ છું. | | | |
| ૫૭ | કોઈ મારી મૈત્રી ઝંખતું નથી. | | | |
| ૫૮ | કુટુંબમાં ભારરૂપ લાગુ છું . | | | |
| ૫૯ | કોઈ કાર્ય કરતા પહેલા સભાન થઈ જાવ છું. | | | |
| ૬૦ | ઉંમર પ્રમાણે મારી જવાબદારી ઉપાડી શકતો/શકતી નથી. | | | |
| ૬૧ | મારાથી થાય તેવા કામ અંગે પણ મને શંકા રહે છે. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૨ | મારુ ભાવિ અંધકારમય લાગે છે. | | | |
| ૬૩ | મારું પોતાનું કામ કુશળતાથી કરી શકતો/શકતી નથી. | | | |
| ૬૪ | કોઈ અર્થ ઉપાર્જન કરી શકીશ કે નહીં તેની ચિંતા છે. | | | |
| ૬૫ | સામાન્ય વિદ્યાર્થીઓ મારી સાથે વાત કરવાનું ટાળે છે. | | | |
| ૬૬ | કુટુંબના સભ્યો તરફથી પૂરતો સ્નેહ મળતો નથી. | | | |
| ૬૭ | શિક્ષકો મારા પ્રત્યે ભેદભાવ રાખે છે. | | | |
| ૬૮ | અપંગો પ્રત્યેનો સમાજનો અભિગમ પ્રોત્સાહક નથી. | | | |
| ૬૯ | વિકલાંગતાને કારણે વહેમી સ્વભાવ ધરાવું છું. | | | |
| ૭૦ | લોકોની દયા ત્રાસદાયક લાગે છે. | | | |
| ૭૧ | સહાધ્યાયીઓ મારી સાથે સાહજિકતાથી વર્તતા નથી. | | | |
| ૭૨ | શાળાની બેઠક વ્યવસ્થા ફાવતી નથી. | | | |
| ૭૩ | વિકલાંગીઓ માટે અલગ શાળાની જરૂર જણાય છે. | | | |
| ૭૪ | ઈશ્વરે અપંગ બનાવીને અન્યાય કર્યો છે. | | | |